# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




**પેજ-08**

૪૫ વર્ષની ઉંમરે, શ્વેતા તિવારી એક "બેબી ડોલ" બની....



**પેજ-09**

શુભમન ગિલ નસીબદાર છે કે તેને રોહિત વિરાટનો સાથ મળ્યો....

### હવામાન

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 35.00 | 25.00 |
| વડોદરા | 34.00 | 26.00 |
| સુરત | 33.00 | 26.00 |

પેજ 5



ઓક્ટોબરમાં આવશે 100% ઈથેનોલથી ચાલતી કાર: ગડકરી....


**25**
SEPTEMBER-2026
FRIDAY


ચીનના પ્રમુખ શી જિનપિંગ વોશિંગ્ટન પહોંચ્યા....



પેજ 10

**.....સુવિચાર.....**

ગીતામાં લખ્યું છે નિરાશ ન થાઓ, તમારો સમય નબળો છે તમે નહીં!


વર્ષ-15 । અંક-311 । વિક્રમ સંવત-2082 । ભાદરવા સુદ - 14 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક





### ગાંધીનગર સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં AAPની પૂરી તાકાત સાથે દાવેદારી : ગોપાલ ઈટાલિયા

# ગાંધીનગર મનપા ચૂંટણી માટે આમ આદમી પાર્ટીના ઉમેદવારોની નામાંકન યાત્રા યોજાઈ

અમદાવાદ | આમ આદમી પાર્ટી દ્વારા ગાંધીનગર મહાનગરપાલિકા ચૂંટણી માટેના ઉમેદવારોની ભવ્ય નામાંકન યાત્રા યોજાઈ હતી, જેમાં પથિકાશ્રમથી કલેક્ટર કચેરી સુધી હજારો કાર્યકર્તાઓ જોડાઈને 'આપ' ના નારા લગાવ્યા હતા અને અત્યાર સુધી પાર્ટી દ્વારા ૨૯ ઉમેદવારોના નામ જાહેર કરવામાં આવ્યા છે જ્યારે બાકીના નામ ટૂંક સમયમાં જાહેર કરાશે.

આ નામાંકન યાત્રા અને આગામી ચૂંટણી પ્રચારમાં પક્ષના શીર્ષ નેતૃત્વની ઉપસ્થિતિ જોવા મળી હતી, જેમાં વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા, પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયા, પ્રદેશ સંગઠન મંત્રી અને મુખ્ય પ્રવક્તા ડો. કરન બારોટ, પ્રદેશ ઉપાધ્યક્ષ ગૌરી દેસાઈ તેમજ વિદ્યાર્થી નેતા અને પ્રદેશ ઉપાધ્યક્ષ યુવરાજસિંહ સહિતના દિગ્ગજ નેતાઓ હાજર રહ્યા હતા. આ તકે મિડીયા સાથે વાત કરતા ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ જણાવ્યુ હતુ કે રાજ્યના પાટનગર ગાંધીનગરમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ફરી એક વખત આમ આદમી પાર્ટી પૂરી તાકાતથી મેદાને ઊતરી છે. આજે અમારા આમ આદમી પાર્ટીના સૌ ઉમેદવારો, કાર્યકર્તાઓ, સમર્થકો અને ગાંધીનગરની જનતાની હાજરીમાં 'ગાંધીનગર પરિવર્તન યાત્રા' કાઢી છે અને આ પરિવર્તન યાત્રાના માધ્યમથી એક મોટો જનસંદેશ ગાંધીનગર સુધી પહોંચાડવાનો પ્રયાસ કર્યો છે.



**AAP નેતા ગોપાલ ઈટાલિયા, મનોજ સોરઠીયા, ડો.કરન બારોટ, ગૌરી દેસાઇ, યુવરાજ સિંહ જાડેજા સહિત હજારો કાર્યકર્તાઓ જોડાયા, ગાંધીનગરમાં AAP ના નારા ગુંજ્યા**

ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ જણાવ્યું હતું કે, આજે અમારા સૌ ઉમેદવારોનો ચૂંટણી ઉમેદવારી પત્રક ભરવાનો દિવસ છે. આપ જોઈ શકો છો કે આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓમાં અને જનતામાં કેટલો ઉત્સાહ અને કેટલી ઊર્જા જોવા મળી રહી છે.

જે રીતે પાછલા ત્રીસ વર્ષથી ગુજરાતમાં ભાજપની સરકાર છે અને ગાંધીનગરમાં પણ ભાજપની મહાનગરપાલિકાને લગભગ દસ વર્ષ થવા આવ્યા છે, છતાંય ગાંધીનગરની અંદર જો પીવાના પાણીની, સ્ટ્રીટ લાઇટની, ગટરની કે સાફ-સફાઈની સમસ્યાઓ હોય, તો ગુજરાતના છેવાડાના માણસોની તો વાત જ શું કરવી? એટલા માટે સારા શાસન, યોગ્ય નેતૃત્વ અને સુદ્રઢ વ્યવસ્થા માટે આમ આદમી પાર્ટીના 'ઝાડૂ' પર બટન દબાવીને સૌ AAP ને તક આપે તેવી લાગણી વ્યક્ત કરી હતી. ગાંધીનગરની સૌ જનતા 'ઝાડૂ' નું બટન દબાવશે, એટલે મને વિશ્વાસ છે કે મતોનું વિભાજન નહીં થાય પણ ભાજપ અને કોંગ્રેસ બંને સાફ થઈ જશે. એટલા માટે જનતાને એક જ વિનંતી છે કે આ વખતે એકમાત્ર 'ઝાડૂ' નું બટન દબાવી નાના માણસને મોટું કામ કરી બતાવવાની એક તક આપવામાં આવે. કેમ કે મોટા માણસોને ચૂંટણીમાં મત આપ્યા તો તેમણે કામ ખોટા કર્યા, પણ જો નાના માણસોને મત આપશો તો તેઓ કામ મોટા કરશે એવી અમારી લાગણી છે અને એટલે આ વખતે તમામ જનતાનો એક જ સંકલ્પ છે કે 'હવે તો બદલાવ', અને બદલાવ એટલે આમ આદમી પાર્ટી.

## 28થી 30 સપ્ટેમ્બર બેન્કિંગ સેવાઓ ખોરવાઈ શકે

**UFBU દ્વારા રાષ્ટ્રવ્યાપી બેંક હડતાળનું એલાન, 25 સુધી ચેક ક્લિયરિંગ સહિતનાં જરૂરી કામ પતાવી લેવા SLBCની અપીલ**

ગાંધીનગર | યુનાઈટેડ ફોરમ ઓફ બેન્ક યુનિયન્સ (UFBU) દ્વારા તા. 28, 29 અને 30 સપ્ટેમ્બર, 2026 દરમિયાન સંભવિત રાષ્ટ્રવ્યાપી બેન્ક હડતાળનું એલાન કરવામાં આવ્યું છે. જેને પગલે સતત ત્રણ દિવસ દરમિયાન બેન્કની શાખાઓ અને કચેરીઓમાં નિયમિત બેન્કિંગ સેવાઓ પ્રભાવિત થવાની શક્યતા છે. આ સ્થિતિમાં ગ્રાહકોને પડનારી સંભવિત મુશ્કેલીને ધ્યાનમાં રાખીને ગુજરાત રાજ્ય સ્તરીય બેન્કર્સ સમિતિ (SLBC-ગુજરાત) અને તેના સંયોજક બેન્ક ઓફ બરોડા દ્વારા ગ્રાહકોને ડિજિટલ બેન્કિંગનો મહત્તમ ઉપયોગ કરવા અપીલ કરવામાં આવી છે.

SLBC-ગુજરાત દ્વારા ગ્રાહકોને સલાહ આપવામાં આવી છે કે હડતાળના સંભવિત દિવસોમાં મુશ્કેલી ન પડે તે માટે તમામ મહત્વપૂર્ણ બેન્કિંગ કામકાજ તેમજ ચેક ક્લિયરિંગ સંબંધિત કામગીરી 25 સપ્ટેમ્બર સુધીમાં પૂર્ણ કરી લેવી. ખાસ કરીને આગામી દિવસોમાં નાણાકીય વ્યવહારોની જરૂરિયાત હોય તેવા ગ્રાહકોએ અગાઉથી આયોજન કરવા જણાવાયું છે. ત્રણ દિવસની સંભવિત હડતાળ દરમિયાન શાખાકીય સેવાઓ પર અસર પડી શકે છે. તેથી ગ્રાહકોને આગામી દિવસોની રોકડ જરૂરિયાતનું અગાઉથી આયોજન કરવા જણાવાયું છે. જરૂરિયાત મુજબ ATM અને કેશ રિસાયકલર મશીનનો ઉપયોગ કરી શકાશે. બેન્ક શાખાની મુલાકાત લીધા વિના શક્ય હોય તેવા વ્યવહારો માટે ગ્રાહકોને UPI, મોબાઇલ બેન્કિંગ, ઈન્ટરનેટ બેન્કિંગ અને ATM જેવી ડિજિટલ સેવાઓનો મહત્તમ ઉપયોગ કરવા SLBC-ગુજરાત અને બેન્ક ઓફ બરોડા દ્વારા અપીલ કરવામાં આવી છે. SLBC-ગુજરાતના જણાવ્યા મુજબ સંભવિત હડતાળને કારણે ગ્રાહકોને ઓછામાં ઓછી અસુવિધા થાય તે માટે બેન્કો દ્વારા જરૂરી વૈકલ્પિક વ્યવસ્થાઓ કરવામાં આવી રહી છે. જોકે, શાખા આધારિત સેવાઓમાં વિક્ષેપની શક્યતા હોવાથી ગ્રાહકોએ જરૂરી બેન્કિંગ કામગીરી અગાઉથી પૂર્ણ કરી લેવા અને ડિજિટલ માધ્યમોનો ઉપયોગ કરવા સલાહ આપવામાં આવી છે.

### બે ચૂંટણી કમિશનરોએ મુખ્ય ચૂંટણી કમિશનર સમક્ષ ગંભીર સવાલો ઉઠાવ્યા: ઈસુદાન ગઢવી

# બે ચૂંટણી કમિશનરોએ સવાલ ઉઠાવ્યા કે એમની જાણ બહાર નિયમો બન્યા



અમદાવાદ/ગુજરાત આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ એક વીડિયોના માધ્યમથી ગંભીર મુદ્દા પર પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, ચૂંટણી પંચમાં ત્રણ કમિશનર હોય અને એમાંથી એક મુખ્ય કમિશનર હોય બાકી બે અન્ય કમિશનરો હોય છે. આ ત્રણેયની સત્તા સમાન હોય છે. બે ચૂંટણી કમિશનરે મુખ્ય ચૂંટણી કમિશનરને પત્ર લખ્યા હતા અને એમણે ફોર્મ 16 થી લઈને અન્ય ગંભીર સવાલો ઉઠાવ્યા હતા, જેમ કે એમને ખબર નથી એવા નિયમો બનાવવામાં આવ્યા છે. 13 કરોડ મતદારોના નામ ડીલીટ કરવામાં આવ્યા અને બીજા ઉમેરાઈ ગયા, ભાજપની જીત પાછળ આ પણ મોટું કારણ છે. આપણા સ્વતંત્રતા સેનાનીઓએ ખુબ બલિદાનો આપ્યા અને દેશને આઝાદી અપાવી. તો આ દેશમાં કોઈ પાર્ટી રહે કે ના રહે પરંતુ દેશ બચવો જોઈએ, લોકતંત્ર બચવું જોઈએ. હવે આપણે આપણા દેશને ફરીથી ગુલામ બનાવવા નથી માંગતા. જો મતદાનમાં ગડબડ કરીને એક જ પાર્ટી સત્તામાં આવતી રહે અને પછી રાજ્યસભામાં બહુમતી મેળવીને કોઈ કાનૂન ફેરવી નાખશે તો આપણી પાસે કશું નહીં બચે.

વધુમાં આમ આદમી પાર્ટીના નેતા ઈશુદાન ગઢવીએ જણાવ્યું હતું કે, ઉદ્યોગપતિ અદાણી પોતાની મહેનતથી આગળ વધે એમાં અમને વાંધો નથી પરંતુ સરકાર એમને એટલી બધી સવલતો આપે છે, નવા નવા એરપોર્ટો આપી દે છે, કોલસાની ખાણો આપી દે છે, પછી એ લોકો જ આ લોકોને ચૂંટણી ફંડ આપે છે. પછી ગુંડાઓ લુખ્ખાઓ ચૂંટણી જીતી જશે, તો એ બતાવે છે કે આપણે લોકતંત્ર નહીં બચાવી શકીએ. તો GenZ ને મારી વિનંતી છે, યુવાનોને વિનંતી છે, વડીલોને વિનંતી છે કે આ તમામ બાબતો જાણો. વડીલોને ખાસ વિનંતી છે કે GenZ ચેટ જીપીટી અને google સર્ચ કરીને હકીકત જાણે છે એમ તમે પણ જાણો કે ખરેખર શું થઈ રહ્યું છે, મોંઘવારી કેટલી વધી રહી છે, દેવું કેટલું વધી રહ્યું છે, પાડોશી દેશો સાથે આપણા કેવા સંબંધો રહ્યા. વિશ્વગુરુની વાતો દૂર રહી આપણે હવે પાડોશી દેશો સાથે પણ સારા સંબંધ નથી. આપણને જાતિ જ્ઞાતિ ધર્મના આધારે વહેંચી દેવામાં આવ્યા છે, પોલીસથી ડરાવવામાં આવે છે, પોલીસનો દુરુપયોગ કરવામાં આવે છે, તો આ બધી બાબતો મુદ્દે તમે જાગજો અને જો નહીં જાગો તો બહુ જ મોડું થઈ જશે.

### EDએ 1.15 કરોડની 15 સ્થાવર મિલકત જપ્ત કરી

સુરત | સુરત સબ-ઝોનલ ઓફિસના એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટએ 21 સપ્ટેમ્બરે વાલીયા શિબાભાઈ ઝુંઝાભાઈ ઉર્ફે ભૂપતભાઈ અને અન્ય લોકોના કેસમાં પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ, 2002ની જોગવાઈઓ હેઠળ ભાવનગર જિલ્લાના મહુવા અને તળાજા જ્યારે અમદાવાદ શહેરમાં ઓઢવ અને સાબરમતી તેમજ મહારાષ્ટ્રના પુણેના હડપસરમાં આવેલી 15 સ્થાવર મિલકત, જેની કિંમત 1.15 કરોડ (આશરે) હતી, કામચલાઉ રીતે જપ્ત કરી હતી. ACB પોલીસ સ્ટેશન, ભાવનગર દ્વારા નોંધાયેલી FIR અને સ્પેશિયલ (ACB) કોર્ટ, ભાવનગર સમક્ષ 1988ની કલમ 13(1)(b) અને 13(2) હેઠળ ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી.

## News Brief

### ચૂંટણીમાં ગડબડના આરોપો પર AAP પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ ઉઠાવ્યા ચૂંટણીપંચ સમક્ષ સવાલ

**બે ચૂંટણી કમિશનરોએ મુખ્ય ચૂંટણી કમિશનર સમક્ષ ગંભીર સવાલો ઉઠાવ્યા : બે ચૂંટણી કમિશનરોએ સવાલ ઉઠાવ્યા કે એમની જાણ બહાર નિયમો બન્યા 13 કરોડ મતદારોના નામ વોટર લિસ્ટમાંથી ડીલીટ કરવામાં આવ્યા,**
**ભાજપની જીત પાછળ આ પણ મોટું કારણ છે મતદાનમાં ગડબડ કરીને એક જ પાર્ટી સત્તામાં આવતી રહે અને રાજ્યસભામાં બહુમતી લાવીને કાનૂન બદલી નાખશે તો આપણી પાસે કંઈ બચશે નહીં: ઈસુદાન ગઢવી**

અમદાવાદ |આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ એક વીડિયોના માધ્યમથી ગંભીર મુદ્દા પર પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, ચૂંટણી પંચમાં ત્રણ કમિશનર હોય અને એમાંથી એક મુખ્ય કમિશનર હોય બાકી બે અન્ય કમિશનરો હોય છે. આ ત્રણેયની સત્તા સમાન હોય છે. બે ચૂંટણી કમિશનરે મુખ્ય ચૂંટણી કમિશનરને પત્ર લખ્યા હતા અને એમણે ફોર્મ 16 થી લઈને અન્ય ગંભીર સવાલો ઉઠાવ્યા હતા, જેમ કે એમને ખબર નથી એવા નિયમો બનાવવામાં આવ્યા છે. 13 કરોડ મતદારોના નામ ડીલીટ કરવામાં આવ્યા અને બીજા ઉમેરાઈ ગયા, ભાજપની જીત પાછળ આ પણ મોટું કારણ છે. આપણા સ્વતંત્રતા સેનાનીઓએ ખુબ બલિદાનો આપ્યા અને દેશને આઝાદી અપાવી. તો આ દેશમાં કોઈ પાર્ટી રહે કે ના રહે પરંતુ દેશ બચવો જોઈએ, લોકતંત્ર બચવું જોઈએ. હવે આપણે આપણા દેશને ફરીથી ગુલામ બનાવવા નથી માંગતા. જો મતદાનમાં ગડબડ કરીને એક જ પાર્ટી સત્તામાં આવતી રહે અને પછી રાજ્યસભામાં બહુમતી મેળવીને કોઈ કાનૂન ફેરવી નાખશે તો આપણી પાસે કશું નહીં બચે.

વધુમાં આમ આદમી પાર્ટીના નેતા ઈશુદાન ગઢવીએ જણાવ્યું હતું કે, ઉદ્યોગપતિ અદાણી પોતાની મહેનતથી આગળ વધે એમાં અમને વાંધો નથી પરંતુ સરકાર એમને એટલી બધી સવલતો આપે છે, નવા નવા એરપોર્ટો આપી દે છે, કોલસાની ખાણો આપી દે છે, પછી એ લોકો જ આ લોકોને ચૂંટણી ફંડ આપે છે. પછી ગુંડાઓ લુખ્ખાઓ ચૂંટણી જીતી જશે, તો એ બતાવે છે કે આપણે લોકતંત્ર નહીં બચાવી શકીએ. તો GenZ ને મારી વિનંતી છે, યુવાનોને વિનંતી છે, વડીલોને વિનંતી છે કે આ તમામ બાબતો જાણો. વડીલોને ખાસ વિનંતી છે કે GenZ ચેટ જીપીટી અને google સર્ચ કરીને હકીકત જાણે છે એમ તમે પણ જાણો કે ખરેખર શું થઈ રહ્યું છે, મોંઘવારી કેટલી વધી રહી છે, દેવું કેટલું વધી રહ્યું છે, પાડોશી દેશો સાથે આપણા કેવા સંબંધો રહ્યા. વિશ્વગુરુની વાતો દૂર રહી આપણે હવે પાડોશી દેશો સાથે પણ સારા સંબંધ નથી. આપણને જાતિ જ્ઞાતિ ધર્મના આધારે વહેંચી દેવામાં આવ્યા છે, પોલીસથી ડરાવવામાં આવે છે, પોલીસનો દુરુપયોગ કરવામાં આવે છે, તો આ બધી બાબતો મુદ્દે તમે જાગજો અને જો નહીં જાગો તો બહુ જ મોડું થઈ જશે.

### ગાંધીનગરથી અમદાવાદ આવતો દારૂ ઝડપાયો : 10 લાખના દારૂની ડિલિવરી કરવા આવેલા શખ્સને ઝડપ્યો



અમદાવાદ | શહેરના ગોતા બ્રિજ પાસેથી સોલા પોલીસે દારૂ ભરેલી ગાડી ઝડપી પાડી છે.સોલા પોલીસે બાતમીના આધારે ડિલિવરી વાનમાં થતી દારૂની હેરાફેરીનો પર્દાફાશ કરી 10 લાખથી વધુનો દારૂ ઝડપી પાડ્યો છે.પોલીસે દારૂ મંગાવનાર અને મોકલનાર બંનેની તપાસ હાથ ધરી ગુનો નોંધ્યો છે.

સોલા પોલીસ સ્ટેશનના પીઆઇ કે.એન ભૂકણ અને PSI નીરજ સિંઘને બાતમી મળી હતી કે, ગાંધીનગરની હદમાંથી દારૂ ભરીને ગાડી એસજી હાઈવેથી પસાર થઈને અંજલિ ચાર રસ્તા તરફ જવાની છે. જેથી પોલીસની ટીમ ગોતા બ્રીજના છેડે વોચ ગોઠવીને બેઠી હતી. એક ડિલિવરી વાન આવતા રોકીને તપાસ કરતા ડ્રાઈવર બ્રજવીરસિંઘ જાટને 10.35 લાખની 2244 નંગ દારૂની બોટલો સાથે ઝડપી લીધો હતો. પોલીસે કુલ રૂ. 15 લાખનો મુદ્દામાલ કબ્જે કરી આરોપીની પૂછપરછ કરતા તેને આ જથ્થો ગાંધીનગરની હદમાંથી રાજા ઉર્ફે કાલુ (રહે. જુહાપુરા)એ ભરી આપ્યો હતો.

રાજા ઉર્ફે કાલુએ તેને આ જથ્થો અંજલી ચાર રસ્તા પાસે રિસિવરને આપવા સૂચના આપી હતી. અંજલી ચાર રસ્તા ખાતે એક વ્યક્તિ આવીને આ દારૂ ભરેલુ વાહન લઈ જવાનો હોવાની હકીકત મળતા પોલીસે મોકલનાર અને મંગાવનારની શોધખોળ હાથ ધરી છે. પકડાયેલા આરોપીએ અગાઉ બે ત્રણ વાર ખેપ મારી હતી અને તે અગાઉ પણ ગાંધીનગરમાં ઝડપાયો હતો.આરોપી એક ટ્રીપના 10 હજાર મેળવતો હોવાનીવિગતો પ્રકાશમાં આવી છે.

### પોળના ધાબા પર લઈ જઈ બાળકી સાથે શારીરિક અડપલાં કરતો

અમદાવાદ | અમદાવાદના શાહપુર વિસ્તારમાં રહેતી 8 વર્ષની સગીરાને પાડોશીએ ખાણીપીણીની લાલચ આપી પોળના ધાબા પર લઈ જઈ અડપલાં કર્યા હોવાની ઘટના સામે આવી છે. છેલ્લા ચાર-પાંચ દિવસથી આ પ્રકારનું કૃત્ય આચર્યું હોવાનું સામે આવ્યું છે. આ અંગે શાહપુર પોલીસે શખ્સ સામે ગુનો નોંધીને વધુ તપાસ શરૂ કરી છે. શાહપુરમાં 8 વર્ષની સગીરા તેના માતા-પિતા સહિતના પરિવાર સાથે રહે છે અને ધોરણ-1માં અભ્યાસ કરે છે. ગત 23 સપ્ટેમ્બરે સાંજે પોળમાં ગણેશ આરતી હોવાથી સગીરા આરતીમાં ગઈ હતી. રાત્રે સગીરા ઘરે પરત આવી ત્યારે તેના કપડાં અસ્તવ્યસ્ત હતા અને તેના હાથમાં નાસ્તાના પડીકાં તથા પીણું હતું.

માતાને શંકા જતાં બાળકીને પૂછપરછ કરી હતી. જેમાં બાળકીએ જણાવ્યું હતું કે પોળમાં જ રહેતા શખ્સે તેને આ ખાવાની વસ્તુઓ અપાવી છે. માતાએ બાળકીને વધુ વિશ્વાસમાં લઈને પૂછતાં ચોંકાવનારી વિગતો સામે આવી હતી.

આરોપી છેલ્લા ચાર-પાંચ દિવસથી સાંજના સમયે દુકાનેથી પડીકાં લઈ આપવાનું કહી બાળકીને પોળના ધાબા પર લઈ જતો હતો અને ત્યાં લઈ જઈને બાળકી સાથે શારીરિક અડપલાં તેમજ જાતીય સતામણી કરતો હતો. આ અંગે બાળકીની માતાએ શાહપુર પોલીસ સ્ટેશનમાં પાડોશી શખ્સ સામે ફરિયાદ નોંધાવી છે.

### જૂનાગઢ જિલ્લામાં આમ આદમી પાર્ટીનો દબદબો વધ્યો,પ્રજાપતિ સમાજના અગ્રણીઓ 'આપ'માં જોડાયા



જૂનાગઢ | ગુજરાતમાં આમ આદમી પાર્ટીની વધતી જતી લોકપ્રિયતા અને જનસંપર્કથી પ્રભાવિત થઈને સામાજિક અગ્રણીઓ અને વિવિધ સમાજના નેતાઓ સતત પાર્ટીમાં જોડાઈ રહ્યા છે, જેનાથી જૂનાગઢ જિલ્લામાં 'આપ'નું સંગઠન ઉત્તરોત્તર વધુ મજબૂત બની રહ્યું છે. આ ક્રમમાં જૂનાગઢ જિલ્લા પ્રજાપતિ સમાજ મહિલા સંગઠનના પ્રમુખ નિર્મળાબેન (નિમુબેન) પ્રવિણભાઈ કુકડિયા તેમજ પ્રજાપતિ સમાજના ટ્રસ્ટી પ્રવિણભાઈ કુકડિયા આમ આદમી પાર્ટીની જનકલ્યાણકારી નીતિઓથી આકર્ષાઈને વિધિવત રીતે 'આપ'માં જોડાયા છે. આ સામાજિક અગ્રણીઓના પ્રવેશથી સ્થાનિક સ્તરે પાર્ટીને નવું બળ મળ્યું છે. આ પ્રસંગે આમ આદમી પાર્ટીના જૂનાગઢ જિલ્લા લોકસભા ઈનચાર્જ પ્રવિણભાઈ મકવાણા અને જૂનાગઢ જિલ્લા મહિલા સંગઠન પ્રભારી આરતીબેન ઢોલરિયા દ્વારા બંને નવસભ્યોને આવકારીને તેમનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. પાર્ટીના નેતાઓએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે કુકડિયા પરિવાર આપમાં જોડાવાથી સ્થાનિક વિસ્તારમાં કામગીરી વધુ ઝડપી અને વ્યાપક બનશે.

## વડોદરાના ગઠિયાએ અમદાવાદના બિલ્ડર પાસેથી ₹1.15 કરોડ પડાવ્યા : નફાની લાલચ આપી રૂપિયા પડાવ્યા...

અમદાવાદ | શાહપુર વિસ્તારમાં રહેતા બિલ્ડરને વડોદરાના શખ્સે પ્રોપર્ટીના ધંધામાં મોટા નફાની લાલચ આપી રૂ. 1.15 કરોડ પડાવ્યા હતા. જેમાં સોગંદનામું અને કરાર કર્યા છતાં નાણાં પરત આપ્યા ન હતા. આ અંગે બિલ્ડરે ગઠિયા સામે શાહપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

શાહપુરમાં રહેતા રવિભાઈ દાતણીયા કન્સ્ટ્રક્શનનું કામ કરે છે. તેમના નાના ભાઈ કિપલભાઈ એર ઈન્ડિયામાં નોકરી કરે છે. વર્ષ 2024માં એરપોર્ટ પર તેમની ઓળખાણ વડોદરાના અંકુરકુમાર જોષી સાથે થઈ હતી. જાન્યુઆરી 2025માં અંકુર જોષીએ રવિભાઈ તથા તેમના ભાઈને જણાવ્યું હતું કે, તેમના ફોઈનો દીકરો દિવ્યાંગકુમાર પ્રવીણભાઈ શુક્લ પ્રોપર્ટી લે-વેચનો ધંધો કરે છે અને ધંધાના વિકાસ માટે રૂપિયાની જરૂર છે. જેમાં રોકાણ કરવાથી સારો નફો મળશે. દિવ્યાંગ શુક્લે પણ રવિભાઈ અને તેમના પરિવારને ઊંચા વળતરનો ભરોસો આપ્યો હતો. તેના વિશ્વાસમાં આવીને રવિભાઈ, તેમના ભાઈ કિપલ, પિતા રાજુભાઈ તથા મિત્ર અંકુર જોષીએ જાન્યુઆરી 2025થી ડિસેમ્બર 2025 સુધીમાં રૂ. 60 લાખ રોકડા તેમજ ચેક અને RTGS મારફતે રૂ.




55.05 લાખ મળી કુલ રૂ. 1.15 કરોડ દિવ્યાંગને આપ્યા હતા. બાદમાં નફો ન આપતા રૂપિયાની ઉઘરાણી કરતા આરોપીએ ગલ્લા-તલ્લા કર્યા હતા.

જાન્યુઆરી 2026માં તેણે નોટરી સમક્ષ સોગંદનામું તથા બે મહિનામાં નાણાં ચૂકવી આપવાનો સમજૂતી કરાર કરી આપ્યો હતો. તેમ છતાં નફો કે રૂપિયા પરત આપ્યા ન હતા. કંટાળીને રવિભાઈએ શાહપુર પોલીસ સ્ટેશનમાં દિવ્યાંગકુમાર શુક્લ સામે છેતરપિંડી અને વિશ્વાસઘાત અંગેની ફરિયાદ નોંધાવી છે.

### અમદાવાદમાં ગેંગસ્ટર ગોલ્ડી બ્રારના ઓપરેટિવ 'પિસ્તોલ'ની ધરપકડ

અમદાવાદ | અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે દિલ્હી પોલીસ સાથેના સંયુક્ત ઓપરેશનમાં કુખ્યાત ગોલ્ડી બ્રારના ઓપરેટિવ આરીફ ઉર્ફે પિસ્તોલની ધરપકડ કરી છે. આરીફ આ ગેંગમાં એક ઓપરેશનલ કડી તરીકે કામ કરતો હતો. આરોપી વિરુદ્ધ ખંડણી, ફાયરિંગ, હત્યાનો પ્રયાસ સહિત 11થી વધુ ગુના નોંધાઈ ચૂક્યા છે. હાલ આરોપીની ધરપકડ કરી ક્રાઈમ બ્રાન્ચ દ્વારા વધુ તપાસ કરવામાં આવી રહી છે.

આરીફ ગોલ્ડી બ્રાર વતી દુબઈ મારફતે ધમકીભર્યા કોલ્સ કરવા અને મોટા પાયે ખંડણીનું રેકેટ ચલાવવામાં મદદ કરતો હતો.આરીફ કેટલાય સમયથી વોન્ટેડ હતો જે પોલીસના ટ્રેકિંગથી બચવા અલગ અલગ રાજ્યમાં નાસ્તો ફરતો હતો.

વેજલપુરમાં ધરપકડ કર્યા બાદ દિલ્હી પોલીસ દ્વારા પણ પૂછપરછ કરવામાં આવી રહી છે. આરીફના લોકલ સપોર્ટ અને અન્ય કોણ કોણ તેની સાથે જોડાયેલું છે તેની પૂછપરછ ચાલી રહી છે.

## ગાંધીનગર મનપા ચૂંટણીને લઈ ભાજપ-કોંગ્રેસ પહેલાં AAP મેદાનમાં : ગોપાલ ઈટાલિયાની આગેવાનીમાં 29 ઉમેદવારોએ યાત્રા યોજી ઉમેદવારી ફોર્મ ભર્યાં

ગાંધીનગર | ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીને લઈને રાજ્યના પાટનગરમાં રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચ્યો છે. સ્થાનિક સ્વરાજ્યની આ મહત્ત્વપૂર્ણ ચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસ હજુ પોતાના ઉમેદવારોની જાહેરાત અંગે આંતરિક મંથનમાં વ્યસ્ત છે, ત્યારે આમ આદમી પાર્ટીએ બાજી મારીને પોતાના ઉમેદવારોને પૂરજોશમાં મેદાનમાં ઉતારી દીધા છે. ગુરુવારે આમ આદમી પાર્ટી દ્વારા જાહેર કરાયેલા 29 ઉમેદવારોએ ભવ્ય રેલી અને 'નામાંકન યાત્રા' યોજીને કલેક્ટર કચેરી ખાતે પોતાના ઉમેદવારી ફોર્મ ભરી શક્તિપ્રદર્શન કર્યું હતું.

શહેરના પથિકાશ્રમથી યોજાયેલી આ નામાંકન યાત્રામાં કાર્યકરોમાં નવો જોશ પૂરો પાડવા આપના ધારાસભ્ય



ગોપાલ ઈટાલિયા સહિતના શીર્ષ નેતાઓ અને પ્રદેશના અગ્રણીઓ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. મનપાના 11 વોર્ડની 44 બેઠક માટે ચાલી રહેલી આ પ્રક્રિયામાં AAP દ્વારા અત્યાર સુધીમાં બે યાદી જાહેર કરીને 29 ઉમેદવારોના નામ નક્કી કરી દેવાયા છે, જ્યારે બાકીના ઉમેદવારોના નામ આગામી બે દિવસમાં જાહેર કરવામાં આવશે. આપના આ આક્રમક વલણ સામે ભાજપ અને કોંગ્રેસે હજુ પોતાના તમામ પત્તા ખોલ્યા નથી, જોકે ગુરુવાર સાંજ અથવા શુક્રવાર સુધીમાં બંને પક્ષો પોતાના ઉમેદવારોની આખરી યાદી જાહેર કરે તેવી શક્યતા છે. નામાંકન યાત્રા દરમિયાન ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ શાસક પક્ષ પર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે, છેલ્લા 25 વર્ષથી ગુજરાતમાં ભાજપનું શાસન છે .

ગાંધીનગરમાં પણ 10 વર્ષથી મનપા ભાજપ હસ્તક છે. આમ છતાં, પાટનગરમાં પીવાના પાણી, સ્ટ્રીટ લાઈટ, ગટર અને સફાઈ જેવી પ્રાથમિક સમસ્યાઓ યથાવત છે. ગોપાલ ઈટાલિયાએ વધુમાં જણાવ્યું હતું કે, ગાંધીનગરની જનતા આ વખતે 'ઝાડૂ'નું બટન દબાવશે, જેથી કોઈ મતોનું વિભાજન નહીં થાય પરંતુ ભાજપ અને કોંગ્રેસ બંનેનો સાફસૂફી થઈ જશે. મોટા નેતાઓએ ચૂંટણી જીતીને માત્ર ખોટા કામ કર્યા છે,

જેથી આ વખતે જનતા નાના માણસોને તક આપી મોટું કામ કરાવવા ઉત્સાહિત છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### ટ્રકચાલક અંધારાનો લાભ લઈને નાસી છૂટવામાં સફળ રહ્યો

# રાજકોટ મોરબી રોડ ગમખ્વાર અકસ્માતમાં મોત

(એજન્સી) રાજકોટ । તા. 24

ગઈકાલે મોડી રાત્રે રાજકોટ અને મોરબી ધોરી માર્ગ પર આવેલા હડાળા ગામ નજીક એક અત્યંત ગમખ્વાર અને હ્રદયદ્રાવક અકસ્માત સર્જાયો હતો, જેમાં પૂરપાટ ઝડપે ધસી આવેલા એક બેકાબૂ ટ્રકે રોડની સાઈડમાં ઊભેલી કાર અને રિક્ષાને જોરદાર અડફેટે લીધા હતા. આ ભયાનક અકસ્માતમાં બે નિર્દોષ વ્યક્તિઓના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યા હતા, જ્યારે સમગ્ર પંથકમાં ભારે અરેરાટી સાથે શોકનું મોજું ફરી વળ્યું છે. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ કાફલો તાત્કાલિક ધોરણે ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને આગળની કાયદેસરની તપાસ હાથ ધરી હતી.

મીડિયા અહેવાલ અનુસાર, આ દુર્ઘટનામાં મૃત્યુ પામનાર વ્યક્તિઓની ઓળખ ભાવનગર રોડ પર રહેતા પિસ્તાલીસ વર્ષીય અજિઝશાહ અને વીસ વર્ષીય કાનો હુંબલ તરીકે કરવામાં આવી છે. અજિઝશાહ પોતાના યુવાન પુત્ર સાથે રિક્ષા લઈને મોરબી ખાતે આયોજિત એક ધાર્મિક ઉર્સમાં સામેલ થવા માટે જઈ રહ્યા હતા. રસ્તામાં હડાળા નજીક એક ચાની હોટલ પર તેઓ ચા પીવા માટે રોકાયા હતા, તે જ સમયે પૂરપાટ ઝડપે આવેલી ટ્રકે રિક્ષાને કચડી નાખી હતી. અતિશય




દુર્ભાગ્યપૂર્ણ બાબત એ રહી કે પુત્રની નજર સમક્ષ જ તેના પિતાનું આજીવન વિયોગ આપતું દર્દનાક મૃત્યુ થયું હતું, જેનાથી પરિવાર પર દુઃખોનો પહાડ તૂટી પડ્યો છે.

આ ભયાનક અકસ્માતમાં જીવ ગુમાવનાર બીજા યુવક કાનો હુંબલ માધાપર વિસ્તાર નજીક રહેતો હતો અને તે જાણીતી લોકગાયિકા મીરા આહીર સહિત પાંચ બહેનોનો એકમાત્ર વ્હાલો ભાઈ હતો. કાનો તેના મિત્રો સાથે મોડી રાત્રે બહાર નીકળ્યો હતો ત્યારે આ કાળમુખો અકસ્માત નડ્યો હતો. પાંચ બહેનોએ પોતાના માથા પરથી એકમાત્ર ભાઈની છત્રછાયા ગુમાવતા સમગ્ર આહીર પરિવાર અને આસપાસના ગામમાં ભારે શોકની લાગણી છવાઈ ગઈ છે. બહેનોના આક્રંદથી વાતાવરણ સંપૂર્ણપણે ગમગીન બની ગયું હતું અને સૌ કોઈ આ દુર્ઘટનાથી સ્તબ્ધ થઈ ગયા હતા.

અકસ્માત સર્જ્યા બાદ તરત જ નરાધમ ટ્રકચાલક પોતાનું વાહન ટંકારા પાસે બિનવારસી હાલતમાં મૂકીને અંધારાનો લાભ લઈને નાસી છૂટવામાં સફળ રહ્યો હતો. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને કુવાડવા રોડ પોલીસ સ્ટેશનના અધિકારીઓએ તાત્કાલિક ગુનો નોંધીને બંને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડ્યા હતા.

પોલીસે અકસ્માતમાં ઉપયોગમાં લેવાયેલી ટ્રકને કબજે કરી લીધી છે અને નાસી છૂટેલા ફરાર ટ્રકચાલકને ઝડપી પાડવા માટે જુદી જુદી ટીમો બનાવીને ચક્રો ગતિમાન કર્યા છે. વહીવટી તંત્ર દ્વારા ટ્રાફિક નિયમોનું પાલન કરાવવા અને આવા બેફામ વાહનચાલકો સામે સખત પગલાં લેવા માટે લોકમાનસમાંથી ભારે માંગ ઉઠી રહી છે.

## આર્ટ્સ કોલેજ લીમખેડામાં એન.એસ.એસ. દિવસની ઉજવણી અંતર્ગત વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો

દિપક રાવલ દાહોદ લીમખેડા

લીમખેડા વિભાગ યુવક એજ્યુકેશન સોસાયટી સંચાલિત આર્ટ્સ કોલેજ લીમખેડાના એન.એસ.એસ., એન.સી.સી. અને રેન્જ ફોરેસ્ટ કચેરી, લીમખેડાના સંયુક્ત ઉપક્રમે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમમાં સંસ્થાના મંત્રીશ્રી ભરતભાઈ ભરવાડ સાહેબ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહીને તેમના દ્વારા કોલેજ પરિસરમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. પર્યાવરણ જાળવણી માટે વૃક્ષોનું મહત્વ વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા હતા.સંસ્થાના ઉપપ્રમુખશ્રી રાકેશભાઈ ભરવાડ સાહેબ અતિથિ વિશેષ તરીકે આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહીને વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું, તથા રેન્જ ફોરેસ્ટ કચેરી, લીમખેડાના વન વિભાગના અધિકારી શર્મિષ્ઠાબેન તેમની ટીમ સાથે ઉપસ્થિત રહ્યા હતા અને કોલેજ પરિસરમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.સંસ્થાના ઈન્ચાર્જ આચાર્યશ્રી જશવંતસિંહ યુ. નાયક સાહેબ, એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. કમલેશકુમાર બી. અમીન, એન.સી.સી. ઓફિસર પ્રા. સુજીતભાઈ ઉપાધ્યાય તથા સમગ્ર કોલેજ પરિવાર ઉપસ્થિત રહ્યા હતા. એન.એસ.એસ. તથા એન.સી.સી.ના વિદ્યાર્થીઓ ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. કાર્યક્રમનું સમગ્ર આયોજન તથા વ્યવસ્થાપન એન.એસ.એસ. વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું.



## વીરપુરમાં લોભામણી સ્કીમો દ્વારા લાખો રૂપિયા પડાવનાર ઠગ અમદાવાદથી ઝડપાયો

(એજન્સી) વીરપુર । તા. 24

યાત્રાધામ વીરપુર પોલીસ સ્ટેશન વિસ્તાર અંતર્ગત ગત તારીખ ચોવીસમી સપ્ટેમ્બરના રોજ એક ગંભીર છેતરપિંડીના કેસમાં લાંબા સમયથી નાસતા ફરતા મુખ્ય આરોપીને ઝડપી પાડવામાં પોલીસને મોટી સફળતા મળી છે. સ્થાનિક પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, આરોપી રાજુભાઈ ભલુભાઈ ઉર્ફે લાલભાઈ મેવાડાએ વિવિધ લોભામણી અને આકર્ષક બચત તથા ઈનામી યોજનાઓના નામે અસંખ્ય રોકાણકારો સાથે લાખો રૂપિયાની ઠગ આચરી હતી અને પાકતી મુદતે નાણાં પરત ન આપી વિશ્વાસઘાત કર્યો હતો.

તપાસ દરમિયાન સામે આવ્યું છે કે આરોપીએ જય જલારામ માર્કેટીંગ અને જે.કે એમ એમ ઓટો કન્સલ્ટન્સી જેવી પેઢીઓના નામે ખોટી અને લોભામણી સ્કીમો ચલાવી હતી. રોકાણકારોને ઊંચું વળતર, વિશેષ વ્યાજ તેમજ મોટરસાઈકલ જેવી કિંમતી ભેટો આપવાની લાલચ આપીને કુલ રૂપિયા અણ્યાણું લાખ ઓગણત્રીસ હજાર પાંચસો પચાસની માતબર રકમ એકત્ર કરવામાં આવી હતી. આ યોજનાઓ હેઠળ સામાન્ય નાગરિકો પાસેથી દર મહિને ચોક્કસ રકમ જમા કરાવવામાં આવતી હતી, પરંતુ જ્યારે સમય પૂરો થયો ત્યારે રોકાણકારોને કોઈ જ પ્રકારનું વળતર કે મૂળ રકમ પરત કરવામાં આવી ન હતી. આ ગંભીર ગુનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને વીરપુર પોલીસ સ્ટેશનના અક્ષરશઃ અધિકારીઓ અને કર્મચારીઓની ટીમ દ્વારા ટેક્નોલોજી અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી. બાતમીના આધારે પોલીસે અમદાવાદ ખાતે દરોડો પાડીને નાસતા ફરતા મુખ્ય આરોપી રાજુભાઈ મેવાડાને ઝડપી લીધો હતો. પોલીસ પૂછપરછમાં એ વાત પણ બહાર આવી છે કે આરોપી અગાઉ પણ આવા ગુનાહિત કાર્યોમાં સંડોવાયેલો રહ્યો છે. હાલ પોલીસે આરોપીને કસ્ટડીમાં લઈને કાયદેસરની સખત કાર્યવાહી હાથ ધરી છે અને અન્ય સંડોવાયેલા શખ્સોની પણ શોધખોળ શરૂ કરી દીધી છે.

## વડોદરામાં ગેસ સિલિન્ડર વિસ્ફોટ અને ભીષણ આગથી નાસભાગ, બચી ગયા બે લોકો કુદીને ફ્લેટમાંથી

(એજન્સી) વડોદરા । તા. 24

ગુજરાતના સંસ્કારી નગર વડોદરા શહેરના છાણી વિસ્તારમાં આવેલ વીએમસી ક્વાર્ટર્સમાં ગઈકાલે મોડી રાત્રે એક ગંભીર અને હ્રદયદ્રાવક આગ લાગવાની ઘટના સામે આવી છે, જ્યાં ગેસ સિલિન્ડર લીકેજ થવાના કારણે અચાનક ભીષણ આગ ભભૂકી ઉઠી હતી અને આખા પરિસરમાં ભારે અફરાતફરી તથા નાસભાગ મચી ગઈ હતી. સદનસીબે સ્થાનિક લોકો અને ફાયર બ્રિગેડની સમયસૂચકતાના કારણે કોઈ મોટી જાનહાનિ ટળી હતી.

મીડિયા અહેવાલ અને પ્રત્યક્ષદર્શીઓ દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, છાણી વિસ્તારમાં આવેલા વીએમસી ક્વાર્ટર્સના પહેલા માળે આવેલા એક ફ્લેટમાં રાત્રિના સમયે રસોઈ બનાવતી વેળાએ અચાનક ગેસ સિલિન્ડર લીકેજ થવા લાગ્યો હતો. પરિસ્થિતિની ગંભીરતા પારખીને ઘરની એક મહિલાએ ત્વરિત સતર્કતા દાખવીને સળગતો અથવા લીકેજ થતો સિલિન્ડર બહાર દાદર પર ફેંકી દીધો હતો. પરંતુ કમનસીબે ત્યાં કોઈ સ્પાર્ક થવાને કારણે સિલિન્ડરમાં અચાનક આગ ભભૂકી ઉઠી હતી અને આગની જ્વાળાઓ એટલી હદે વિકરાળ બની ગઈ હતી કે તે ફ્લેટના બીજા માળ સુધી ફેલાઈ ગઈ હતી. રાત્રિના શાંત વાતાવરણમાં આગની લ્હોટો જોઈને સ્થાનિક રહેવાસીઓમાં ભારે ગભરાટ ફેલાયો હતો અને લોકો જીવ બચાવવા માટે બૂમો પાડવા લાગ્યા હતા.

આ ભયાનક આગ એટલી ઝડપથી ફેલાઈ ગઈ કે પહેલા માળે ફસાયેલા પુષ્પાબેન અને કાર્તિકભાઈ નામના બે વ્યક્તિઓએ જીવ બચાવવા માટે મજબૂર થઈને પહેલા માળેથી નીચે કૂદી જવું પડ્યું હતું, જેના કારણે તેમને સામાન્ય ઈજાઓ પહોંચી હતી. આ બનાવની જાણ થતાં જ આસપાસના લોકો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા અને તુરંત જ ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી. ફાયર બ્રિગેડની ટીમે સમય ગુમાવ્યા વગર ઘટનાસ્થળે પહોંચીને પાણીનો મારો ચલાવ્યો હતો અને પહેલા માળના અન્ય ફ્લેટમાં ફસાયેલા ચાર જેટલા નાગરિકોનું સફળતાપૂર્વક સુરક્ષિત રેસ્ક્યૂ કર્યું હતું.

## વડોદરામાં ઓનલાઇન ઇન્વેસ્ટમેન્ટ ઠગાઈકાંડ, પદમલાના યુવક સાથે લાખોની છેતરપિંડી

(એજન્સી) વડોદરા । તા. 24

ગુજરાતના સંસ્કારી નગર તરીકે ઓળખાતા વડોદરા શહેરમાં સાયબર અપરાધીઓ દ્વારા આચરાતી છેતરપિંડીના કિસ્સાઓમાં સતત વધારો થઈ રહ્યો છે, જ્યાં તાજેતરમાં જ સાવલી તાલુકાના પદમલા ગામે રહેતા અને એક ખાનગી કંપનીમાં ફરજ બજાવતા કમલેશભાઈ પરમાર નામના યુવકને ઓનલાઈન ઈન્વેસ્ટમેન્ટની લોભામણી જાળમાં ફસાવીને અંદાજે ત્રણ લાખ પંચાવન હજાર રૂપિયા જેટલી માતબર રકમ પડાવી લેવામાં આવી હોવાની અત્યંત ચોંકાવનારી ઘટના સામે આવી છે. આ ગંભીર બનાવ અંગે પીડિત યુવકે સ્થાનિક સાયબર ક્રાઈમ સેલ સમક્ષ સત્તાવાર ફરિયાદ નોંધાવ્યા બાદ સમગ્ર પંથકમાં ભારે ચર્ચા જાગી છે.

મીડિયા અહેવાલ અને પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, ગત અઠવાડિયાઓમાં કમલેશભાઈના મોબાઈલ ફોન પર વોટ્સએપના માધ્યમથી કેપિટલ ફોરેક્સ નામની એક ઓનલાઈન કંપનીની જાહેરાત જોવા મળી હતી. આ જાહેરાત બાદ અદિતિ નામની એક મહિલાએ તેમની સાથે સંપર્ક સાધીને કંપનીમાં રોકાણ કરવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. ઠગ ટોળકીએ આ યુવકનો વિશ્વાસ જીતવા માટે અગાઉ અન્ય ગ્રાહકોએ મેળવેલા જંગી નફાના ખોટા સ્ક્રીનશોટ્સ અને આકર્ષક આંકડાઓ મોકલ્યા હતા. શરૂઆતમાં યુવકે ત્રીસ હજાર રૂપિયાનું રોકાણ કરતા જ તેમને ટૂંક સમયમાં જ એક લાખ રૂપિયા થઈ ગયા હોવાનું ખોટું ડેશબોર્ડ બતાવવામાં આવ્યું હતું અને પ્રારંભિક ભરોસો બેસાડવા માટે માત્ર નવસો રૂપિયા ઉપાડવાની છૂટ પણ આપવામાં આવી હતી.

પ્રથમ નાની રકમ સફળતાપૂર્વક પરત મળવાના કારણે યુવકનો વિશ્વાસ સંપૂર્ણપણે બેસી ગયો હતો, જેનો લાભ લઈને તે જ ઠગ ટોળકીના અન્ય સભ્ય કબીરે કમલેશભાઈ સાથે વાતચીત કરી હતી અને પાંચ લાખ રૂપિયા સુધીનું રોકાણ કરવા પર અકલ્પનીય વળતર મળશે તેવી લાલચ આપી હતી. આ અતિશય લોભામણી વાતોમાં આવીને યુવકે પોતાની બચતના અને મિત્રો પાસેથી મેળવેલા નાણાં સહિત કુલ ત્રણ લાખ પંચાવન હજાર રૂપિયાનું અલગ-અલગ તબક્કે ઓનલાઈન રોકાણ કરી દીધું હતું.

## વડોદરામાં ગાયત્રી ભવન રેસ્ટોરાંમાં આગ લાગી, ટ્રાફિકજામ અને ફાયર બ્રિગેડ કામગીરી



વડોદરા | ગુજરાતના જાણીતા ઔદ્યોગિક અને સાંસ્કૃતિક નગર વડોદરા ખાતે આવેલા મુખ્ય રેલવે સ્ટેશનની બરાબર સામેના ભાગમાં આવેલા ધમધમતા વિસ્તારમાં આજે સવારે એક અચાનક ગંભીર આગ લાગવાની દુર્ઘટના સામે આવી હતી, જેના કારણે આસપાસના સમગ્ર વિસ્તારમાં ભારે અફરાતફરી અને નાસભાગ મચી ગઈ હતી. સદનસીબે સમયસૂચકતા દાખવીને કારીગરો બહાર નીકળી જવાથી કોઈ જાનહાનિ થઈ ન હતી અને મોટી હોનારત ટળી ગઈ હતી. પ્રાપ્ત વિગતો અનુસાર, રેલવે સ્ટેશનની સામે આવેલા પ્રતિષ્ઠિત જનમહેલ સંકુલના ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલી લોકપ્રિય ગાયત્રી ભવન રેસ્ટોરાંમાં આજે સવારે અચાનક રસોડાની ચીમનીમાં મોટો ભડકો થયો હતો. આ ભડકો એટલો તીવ્ર હતો કે થોડી જ ક્ષણોમાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું અને રેસ્ટોરાંના અંદરના ભાગમાં ધુમાડાના ગોટેગોટા ઉડવા લાગ્યા હતા. જ્યારે આ દુર્ઘટના ઘટી ત્યારે રેસ્ટોરાંની અંદર કેટલાક કામદારો અને કારીગરો હાજર હતા, જેમણે પોતાની જાન જોખમમાં મૂક્યા વગર તરત જ બહાર દોડી આવીને જીવ બચાવ્યો હતો.

### આંગણવાડી બહેનો દ્વારા શ્રીઅન્ન અને રાશનની વિવિધ વાનગીઓ પ્રદર્શિત

# નર્મદા જિલ્લામાં પોષણ ઉત્સવ અને પૂર્ણા યોજનાનો ભવ્ય પ્રારંભ



(એજન્સી) રાજપીપળા । તા. 24

ગુજરાત રાજ્યમાં છેવાડાના માનવી સુધી પૌષ્ટિક આહાર અને સરકારની વિવિધ યોજનાઓ પહોંચાડવાના ઉદ્દેશ્ય સાથે રાજપીપળા સ્થિત ટાઉન હોલ ખાતે નર્મદાનો જિલ્લાકક્ષાનો પોષણ ઉત્સવ અને પૂર્ણા યોજના અંતર્ગત કિશોરી મેળો તથા પૌષ્ટિક વાનગી સ્પર્ધાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ઉપસ્થિત કિશોરીઓ અને મહિલાઓની વિશેષ આરોગ્ય તપાસ કરવામાં આવી હતી અને સરકારી યોજનાઓની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં પ્રાસંગિક ઉદ્બોધન આપતા મહાનુભાવોએ જણાવ્યું હતું કે બાળકો અને માતાના સ્વાસ્થ્યમાં જ દેશનું ઉજ્જવળ ભવિષ્ય રહેલું છે. સ્વસ્થ સમાજની રચનામાં આંગણવાડીની બહેનો અત્યંત મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે. આજના સમયમાં પૌષ્ટિક ખોરાક અને તંદુરસ્તી એ દેશના વિકાસમાં સીધો સહયોગ કરે છે. આ પ્રસંગે કિશોરીઓ અને મહિલાઓને પૌષ્ટિક આહારનું સેવન કરવા માટે વિશેષ માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

આ સ્પર્ધામાં જિલ્લાના વિવિધ વિસ્તારોમાંથી આવેલી આંગણવાડીની બહેનો દ્વારા છ સ્ટોલ પર કુલ પાંત્રીસ જેટલી આકર્ષક વાનગીઓનું પ્રદર્શન



કરવામાં આવ્યું હતું. શ્રીઅન્નમાંથી બનાવેલા પિઝા, કેક અને મિક્સ મિલેટમાંથી બનાવેલી ઈડલી લોકોના આકર્ષણનું કેન્દ્ર બની હતી. આ ઉપરાંત માતૃશક્તિ, બાલશક્તિ અને પૂર્ણાશક્તિમાંથી તૈયાર કરેલ કેક, મંચુરિયન, બરફી અને ગુલાબજાંબુ પણ ખૂબ વખણાયા હતા. વિજેતા બહેનોને ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ પ્રમાણપત્ર અને ઈનામો એનાયત કરવામાં આવ્યા હતા.

કિશોરી મેળા દરમિયાન મહિલા અને બાળ વિકાસ વિભાગ તેમજ અન્ય કલ્યાણકારી યોજનાઓ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. અર્બન પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની ટીમ દ્વારા વિશેષ આરોગ્ય તપાસ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં કિશોરીઓના લોહીની તપાસ કરીને જરૂરી દવાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમથી સ્થાનિક સ્તરે જાગૃતિ વધી છે.

### ફાયર બ્રિગેડની કામગીરી અને મૃતકોની ઓળખ

# રાજકોટ ચેકડેમ અકસ્માતમાં પાંચ ડૂબતાં કરૂણ મોત

(એજન્સી) રાજકોટ । તા. 24

ગણેશ ઉત્સવના પવિત્ર અને આનંદના માહોલ વચ્ચે ગુજરાતના રાજકોટ જિલ્લામાંથી એક અત્યંત હ્રદયદ્રાવક અને કાળજું કંપાવનારી દુર્ઘટના સામે આવી છે, જ્યાં ગત ચોવીસમી સપ્ટેમ્બરના રોજ કુવાડવા ગામ નજીક આવેલા ખોડિયાર મંદિર પાસેના ચેકડેમમાં ભગવાન ગણેશજીની પ્રતિમાનું વિસર્જન કરવા ગયેલા એક જ પરિવારના પાંચ સભ્યો પાણીના ઊંડા પ્રવાહ અને અચાનક સર્જાયેલા સંજોગોના કારણે ડૂબી ગયા હતા. આ ગંભીર હોનારતમાં પિતા-પુત્ર સહિત ત્રણ યુવકોના પાણીમાં ડૂબી જવાથી કરુણ મોત નીપજતાં સમગ્ર પંથકમાં ભારે અરેરાટી સાથે શોકનું મોજું ફરી વળ્યું છે.

રાજકોટ નજીક આવેલા કુવાડવા ગામના રહેવાસીઓ ઉત્સાહભેર ગણેશ વિસર્જન કરવા માટે ખોડિયાર મંદિર પાસેના ચેકડેમ પર પહોંચ્યા હતા. વિસર્જન વિધિ દરમિયાન અચાનક જ પગ લપસી જવાથી અથવા ઊંડા પાણીનો અંદાજ ન આવવાથી એક પછી એક પાંચ વ્યક્તિઓ પાણીમાં ડૂબવા લાગી હતી. આ ભયાનક સ્થિતિ જોઈને આસપાસના લોકોમાં નાસભાગ મચી ગઈ હતી. સદનસીબે પરિવારના અન્ય બે યુવાનોને તરતા આવડતું હોવાથી



તેઓ સમયસર બહાર નીકળી જવામાં સફળ રહ્યા હતા, પરંતુ બાકીના ત્રણ સભ્યો ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક લોકોએ તાત્કાલિક ફાયર બ્રિગેડ અને પોલીસ તંત્રને જાણ કરી હતી.

આ કરુણ બનાવની માહિતી મળતા જ રાજકોટ ફાયર બ્રિગેડની ટીમ ત્વરિત ઘટનાસ્થળે દોડી આવી હતી અને ભારે જહેમત બાદ બચાવ કામગીરી હાથ ધરી હતી. ટીમ દ્વારા ચેકડેમના પાણીમાંથી ત્રણેય વ્યક્તિઓને બહાર કાઢીને તાત્કાલિક દસ આઠ એમ્બ્યુલન્સ મારફતે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. પોલીસ તપાસમાં મૃતકોની ઓળખ પંચાસ વર્ષીય ધીરૂભાઈ ભલાભાઈ ચૌહાણ, તેમના વીસ વર્ષીય પુત્ર નયન ધીરૂભાઈ ચૌહાણ અને ત્રીસ વર્ષીય નરેન્દ્ર મગનભાઈ ચૌહાણ તરીકે થઈ છે. એક જ પરિવારના મોભી અને યુવાન પુત્ર સહિત ત્રણ સભ્યોના એકસાથે મોત થવાથી પરિવારમાં આક્રંદ મચી ગયો છે.

આ ભયાનક દુર્ઘટના બાદ એરપોર્ટ પોલીસ સ્ટેશનના અધિકારીઓ પણ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયા હતા અને ત્રણેય મૃતદેહોને પોસ્ટમોર્ટમ અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડીને કાયદેસરની સઘન તપાસ શરૂ કરી છે. આ ઘટના ફરી એકવાર સાબિત કરે છે કે ધાર્મિક ઉત્સવો કે ખુશીના પ્રસંગો દરમિયાન જળાશયો કે ચેકડેમ પર વિસર્જન વખતે કેટલી સાવચેતી રાખવી અનિવાર્ય છે. તંત્ર દ્વારા પણ વારંવાર અપીલ કરવામાં આવે છે કે અજાણ્યા કે ખૂબ ઊંડા પાણીમાં ઉત્સાહમાં આવીને ઉતરવું જોખમી સાબિત થઈ શકે છે. આ કરૂણ ઘટનાએ અનેક હસતા રમતા પરિવારના માળા ઉજાડી નાખ્યા છે અને સમગ્ર રાજકોટવાસીઓને શોકાતુર કરી દીધા છે.

### સાયબર ફ્રોડમાં દુકાનદાર લૂંટાયા

# વડોદરામાં ઓનલાઇન ઠગાઇકાંડથી મચી હલચલ

(એજન્સી) વડોદરા । તા. 24

ગુજરાતના સંસ્કારી નગર તરીકે નામના મેળવી ચૂકેલા વડોદરા શહેરના કોઠી વિસ્તારમાં આવેલી દુકાનમાં બેસીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા સુરેશભાઈ શર્મા નામના સામાન્ય વેપારી સાથે તાજેતરમાં એક અત્યંત ચોંકાવનારી અને સાયબર સુરક્ષાની પોલ ખોલતી ઘટના સામે આવી છે, જેમાં અજાણ્યા ઓનલાઈન ઠગો દ્વારા અતિ આધુનિક ટેકનોલોજીનો દુરુપયોગ કરીને બેંક ખાતું અગાઉથી બંધ કરાવેલ હોવા છતાં લાખો રૂપિયાની માતબર રકમ સેરવી લેવામાં આવી છે. આ ગંભીર બનાવ અંગે પીડિત દુકાનદાર દ્વારા હરણી પોલીસ સ્ટેશનમાં સત્તાવાર ફરિયાદ નોંધાવ્યા બાદ સમગ્ર વિસ્તારમાં ભારે ચર્ચા અને ખળભળાટ મચી ગયો છે.

ગત તારીખ ત્રીજી સપ્ટેમ્બરના રોજ સવારના સુમારે જ્યારે સુરેશભાઈ શર્મા વીઆઈપી રોડ પર આવેલા અયોધ્યા નગર સ્થિત પોતાની દુકાને હાજર હતા, ત્યારે તેમના મોબાઈલ પર તેમના જ એક મિત્ર સચિન જાધવના ફોન નંબર પરથી લગ્નના નિમંત્રણને લગતી એક એપીકે ફાઈલ પ્રાપ્ત થઈ હતી. કોઈ શંકા રાખ્યા વગર વેપારીએ જેવી તે ફાઈલ ઓપન કરી કે તરત જ તેમનું વોટ્સએપ એકાઉન્ટ હેક થઈ ગયું હતું અને મોબાઈલમાં અસહજ ગતિવિધિઓ શરૂ થઈ ગઈ હતી. મામલાની ગંભીરતા સમજીને મિત્રએ તરત જ પોતાનું વોટ્સએપ હેક થયાની જાણ કરી હતી, જેનાથી સતર્ક બનેલા દુકાનદારે ત્વરિત ધોરણે પોતાનો મોબાઈલ ફોન બંધ કરી દીધો હતો અને કોઈ મોટી નાણાકીય દુર્ઘટના ન સર્જાય તે માટે સીધા જ રાવપુરા વિસ્તારમાં આવેલી બેંક ઓફ ઈન્ડિયાની શાખામાં દોડી જઈને પોતાનું ચાલુ બચત ખાતું સત્તાવાર રીતે બંધ કરાવી દીધું હતું.

સમય જતાં પંદર દિવસ સુધી કોઈ પણ પ્રકારનો ઓટીપી કે શંકાસ્પદ મેસેજ ન મળતા સુરેશભાઈને લાગ્યું કે હવે તેમનું ખાતું સંપૂર્ણપણે સુરક્ષિત છે, જેના કારણે તેઓ ફરીથી તે જ બેંકમાં ગયા હતા.

### તાલાલા ગીરના રાતિધાર ગામે હત્યાની ઘટના

# રાતિધાર ગીર ગામે સગા કાકાએ કુહાડી ઝીંકી ભત્રીજાની હત્યા કરી

(એજન્સી) તાલાલા ગીર । તા. 24

તાલાલા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં આવેલા રાતિધાર ગીર ગામે ગત વહેલી સવારે અદાવત અને પારિવારિક માથાકૂટનો ખાર રાખીને એક સગા કાકાએ પોતાના જ ભત્રીજાને માથાના ભાગે ઘાતક હુમલો કરીને મોતને ઘાટ ઉતારી દેવાની અત્યંત દુખદ અને ચોંકાવનારી ઘટના સામે આવતા સમગ્ર પંથકમાં ભારે ચકચાર અને સનસનાટી મચી ગઈ છે.

રાતિધાર ગીર ગામે મહાકાળી મંદિર પાછળના વિસ્તારમાં રહેતા પરિવારો વચ્ચે અગાઉના થોડા મહિનાઓ દરમિયાન કોઈક બાબતે તણાવ અને બોલાચાલી થઈ હતી. તે સમયે મૃતક પ્રવીણભાઈ બચુભાઈ સોલંકી (ઉંમર વર્ષ પચાસ) વચ્ચે પડીને સમાધાન કરાવવાનો પ્રયાસ કર્યો હતો, જે વાતનો મનમાં ખાર રાખીને સગા કાકા ધીરુભાઈ મકનભાઈ સોલંકી (ઉંમર વર્ષ બોંતેર) બદલો લેવાની ફિરાકમાં હતા. ઘટનાના દિવસે વહેલી સવારે આશરે સાડા પાંચ વાગ્યાના અરસામાં જ્યારે પ્રવીણભાઈ પોતાના ઘરના ફળિયામાં નિરાંતે સૂતા હતા, ત્યારે આરોપી કાકા ત્યાં આવ્યા હતા અને તેમને અચાનક ઉઠાડીને ઉગ્ર ઝઘડો શરૂ કર્યો હતો. ઝઘડો એટલો હદે વધી ગયો કે આરોપીએ ઉશ્કેરાઈને પોતાની પાસે રહેલી કુહાડીનો તીક્ષ્ણ ઘા સીધો પ્રવીણભાઈના માથાના ભાગે ઝીંકી દીધો હતો, જેનાથી તેમનું માથું ગંભીર રીતે ફાટી ગયું હતું અને તેઓ લોહીલુહાણ હાલતમાં ફળિયામાં જ ફસડાઈ પડ્યા હતા. હુમલો કર્યા બાદ આરોપીએ "હવે પછી જો મારા દીકરાઓ સાથે ઝઘડો કરશો તો તમારા પણ આવા જ હાલ કરી નાખીશ" તેવી ખુલ્લી ધમકી આપીને ઘટનાસ્થળેથી નાસી છૂટ્યો હતો. લોહીયાળ ઘટના બનતા જ પરિવારજનો અને આસપાસના લોકો તાત્કાલિક દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્ત પ્રવીણભાઈને બચાવવા માટે ત્વરિત ઈમરજન્સી એમ્બ્યુલન્સ સેવા બોલાવી હતી. પરિવારજનો તેમને તાત્કાલિક સારવાર અર્થે તાલાલાની સરકારી હોસ્પિટલ ખાતે લઈ ગયા હતા.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

રમૂજી સંબંધીઓનો સાથ તમારી તાણ ઘટાડશે તથા તમને જેની જરૂર છે એવી નિરાંત તમને આપશે. આવા સંબંધીઓ મેળવવા બદ્દલ તમે નસીબદાર છો. આજે તમારી કોઈ ચલ સંપત્તિ ચોરી હોઈ શકે છે તેથી જેટલું શક્ય હોય તેટલું આના થી બચો. સંબંધીઓ-મિત્રો એક સુંદર સાંજ માટે તમને મળવા આવશે.

**વૃષભ : બ. વ. ઉ.**

આજે તમારૂં સ્વાસ્થ્ય નિરામય રહે એવી શક્યતા છે જે તમને સફળતા આપશે. પણ તમારી દ્રઢતાને નુકસાન પહોંચાડે એવી બાબતોને તમારે ટાળવી રહી. આજે તમારું ધન ઘણી વસ્તુઓ ઉપર ખર્ચ થયી શકે છે, તમારે આજે એક સારો બજેટ પ્લાન બનાવ ની જરૂર છે આના થી તમારી ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે.

**મિથુન : ક. છ. ઘ.**

તમારી જાતને બિનજરૂરીપણે ઉતારી પાડવી એ બાબત ઉત્સાહ ઘટાડી શકે છે. આજે તમને સમજ પડી શકે છે કે સમજ્યા વિચાર્યા વગર ધન ખર્ચવું તમને કેટલું નુકસાન કરી શકે છે. ઘરના મોરચે મુશ્કેલીઓનો ચરૂ ઉકળી રહ્યો છે આથી તમે જે બોલો છો તે અંગે સાવચેતી રાખજો.

**કર્ક : ડ. હ.**

સ્વાસ્થ્ય બરાબર રહેશે. જો તમે પરિણીત છો તો આજે પોતાના બાળકો નું વિશેષ ખ્યાલ રાખો કેમકે જો તમે આવું નહિ કરો તો તેમની તબિયત બગડી શકે છે અને તમને તેમના સ્વાથ્ય પર તમારે ઘણા પૈસા ખર્ચ કરવા પડી શકે છે. કેટલાક લોકો માટે- પરિવારમાં કોઈ નવી વ્યક્તિનું આગમન ઉજવણી અને પાર્ટીની ક્ષણો લાવશે.

**સિંહ : મ. ટ.**

સ્વસ્થ રહેવા માટે તમારા ખોરાક પર અંકુશ રાખો તથા વ્યાયામ કરો. જો તમે લોન લેવા માટે ઘણા દિવસો થી પ્રયાસ કરી રહ્યા છો તો આજ ના દિવસે તમને લોન મળી શકે છે. યુવાનોને સાંકળતી પ્રવૃત્તિઓમાં સહભાગી થવા માટે સારો સમય.

**કન્યા : પ. ઠ. ણ.**

તબિયત પર ધ્યાન આપવું પડશે. લોકોની જરૂરિયાત શી છે તથા તમારી પાસેથી તેમને ચોક્કસ શું જોઈએ છે તે તમે જાણતા હો એવું લાગે છે-પણ તમારા ખર્ચમાં વધુ પડતા ઉડાઉ ન બનતા. સંબંધીઓને મળવા જવા નાનકડી મુસાફરી તમારા રોજિંદા ભાગદોડ ભર્યા સમયપત્રકમાંથી તમને રાહત તથા હળવાશ આપશે.

**તુલા : ર. ત.**

રમૂજી સંબંધીઓનો સાથ તમારી તાણ ઘટાડશે તથા તમને જેની જરૂર છે એવી નિરાંત તમને આપશે. આવા સંબંધીઓ મેળવવા બદ્દલ તમે નસીબદાર છો. જે લોકોએ લોન લીધું હતું તે લોકો ને લોન ની રાશિ ચૂકવવા માં સમસ્યાઓ આવી શકે છે.

**વૃશ્ચિક : ન. ય.**

તમારી શક્તિ પાછી મેળવવા માટે સંપૂર્ણ આરામ કરો. જીવન ના ખરાબ તબક્કા માં પૈસા તમારા કામ આવશે તેથી આજ થીજ પોતાના પૈસા બચત કરવા ના વિષે વિચારો નહિ તો તમને તકલીફો આવી શકે છે. તમારા પરિવારના કલ્યાણ માટે સખત મહેનત કરો.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

મિત્રો સાથે સાંજ આહલાદક રહેશે પણ સાવચેત રહેજો, વધુ પડતું ખવાઈ જશે તો તમારી સવાર બગડશે. આજે તમે સારૂં એવું ધન કમાશો-પણ ધનને તમારી આંગળીઓ વચ્ચેથી સરકી જવા ન દેતા. પરિવારના સભ્યો સાથે શાંતિભર્યો દિવસ માણો-લોકો જો સમસ્યાઓ સાથે તમારો સંપર્ક સાધે.

**મકર : ખ. જ.**

ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. આ રાશિ ના મોટા વેપારીઓ ને આ ના દિવસે ઘણું સોચી અને સમજી ને પૈસા નિવેશ કરવા ની જરૂર છે. તમારા પર કુટેવોની અસર છોડી શકતા લોકોથી દૂર રહો.

**કુંભ : ગ. સ. શ. ષ.**

તમારી પીવાની આદતથી મુક્ત થવા માટે આજે ખૂબ જ શુકનવંતો દિવસ છે. તમારું ધન તમારા કામ માં ત્યારેજ આવી શકે છે જયારે તમે પોતાની ફિજૂલખર્ચી બંધ કરો. આ વાત તમને આજે સારી રીતે સમજ માં આવી શકે છે.

**મીન : દ. ચ. ઝ. થ.**

તમારો મૂડ બદલવા માટે કોઈક સામજિક મેળાવડામાં હાજરી આપો. જો મુસાફરી કરી રહ્યા હોય તો પોતાના કિંમતી સમાન નું ધ્યાન રાખો કેમકે સમાન ચોરી થવા ની શક્યતા છે. મિત્રની કોઈ સમસ્યા તમને ખરાબ લગાડી શકે છે અથવા ચિંતાતુર કરી શકે છે. રોમેન્ટિક યાદો તમારા દિવસ પર કબજો જમાવશે.


**મહાકાય અજગર અને વિશાળ ધામણ બન્યા આકર્ષણનું કેન્દ્ર; લાઈવ ડેમો અને રમૂજી પ્રશ્નોત્તરીથી વિદ્યાર્થીઓમાં જાગૃતિ**

# ધી શારદા હાઈસ્કૂલ, આનંદપુરા ખાતે 'સ્નેક અવેરનેસ વીક' અંતર્ગત સાપ જાગૃતિ કાર્યક્રમ

| કમલેશ પટેલ. સંખેડા

તા. સંખેડા, જિ. છોટાઉદેપુરના આનંદપુરા ખાતે આવેલી ધી શારદા હાઈસ્કૂલમાં ૧૯ થી ૨૫ સપ્ટેમ્બર દરમિયાન ઉજવાઈ રહેલા 'સ્નેક અવેરનેસ વીક' અંતર્ગત સાપ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. RFO રાકેશભાઈના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા શાળાના સ્ટાફે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.કાર્યક્રમમાં મહાકાય અજગર, વિશાળ ધામણ તથા અન્ય સાપોનું લાઈવ ડિસ્પ્લે કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને સાપોના સ્વભાવ, રહેઠાણ, ખોરાક, પર્યાવરણમાં તેમના મહત્વ તથા માનવ-સાપ સહઅસ્તિત્વ અંગે સરળ ભાષામાં વૈજ્ઞાનિક માહિતી આપવામાં આવી હતી.સાપોને રજૂ કરતી વખતે વિદ્યાર્થીઓ અને સાપ બંનેની સલામતીને પ્રાથમિકતા આપવામાં આવી હતી. યોગ્ય અંતર જાળવી અને રેસ્ક્યૂ ટીમની દેખરેખ હેઠળ બિનઝેરી સાપોનું સુરક્ષિત રીતે અવલોકન કરાવવામાં આવ્યું હતું. સાપની રચના અને







શરીરની વિશેષતાઓ સમજાવવા માટે કાળજીપૂર્વક બિનઝેરી સાપને સ્પર્શ કરવાનો અનુભવ પણ વિદ્યાર્થીઓને આપવામાં આવ્યો હતો.સુરક્ષિત ડબ્બામાં રાખવામાં આવેલા અત્યંત ઝેરી કોમન ક્રેટ (કરાત) વિશે પણ વિદ્યાર્થીઓને માહિતી આપવામાં આવી હતી. ઝેરી અને બિનઝેરી સાપ વચ્ચેનો તફાવત સમજાવી સાપ દેખાય ત્યારે તેને પકડવા કે મારવાને બદલે રેસ્ક્યૂ ટીમનો સંપર્ક કરવાની સલાહ આપવામાં આવી હતી.કાર્યક્રમ દરમિયાન બહાદુરપુર એનિમલ રેસ્ક્યૂ ટીમના સચિન પંડિત દ્વારા વિદ્યાર્થીઓ સાથે રમૂજી અને રસપ્રદ પ્રશ્નોત્તરી કરવામાં આવી હતી. "સાપ દૂધ પીવે છે?", "સાપ બદલો લે છે?", "સાપને કાન હોય છે?", "સાપને પગ હોય છે?", "સાપ બીનની ધૂન પર નાચે છે?" જેવા પ્રશ્નો દ્વારા બાળકોને સહજ અને મનોરંજક રીતે સાપ વિશેની સાચી માહિતી સમજાવવામાં આવી હતી.રમૂજી અંદાજમાં કરવામાં આવેલી આ પ્રશ્નોત્તરીને કારણે વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધ્યો હતો અને સમગ્ર કાર્યક્રમનું વાતાવરણ પણ જીવંત બની ગયું હતું. રમતિયાળ પ્રશ્નોત્તરી સાથે સાપની કાચળી, સાપની ગતિ, સાપની ઈન્દ્રિયો અને પર્યાવરણમાં સાપની ઉપયોગિતા વિશે પણ રોચક માહિતી આપવામાં આવી હતી.વિદ્યાર્થીઓને સાપ કરડવાની ઘટનામાં ગભરાઈ જવાને બદલે વ્યક્તિને શાંત રાખવી, તાત્કાલિક તબીબી સારવાર મેળવવી અને બિનજરૂરી ઘરગથ્થુ ઉપચાર ન કરવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.આ પ્રસંગે શાળાના આચાર્યશ્રી મહંત રવિન્દ્રકુમાર એસ., સિનિયર શિક્ષક રાઠવા શાંતિભાઈ એન. સહિત સમગ્ર શિક્ષકગણ અને સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.

## દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી ખાતે ડિપ્લોમા ઈન એનિમલ હસબન્ડ્રીનો પ્રમાણપત્ર વિતરણ



પાલનપુર : ગુજરાત સરકાર સંચાલિત કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા ડિપ્લોમા ઈન એનિમલ હસબન્ડ્રીનો ભવ્ય પ્રમાણપત્ર વિતરણ સમારોહ તા. ૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૬ ને શુક્રવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી ખાતે આવેલ પ્રો. વી. આર. મહેતા ઑડિટોરિયમ ખાતે યોજાશે.આ સમારંભના મુખ્ય મહેમાન તરીકે કેબિનેટ મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણી ઉપસ્થિત રહેશે તથા કામધેનુ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. પી.એચ.ટાંકના અધ્યક્ષસ્થાને કાર્યક્રમ યોજાશે. મંત્રીશ્રી વિદ્યાર્થીઓને માર્ગદર્શન તથા પ્રોત્સાહન પૂરું પાડશે. આ ઉપરાંત, અતિથિ વિશેષ તરીકે સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના કુલપતિ પ્રો. આર. એસ. ચંદેલ ખાસ ઉપસ્થિત રહેશે.

આ પદવીદાન સમારંભમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ તેમજ વર્ષ ૨૦૨૪-૨૫ના ડિપ્લોમા ઈન એનિમલ હસબન્ડ્રી અભ્યાસક્રમના ઉત્તીર્ણ થયેલ કુલ ૮૨૧ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે. સાથે જ, અભ્યાસક્રમમાં ઉત્કૃષ્ટ શૈક્ષણિક સિદ્ધિ હાંસલ કરનાર ૦૨ તેજસ્વી વિદ્યાર્થીઓને મહાનુભાવોના હસ્તે સુવર્ણ ચંદ્રક (ગોલ્ડ મેડલ) એનાયત કરી સન્માનિત કરવામાં આવશે.

## ભીના પોતા પર ચંપલ પહેરી ચાલવા બાબતે પતિ પત્ની વચ્ચે બોલાચાલી બાદ પરિણીતાએ જીવન ટૂંકાવી લેતા અરેરાટી

જામનગર : જામનગરના સેનાનગર વિસ્તારમાં આશાપુરા દુકાનની બાજુમાં રહેતી 26 વર્ષીય પરિણીતાએ પતિ સાથે થયેલા મનદુઃખ બાદ ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતાં સીટી-સી પોલીસમાં અકસ્માતે મોતની નોંધ કરવામાં આવી છે.પોલીસના જણાવ્યા મુજબ, કોમલબેન આકાશ કાલીરમણ (ઉંમર 26) તા.21 સપ્ટેમ્બરના સાંજના સમયે પોતાના ઘરે ગળાફાંસો ખાઈ લીધો હતો. બનાવ અંગે તેમના પતિ આકાશ સુરજમલ કાલીરમણ (ઉંમર 27)એ જાણ કરતાં પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી.પ્રાથમિક વિગતો મુજબ, કોમલબેન ઘરે કચરા-પોતા કરી રહ્યા હતા ત્યારે તેમના પતિ ભીના પોતા ઉપર ચંપલ પહેરીને ચાલતાં હતા. આ બાબતે બંને વચ્ચે બોલાચાલી થઈ હતી. મનદુઃખ થતાં પતિ બપોરે જમ્યા વગર નોકરી પર જતા રહ્યા હતા. કોમલબેને તેમને જમવાનું કહેતાં પણ તેમણે જમવાનું લીધું ન હતું. સાંજે નોકરી પરથી પરત આવ્યા બાદ પણ બંને વચ્ચે વાતચીત થઈ ન હતી.આ સમગ્ર બાબતનું મનમાં લાગી આવતાં કોમલબેને પોતાના ઘરે ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હોવાનું પોલીસમાં જાહેર કરાયું છે.આ અંગે સીટી-સી પોલીસ સ્ટેશનમાં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-2023ની કલમ 194 મુજબ નોંધ કરવામાં આવી છે. જામનગરના સેનાનગરમાં 26 વર્ષીય પરિણીતા કોમલબેન કાલીરમણે પતિ સાથેના મનદુઃખ બાદ ગળાફાંસો ખાઈ આપઘાત કર્યો. ભીના પોતું અને જમવા બાબતે થયેલી બોલાચાલી બાદ પતિ નોકરી પર જતા રહ્યા હતા.

**ભાદરવી પૂનમનો મહામેળો**

## ભક્તિ, શક્તિ અને આસ્થાનો અદ્ભુત સમુદ્ર

અરવલ્લી : અરવલ્લીની ગિરીમાળાઓ અને પ્રકૃતિની ગોદમાં વસેલા પવિત્ર ધામ અંબાજી ખાતે જગતજનની મા ભવાનીના ચરણોમાં શિષ ઝૂકાવવા માટે ભાદરવી પૂનમના મહામેળામાં અબાલ-વૃદ્ધ સૌ કોઈ ભક્તિ અને શ્રદ્ધાના રંગે રંગાઈને આગળ વધી રહ્યા છે. "બોલ મારી અંબે, જય અંબે" ના નાદ સાથે સમગ્ર પંથક ગુંજી ઉઠ્યો છે અને ચારેય બાજુ અદભુત માનવ મહેરામણ ઉમટી પડ્યો છે. ભક્તિ અને સેવાના સંગમ સમાન સેવા કેમ્પોઅંબાજી તરફ જતા માર્ગો પર ભારતીય સંસ્કૃતિના દર્શન કરાવતા અસંખ્ય સેવા કેમ્પો ધમધમી રહ્યા છે. આ વિશાળ સેવા કેમ્પોમાં નિઃસ્વાર્થ ભાવે માની ભક્તિ અને પદયાત્રીઓની સેવાની અનેડી પરંપરા જોવા મળે છે. આ તમામ સેવા કેમ્પોમાં ચુંવાલ ડાંગરવા આનંદ ગરબા મંડળ દ્વારા મુકામે છેલ્લા ઘણા વર્ષોથી ખૂબ જ સમર્પિતભાવે સેવાકાર્યો કરવામાં આવી



રહ્યા છે. જે ખરેખર ધન્યવાદને પાત્ર છે માનવ મહેરામણ અને સુરક્ષા: લાખોની સંખ્યામાં ઉમટેલા ભક્તોના પ્રવાહ વચ્ચે સુરક્ષા અને વ્યવસ્થાની સાથે ભારતીય સંસ્કૃતિના સાચા દર્શન થાય છે. પદયાત્રીઓનો ઉત્સાહ: હાથમાં લાલ ધ્વજા લઈને, માના ગુણગાન ગાતા અને ઉત્સાહ સાથે ચાલતા પદયાત્રીઓનું આ દ્રશ્ય ભક્તિ અને શક્તિના સમુદ્ર સમાન અનુભૂતિ કરાવે છે.મા અંબાના દર્શન કરીને પદયાત્રીઓ અને સેવાભાવીઓ ધન્યતાની અનુભૂતિ કરે છે.

**કુલ ૪૫ જેટલી વાનગીઓનું નિદર્શન કરાયું**

## રાજપીપળામાં જિલ્લાકક્ષાનો પોષણ ઉત્સવ અને કિશોરી મેળો યોજાયો



ગુજરાત રાજ્યમાં છેવાડાના લોકો સુધી ટેક હોમ રાશન, શ્રી અન્ન તેમજ સરગવામાથી બનતી પોષણયુકત વાનગીઓ વિશેની જાગૃતતા કેળવાય તે માટે રાજ્યભરમાં 'પોષણ ઉત્સવ-૨૦૨૬' ની ઉજવણી કરવામાં આવી રહી છે. જે અન્વયે રાજપીપળા ટાઉન હોલ ખાતે નર્મદાનો જિલ્લાકક્ષાના 'પોષણ ઉત્સવ-૨૦૨૬' અંતર્ગત 'પૌષ્ટિક વાનગી સ્પર્ધા' અને 'કિશોરી મેળો' યોજાયો.હતો કાર્યક્રમમાં ઉપસ્થિત ધારાસભ્ય ડૉ. દર્શના દેશમુખે પ્રાસંગિક ઉદ્બોધન આપતા જણાવ્યું કે, બાળકો અને માતાના સ્વાસ્થ્યમાં દેશનું સુરક્ષિત ભવિષ્ય રહેલું છે. તેમાં આંગણવાડીની બહેનો સ્વસ્થ સમાજ ઘડવામાં મહત્વની ભૂમિકા ભજવી રહ્યું છે. આજની તંદુરસ્તી એ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિકસિત ભારતના સંકલ્પને સાકર કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. આ સાથે ઉપસ્થિત કિશોરીઓ અને મહિલાઓને ટેક હોમ રાશન અને મિલેટના ઉપયોગ કરવા પર ભાર મૂક્યો હતો.પૌષ્ટિક વાનગી સ્પર્ધા અંતર્ગત જિલ્લાના દેડિયાપાડા, નાંદોદ, સાગબારા, ગરૂડેશ્વર અને તિલકવાડાના વિવિધ ઘટકોની આંગણવાડીની બહેનો દ્વારા ૬ સ્ટોલ પર કુલ-૪૫ જેટલી શ્રીઅન્ન અને ટેક હોમ રાશન એટલે કે માતૃશક્તિ, બાલશક્તિ અને પૂર્ણાશક્તિ માંથી બનાવેલ સ્વાદિષ્ટ અને પૌષ્ટિક વાનગીઓની સ્પર્ધામાં નિદર્શન કરવામાં આવ્યું હતું.શ્રી અન્નમાંથી બનાવેલ પિઝા, રાગીના લોટમાંથી કેક, મિક્સ મિલેટ માંથી ઈડલી એ લોકોનું ધ્યાન ખેંચવામાં સફળ રહ્યા હતા. આ સાથે પૂર્ણા શક્તિ માંથી બનાવેલ કેક, મંચુરિયન, બરફી, લાડુ જ્યારે બાળશક્તિ માંથી બનાવેલ આલુપરોઠા અને ગુલાબજાંબુ આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. ઉપસ્થિત મહાનુભાવો દ્વારા તમામ વાનગીઓનો સ્વાદ માણી પૌષ્ટિકતા અને સ્વાદના પરિમાણોને ધ્યાને રાખીને ગુણ આપવામાં આવ્યા હતા. તમામને ઉપસ્થિત મહાનુભાવો દ્વારા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

## ફતેપુરાના બારસલેડા ખાતે રાજ્યમંત્રી રમેશભાઈ કટારાના અધ્યક્ષ સ્થાને સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત યોજાયો સેવા સેતુ કાર્યક્રમ

| દિપક રાવલ | દાહોદ લીમખેડા

સરકારી તમામ સેવાઓ સેવાસેતુ કાર્યક્રમ હેઠળ એક જ સ્થળે ઉપલબ્ધ કરાવાઈ છે. જેનો લાભ સૌ ગ્રામજનોએ લેવો જોઈએ-મંત્રીશ્રી રમેશભાઈ કટારાનાગરિકોની લાગણીઓ અને અપેક્ષાઓ પૂર્ણ કરવા તેમજ પારદર્શી વહીવટના ઉદ્દેશ્ય સાથે દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના બારસાલેડા ગામે પ્રાથમિક શાળા ખાતે રાજ્યમંત્રીશ્રી રમેશભાઈ કટારાના અધ્યક્ષ સ્થાને 'સેવા સેતુ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંત્રીશ્રી રમેશભાઈ કટારાએ જણાવ્યું હતું કે, છેવાડાના માનવી સુધી સરકારની યોજનાઓના લાભો સહેલાઈથી પહોંચે તે માટે 'સેવા સંકલ્પ અભિયાન' હેઠળ આ આયોજન કરાયું છે. મામલતદાર કચેરી અને તાલુકા વિકાસ અધિકારીની કચેરીને લગતી સરકારી સેવાઓ એક





જ સ્થળે ઉપલબ્ધ કરાવાઈ છે. મંત્રીશ્રીએ નાગરિકોને ઘરઆંગણે મળેલી આ સેવાનો લાભ લેવા અપીલ કરી હતી અને અધિકારીઓને તમામ અરજદારોના કામો ઝડપથી પૂર્ણ કરવા નિર્દેશ આપ્યા હતા. સાથે જ તેમણે લાભાર્થીને વિવિધ લાભોના પ્રમાણપત્રો અને સાથે પોષણ કીટ વિતરણ વિતરણ કર્યું હતું આ કાર્યક્રમ દરમિયાન મંત્રીશ્રીએ વિવિધ વિભાગોના સ્ટોલની મુલાકાત લઈ કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. આ સાથે તેમણે 'એક પેડ મા કે નામ' અભિયાન અંતર્ગત શાળા પરિસરમાં વૃક્ષારોપણ કર્યું હતું.આ પ્રસંગે ફતેપુરા મામલતદારશ્રી, સ્થાનિક આગેવાનો, સરપંચશ્રીઓ, તાલુકા અને જિલ્લા પંચાયતના સભ્યશ્રીઓ, તલાટીશ્રીઓ, વહીવટી તંત્રના અધિકારીઓ-કર્મચારીઓ તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો અને લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## જામનગર જિલ્લામાં જુગારના ત્રણ દરોડા : રોકડ રૂ.14,500થી વધુનો મુદ્દામાલ ઝડપાયો

જામનગર : જામનગર જિલ્લામાં પોલીસે જુગારની પ્રવૃત્તિ સામે કાર્યવાહી હાથ ધરી ત્રણ અલગ-અલગ સ્થળે દરોડા પાડી રોકડ રકમ તથા જુગારનો સામાન સહિતનો મુદ્દામાલ કબજે કર્યો હતો.જામજોધપુર પોલીસને સીદસર ગામની નવી સોસાયટીમાં જાહેરમાં જુગાર રમાતો હોવાની બાતમી મળતાં દરોડો પાડવામાં આવ્યો હતો. પોલીસે સુનીલભાઈ છગનભાઈ સોલંકી, રમણીકભાઈ દેવાભાઈ ઝીઝુવાડીયા, ગોપાલભાઈ સામજીભાઈ ઝીઝુવાડીયા અને ભરતભાઈ ભીખુભાઈ ડાભીને ઝડપી લીધા હતા. તેમની પાસેથી ગંજીપત્તા અને રોકડા મળી કુલ રૂ.10,230નો મુદ્દામાલ કબજે કરી જુગારધારા કલમ 12 હેઠળ કાર્યવાહી કરવામાં આવી હતી.બીજા બનાવમાં કાલાવડ ટાઉન પોલીસે બસ સ્ટેન્ડ પાસે રોડ ઉપર વરલી મટકાના આંકડા લખી પૈસાની હારજીતનો જુગાર રમતા ઓસમાણભાઈ બસીરભાઈ આદમાણીને ઝડપી લીધો હતો.

## જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ગમાબેન મોહનિયાની અધ્યક્ષતા હેઠળ મેગા આયુર્વેદ-હોમિયોપેથી કેમ્પ યોજાયો

| દિપક રાવલ દાહોદ લીમખેડા

નિયામકશ્રી આયુષની કચેરી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ (ગાંધીનગર) ના નિર્દેશાનુસાર, જિલ્લા વિકાસ અધિકારીશ્રી દાહોદની પ્રેરણા અને જિલ્લા આયુર્વેદ અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ આયુર્વેદ શાખા, જિલ્લા પંચાયત દાહોદ દ્વારા ૧૧મા 'રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ-૨૦૨૬' ની ભવ્ય ઉજવણીના ભાગરૂપે સંતકૃપા હોલ, દાહોદ ખાતે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ગમાબેન મોહનિયાની અધ્યક્ષતા હેઠળ મેગા આયુર્વેદ તેમજ હોમિયોપેથી નિદાન અને સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.જિલ્લા આયુર્વેદ અધિકારીશ્રી સુધીર જોશીએ રાષ્ટ્રીય આયુર્વેદ દિવસના મહત્વ તેમજ નિદાન-સારવાર કેમ્પ, IEC પ્રદર્શન અને ICDS વિભાગની યોજનાકીય માહિતી તથા THR પ્રદર્શન અંગે વિગતવાર માહિતી આપી હતી.કેમ્પ દરમિયાન નિષ્ણાત તબીબો દ્વારા જૂની શરદી, ચામડીના રોગો, હાઈ બીપી, થાઈરોઈડ, એલર્જી, દમ-શ્વાસ, સાંધાનો વા (સંધિવા), એનીમિયા, સ્ત્રી રોગ તથા બાળ રોગોનું વિનામૂલ્યે સચોટ નિદાન કરી દવાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, ૨૦ જેટલા યોગ ઈન્સ્ટ્રક્ટર્સ દ્વારા પ્રત્યક્ષ યોગ નિદર્શન પણ કરવામાં આવ્યું હતું.આ દરમ્યાન જિલ્લા વિકાસ અધિકારીશ્રી હિરેન બારોટએ કેમ્પના વિવિધ સ્ટોલની મુલાકાત લઈ આયુર્વેદ અને હોમિયોપેથી દવાઓ વિશે જાણકારી મેળવી હતી. તેમણે અંતરિયાળ વિસ્તારોમાં વધુ ને વધુ આવા કેમ્પો યોજવા પ્રેરણા આપી હતી અને આયુષ તથા ICDS ટીમની કામગીરીને બિરદાવી હતી. જિલ્લા પંચાયત પ્રમુખશ્રી અને સમિતિ ચેરમેનશ્રીઓએ લોકોને આયુષ તથા યોગ ચિકિત્સાનો મહત્તમ લાભ લઈ દૈનિક જીવનમાં રોગપ્રતિકારક શક્તિ વધારવા અપીલ કરી હતી.

**'મનોદર્પણ'**

## નર્મદામાં 'મનોદર્પણ' અંતર્ગત વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય અને સુખાકારી અંગે બે દિવસીય રાજ્યસ્તરીય પરામર્શ કાર્યક્રમનો શુભારંભ કરાયો



રાજપીપલા : નર્મદા જિલ્લા મુખ્ય મથક રાજપીપળા ખાતે તા. ૨૪ અને ૨૫ સપ્ટેમ્બર દરમિયાન ભારત સરકારના શિક્ષણ મંત્રાલયની મહત્વપૂર્ણ પહેલ 'મનોદર્પણ' અંતર્ગત વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય અને સુખાકારી અંગે બે દિવસીય રાજ્યસ્તરીય પરામર્શ કાર્યક્રમનો શુભારંભ રાજપીપલા બિરસા મુંડા ટ્રાઈબલ યુનિવર્સિટીના કુલપતિ ડો. મધુકર પાડવી તથા રાજપીપલા ના ધારાસભ્ય ડો. દર્શના દેશમુખની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યો હતો.આ પ્રસંગે બિરસા મુંડા ટ્રાઈબલ યુનિવર્સિટીના કુલપતિ ડો. મધુકર પાડવીએ જણાવ્યું હતું કે, 'મનોદર્પણ' કાર્યક્રમના માધ્યમથી વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય સાથે સંકળાયેલા વિવિધ પાસાઓને ઓળખી તેમને યોગ્ય માર્ગદર્શન અને સહાય પૂરી પાડવામાં મહત્વની મદદ મળશે. વિદ્યાર્થીઓ માનસિક રીતે સ્વસ્થ અને સશક્ત બની શિક્ષણ ક્ષેત્રે આગળ વધે તથા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વર્ષ ૨૦૪૭ સુધી વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવામાં પોતાનું યોગદાન આપે તે દિશામાં આ પહેલ મહત્વપૂર્ણ સાબિત થશે.આ વેળાએ ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડો. ટી. એસ. જોશીએ જણાવ્યું હતું કે, ભારત સરકારના શિક્ષણ મંત્રાલયની મહત્વપૂર્ણ પહેલ 'મનોદર્પણ' અંતર્ગત ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા મનોદર્પણ સેલ, NCERT, નવી દિલ્હી તથા સંબંધિત હિતધારકોના સહયોગથી ગુજરાત રાજ્ય માટે વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય અને સુખાકારી અંગે આ બે દિવસીય રાજ્યસ્તરીય પરામર્શ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

**વિવિધ સરકારી યોજનાઓનો લાભ અને સેવાઓ ગ્રામજનોને ઘરઆંગણે ઉપલબ્ધ કરાવવાનો પ્રયાસ**

# દાહોદમાં ગરબાડા તાલુકાના ભરસડા ખાતે સાંસદ જશવંતસિંહ ભાભોરના અધ્યક્ષ સ્થાને સેવાસેતુ ૨.૧ (ગ્રામ્ય) કાર્યક્રમ યોજાયો

| દિપક રાવલ દાહોદ લીમખેડા

દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના ભરસડા ગામે હિંગળાજ માતાજી મંદિરના પરિસરમાં સાંસદશ્રી જશવંતસિંહ ભાભોરના અધ્યક્ષ સ્થાને સેવાસેતુ ૨.૧ (ગ્રામ્ય) કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજ્ય સરકારની વિવિધ લોકકલ્યાણકારી યોજનાઓનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચે તેમજ નાગરિકોને સરકારી સેવાઓ ઘરઆંગણે સરળતાથી ઉપલબ્ધ બને તેવા ઉદ્દેશ સાથે આ કાર્યક્રમ યોજાયો હતો.ગરબાડા તાલુકા પંચાયત દ્વારા આયોજિત આ કાર્યક્રમ દરમ્યાન ભાજપ પ્રમુખશ્રી સ્નેહલ ધરીયા, ગરબાડા ધારાસભ્યશ્રી મહેન્દ્રભાઈ ભાભોર, તાલુકા પંચાયતના પ્રમુખ, મામલતદારશ્રી, તાલુકા વિકાસ અધિકારીશ્રી, સરપંચશ્રીઓ સહિત અન્ય મહાનુભાવો-પદાધિકારીશ્રીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમમાં ભરસડા, ગાંગરડી, દાદુર, ભે, મીનાક્યાર, ભૂતરડી, પાટીયાઝોલ, નવાવાઈ અને ચાંદલા સહિતનાં ગામોના નાગરિકોએ ભાગ લીધો હતો.સેવાસેતુ કાર્યક્રમ અંતર્ગત વિવિધ સરકારી વિભાગો દ્વારા એક જ સ્થળે નાગરિકોને સરકારી યોજનાઓની માહિતી, માર્ગદર્શન તેમજ વિવિધ સેવાઓ પૂરી પાડવામાં આવી હતી.

આ દરમિયાન આધારકાર્ડ સંબંધિત કામગીરી, રેશનકાર્ડને લગતી સેવાઓ, આવકના દાખલા, જાતિના દાખલા, આરોગ્યલક્ષી સેવાઓ, સામાજિક સુરક્ષા યોજનાઓ તથા અન્ય સરકારી યોજનાઓ અંગે નાગરિકોને જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ઉપસ્થિત અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા વિવિધ સરકારી યોજનાઓની માહિતી આપી પાત્રતા ધરાવતા લાભાર્થીઓને યોજનાઓનો લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો હતો. જેમાં ગ્રામજનોના પ્રશ્નો અને રજૂઆતો સાંભળી સંબંધિત વિભાગો દ્વારા જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.આ પ્રસંગે સાંસદશ્રી જશવંતસિંહ ભાભોર એ જણાવ્યું હતું કે, રાજ્ય સરકારના સેવાસેતુ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ વહીવટને વધુ પારદર્શક, સરળ અને લોકાભિમુખ બનાવી સરકારી સેવાઓનો લાભ નાગરિકોને તેમના ઘરઆંગણે પહોંચાડવાનો છે. સાથે સાંસદશ્રીએ લાભાર્થીઓને લાભ વિતરણ કરી વિવિધ વિભાગીય સ્ટોલની મુલાકાત લઈ નિરીક્ષણ કરવા સાથે જરૂરી સૂચનાઓ આપી હતી.

આ કાર્યક્રમ થકી ગ્રામ્ય વિસ્તારના નાગરિકોને વિવિધ સરકારી કચેરીઓના ધક્કા ખાધા વિના એક જ સ્થળેથી જરૂરી સેવાઓ મેળવવાની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી હતી.કાર્યક્રમમાં તાલુકા વહીવટી તંત્રના અધિકારીઓ, વિવિધ વિભાગોના કર્મચારીઓ, સ્થાનિક આગેવાનો તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## લીમખેડા તાલુકામાં પીડિત મહિલા ને છેડતી કરનાર દાદા સસરાને કાયદાનું ભાન કરાવ્યું

| દિપક રાવલ | દાહોદ લીમખેડા

લીમખેડા તાલુકામાં ગ્રામ્ય વિસ્તારમાંથી પીડિત મહિલાના પતિ દ્વારા 181 અભયમ માં કોલ કરી જણાવેલ છે કે તેમની પત્નીને તેમના દાદા સસરા દ્વારા છેડતી કરી હોય તો તાત્કાલિક મદદ માટે અભયમ તેમની મદદ લીધી તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી કાઉન્સિલિંગ દરમિયાન જાણવા મળેલ કે પીડિત મહિલાએ ખેતરમાં ઘાસ લેવા માટે આવ્યા હતા તેઓ પોતાનો કામ જ કરતા હતા અને તેમના દાદા સસરા એ તેમની નજીક આવીને ખોટા શબ્દો બોલતા હોય અને તેમને મારી જોડે નહીં આવે તો પીડિત બહેનને મારવાની ધમકી આપતા હતા ત્યારબાદ પીડિત મહિલાએ એમ કહેતા કે મને હાથ લગાડવાની કોશિશ પણ ન કરતા એમ કહીને પીડિત મહિલાએ ત્યાંથી ખેતરમાંથી નીકળીને ઘરે ગયેલ અને તેમના પતિને જાણ કરેલ છે તેમના પતિ એ 181 અભયમ ટીમની મદદથી ત્યારબાદ 181 અભયમ ટીમ બંને પક્ષનો સાંભળીને વાતચીત કરેલ છે તેમના દાદા સસરાને જોડે વાતચીત કરેલ છે તેઓ જણાવેલ છે કે એવું કંઈ કીધું નહીં એમ જણાવેલ છે ત્યારબાદ દાદા સસરાને કાયદાકીય રીતે સમજણ આપે છે ત્યારબાદ પોતે જ ભૂલ સ્વીકારેલ છે અને એવી રીતના બાહેધરી પણ આપેલ છે હવે પછી આવી રીતે ભૂલ ન થાય તેનું ધ્યાન રાખીશ અને માફી પણ માંગેલ છે ત્યારબાદ પીડિત મહિલાના પરિવાર વાળા 181 અભયમ ટીમનો ખુબ ખુબ આભાર માનેલ છે.

## ખાદ્યતેલ પર ઈમ્પોર્ટ ડ્યુટી ઘટી, કયું તેલ સસ્તું થશે

# 1 વર્ષમાં 20% ભાવવધારા બાદ આખરે સરકાર જાગી!

(એજન્સી) નવી દિલ્હી | તા.24

કેન્દ્ર સરકારે પામ, સોયા અને સનફ્લાવર સહિતના ખાદ્ય તેલો પરની આયાત ડ્યુટીમાં મોટો ઘટાડો કર્યો છે. તહેવારોની સિઝનમાં ગૃહિણીઓને રાહત આપવા સરકારે આ નિર્ણય લીધો છે. ક્રૂડ પામ અને સોયા ઓઈલ પરની બેઝિક ડ્યુટી 10% થી ઘટાડીને 5% કરાઈ છે. આનાથી બજારમાં તેલના ભાવ ઘટશે અને ગ્રાહકોને ફાયદો થશે. ભારતમાં 20% વધેલા ભાવને ધ્યાને લઈ આ પગલું ભરાયું છે. તહેવારોની મોસમ નજીક આવી રહી છે ત્યારે સામાન્ય નાગરિકો અને ગૃહિણીઓ માટે રાહતના સમાચાર સામે આવ્યા છે. કેન્દ્ર સરકાર દ્વારા પામ ઓઈલ, સોયા ઓઈલ અને સનફ્લાવર ઓઈલ સહિતના મુખ્ય ખાદ્ય તેલો પરની આયાત ડ્યુટીમાં મોટો ઘટાડો કરવામાં આવ્યો છે. છેલ્લા 1 વર્ષમાં ભારતમાં વનસ્પતિ તેલના ભાવોમાં લગભગ 20 ટકા સુધીનો વધારો નોંધાયો હતો, જેને



ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવાયો છે. સપ્ટેમ્બરથી નવેમ્બર દરમિયાન આવનારા મુખ્ય ધાર્મિક તહેવારો અને ઉત્સવોમાં મીઠાઈ, ફરાળ અને તળેલી વસ્તુઓની માંગ વધતી હોય છે, ત્યારે આ ડ્યુટી કટથી બજારમાં તેલના ભાવ નીચા આવશે અને ગ્રાહકોને મોટી રાહત મળશે.એશિયન કમ્યુનિટીમાં જોડાઓ

સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા નોટિફિકેશન મુજબ ક્રૂડ પામ ઓઈલ અને સોયા ઓઈલ પરની બેઝિક આયાત ડ્યુટી 10 ટકાથી ઘટાડીને 5 ટકા કરી દેવામાં આવી છે. આ ઉપરાંત રિફાઈન્ડ પામ ઓઈલ અને રિફાઈન્ડ સોયા ઓઈલ પરની ડ્યુટી 32.5 ટકાથી ઘટાડીને 27.5 ટકા કરવામાં આવી છે. ક્રૂડ સનફ્લાવર ઓઈલ પરની આયાત ડ્યુટી 10 ટકાથી ઘટાડીને શૂન્ય કરી દેવામાં આવી છે. જ્યારે રિફાઈન્ડ સનફ્લાવર ઓઈલ પરની ડ્યુટી 32.5 ટકાથી ઘટાડીને 22.5 ટકા કરવામાં આવી છે. બેઝિક કસ્ટમ ડ્યુટી ઉપરાંત ખાદ્ય તેલની આયાત પર એગ્રીકલ્ચર ઈન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ ડેવલપમેન્ટ સેસ અને સોશિયલ વેલફેર સરચાર્જ પણ લાગુ પડે છે. જેના કારણે હવે ક્રૂડ પામ અને સોયા ઓઈલ પર કુલ આયાત ડ્યુટી 16.5 ટકાથી ઘટીને 11 ટકા થઈ ગઈ છે, જ્યારે ક્રૂડ સનફ્લાવર ઓઈલ પર ડ્યુટી 16.5 ટકાથી ઘટીને 5.5 ટકા થઈ ગઈ છે.

વેપારીઓ અને ઉદ્યોગ જગતના જાણકારોના મતે ભારત તેની ખાદ્ય તેલની કુલ માંગના લગભગ બે-તૃતીયાંશ ભાગની જરૂરિયાતો આયાત દ્વારા સંતોષે છે. જેમાં મલેશિયા, ઈન્ડોનેશિયા, આર્જેન્ટિના, રશિયા અને યુક્રેનથી મુખ્યત્વે પામ, સોયા અને સનફ્લાવર ઓઈલ મંગાવવામાં આવે છે. આ ડ્યુટી ઘટાડાથી સનફ્લાવર ઓઈલ સૌથી મોટો ફાયદાકારક સાબિત થશે કારણ કે તે રિફાઈનર્સ માટે વધુ આકર્ષક બનશે અને સોયા તથા પામ ઓઈલ પરનું દબાણ ઘટાડશે. અગાઉ ડ્યુટી ઘટવાની અપેક્ષાએ રિફાઈનર્સે ખરીદી અટકાવી દીધી હતી, પરંતુ હવે તહેવારોના સમયની માંગને પહોંચી વળવા માટે તેઓ આયાતમાં વધારો કરશે. આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતીય માંગ વધવાથી મલેશિયન પામ ઓઈલ અને યુએસ સોયા ઓઈલના વાયદાને પણ ટેકો મળશે, જેનાથી સ્થાનિક બજારમાં સંતુલન જળવાઈ રહેશે.

## ઈલેક્ટ્રિક સ્કૂટરની પ્રારંભિક કિંમતો પેટ્રોલ સ્કૂટર્સની નજીક પહોંચી ગઈ



અમદાવાદ : ઈલેક્ટ્રિક સ્કૂટર્સ પેટ્રોલ મોડલ્સ સાથેના ખરીદ કિંમતના તફાવતને ઝડપથી ઘટાડી રહ્યા છે, જેના કારણે આ સેગમેન્ટને નવો વેગ મળ્યો છે. હવે ઈલેક્ટ્રિક સ્કૂટરની પ્રારંભિક કિંમતો મુખ્ય પ્રવાહના ૧૧૦-૧૨૫ સીસી પેટ્રોલ સ્કૂટર્સની બરાબર નજીક પહોંચી ગઈ છે.વિવિધ કંપનીઓના મોટાભાગના મોડલ્સ ગયા વર્ષે આશરે રૂ. ૧૫,૦૦૦ વધુ મોંઘા હતા, પરંતુ હવે તેઓ પેટ્રોલ મોડલ્સ સામે સખત સ્પર્ધા આપી રહ્યા છે, જે રૂ. ૮૦,૦૦૦ થી રૂ. ૧,૦૦,૦૦૦ ની કિંમતમાં ઉપલબ્ધ છે.કિંમતનો આ ઘટતો તફાવત ખરીદીના સમીકરણો બદલી રહ્યો છે, ખાસ કરીને વધુ દૈનિક વપરાશ ધરાવતા ગ્રાહકો માટે.આ બદલાવ ઈન્ડસ્ટ્રીના વેચાણ આંકડાઓમાં સ્પષ્ટ દેખાય છે. સિઆમના ડેટા અનુસાર, જાન્યુઆરીથી ઓગસ્ટ ૨૦૨૬ દરમિયાન સ્કૂટરનું કુલ વેચાણ વાર્ષિક ધોરણે ૩૧% વધીને ૬૦,૭૨,૦૦૦ યુનિટ્સ થયું હતું, જે ગયા વર્ષે આ સમયગાળામાં ૪૬,૪૮,૦૦૦ યુનિટ્સ હતું. ઓગસ્ટ મહિનામાં સ્કૂટરનું હોલસેલ વેચાણ ૨૩.૮% વધીને ૮,૫૫,૭૧૫ યુનિટ્સ થયું હતું, જે અગાઉના વર્ષના ૬,૯૧,૪૩૦ યુનિટ્સની સરખામણીએ અત્યાર સુધીનું સૌથી વધુ માસિક વેચાણ છે.ઈલેક્ટ્રિક ટુ-વ્હીલર્સની વાત કરીએ તો ઓગસ્ટ મહિનાના ડેટામાં બે ગણાથી વધુ વૃદ્ધિ જોવા મળી છે. ૨૫૦ વોટથી વધુ મોટર પાવર ધરાવતા સ્કૂટર્સનું વેચાણ આ મહિના દરમિયાન ૧,૮૫,૩૦૩ યુનિટ્સ નોંધાયું હતું, જે ગયા વર્ષના સમાન સમયગાળામાં ૮૧,૦૧૭ યુનિટ્સ હતું. ખરીદી અને જાળવણીના ઓછા ખર્ચ તેમજ વધતી જતી ચાર્જિંગ સુવિધાઓને કારણે ઈલેક્ટ્રિક સ્કૂટર્સ મુખ્ય ગ્રોથ એન્જિન તરીકે ઊભરી રહ્યા છે.ઈન્ડસ્ટ્રીના ડેટા દર્શાવે છે કે ઓગસ્ટમાં કુલ ઈલેક્ટ્રિક સ્કૂટરનું હોલસેલ વેચાણ આશરે ૧,૮૯,૦૦૦ યુનિટ્સ રહ્યું હતું, જે વાર્ષિક ધોરણે આશરે ૧૩૧% નો વધારો દર્શાવે છે અને સ્કૂટર માર્કેટના આશરે ૨૨% જેટલું છે.તેની સરખામણીએ મોટરસાઈકલના વેચાણમાં ધીમી વૃદ્ધિ જોવા મળી છે. ઓગસ્ટમાં મોટરસાઈકલનું વેચાણ માત્ર ૨.૪% વધીને ૧૧,૩૩,૦૪૭ યુનિટ્સ રહ્યું હતું.

## News Brief

### SRIT ઈન્ડિયા લિમિટેડનો આઈપીઓ 28 સપ્ટેમ્બર, 2026ના રોજ ખુલશે




(એજન્સી) મુંબઈ | તા.24

SRIT ઈન્ડિયા લિમિટેડ, બેંગલુરૂ સ્થિત ઈન્ફોર્મેશન ટેક્નોલોજી અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી ઈનેબલ્ડ સર્વીસીસ (IT/ITeS) પૂરી પાડતી કંપની સોમવાર, 28 સપ્ટેમ્બર, 2026ના રોજ તેનો ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ શરૂ કરવાની યોજના ધરાવે છે. આ આઈપીઓ દ્વારા કંપની 218.4 કરોડ (અપર પ્રાઈસ બેન્ડ પર) એકત્રિત કરવાનું લક્ષ્ય ધરાવે છે, જેના શેર એનએસઈ & બીએસઈ પ્લેટફોર્મ પર લિસ્ટેડ કરવામાં આવશે.આ ઈશ્યુની સાઈઝ 5ના અંકિત મૂલ્ય અને પ્રતિ ઈક્વિટી શેર 123 - 130ની પ્રાઈસ બેન્ડ ધરાવતા 1,68,00,000 ઈક્વિટી શેરની છે.ઈક્વિટી શેરની ફાળવણી, નેટ ક્યુઆઈબી - ઈશ્યુના 50%થી વધુ નહીં, એનઆઈઆઈ - ઈશ્યુના 15%થી ઓછા નહીં, ઈન્ડિવિઝ્યુઅલ ઈન્વેસ્ટર્સ - ઈશ્યુના 35%થી ઓછા નહીં. આ આઈપીઓમાંથી મળેલી ચોખ્ખી રકમનો ઉપયોગ હાલની પ્રોડક્ટ્સના મોર્ડનાઈઝેશન અને રીડેવલપમેન્ટ માટે મૂડી ખર્ચની જરૂરિયાતોને પૂર્ણ કરવા, કાર્યકારી મૂડીની જરૂરિયાતોને પૂર્ણ કરવા, અજ્ઞાત સંપાદન થકી અકાર્બનિક વૃદ્ધિ પ્રાપ્ત કરવા અને અન્ય વ્યૂહાત્મક પહેલો અને સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે કરવામાં આવશે. એન્કર બિડિંગ શુક્રવાર, 25 સપ્ટેમ્બર, 2026ના રોજ થશે અને ઈશ્યુ સોમવાર, 28 સપ્ટેમ્બર, 2026ના રોજ ખુલશે તથા બુધવાર, 30 સપ્ટેમ્બર, 2026ના રોજ બંધ થશે.

## ચોક્કસ પરિબળો અપેક્ષા કરતા વધૂ સારા

# ભારતના આર્થિક વિકાસ બાબતે પોઝિટિવ સૂર

મુંબઈ : મૂડી'સ બાદ બીજી અન્ય વૈશ્વિક રેટિંગ એજન્સીઓએ વર્તમાન નાણાં વર્ષ માટેના ભારતના આર્થિક વિકાસ દરના પોતાના અંદાજમાં વધારો કર્યો છે જે ભારતનું અર્થતંત્ર મજબૂત હોવાના સંકેત પૂરા પાડે છે. જૂન ત્રિમાસિક ગાળામાં આર્થિક મોરચે સારી કામગીરીને ધ્યાનમાં રાખી એજન્સીઓ દ્વારા જીડીપી અંદાજ વધારાયા છે.એસએન્ડપી ગ્લોબલ રેટિંગ્સે વર્તમાન નાણાં વર્ષ એટલે કે ૨૦૨૬-૨૭ માટે ભારત માટેના પોતાના આર્થિક વિકાસ દરનો અંદાજ ૬.૬૦ ટકા પરથી વધારી સાત ટકા કર્યો છે. અપેક્ષા કરતા વધુ સારી ઔદ્યોગિક પ્રવૃત્તિ, ઊંચી ઉપભોગ માગ, નિકાસ મોરચે સારી સ્થિતિ તથા જૂન ત્રિમાસિકમાં સરકારના ઈન્વેસ્ટમેન્ટમાં વધારાને ધ્યાનમાં રાખી એસએન્ડપીએ અંદાજમાં વધારો કર્યો છે.

કેટલાક પરિબળો અમારી અપેક્ષા કરતા વિકાસને ઊંચા સ્તરે લઈ ગયા છે એમ એસએન્ડપી ગ્લોબલે એશિયા-પેસિફિક ઈકોનોમિક આઉટલુક પરના પોતાના રિપોર્ટમાં જણાવ્યું છે.જૂન ત્રિમાસિકમાં ભારતનો આર્થિક વિકાસ દર ૭.૮૦ ટકા આવ્યા બાદ એસએન્ડપીએ પોતાના અંદાજમાં ૪૦ બેઝિસ પોઈન્ટનો વધારો કર્યો છે.ઓર્ગેનાઈઝેશન ફોર ઈકોનોમિક કો.ઓપરેશન એન્ડ ડેવલેપમેન્ટે(ઓઈસીડી) નાણાકિય વર્ષ ૨૦૨૬-૨૭ માટે ભારતના વિકાસ દરનો અંદાજ અગાઉના ૬.૩ ટકાથી વધારીને ૭.૧



ટકા કર્યો છે.ફિચ રેટિંગ્સ પોતાના અંદાજને ૬.૪૦ ટકા પરથી વધારી ૬.૯૦ ટકા કર્યો છે. અપેક્ષા કરતા વધુ મજબૂત આર્થિક પ્રવૃત્તિ તથા અમેરિકા-ઈરાન સંઘર્ષને પરિણામે આવેલા ઊર્જા ભાવના આંચકા વચ્ચે ભારતીય અર્થતંત્ર સ્થિતિસ્થાપક રહી શકયુ છે. જૂન ત્રિમાસિકમાં પોતે જે ધારતા હતા તેના કરતા વિકાસ નોંધપાત્ર મજબૂત જોવા મળી રહ્યો છે એમ ફિચે જણાવ્યું હતું.આ ઉપરાંત એશિયન ડેવલપમેન્ટ બેન્કે (એડીબી) પણ વર્તમાન નાણાં વર્ષ માટે ભારતના જીડીપી અંદાજને ૬.૬૦ ટકા પરથી વધારી ૭ ટકા કર્યો છે.પશ્ચિમ એશિયા કટોકટીને કારણે પૂરવઠા ખલેલ પડી હોવા છતાં, વર્તમાન નાણાં વર્ષના પ્રથમ ત્રિમાસિકમાં ભારતની આર્થિક કામગીરી અપેક્ષા કરતા સારી રહેવા પામી છે.મજબૂત ઈન્વેસ્ટમેન્ટ માગ, સ્થિતિસ્થાપક ઉપભોગ તથા ઉત્પાદન અને સેવા ક્ષેત્રમાં મજબૂત વૃદ્ધિના ટેકા સાથે પ્રથમ ત્રિમાસિકમાં આર્થિક વિકાસ દર ૭.૮૦ ટકા રહેવા પામ્યો છે એમ એડીબીએ તેના રિપોર્ટમાં ઉમેર્યુ હતું.પશ્ચિમ એશિયા સંઘર્ષ વચ્ચે ભારતીય અર્થતંત્રની સ્થિતિસ્થાપકતાને ધ્યાનમાં રાખી રેટિંગ એજન્સી મૂડી'સ દ્વારા ગયા સપ્તાહમાં ભારતના આર્થિક વિકાસ દરના પોતાના અંદાજને ૬ ટકા પરથી વધારી સાત ટકા કર્યો હતો.બ્રોકરેજ પેઢી જેફરિસના એક રિપોર્ટમાં વર્તમાન નાણાં વર્ષમાં ભારત ૬.૫૦-૭ ટકાના આર્થિક વિકાસ દર હાંસલ કરવાના માર્ગે હોવાનો દાવો કરવામાં આવ્યો હતો.

## ATM થી કેશ ઉપાડ મોંઘું! 1 ઓક્ટોબરથી SBI બદલશે નિયમ

(એજન્સી) નવી દિલ્હી | તા.24

સ્ટેટ બૅંક ઑફ ઈન્ડિયા (SBI) 1 ઓક્ટોબરથી ATMમાંથી રોકડ ઉપાડવાના નિયમોમાં ફેરફાર કરશે. બેઝિક સેવિંગ્સ બૅંક ડિપોઝિટ (BSBD) ખાતાધારકોને 4 મફત ઉપાડ પછી દરેક ટ્રાન્ઝેક્શન પર 15 અને GST ચૂકવવો પડશે. આધાર આધારિત પેમેન્ટ સિસ્ટમ (AePS)ના નિયમો પણ બદલાયા છે. જોકે, ડિજિટલ ટ્રાન્ઝેક્શન મફત રહેશે.SBI ATM cash withdrawal fee: ભારતીય સ્ટેટ બૅંક દ્વારા આગામી 1 ઓક્ટોબરથી નિયમોમાં મોટો ફેરફાર કરવામાં આવી રહ્યો છે. જો તમારું ખાતું પણ SBIમાં છે, તો હવે એટીએમમાંથી કેશ ઉપાડવા પર તમારે વધારાનો ચાર્જ ચૂકવવો પડી શકે છે. જો કે, આ નવો નિયમ તમામ ગ્રાહકોને લાગુ પડશે નહીં. બૅંક દ્વારા આ અંગેની જાણકારી અગાઉ ઓગસ્ટ મહિનામાં જ આપવામાં આવી હતી.આ ફેરફાર મુખ્યત્વે એવા ગ્રાહકોને અસર કરશે જેમણે બૅંક શાખા દ્વારા 'બેઝિક સેવિંગ્સ બૅંક ડિપોઝિટ' (BSBD) ખાતું ખોલાવ્યું છે. આ ખાતાધારકો માટે 1 ઓક્ટોબરથી મફત મર્યાદા કરતાં વધુ વખત રોકડ ઉપાડવા પર ચાર્જ લાગુ થશે.બૅંકના નિયમ મુજબ, ગ્રાહકોને દર મહિને ચાર વખત ફ્રીમાં કેશ કાઢવાની સુવિધા મળતી રહેશે. પરંતુ આ ફ્રી મર્યાદા પૂરી થયા બાદ, દરેક વધારાના કેશ વિડ્રોલ પર 15 રૂપિયા અને તેના પર લાગુ થતો જીએસટી ચાર્જ ચૂકવવો પડશે. SBIએ પબ્લિક નોટિસ અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર આ અંગેની માહિતી શેર કરી છે. જો કે, ડિજિટલ ટ્રાન્ઝેક્શન પહેલાની જેમ જ મફત રહેશે અને તેની સંખ્યા પર કોઈ મર્યાદા રાખવામાં આવી નથી.આ સિવાય આધાર ઈનેબલ્ડ પેમેન્ટ સિસ્ટમ (AePS) દ્વારા થતા ટ્રાન્ઝેક્શનના નિયમોમાં પણ બદલાવ કરવામાં આવ્યો છે. અગાઉ, AePS ટ્રાન્ઝેક્શનને ડિજિટલ લેણ-દેણ ગણવામાં આવતું હતું અને તેને મહિનાની ચાર ફ્રી વિડ્રોલ લિમિટમાં ગણવામાં નહોતું આવતું. પરંતુ હવે એસબીઆઈએ આ છૂટ પાછી ખેંચી લીધી છે, એટલે કે હવે AePS ટ્રાન્ઝેક્શનને અલગ રીતે ગણવામાં આવશે.આગામી નિયમો ઉપરાંત, SBIએ ઓગસ્ટ મહિનામાં 3 કરોડ રૂપિયા અને તેથી વધુની ડોમેસ્ટિક બલ્ક ફિક્સ્ડ ડિપોઝિટ પરના વ્યાજ દરોમાં પણ ફેરફાર કર્યા હતા, જે 15 ઓગસ્ટથી અમલમાં આવી ચૂક્યા છે.

## 'હુરુન ઈન્ડિયા રિચ લિસ્ટ 2026' ની 15મી આવૃત્તિ રિલીઝ થઈ



મુંબઈ : M3M ઈન્ડિયા અને હુરુન ઈન્ડિયાએ 'M3M હુરુન ઈન્ડિયા રિચ લિસ્ટ 2026'ની 15મી આવૃત્તિ બહાર પાડી છે. આ સૂચિમાં ભારતમાં જન્મેલા અથવા ઉછરેલા લોકોનો સમાવેશ થાય છે, જેમની પાસે 1,000 કરોડ રૂપિયા કે તેથી વધુની નેટવર્થ છે, ભલે તેઓ હાલમાં વિશ્વમાં ક્યાં રહે છે અથવા તેઓ કયા દેશની નાગરિકતા (પાસપોર્ટ) ધરાવે છે. સંપત્તિની ગણતરી 24 ઓગસ્ટ, 2026ના રોજ કરવામાં આવી છે, જ્યારે US$1 ની કિંમત 95.63 ભારતીય રૂપિયા હતી.M3M હુરુન ઈન્ડિયા રિચ લિસ્ટ 2026માં 163 શહેરોમાંથી 1,810 વ્યક્તિઓ છે (જેમાંથી 106 ભારતમાં છે), જે ગયા વર્ષની સરખામણીમાં 128નો વધારો છે. તેમની નેટવર્થ 12.8% વધીને રૂ. 187.5 લાખ કરોડ (US$1.96 ટ્રિલિયન) થઈ હતી, જ્યારે નિફ્ટી 50 એ જ સમયગાળા દરમિયાન 3.9% અને સેન્સેક્સ 5.8% ઘટ્યો હતો. ભારતમાં હવે રેકોર્ડ 391 ડોલર અબજોપતિ છે, જે ગયા વર્ષ કરતાં 27 વધુ છે. ગૌતમ અદાણી (64) અને તેમનો પરિવાર 9.23 લાખ કરોડની સંપત્તિ સાથે ફરીથી પ્રથમ સ્થાને આવી ગયો છે. મુકેશ અંબાણી (69) અને તેમનો પરિવાર રૂ. 8.63 લાખ કરોડ સાથે બીજા સ્થાને છે, જ્યારે એલએન મિત્તલ (76) અને તેમનો પરિવાર રૂ. 3.39 લાખ કરોડ સાથે આઠ સ્થાન ચઢીને ત્રીજા સ્થાને છે.ડૉ. પાયલ બંસલ કનોડિયા, પ્રમોટર, M3M ઈન્ડિયા અને ચેરપર્સન અને ટ્રસ્ટી, M3M ફાઉન્ડેશન, જણાવ્યું હતું કે, "M3M હુરુન ઈન્ડિયા રિચ લિસ્ટ એ એક મુખ્ય અને મહત્વપૂર્ણ વાર્ષિક માધ્યમ બની ગયું છે જે ભારતમાં સંપત્તિનું સર્જન, એકત્રીકરણ અને નવા સ્વરૂપોમાં કેવી રીતે પ્રગટ થઈ રહ્યું છે તે કેપ્ચર કરે છે. M3M માટે હુરુન સાથેની અમારી ભાગીદારી માત્ર ભારતની યાદીમાં નામ ઉમેરવા વિશે નથી. 2026 M3M ઈન્ડિયા રિચ લિસ્ટમાં 1,810 લોકોમાંથી 70% લોકો તેમાં સામેલ થઈ રહ્યા છે અને તે દર્શાવે છે કે ભારતનું બિઝનેસ વાતાવરણ સતત વધી રહ્યું છે અને તેમાં પણ મહિલાઓની ભાગીદારી વધી રહી છે ક્ષેત્રો, શહેરો અને વ્યાપારી પ્રવાસો કે જેઓ આ વર્ષે આ યાદીમાં સ્થાન મેળવ્યું છે તે તમામ ઉદ્યોગપતિઓને અભિનંદન આપું છું કે ભારતીય ઉદ્યોગ કઈ દિશામાં આગળ વધી રહ્યો છે.

## કલ્ટે અમદાવાદ અને સુરતમાં પાંચ ફિટનેસ સેન્ટર્સ સાથે ગુજરાતમાં વિસ્તરણ કર્યું

### 7,000થી 8,000 ચોરસ ફૂટ વિસ્તારમાં ફેલાયેલી લાર્જ-ફોર્મેટ ફેસિલિટીઝમાં કલ્ટની ફ્લેગશિપ એલિટ હાઈબ્રિડ સુવિધા ઉપલબ્ધ રહેશે

અમદાવાદ | ફિટનેસ પ્લેટફોર્મ કલ્ટ.ફિટ લિમિટેડે (cult.fit Ltd) ગુજરાતમાં પ્રવેશ કરવાની જાહેરાત કરી છે. કંપની અમદાવાદ અને સુરતમાં કુલ પાંચ ફિટનેસ સેન્ટર્સ શરૂ કરશે. રાજ્યના બે મહત્વપૂર્ણ બજારોમાં કરવામાં આવેલું આ વિસ્તરણ સમગ્ર ભારતમાં પોતાની હાજરી વધુ મજબૂત કરવાની બ્રાન્ડની વ્યાપક વ્યૂહરચનાનો એક ભાગ છે. ગુજરાતમાં કલ્ટનું આગમન એવા સમયે થયું છે જ્યારે લોકોમાં ફિટનેસ અંગે જાગૃતિ વધી રહી છે અને ફિટનેસનો અર્થ પરંપરાગત જિમ સુધી સીમિત ન રહેતાં વધુ વ્યાપક બની રહ્યો છે. રેડસીઅરના જણાવ્યા અનુસાર, ભારતમાં ફિટનેસ અને એક્ટિવ લાઈફસ્ટાઈલ સાથે સંબંધિત સર્વિસીસનું બજાર કેલેન્ડર વર્ષ 2025માં આશરે રૂ. 25,600 કરોડ હતું, જે 14થી 16 ટકાના સીએજીઆર સાથે વધીને કેલેન્ડર વર્ષ 2030 સુધીમાં રૂ. 48,700 કરોડથી રૂ. 53,100 કરોડ સુધી પહોંચવાની અપેક્ષા છે. મલ્ટી-ફોર્મેટ ઓફરિંગ:ગુજરાતમાં શરૂ થનારા પાંચેય નવા સેન્ટર કલ્ટ એલિટ હાઈબ્રિડ ફિટનેસ સેન્ટર છે, જે દરેક 7,000થી 8,000 ચોરસ ફૂટ વિસ્તારમાં ફેલાયેલા છે. આ અનોખું હાઈબ્રિડ ફોર્મેટ ફિટનેસમાં રસ ધરાવતા લોકોની વિવિધ જરૂરિયાતોને પૂર્ણ કરે છે, કારણ કે તેમાં ગ્રુપ ક્લાસીસની સાથે પરંપરાગત જિમની સુવિધા પણ ઉપલબ્ધ છે. કલ્ટે પોતાના પાંચેય લોકપ્રિય ગ્રુપ ક્લાસ ફોર્મેટ ગુજરાતમાં પણ રજૂ કર્યા છે. તેમાં ડાન્સ ફિટનેસ અને ઈવોલ્વ યોગાનો સમાવેશ થાય છે, જે ફિટનેસની શરૂઆત કરનારા લોકો માટે ઓછા સંકોચ સાથે ફિટનેસ તરફ આગળ વધવાની તક આપે છે. આ ઉપરાંત સ્ટ્રેન્થ+ , એચઆરએક્સ અને બર્ન જેવા સ્ટ્રેન્થ અને એચઆઈઆઈટી ફોર્મેટ પણ ઉપલબ્ધ છે. જે લોકો પોતાની જરૂરિયાત અને પસંદગી મુજબ વ્યક્તિગત ફિટનેસ રૂટિન ઈચ્છે છે, તેમના માટે ફિટનેસ સેન્ટરોમાં પર્સનલ ટ્રેનિંગની સુવિધા પણ આપવામાં આવે છે. અમદાવાદમાં આ સેન્ટરો પ્રહલાદનગર-વસ્ત્રાપુર અને સીજી રોડ ખાતે શરૂ થઈ ચૂક્યાં છે, જ્યારે સુરતમાં આઉટલેટ્સ વીઆઈપી રોડ અને અડાજણ ખાતે આવેલા છે. કલ્ટ એલિટ પાસ સાથે સભ્યોને ભારતમાં 77 શહેરોમાં આવેલી ફિટનેસ ચેઈનના સેન્ટરોમાં પ્રવેશની સુવિધા મળે છે.આ વિસ્તરણ અંગે કલ્ટ.ફિટના સીઈઓ શ્રી નરેશ કૃષ્ણસ્વામીએ જણાવ્યું હતું કે, "ભારતમાં ફિટનેસનું ક્ષેત્ર હવે માત્ર મોટા મેટ્રો શહેરો પૂરતું સીમિત રહ્યું નથી. દેશભરના ગ્રાહકો પોતાના સ્વાસ્થ્ય અને ફિટ રહેવાની રીત અંગે વધુ સજાગ બની રહ્યા છે, પરંતુ વિવિધ બજારોમાં ગુણવત્તાયુક્ત ફિટનેસ સુવિધાઓની ઉપલબ્ધતા હજુ પણ સમાન નથી. કલ્ટમાં અમારો ઉદ્દેશ દેશના વધુ શહેરો અને નગરો સુધી સંગઠિત, ઉચ્ચ ગુણવત્તાવાળી અને વિવિધ પ્રકારની ફિટનેસ સુવિધાઓ પહોંચાડીને આ અંતર ઘટાડવાનો છે. જ્યાં ફિટનેસની માંગ વધી રહી છે ત્યાં હાજર રહેવા અને મોટા મેટ્રો શહેરોમાં ઉપલબ્ધ ફિટનેસના વિવિધ વિકલ્પો, ફોર્મેટ તથા નિષ્ણાંત માર્ગદર્શનનો સમાન લાભ ગ્રાહકોને આપવા માગીએ છીએ. ગુજરાતમાં પ્રવેશ એ દિશામાં અમારી સફરનું એક મહત્વપૂર્ણ પગલું છે. અમદાવાદ અને સુરત અમને રાજ્યમાં વધુ વ્યાપક હાજરી ઊભી કરવા માટે મજબૂત પાયો પૂરો પાડે છે."

## છેલ્લા 5 વર્ષમાં ડૉલર અબજોપતિઓની સંખ્યા 237થી વધીને 391 થઈ

# હુરુન ઈન્ડિયા રિચ લિસ્ટ જાહેર, અબજોપતિઓની સંપત્તિમાં રોજ સરેરાશ 5833 કરોડ રૂપિયાનો વધારો

(એજન્સી) નવી દિલ્હી | તા.24

M3M હુરુન ઈન્ડિયા રિચ લિસ્ટ 2026 જાહેર થયું છે, જેમાં ગૌતમ અદાણી 9.23 લાખ કરોડની સંપત્તિ સાથે ફરી દેશના સૌથી ધનિક વ્યક્તિ બન્યા છે. તેમણે મુકેશ અંબાણીને પાછળ છોડ્યા છે. ભારતમાં ડૉલર અબજોપતિઓની સંખ્યા 391 થઈ છે. મુંબઈમાં સૌથી વધુ 465 ધનિકો છે. AI અને ડિફેન્સ જેવા નવા ક્ષેત્રોમાંથી પણ ધનિકો ઉભરી રહ્યા છે.M3M હુરુન ઈન્ડિયા રિચ લિસ્ટ 2026 જાહેર થઈ ગયું છે. જેમાં અદાણી ગ્રૂપના ચેરમેન ગૌતમ અદાણી અને તેમનો પરિવાર ફરી એકવાર દેશના સૌથી અમીર બિઝનેસમેન બની ગયા છે. તેમણે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણી અને તેમના પરિવારને પાછળ છોડીને ટોચનું સ્થાન હાસિલ કર્યું છે. 13%ના વાર્ષિક



વધારા સાથે ગૌતમ અદાણીની કુલ સંપત્તિ 9.23 લાખ કરોડ રૂપિયા(96 અબજ ડૉલર) સુધી પહોંચી ગઈ છે, જ્યારે મુકેશ અંબાણીની સંપત્તિમાં 10%નો ઘટાડો નોંધાયો છે અને તે 8.63 લાખ કરોડ રૂપિયા(90 અબજ ડૉલર) થઈ છે. ગૌતમ અદાણી અને મુકેશ અંબાણીની સંપત્તિમાં 59,400 કરોડ રૂપિયાનો તફાવત છે. બીજી તરફ, ભારતીય અર્થતંત્રની મજબૂતી વચ્ચે દેશમાં ડૉલર આધારિત અબજોપતિઓની સંખ્યા વધીને રેકોર્ડ 391ના સ્તરે પહોંચી ગઈ છે.હુરુન ઈન્ડિયા રિચ લિસ્ટમાં આ વખતે કેટલાક મોટા આંકડા સામે આવ્યા છે. નવી યાદીમાં ઓછામાં ઓછી 1,000 કરોડ રૂપિયાની વ્યક્તિગત સંપત્તિ ધરાવતા કુલ 1,810 વ્યક્તિઓને સામેલ કરવામાં આવ્યા છે. આ તમામ ધનિકોની સંયુક્ત સંપત્તિ ગયા વર્ષની સરખામણીમાં 12.8% વધીને 187.5 લાખ કરોડ રૂપિયા (1.96 ટ્રિલિયન ડૉલર) થઈ ગઈ છે, જે ભારતના કુલ જીડીપીના લગભગ અડધા ભાગ બરાબર છે. દેશમાં છેલ્લા 5 વર્ષમાં ડૉલર અબજોપતિઓની સંખ્યા 237થી વધીને 391 થઈ ગઈ છે, જેમાં માત્ર છેલ્લા 1 વર્ષમાં 27 નવા ડૉલર અબજોપતિ ઉમેરાયા છે.

યાદીમાં સામેલ લોકોની સરેરાશ સંપત્તિ વધીને 10,362 કરોડ રૂપિયા પહોંચી ગઈ છે અને આ સમૂહે દરરોજ સરેરાશ 5,833 કરોડ રૂપિયાના દરે પોતાની સંપત્તિમાં વધારો કર્યો છે. સંપત્તિના સંકેન્દ્રણની વાત કરીએ તો 1 લાખ કરોડ રૂપિયાથી વધુ સંપત્તિ ધરાવતા 23 અમીરો યાદીની કુલ સંપત્તિનો 28.9% હિસ્સો નિયંત્રિત કરે છે. ટોચના 10 અમીરોની યાદીમાં આર્સેલરમિત્તલના એલએન મિત્તલ અને પરિવાર 8 સ્થાન ઉપર ચડીને 3જા સ્થાને પહોંચી ગયા છે, જેમની સંપત્તિ 93% વધીને 3.39 લાખ કરોડ રૂપિયા થઈ ગઈ છે. મિત્તલે આ યાદીમાં સૌથી વધુ 1.64 લાખ કરોડ રૂપિયાની નેટવર્થ ઉમેરી છે. વેદાંત રિસોર્સિસના અનિલ અગ્રવાલ અને તેમનો પરિવાર 7 સ્થાનની છલાંગ લગાવીને 2.08 લાખ કરોડ રૂપિયાની સંપત્તિ સાથે 9મા સ્થાને આવી ગયા છે. બીજી તરફ, ટોરેન્ટ ફાર્માસ્યુટિકલ્સના સમીર મહેતા અને પરિવાર જેબી કેમિકલ્સના વિલય પછી 1.89 લાખ કરોડ રૂપિયા સાથે 10મા સ્થાને પ્રવેશ્યા છે.

## એસવેક્ટર લિમિટેડના ઈક્વિટી શેરનો આઈપીઓ 25 સપ્ટેમ્બર 2026થી ખુલશે

અમદાવાદ, : એસવેક્ટર લિમિટેડ ("એસવેક્ટર" અથવા "કંપની")એ જાહેરાત કરી છે કે તેના ઈક્વિટી શેર ("ઓફર")ના પ્રારંભિક જાહેર ભરણા (આઈપીઓ) સંબંધિત બીડ/ઓફર ખુલવાની તારીખ શુક્રવાર, 25 સપ્ટેમ્બર, 2026 રહેશે. એન્કર ઈન્વેસ્ટરની બીડિંગ તારીખ ગુરુવાર, 24 સપ્ટેમ્બર, 2026 રહેશે. દરેક ("ઈક્વિટી શેર") રૂ.1ની ફેસ વેલ્યૂના ઈક્વિટી શેરનો પ્રાઈસ બેન્ડ રૂ.30 થી રૂ.32 નિર્ધારિત કરાયો.ઓફરમાં એકંદરે રૂ.2,870.00 મિલિયન સુધીના કંપની દ્વારા ઈક્વિટી શેરની સંખ્યાના ફ્રેશ ઈસ્યુ અને કંપનીના કેટલાક પ્રવર્તમાન શેરધારકો ("વેચાણકર્તા શેરધારકો") દ્વારા રૂ.41,562,500 સુધીના ઓફર ફોર સેલ ("ઓફર ફોર સેલ")નો સમાવેશ થાય છે.કંપની ફ્રેશ ઈસ્યુમાંથી પ્રાપ્ત થયેલી ચોખ્ખી રકમનો ઉપયોગ આ હેતુ માટે કરશે (i) કંપનીના માર્કેટપ્લેસ બિઝનેસના માર્કેટિંગ અને બિઝનેસ પ્રમોશન ખર્ચના હિસ્સાને ભંડોળ પુરું પાડવા, (ii) કંપનીના માર્કેટપ્લેસ બિઝનેસના ટેક્નોલોજી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ખર્ચને ભંડોળ પુરું પાડવા, અને (iii) અધિગ્રહણ અને સામાન્ય કોર્પોરેટ હેતુઓ મારફતે ઈનઓર્ગેનિક ગ્રોથને ભંડોળ પુરું પાડવા ("ઓફરના હેતુઓ")ઓફર ફોર સેલમાં સ્ટારફિસ I પ્રા. લિ. તરફથી 27,607,082 સુધીના ઈક્વિટી શેર ("પ્રમોટર સેલિંગ




શેરહોલ્ડર"), નેક્સસ ઈન્ડિયા ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ્સ II તરફથી 7,391,113 સુધીના ઈક્વિટી શેર, FIH બિઝનેસ ગ્લોબલ પ્રા. લિ. (જે અગાઉ વન્ડરફુલ સ્ટાર પ્રા. લિ. તરીકે ઓળખાતી હતી) તરફથી 1,740,528 સુધી શેર, નેક્સસ ઓપોર્ચ્યુનિટી ફંડ લિ. તરફથી 839,713 સુધીના ઈક્વિટી શેર, નેક્સસ વેન્ચર્સ III લિ. તરફથી 465,599 સુધીના ઈક્વિટી શેર, રુપેન ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ પ્રાઈવેટ લિમિટેડ તરફથી 269,120 સુધીના ઈક્વિટી શેર, સેન્ટાઉરસ ટ્રેડિંગ એન્ડ ઈન્વેસ્ટમેન્ટ પ્રાઈવેટ લિમિટેડ તરફથી 269,120 સુધીના ઈક્વિટી શેર (સામૂહિક રીતે, ઈન્વેસ્ટર સેલિંગ શેરહોલ્ડર્સ), કેન્નેથ સ્ટુઅર્ટ ગ્લાસ તરફથી 1,320,799 જેટલા ઈક્વિટી શેર, જેસન અશોક કોઠારી તરફથી 1,111,680 જેટલા ઈક્વિટી શેર, લોરેન્ટ બેનાર્ડ એમોયલ તરફથી 224,786 જેટલા ઈક્વિટી શેર, મિશા કોહલી તરફથી 215,280 ઈક્વિટી શેર, રાધિકા ગુપ્તા તરફથી 53,840 ઈક્વિટી શેર, નલિન લૂઈસ મોનિસ તરફથી 53,840 જેટલા ઈક્વિટી શેર (સામૂહિક રીતે, ઈન્ડિવિઝ્યુઅલ સેલિંગ શેરહોલ્ડર્સ)નો સમાવેશ થાય છે.

## E20 પેટ્રોલ
## હાલ 19 દેશોમાં ઈથેનોલનો ઉપયોગ થાય છે.

# ઓક્ટોબરમાં આવશે 100% ઈથેનોલથી ચાલતી કાર: ગડકરી

(એજન્સી) નવી દિલ્હી | તા.24

કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ દિલ્હીમાં જણાવ્યું કે, ઓક્ટોબરમાં 100% ઈથેનોલ પર ચાલતી ટોયોટા ઈનોવા કાર લોન્ચ થશે. આ વાહન ઈલેક્ટ્રિફાઈડ પાવરટ્રેન સાથે આવશે અને તેનો ખર્ચ આશરે રૂ. 25 પ્રતિ લિટર પેટ્રોલ જેટલો થશે. ઈથેનોલના ઉપયોગથી સસ્તું ઈંધણ અને ખેડૂતોને ફાયદો થશે, તેમજ કૃષિ ક્ષેત્રની માંગ પણ વધશે. હાલ 19 દેશોમાં ઈથેનોલનો ઉપયોગ થાય છે. કેન્દ્રીય રોડ અને હાઈવે મંત્રી નીતિન ગડકરીએ જણાવ્યું છે કે તેમને 100 ટકા ઈથેનોલ પર ચાલવા સક્ષમ ટોયોટા ઈનોવા કારના લોન્ચિંગ માટે આમંત્રણ મળ્યું છે, જે આગામી ઓક્ટોબર મહિનામાં લોન્ચ થવા જઈ રહી છે. E20 પેટ્રોલને લઈને ચાલી રહેલી ચર્ચાઓ વચ્ચે તેમણે ઈથેનોલ અને ફ્લેક્સ-ફ્યુઅલ વાહનોના સમર્થનની વાત ફરી કરી હતી.



દિલ્હીમાં યોજાયેલા એક કાર્યક્રમમાં બોલતા નીતિન ગડકરીએ જણાવ્યું હતું કે હાલ વિશ્વના 19 દેશોમાં ઈથેનોલનો ઉપયોગ થઈ રહ્યો છે અને હવે આ ઈંધણ વાપરતા વાહનો તરફથી કોઈ ફરિયાદો પણ મળી રહી નથી. ટોયોટાનું આ નવું વાહન 100 ટકા ઈથેનોલ પર ચાલશે અને તેમાં ઈલેક્ટ્રિફાઈડ પાવરટ્રેનનો ઉપયોગ કરવામાં આવશે. રિપોર્ટ અનુસાર, આ વાહનને ચલાવવાનો ખર્ચ આશરે રૂ. 25 પ્રતિ લીટર પેટ્રોલની કિંમત જેટલો જ બેસી શકે છે.ટોયોટાએ તેની ભારતીય વેબસાઈટ પર ઓક્ટોબરના કોમર્શિયલ લોન્ચ અંગે અલગથી કોઈ જાહેરાત કરી નથી, પરંતુ ઓટોમેકર કંપની છેલ્લા કેટલાક વર્ષોથી આ ટેકનોલોજી પર કામ કરી રહી છે. અગાઉ ઓગસ્ટ 2023માં ટોયોટા કિર્લોસ્કર મોટરે દિલ્હીમાં ઈનોવા હાઈક્રોસ પર આધારિત ઈલેક્ટ્રિફાઈડ ફ્લેક્સ-ફ્યુઅલ પ્રોટોટાઈપ રજૂ કર્યો હતો. આ વાહનમાં ફ્લેક્સ-ફ્યુઅલ એન્જિન સાથે મજબૂત હાઈબ્રિડ ઈલેક્ટ્રિફાઈડ પાવરટ્રેન આપવામાં આવ્યું છે, જે E20થી વધુ ઈથેનોલ મિશ્રણ પર પણ કામ કરી શકે છે. કંપનીના જણાવ્યા અનુસાર, વિશિષ્ટ ટેસ્ટ કન્ડિશનમાં આ સ્ટ્રોંગ હાઈબ્રિડ સિસ્ટમ લગભગ 60 ટકા સમય માટે પેટ્રોલ એન્જિન બંધ રાખીને અને લગભગ 40 ટકા અંતર ઈલેક્ટ્રિફાઈડ મોડ પર કાપી શકે છે.દિલ્હીના કાર્યક્રમમાં ગડકરીએ એવો પણ દાવો કર્યો હતો કે ઈથેનોલના વધુ ઉપયોગથી કૃષિ ક્ષેત્રની કાચી સામગ્રીની માંગમાં વધારો થશે. મકાઈમાંથી ઈથેનોલ બનાવવાના નિર્ણયથી ઉત્તર પ્રદેશ અને બિહારના ખેડૂતોને રૂ. 45,000 કરોડનો ફાયદો થયો છે. સરકારની નીતિ ઘરેલું ઈથેનોલ ઉત્પાદનને પ્રોત્સાહન આપવા અને પરંપરાગત ઈંધણ પરની નિર્ભરતા ઘટાડવાની હોવી જોઈએ. પેટ્રોલિયમ મંત્રાલયના જણાવ્યા અનુસાર, છેલ્લા દાયકામાં સરકારે ઈથેનોલ ઉત્પાદન માટે શેરડી આધારિત ઉત્પાદનો, નુકસાન પામેલા અનાજ, મકાઈ અને વધારાના ચોખા જેવા વિવિધ વિકલ્પોનો વ્યાપ વધાર્યો છે, જેના કારણે દેશમાં ઈથેનોલ ઉત્પાદન ક્ષમતા 2014ના 421 કરોડ લીટરથી વધીને 2026માં આશરે 2,000 કરોડ લીટર સુધી પહોંચી ગઈ છે.

## તંત્રીની કલમે...

**વિક્રમ સંવત 2082, ભાદરવા સુદ - 14**

# જ્ઞાનેશકુમાર વિરુદ્ધ સમગ્ર વિપક્ષ એક સાથે

ચૂંટણી કમિશનમાં કહેવાતા મતભેદોના સમાચાર બહાર આવ્યા પછી મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમાર ઉપર વિરોધ પક્ષોએ હુમલો તેજ કર્યો છે. એનસીપી (શરદ પવાર)એ આ બાબતે તાત્કાલીક સર્વ પક્ષીય બેઠક બોલાવવાની માંગણી કરી છે. પક્ષના સાંસદ સુપ્રિયા સુલેએ કહ્યું છે કે આ ફક્ત કોઈ એક રાજકીય પક્ષનો મુદ્દો નથી. દેશના દરેક નાગરીકના બંધારણીય હકો સાથે જોડાયેલો મામલો છે. સમાજવાદી પાર્ટી, આમ આદમી પાર્ટી, સામ્યવાદી પક્ષ અને બીજા વિરોધપક્ષના નેતાઓએ પણ ચૂંટણી કમિશનની કાર્યપદ્ધતિ અને એસઆઈઆર બાબતે પ્રશ્નો કર્યા છે. સુપ્રિયા સુલેએ કહ્યું છે કે, ચૂંટણી કમિશનમાં મતભેદોના સમાચાર ખૂબ જ ગંભીર છે અને આ બાબતે તમામ રાજકીય પક્ષોએ સાથે મળીને ચર્ચા કરવી જોઈએ. જો વ્યવસ્થા જ નબળી પડે તો દેશમાં કોના પર ભરોસો મૂકી શકાય.રાજ્યસભાની ચૂંટણીની તારીખો જાહેર થઈ ગઈ છે. આગલી વખતની જેમ આ વખતે પણ ભાજપના ૮ સભ્યો રાજ્યસભામાં જઈ શકે છે. સવાલ એ છે કે ભાજપ કોને રાજ્યસભામાં મોકલવા માંગે છે. એમ મનાય છે કે આગલા વર્ષે થનારી વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને ઉમેદવારો નક્કી થશે. કેન્દ્ર સરકારના મંત્રી તેમજ બીજા કેટલાક નામ રીપીટ થઈ શકે છે. જાતિગત સમીકરણ સાચવવા માટે કેટલાક નવા ચહેરાને પણ મોકો મળશે. ધારાસભ્યોની સંખ્યાને આધારે ભાજપ ૭ બેઠકો જીતી શકે છે. બીજા સાથીપક્ષોની મદદ લઈને અને કાવાદાવા કરીને ૮મી બેઠક પણ ભાજપ જીતી શકે છે. ડો. દિનેશ શર્મા આંદમાન-નીકોબારના ઉપરાજ્યપાલ બન્યા છે. એમની બેઠક ખાલી થઈ રહી છે. સીમા દ્વિવેદીની બેઠક પણ ખાલી થશે. હમણા જ રાષ્ટ્રીય મહામંત્રી બનેલા હરીશ દ્વિવેદી મજબૂત દાવેદાર છે. અર્ચના મિશ્રાની દાવેદારી પણ ચર્ચાઈ રહી છે. આ ત્રણમાંથી કોઈ એક બ્રાહ્મણને રાજ્યસભામાં મોકલવામાં આવશે.કેન્દ્રીય મંત્રી કિરેણ રીજીજુ અને ભાજપના પ્રવક્તા સંદીપ પાત્રાની હાજરીમાં મેઘાલયના ૮ ધારાસભ્યો ભાજપમાં જોડાયા છે. થોડા દિવસો પહેલા આ તમામ ૮ ધારાસભ્યોએ અમિત શાહ સાથે મીટીંગ કરી હતી. અમિત શાહે એમને ૨૦૨૮ની ચૂંટણી પહેલા મેઘાલયમાં કોલસા ખનન, ખાસી ભાષાને દરજ્જો આપવા જેવા સ્થાનીક મુદ્દાઓ પર કાર્યવાહી કરવાનું વચન આપ્યું હતું. ભાજપમાં જોડાયેલા લખમેન રીમુઈ ૨૮ વર્ષના છે. તેઓ ૩ વખત ધારાસભ્ય રહી ચૂક્યા છે. ૨૦૧૮માં તેઓ મેઘાલય સરકારમાં મંત્રી પણ રહ્યા હતા. પીયુષ મહજ ૩૫ વર્ષની ઉંમરે ધારાસભ્ય બન્યા હતા. તેઓ ૨ વખત ધારાસભ્ય રહ્યા છે. કીરમેન શ્યલ્લા ૩૮ વર્ષના છે. તેઓ ૨ વખત ધારાસભ્ય રહી ચૂક્યા છે. તેઓ રાજ્ય સરકારમાં મંત્રી પણ હતા. મેથ્યુ કુરબાહ પહેલી વખત ધારાસભ્ય બન્યા છે. યુડીપી મેઘાલયની સ્થાનિક પાર્ટી છે. હવે ભાજપ મેઘાલયમાં બીજા નંબરનો સૌથી મોટો પક્ષ બન્યો છે.ટીએમસીથી અલગ થયેલા સાંસદોએ 'નેશનાલિસ્ટ સીટીઝન્સ પાર્ટી ઓફ ઈન્ડિયા' (એનસીપીઆઈ) બનાવી છે. પક્ષે પોતાના રાષ્ટ્રીય પદાધિકારીઓની નિમણૂક કરી છે. જ્યોતિ પ્રકાશ ચેટર્જી અધ્યક્ષ બન્યા છે જ્યારે યુસુફ પઠાણને ઉપાધ્યક્ષ બનાવવામાં આવ્યા છે. યુસુફ પઠાણની સાથે અબુતાહીર ખાન, દીપક અધિકારી દેવ, જગદીશ ચંદ્ર વર્મા બસુનીયા, રચના બેનર્જી અને ચંદ્રીમાં પાંજાને પણ રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ બનાવવામાં આવ્યા છે. જાહેર થયેલી યાદીમાં ૬ વાઈસ પ્રેસીડન્ટ, ૬ જનરલ સેક્રેટરી, ૧૨ સેક્રેટરી, ૧ ટ્રેઝરર અને ૧ જોઈન્ટ ટ્રેઝરરનો સમાવેશ થાય છે. મમતા બેનર્જીને વફાદાર રહેવાના સોંગધ ખાનાર યુસુફ પઠાણ હવે એકાએક પક્ષના સિનિયર પદાધિકારી બની ગયા છે. એનસીપીઆઈ માટે મજબૂત સંગઠન બનાવવું જરૂરી બની ગયું હતું. જમ્મુ-કાશ્મીર વિધાનસભાનું સત્ર ચાલી રહ્યું છે. શાસક પક્ષ નેશનલ કોન્ફરન્સએ વિધાનસભામાં મોટી માંગણી મૂકી છે. નેશનલ કોંગ્રેસે કહ્યું છે કે પક્ષના સ્થાપક શેખ મોહમદ અબ્દુલ્લાની જયંતી પર એક જમાનામાં સાર્વજનિક રજા રાખવામાં આવતી હતી એ ફરીથી શરૂ કરવામાં આવે. નેશનલ કોન્ફરન્સના નેતાઓનું કહેવું છે કે શેખ અબ્દુલ્લાએ જમ્મુ-કાશ્મીર માટે ઘણો ભોગ આપ્યો હતો. નેશનલ કોન્ફરન્સના નેતા મુબારક ગુલનું કહેવું છે કે એમની જયંતીને દિવસે રજા જાહેર કરીને એમને શ્રદ્ધાંજલી આપવી જોઈએ. નેશનલ કોન્ફરન્સના સભ્યોએ ગૃહમાં કહ્યું હતું કે આધુનિક જમ્મુ-કાશ્મીર બનાવવામાં શેખ અબ્દુલ્લાનો મોટો ફાળો છે.

## શંખેશ્વરમાં લોકડાયરો અને સાંસ્કૃતિક કાર્યક્રમનું સફળ આયોજન

શંખેશ્વર | આથી જણાવવાનું કે, તારીખ 21/09/2026ના રોજ શંખેશ્વર શહેરના ગાયત્રીનગર વિસ્તારમાં આવેલ પે. કન્યા શાળા ખાતે શ્રી માહી સાંસ્કૃતિક કલાવૃંદના મેનેજર શ્રી તૂરી સચિનકુમાર રમેશભાઈ, ગામ



મંડાલી, તાલુકો બેચરાજી, જીલ્લો મહેસાણા, ગુજરાત રાજ્ય દ્વારા સંગીત નાટક અકાદમીના આર્થિક સહયોગથી અનુસૂચિત જાતિના વારસાગત સાંસ્કૃતિક કલા યોજના અંતર્ગત લોકડાયરો રજૂ કરવામાં આવ્યો હતો.આ ઉપરાંત 'રાષ્ટ્રીય પોષણ મહા-2026 અંતર્ગત શંખેશ્વર પે. કન્યા શાળામાં તેમના મંડળ દ્વારા સાથી કલાકારો સાથે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો, દમ્મત, ગમ્મત તથા લોકડાયરો રજૂ કરી ઉપસ્થિત બાળકો તથા નાગરિકોને મનોરંજન પૂરું પાડવામાં આવ્યું હતું.કાર્યક્રમમાં ભાગ લેનાર કલાકારોની યાદી નીચે મુજબ છે: 1.બાબુબારોટ,2.તરણરાજ બારોટ, 3. જંકનાબેન બારોટ, 4. બાળ કલાકાર, 5.કન્વરરાજ બારોટ.આ કાર્યક્રમ દ્વારા ઉપસ્થિત સૌને લોકસાંસ્કૃતિક વારસો, મનોરંજન તથા રાષ્ટ્રીય પોષણ અંગે જાગૃતિનો સંદેશ આપવામાં આવ્યો હતો.

## સંખેડા પોલીસ સ્ટેશન ખાતે શાંતિ સમિતિની બેઠક યોજાઈ

રિપોર્ટર. કમલેશ પટેલ. સંખેડા

સંખેડામાં ગણપતિ વિસર્જન પહેલા સંખેડા PI જે.યુ. ગોહિલની અધ્યક્ષતામાં એક શાંતિ બેઠક યોજાઈ હતી. સંખેડા પોલીસ સ્ટેશન ખાતે PI જે.યુ. ગોહિલે ગણપતિ વિસર્જનની તૈયારીના ભાગરૂપે આ મહત્વની બેઠક બોલાવી હતી.આ



બેઠકમાં સંખેડા અને બહાદરપુરના વિવિધ ગણેશ મંડળોના કાર્યકરો હાજર રહ્યા હતા. PI ગોહિલે બધા મંડળોને કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે સમયસર વિસર્જન કરવા સૂચના આપી.PI ગોહિલે કહ્યું કે, કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે પોલીસ તૈયાર છે. જોકે, ગ્રામજનો અને મંડળના કાર્યકરોનો સાથ-સહકાર ખૂબ જરૂરી છે. તેમણે આશા વ્યક્ત કરી કે બધા વિસર્જન શાંતિપૂર્ણ માહોલમાં અને ભાઈચારા સાથે થાય.પોલીસ દ્વારા વિસર્જન રૂટ અને સુરક્ષા વ્યવસ્થા વિશે પણ માર્ગદર્શન અપાયું હતું.

## પંચાસરમાં લોકડાયરો અને સાંસ્કૃતિક કાર્યક્રમનું સફળ આયોજન

પંચાસર | તારીખ 23 નવેમ્બર 2026ના રોજ સાંજે 8:30 કલાકે ગામ પંચાસર, તા. શંખેશ્વર, જી. પાટણના ગામ ચોકમાં 'લોક ડાયરો'નું આયોજન કરવામાં આવ્યું હતું.શ્રી શક્તિ સાંસ્કૃતિક ભવાઈ કલા મંડળના મેનેજર શ્રી તુરી મહેન્દ્રભાઈ અણદાભાઈ, ગામ પંચાસર, તાલુકો શંખેશ્વર, જિલ્લો પાટણના રહેવાસી દ્વારા ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીની આર્થિક સહાયથી અનુસૂચિત જાતિની



વાર્ષિક સાંસ્કૃતિક કલા યોજના અંતર્ગત લોક દાયરો તથા રાષ્ટ્ર પોષણ માસ- 2026ની ઉજવણી નિમિત્તે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.પંચાસર ગામના ગામ ચોકમાં તેમના મંડળના સાથી કલાકારો દ્વારા લોક દાયરો રજૂ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં કાજલબેન બારોટ, બારોટ શંકર રાણગા, રિષિ બારોટ તથા અન્ય જાણીતા અને નામાંકિત કલાકારોએ ઉપસ્થિત રહી ગામજનોને મનોરંજન સાથે સુંદર લોક દાયરો રજૂ કર્યો હતો.આ ઉપરાંત કલાકારો દ્વારા રાષ્ટ્ર પોષણ માસ-2026 અંતર્ગત પોષણના મહત્વ અંગે ગામજનોને માહિતી તથા પ્રેરણાત્મક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ ઉત્સાહભેર યોજાયો હતો અને ગામજનો દ્વારા કાર્યક્રમને સારો પ્રતિસાદ આપવામાં આવ્યો હતો.

## અત્યાર સુધીનો સૌથી મોટો ગાંજાના વાવેતરનો કેસ, બરડા ગામમાંથી ₹15.48 લાખની કિંમતનો 30.97 કિલો ગાંજો જપ્ત

સુશીલ પવાર | ડાંગ

પ્રાપ્ત વિગતો અનુસાર રાજ્યના છેવાડે આવેલ ડાંગ જિલ્લાની પોલીસ દ્વારા અત્યાર સુધીમાં ગાંજાનો સૌથી મોટો કેસ શોધી કાઢી એક આરોપીઓને ઝડપી પાડવામાં સફળતા મળી છે.સુરત



રેન્જ આઈજીપી પ્રેમવીર સિંહ દ્વારા ચલાવવામાં આવી રહેલા 'નો ડ્રગ્સ ઈન સાઉથ ગુજરાત' અભિયાન અંતર્ગત ડાંગ જિલ્લાનાં પોલીસ અધિક્ષક પૂજા યાદવના માર્ગદર્શન હેઠળ ડાંગ પોલીસને એક મોટી સફળતા મળી છે. ડાંગ Local Crime Branch (LCB)નાં પી.એસ. આઈ.જે.જી.અનડકટની ટીમ અને વઘઈ પોલીસ સ્ટેશનનાં પી.આઈ.એ.એ.ચાવડાની ટીમ દ્વારા હાથ ધરાયેલી સંયુક્ત કાર્યવાહીમાં ડાંગ જિલ્લામાં અત્યાર સુધીના સૌથી મોટી રકમના ગાંજાના વાવેતરનો કેસ શોધી કાઢવામાં આવ્યો છે. મળેલી ચોક્કસ બાતમીના આધારે વઘઈ તાલુકાનાં બરડા ગામે રહેતા 40 વર્ષીય હરીભાઈ રડકેભાઈ રાઠોડના ઘરના પાછળના વાડામાં ડાંગ પોલીસે દરોડો પાડ્યો હતો.આરોપીએ કોઈને શંકા ન જાય તે રીતે પોતાના વાડામાં મકાઈ, ભીંડા, કાકડી તેમજ ખરસાટાના છોડની વચ્ચે ગેરકાયદેસર રીતે ગાંજાનું વાવેતર કર્યું હતું. દરોડા દરમિયાન પોલીસે 3 ફૂટથી લઈને 13 ફૂટ સુધીની ઊંચાઈ ધરાવતા નાના-મોટા કુલ 7 જેટલા ગાંજાના છોડ જપ્ત કર્યા છે. પોલીસ તપાસમાં જપ્ત કરવામાં આવેલા ગાંજાના લીલા છોડનું કુલ વજન 30.97 કિલોગ્રામ નોંધાયું છે, જેની અંદાજિત કિંમત 15,48,500 થવા જાય છે.ડાંગ LCBનાં PSI જે. જી. અનડકટ અને વઘઈ PI એ. એ. ચાવડાની ટીમ દ્વારા આરોપી હરીભાઈ રાઠોડની ઘટનાસ્થળેથી જ ધરપકડ કરવામાં આવી છે.હાલમાં વઘઈ પોલીસ સ્ટેશન ખાતે આરોપી વિરુદ્ધ NDPS એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધીને આગળની કાયદેસરની તપાસ હાથ ધરવામાં આવી છે.

## સંખેડાના બહાદરપુર ખાતે વિદ્યાર્થીઓની બસ સેવા માટે માંગ



રિપોર્ટર. કમલેશ પટેલ સંખેડા

સંખેડાના બહાદરપુર ખાતે 120 વિદ્યાર્થીઓને શાળાએ આવવા-જવામાં ભારે હાલાકી પડી રહી છે. આ વિદ્યાર્થીઓ માલુ અને સીમલિયા રૂટ પર નિયમિત ST બસ સેવા શરૂ કરવાની માંગ કરી રહ્યા છે.બહાદરપુરની શ્રી દ્વારકેશ સાર્વજનિક હાઈસ્કૂલમાં આસપાસના ગામોમાંથી આશરે 120 વિદ્યાર્થીઓ ભણવા આવે છે. નિયમિત બસ સેવા ન હોવાથી તેમને સમયસર શાળાએ પહોંચવામાં અને ઘરે પાછા ફરવામાં ઘણી મુશ્કેલી પડે છે.આ સમસ્યા અંગે શાળા તંત્ર અને વાલીઓએ અગાઉ ST વિભાગ તેમજ સ્થાનિક ધારાસભ્યને લેખિત રજૂઆત કરી છે. વાલીઓએ જણાવ્યું કે ધારાસભ્યએ પણ આ મામલે સકારાત્મક વલણ દાખવીને આગળ રજૂઆત કરી છે.વાલીઓની મુખ્ય માંગ છે કે માલુ-બહાદરપુર અને સીમલિયા-બહાદરપુર રૂટ પર નિયમિત બસ સેવા શરૂ કરવામાં આવે. આ ઉપરાંત, બસનું સમયપત્રક શાળાના સમયને અનુરૂપ ગોઠવવામાં આવે, જેથી વિદ્યાર્થીઓને સુરક્ષિત પરિવહન મળી શકે. વાલીઓએ સ્પષ્ટ કર્યું છે કે તેમની આ માંગ કોઈ વ્યક્તિ કે અધિકારી વિરુદ્ધ નથી. આ માંગ બાળકોના શિક્ષણ, સુરક્ષા અને ભવિષ્ય સાથે જોડાયેલી એક ન્યાયી માંગ છે.વાલીઓએ સરકાર અને વડોદરા ST વિભાગને શાંતિપૂર્ણ રીતે વિનંતી કરી છે કે આ સમસ્યાનો તાત્કાલિક ઉકેલ લાવવામાં આવે.

## ગરબાડા તાલુકાના ગાંગરડી-૧માં સાંસદ જસવંતસિંહ ભાભોરના હસ્તે આંગણવાડી કેન્દ્રનું લોકાર્પણ



દિપક રાવલ દાહોદ લીમખેડા

ગરબાડા તાલુકાના ગરબાડા ઘટક-૧ હેઠળ આવતી ગાંગરડી-૧ (સરાબલી) આંગણવાડી કેન્દ્રનું આજે સાંસદ શ્રી જસવંતસિંહ ભાભોર અને ધારાસભ્ય શ્રી મહેન્દ્રભાઈ ભાભોરના હસ્તે ભવ્ય લોકાર્પણ કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે પક્ષ પ્રમુખ શ્રી સ્નેહલભાઈ ધારિયા, તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતિ નીલાબેન દેહધા, જિલ્લા પંચાયત ઉપપ્રમુખ શ્રી વિજયભાઈ આમલીયાર, પ્રાંત અધિકારી શ્રી ડામોર, મામલતદાર શ્રી પુવાર, CDPO તથા સ્થાનિક સરપંચ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.મહેમાનો દ્વારા ભૂલકાંઓને આંગળી પકડી નવીન આંગણવાડીમાં પ્રવેશ કરાવ્યો હતો તેમજ ઉત્કૃષ્ટ કામગીરી બદલ આંગણવાડી કાર્યકર બહેનોનું શાલ ઓઢાડી સન્માન કર્યું હતું. આ આધુનિક સુવિધાયુક્ત આંગણવાડી બાળકોના પૂર્વ પ્રાથમિક શિક્ષણ, પૂરક પોષણ અને સર્વાંગી વિકાસ માટે પાયાનું માધ્યમ બનશે.કાર્યક્રમમાં સરકારી અધિકારીઓ, ગામના આગેવાનો, શિક્ષકો, વાલીઓ અને બાળકો હાજર રહ્યા હતા.

## ધજા લહેરાઈ, જયઘોષ ગુંજ્યો, રામદેવપીરની ભક્તિમાં નિરોણાથી રણુજા ધામ તરફ બાઈક યાત્રા

### ફૂલપીરદાદા મંદિરેથી શ્રદ્ધાળુઓનું પ્રસ્થાન, ૭૦૦ કિમીની ભક્તિમય સફર માટે ભક્તોમાં ભારે ઉત્સાહ

જગદીશ પી દવે દેશલપર (ગુંતલી)

બાબા રામદેવપીર પ્રત્યેની અખૂટ શ્રદ્ધા અને ભક્તિ સાથે નિરોણા ગામના ફૂલપીરદાદા મંદિરથી રાજસ્થાનના પવિત્ર રામદેવરા રણુજા ધામ સુધીની



ભક્તિમય બાઈક યાત્રાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ બાઈક સાથે જોડાતા સમગ્ર વાતાવરણ *"બાબા રામદેવપીર મહારાજની જય"*ના જયઘોષથી ગુંજી ઉઠ્યું હતું.યાત્રાના પ્રસ્થાન પૂર્વે ભક્તો ફૂલપીરદાદા મંદિર ખાતે એકત્ર થયા હતા. બાઈક પર બાબા રામદેવપીરની પવિત્ર ધજા તથા ધાર્મિક ધ્વજ લગાવી શ્રદ્ધાપૂર્વક યાત્રાનું પ્રસ્થાન કરવામાં આવ્યું હતું. ધજા લહેરાવતા અને જયઘોષ કરતા બાઈક સવારોના કારણે નિરોણાથી નીકળેલી યાત્રા ભક્તિ અને આસ્થાના રંગે રંગાઈ હતી.હૈયે રામાપીરનું નામ અને મનમાં રણુજા ધામના દર્શનની લગન સાથે ભક્તો આશરે ૭૦૦ કિલોમીટરની લાંબી બાઈક યાત્રાએ નીકળ્યા છે. નિરોણાથી શરૂ થયેલી આ યાત્રા કચ્છ સહિતના વિવિધ વિસ્તારોમાંથી પસાર થઈ રાજસ્થાનના રામદેવરા રણુજા ધામ પહોંચશે. લાંબી મુસાફરી દરમિયાન સલામતીને પ્રાથમિકતા આપી ટ્રાફિક નિયમોનું પાલન તથા સાવચેતીપૂર્વક બાઈક ચલાવવાનો સંકલ્પ પણ યાત્રિકો દ્વારા વ્યક્ત કરવામાં આવ્યો હતો. રામદેવરા રણુજા ધામ પહોંચ્યા બાદ યાત્રિકો બાબા રામદેવપીરના દર્શન કરી પૂજા-અર્ચના કરશે તેમજ પવિત્ર ધજા અર્પણ કરશે. પરિવાર, ગામ અને સમાજમાં સુખ-શાંતિ, સમૃદ્ધિ અને સૌના કલ્યાણ માટે પ્રાર્થના કરવામાં આવશે.નિરોણાથી રણુજા ધામ સુધીની આ ૭૦૦ કિમીની બાઈક યાત્રા શ્રદ્ધા, સંકલ્પ, ભક્તિ અને એકતાનો સુંદર સંગમ બની છે. યાત્રિકોને પરિવારજનો, ગ્રામજનો તથા સમાજના આગેવાનો દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી અને રામદેવપીર મહારાજની કૃપા સૌના જીવનમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ લાવે તેવી પ્રાર્થના કરવામાં આવી હતી.

## રાજપીપલાની એ . પી . હાઈસ્કૂલના 3 વિદ્યાર્થીની થલ સૈનિક કેમ્પ માટે પસંદગી

રાજપીપલા | ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળ સંચાલિત એ પી હાઈસ્કુલ, ના ત્રણ એનસીસી કેડેટની પ્રતિષ્ઠિત થલ સૈનિક કેમ્પ (TSC) માટે પસંદગી થતાં શાળા ના ગૌરવ માં વધારો થયો છે. પ્રાપ્ત માહિતી મુજબ રમત ગમત અને યુવા સાંકૃતિક ક્ષેત્રે અગ્રેસર એવી રાજપીપલાની અંબુભાઈ પુરાણી હાઈસ્કૂલના પ્રતિભાશાળી એનસીસી કેડેટ વસાવા આયુષ, વસાવા મનન અને વસાવા પ્રિયાંશીની વિવિધ પસંદગી પ્રક્રિયા અને તાલીમ દરમિયાન ઉત્કૃષ્ટ કામગીરીને આધારે થલ સૈનિક કેમ્પ માટે પસંદગી કરવામાં આવી હતી.પસંદગી બાદ ત્રણેય કેડેટોએ



દિલ્હી ખાતે યોજાયેલા 10 દિવસીય થલ સૈનિક કેમ્પમાં ભાગ લીધો હતો. કેમ્પ દરમિયાન કેડેટોએ વિવિધ લશ્કરી તાલીમ, શિસ્ત, પરેડ, શારીરિક કસોટી તેમજ અન્ય એનસીસી આધારિત પ્રવૃત્તિઓમાં ભાગ લઈ પોતાની પ્રતિભા અને શિસ્તબદ્ધતા દર્શાવી હતી.ત્રણેય કેડેટોની આ સિદ્ધિ બદલ શાળાના આચાર્ય એનસીસી અધિકારી, શિક્ષકગણ તથા સમગ્ર શાળા પરિવારે તેમને અભિનંદન પાઠવ્યા હતા અને ભવિષ્યમાં પણ દેશસેવા તથા રાષ્ટ્રનિર્માણમાં યોગદાન આપવા માટે શુભેચ્છાઓ પાઠવી હતી.ત્રણ કેડેટોની પસંદગીએ શાળાની એનસીસી પ્રવૃત્તિઓમાં એક વધુ ગૌરવપૂર્ણ સિદ્ધિનો ઉમેરો કર્યો છે.

## સંખેડામાં ગણપતિ બાપાને નોટોનો હાર ચઢાવ્યો

રિપોર્ટર .કમલેશ પટેલ. સંખેડા

સંખેડા શહેરમાં ગણેશ ઉત્સવ ધામધૂમથી ઉજવાઈ રહ્યો છે. અહીં શિવ યુવક મંડળ દ્વારા આયોજિત ગણપતિ મહોત્સવ આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. મંડળે ભગવાન ગણેશજીને 1 લાખ 1 હજાર રૂપિયાનો ચલણી નોટોનો હાર અર્પણ કર્યો હતો.દર વર્ષની જેમ આ વર્ષે પણ મંડળ દ્વારા ભગવાન શ્રી ગણેશજીને 100 અને 200 રૂપિયાની નોટોથી બનેલો કુલ 1,01,000 રૂપિયાનો ભવ્ય ફૂલહાર ચઢાવવામાં આવ્યો હતો. ચલણી નોટોથી શણગારેલા



ગણપતિ બાપાની મૂર્તિના દર્શન

માટે લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.આ ઉપરાંત, મંડળ દ્વારા ભગવાનને 56 ભોગ (છપ્પન ભોગ) પણ ધરાવવામાં આવ્યા હતા. ભવ્ય શણગાર અને અલૌકિક દર્શનનો લાભ લેવા માટે ભક્તોની મોટી ભીડ ઉમટી પડી હતી. મોડી રાત સુધી દર્શનાર્થીઓની લાંબી કતારો જોવા મળી હતી.શિવ યુવક મંડળ દર વર્ષે અનોખી રીતે ગણેશ ઉત્સવની ઉજવણી કરે છે. આ કારણે સંખેડા પંથકમાં મંડળનું વિશેષ આકર્ષણ રહે છે.

## દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી ખાતે ડિપ્લોમા ઇન એનિમલ હસબન્ડ્રીનો પ્રમાણપત્ર વિતરણ સમારોહ યોજાશે

માહિતી બ્યુરો, પાલનપુર| ગુજરાત સરકાર સંચાલિત કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા ડિપ્લોમા ઈન એનિમલ હસબન્ડ્રીનો ભવ્ય પ્રમાણપત્ર વિતરણ સમારોહ તા. ૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૬ ને શુક્રવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી ખાતે આવેલ પ્રો. વી. આર. મહેતા ઑડિટોરિયમ ખાતે યોજાશે.આ સમારંભના મુખ્ય મહેમાન તરીકે કેબિનેટ મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણી ઉપસ્થિત રહેશે તથા કામધેનુ યુનિવર્સિટીના કુલપતિ ડૉ.પી.એચ.ટાંકના અધ્યક્ષસ્થાને કાર્યક્રમ યોજાશે. મંત્રીશ્રી વિદ્યાર્થીઓને માર્ગદર્શન તથા પ્રોત્સાહન પૂરું પાડશે. આ ઉપરાંત, અતિથિ વિશેષ તરીકે સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના કુલપતિ પ્રો. આર. એસ. ચંદેલ ખાસ ઉપસ્થિત રહેશે.આ પદવીદાન સમારંભમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ તેમજ વર્ષ ૨૦૨૪-૨૫ના ડિપ્લોમા ઈન એનિમલ હસબન્ડ્રી અભ્યાસક્રમના ઉત્તીર્ણ થયેલ કુલ ૮૨૧ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે. સાથે જ, અભ્યાસક્રમમાં ઉત્કૃષ્ટ શૈક્ષણિક સિદ્ધિ હાંસલ કરનાર ૦૨ તેજસ્વી વિદ્યાર્થીઓને મહાનુભાવોના હસ્તે સુવર્ણ ચંદ્રક એનાયત કરી સન્માનિત કરવામાં આવશે.

## સંખેડા તાલુકાના વડેલી ગામમાં "સેવા સેતુ 2.1" કાર્યક્રમનું આયોજન

રિપોર્ટર .કમલેશ પટેલ. સંખેડા

ગુજરાત સરકારે સંખેડા તાલુકાના વડેલી ગામમાં 'સેવા સેતુ 2.1' કાર્યક્રમનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ ગ્રામજનોને સરકારી યોજનાઓનો લાભ તેમના ઘરઆંગણે જ આપવાનો હતો.આ કાર્યક્રમમાં સંખેડા વિધાનસભાના ધારાસભ્ય અભેસિંહભાઈ તડવી હાજર રહ્યા હતા. તેમની સાથે સંખેડા તાલુકા પંચાયત પ્રમુખ કલ્પાબેન રાજપૂત, ઉપપ્રમુખ રાકેશભાઈ બારીયા, સંખેડાના મામલતદાર અને તાલુકા વિકાસ અધિકારી પણ ઉપસ્થિત રહ્યા હતા.આ ઉપરાંત, જિલ્લા પંચાયત સદસ્ય જશોદાબેન તડવી, વડેલી ગ્રામ પંચાયતના સરપંચ અને સદસ્યો, ધોળી તાલુકા પંચાયત સદસ્ય ગણપતભાઈ તડવી, વડેલી તાલુકા પંચાયત સદસ્ય કનુભાઈ તડવી પણ હાજર હતા. પૂર્વ વડોદરા જિલ્લા પંચાયત પ્રમુખ રાજેશભાઈ અને સંખેડા



તાલુકા ભાજપ પ્રમુખ જૈમિનભાઈ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા.ભાજપના મહામંત્રીઓ શૈલેષભાઈ વસાવા અને દેવુસિંહભાઈ ભરવાડ, તાલુકા ભાજપ ઉપપ્રમુખો જયેશ રોય અને વિક્રમસિંહ ડોડીયા, અનુસૂચિત જાતિ મોરચાના પ્રમુખ વિનોદભાઈ સક્સેના પણ હાજર રહ્યા હતા. છોટાઉદેપુર જિલ્લાના માંજરોલ ગામના સરપંચ શંકરભાઈ વસાવા સહિત અનેક આગેવાનો, અધિકારીઓ, ગ્રામજનો અને લાભાર્થીઓ આ કાર્યક્રમમાં જોડાયા હતા.સેવા સેતુ કાર્યક્રમનો મુખ્ય હેતુ ગ્રામ્ય વિસ્તારના નાગરિકોને સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ અને સેવાઓનો લાભ તેમના ગામમાં જ આપવાનો હતો. આ માટે જરૂરી માર્ગદર્શન અને સેવાઓ પૂરી પાડવામાં આવી હતી. મોટી સંખ્યામાં ગ્રામજનોએ આ કાર્યક્રમમાં ભાગ લીધો અને સરકારી યોજનાઓનો લાભ મેળવ્યો.

### અંબાજી મહામેળામાં "સ્વચ્છતા ત્યાં પ્રભુતા" હેઠળ વિશેષ સફાઈ ઝુંબેશ

## અંબાજી, ગબ્બર સહિત સમગ્ર મેળા વિસ્તારમાં ૨,૦૦૦ જેટલા સફાઈ મિત્રો ૨૪ કલાક કાર્યરત



માહિતી બ્યુરો, પાલનપુર| "આસ્થા તમારી, વ્યવસ્થા અમારી"ના મંત્ર સાથે અંબાજી ખાતે ભાદરવી પૂનમ મહામેળો-૨૦૨૬ ધામધૂમપૂર્વક ચાલી રહ્યો છે. લાખોની સંખ્યામાં માઈભક્તો અને પદયાત્રીઓ મા અંબાના દર્શનાર્થે અંબાજી તરફ આવી રહ્યા છે ત્યારે મેળા દરમિયાન સ્વચ્છતા જળવાઈ રહે તે માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વિશેષ સ્વચ્છતા વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે.ભાદરવી પૂનમ મહામેળા દરમિયાન "સ્વચ્છતા ત્યાં પ્રભુતા"ના મંત્ર સાથે સમગ્ર મેળા વિસ્તારમાં ૨૪ કલાક સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. જિલ્લા વિકાસ અધિકારી શ્રી એમ.જે. દવેના માર્ગદર્શન હેઠળ અંબાજી, ગબ્બર અને આસપાસના સમગ્ર વિસ્તારને પાંચ ઝોનમાં વિભાજિત કરી શિફ્ટવાઈઝ અંદાજે ૨,૦૦૦ જેટલા સફાઈ મિત્રો સતત ફરજ બજાવી રહ્યા છે. સફાઈ કામગીરીનું સુચારુ સંચાલન અને સતત મોનિટરિંગ થાય તે માટે વિવિધ વિભાગોના અધિકારીઓ અને કર્મચારીઓને પણ જવાબદારી સોંપવામાં આવી છે.જિલ્લા વિકાસ અધિકારી શ્રી એમ.જે. દવેએ જણાવ્યું હતું કે, "અંબાજીના ભાદરવી પૂનમ મહામેળામાં લાખો શ્રદ્ધાળુઓ ઉમટી પડતા હોવાથી સ્વચ્છતા જાળવવી અત્યંત મહત્વપૂર્ણ બની રહે છે. સ્વચ્છતાની કામગીરી સુચારુ રીતે થાય તે માટે અંબાજી, ગબ્બર અને આસપાસના સમગ્ર વિસ્તારને પાંચ ઝોનમાં વિભાજિત કરવામાં આવ્યો છે. આ પાંચેય ઝોનમાં શિફ્ટવાઈઝ અંદાજે ૨,૦૦૦ જેટલા સફાઈ મિત્રો ૨૪ કલાક કામગીરી કરી રહ્યા છે. આ કામગીરીના મોનિટરિંગ માટે તાલુકા વિકાસ અધિકારી, ચીફ ઓફિસર, વન વિભાગના અધિકારીઓ-કર્મચારીઓ તેમજ ડેપ્યુટી એન્જિનિયર સહિતના અધિકારીઓ અને કર્મચારીઓ સતત કામગીરી પર નજર રાખી રહ્યા છે."જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, ભાદરવી પૂનમ મહામેળામાં પદયાત્રાનું વિશેષ મહત્વ હોવાથી અંબાજી તરફ આવતા વિવિધ પદયાત્રી માર્ગો પર પણ વિશેષ સફાઈ વ્યવસ્થા કરવામાં આવી છે. બનાસકાંઠા જિલ્લાની હદ શરૂ થાય ત્યાંથી તેમજ પાલનપુરથી અંબાજી તરફના વિવિધ રૂટ પર ટ્રેક્ટર અને શ્રમિકોની ટીમ દ્વારા દિવસ-રાત સફાઈ કામગીરી કરવામાં આવી રહી છે. દિવસ દરમિયાન આશરે ૮૦થી ૮૨ ટ્રેક્ટર સાથે પાંચ-પાંચ શ્રમિકો કાર્યરત રહે છે, જ્યારે રાત્રિના સમયે પણ આશરે ૪૦ ટ્રેક્ટર દ્વારા સફાઈ કામગીરી હાથ ધરવામાં આવે છે. ઉપરાંત સમગ્ર મેળા વિસ્તાર અને પદયાત્રી માર્ગો માટે અલગ-અલગ વ્યૂહરચના બનાવી ૨૪ કલાક સ્વચ્છતા કામગીરી અને તેનું સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. ઉપરાંત, આ વર્ષે પદયાત્રી માર્ગો પર પણ સ્વચ્છતા જળવાઈ રહે તે માટે થોડા-થોડા અંતરે મોટી ડસ્ટબીન મૂકવામાં આવી છે. પદયાત્રીઓ આ ડસ્ટબીનનો ઉપયોગ કરે તે માટેની વ્યવસ્થા કરવામાં આવી છે, જેથી કચરો રસ્તા પર ન પડે અને સમગ્ર યાત્રામાર્ગ તેમજ મેળા વિસ્તાર સ્વચ્છ અને સુઘડ જળવાઈ રહે.

## રાજુલા - વિધાનસભા ના ૬૨ ગામોમાં આજે પણ એસ.ટી. બસ સેવા નહીં: વિદ્યાર્થીઓ, મહિલાઓ, રત્નકલાકારો ખેડુતો અને દર્દીઓ ભારે હાલાકી ભોગવી રહ્યા છે

કિશોર આર. સોલંકી જાફરાબાદ

રાજુલા વિધાનસભા મતવિસ્તારના રાજુલા, જાફરાબાદ તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં આજે પણ અનેક ગામો એસ.ટી. બસ સેવાની સુવિધાથી વંચિત છે. જેના કારણે વિદ્યાર્થીઓ, રત્નકલાકારો, મહિલાઓ, દર્દીઓ, ખેડૂતો તથા સામાન્ય નાગરિકોને અવરજવરમાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.અમરેલી જિલ્લા કોંગ્રેસ ઉપપ્રમુખ શ્રી ટીકુભાઈ વરૂએ જણાવ્યું છે કે કોંગ્રેસ સરકારના સમયગાળામાં આશરે ૩૦ વર્ષ પહેલાં આ વિસ્તારમાં અનેક ગામોમાં દિવસ દરમિયાન ત્રણ-ચાર વખત એસ.ટી. બસો આવતી હતી. પરંતુ આજે સમય બદલાયો હોવા છતાં અનેક ગામોમાં નિયમિત એસ.ટી. સેવા ઉપલબ્ધ નથી.કોંગ્રેસ પક્ષ દ્વારા કરવામાં આવેલા સ્થાનિક સર્વે મુજબ રાજુલા વિધાનસભા મતવિસ્તારના આશરે ૧૪૦ ગામોમાંથી ૬૨ ગામોમાં આજે પણ નિયમિત એસ.ટી. બસ સેવા ઉપલબ્ધ નથી. કેટલાક ગામોમાં દિવસમાં માત્ર એક જ વખત બસ આવે છે, જ્યારે કેટલાક ગામોમાં એસ.ટી. બસ માત્ર મુખ્ય રોડ પરથી પસાર થાય છે અને ગામની અંદર આવતી નથી.એસ.ટી. સેવા વિનાના અથવા અપૂરતી સેવા ધરાવતા ગામોમાં મુખ્યત્વે:બાબરીયાધાર, છાપરી ખારી, બાલાપર, નવાગામ, અમુલી, બરફટાણા, મોટી ખેરાળી, નાની ખેરાળી, ગોવિંદડી, ભેરાઈ, નવી માંડરડી, જૂની માંડરડી, કડીયાળી, દેવકા, જૂના નિંગાળા, રામપરા-૨, ડોળીયા, નાના મસુદડા, મોટા રીંગણીયાળા, રાજપરડા, જોલાપુર, ઉટીયા, હડમતિયા, ગાજાવદર, રાભડા, ભાશી, વડ, ઉચૈયા, ભસાદર, ધારાના નેસ, નેસડી, ખાખબાઈ, મોરગી, ઝઝીકા, સાજણાવાવ, રામપરા-૧, નાના-મોટા મોભીયાણા, વિસ્તાર સહિતના ગામોનો સમાવેશ થાય છે.તે ઉપરાંત જાફરાબાદ તાલુકાના બાબરકોટ, વારાસ્વરૂપ, ભાકોદર, સોખડા, ભટવદર, વાઢ, એભલવડ, ટીંબી, વડલી, ધારાબંદર, નવી જીકાદરી, જૂની જીકાદરી, પીછડી, લોર, કેરાળા, જૂનાપાદર સહિતના ગામોમાં પણ એસ.ટી. સેવા અંગે ગંભીર સમસ્યા છે.ખાંભા તાલુકાના આંબલીયાળા, જૂના માલકનેશ, વાંગધ્રા, જામકા, મુંજીયાસર, સમઢીયાળા, બાબરપરા, નવા માલકનેશ સહિતના વિસ્તારોમાં પણ પૂરતી એસ.ટી. સેવા ઉપલબ્ધ નથી.શ્રી ટીકુભાઈ વરૂએ વધુમાં જણાવ્યું કે આ વિસ્તારમાં આશરે ૨૦ ગામોમાં એસ.ટી. બસ દિવસમાં માત્ર એક જ વખત આવે છે અને આશરે ૧૦ ગામોમાં બસ ગામમાં પ્રવેશ્યા વગર માત્ર મુખ્ય રોડ પરથી પસાર થાય છે. આવી પરિસ્થિતિમાં ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓને શાળાઓ અને કોલેજોમાં જવા, રત્નકલાકારોને રોજગારી માટે શહેરોમાં પહોંચવા, દર્દીઓને હોસ્પિટલ સુધી પહોંચવા અને મહિલાઓ તથા વડીલોને જરૂરી કામ માટે તાલુકા-જિલ્લા મથકે જવામાં ભારે મુશ્કેલી પડે છે.તેમણે પ્રશ્ન ઉઠાવ્યો હતો કે સરકાર દ્વારા દર થોડા સમયગાળે નવી એસ.ટી. બસ સેવા શરૂ કરવાની જાહેરાતો કરવામાં આવે છે, તો રાજુલા-જાફરાબાદ વિસ્તારના આ ગામોમાં નિયમિત એસ.ટી. બસ સેવા ક્યારે શરૂ કરવામાં આવશે?કોંગ્રેસ પક્ષ દ્વારા આ અંગે કરવામાં આવેલા સર્વેમાં જે ગામોમાં એસ.ટી. સેવા નથી અથવા અત્યંત અપૂરતી છે તેની યાદી તૈયાર કરવામાં આવી છે. સરકાર અને એસ.ટી. વિભાગે આ ગામોની વાસ્તવિક પરિસ્થિતિનો તાત્કાલિક સર્વે કરી દરેક ગામને નિયમિત અને પૂરતી એસ.ટી. બસ સેવા સાથે જોડવું જોઈએ, તેવી માંગ કરવામાં આવી છે.શ્રી ટીકુભાઈ વરૂએ વધુમાં આક્ષેપ કર્યો હતો કે, "કોઈ મોટી સરકારી સભા, ગરીબ કલ્યાણ મેળો કે લોકોને મોટી સંખ્યામાં એકત્રિત કરવાની જરૂરિયાત હોય ત્યારે એસ.ટી. બસો આ વિસ્તારમાં જોવા મળે છે, પરંતુ કાર્યક્રમ પૂર્ણ થયા બાદ ફરી નિયમિત બસ સેવા જોવા મળતી નથી."તેમણે સરકારને અપીલ કરી છે કે રાજકીય કાર્યક્રમો પૂરતી નહીં પરંતુ ગ્રામ્ય વિસ્તારના લોકોની રોજિંદી જરૂરિયાતને ધ્યાનમાં રાખીને કાયમી એસ.ટી. બસ સેવા શરૂ કરવામાં આવે.વિદ્યાર્થીઓ, રત્નકલાકારો, મહિલાઓ, દર્દીઓ, ખેડૂતો અને ગ્રામ્ય જનતાના હિતમાં રાજુલા વિધાનસભા વિસ્તારના એસ.ટી. સેવા વિનાના તમામ ગામોમાં તાત્કાલિક બસ સેવા શરૂ કરવામાં આવે તથા જ્યાં માત્ર એક જ બસ છે ત્યાં બસની ફ્રિક્વન્સી વધારવામાં આવે તેવી માંગ અમરેલી જિલ્લા કોંગ્રેસ ઉપપ્રમુખ શ્રી ટીકુભાઈ વરૂ દ્વારા કરવામાં આવી છે.



## ટેક્નોલોજી અને ચુસ્ત સુરક્ષા સાથે માઈ ભક્તોની સેવા કરતી ગુજરાત પોલીસ

માહિતી બ્યુરો, પાલનપુર | શક્તિપીઠ અંબાજી ખાતે ચાલી રહેલા ભાદરવી પૂનમ મહામેળા દરમિયાન લાખો માઈભક્તો મા અંબાના દર્શનાર્થે ઉમટી રહ્યા છે. આ વિશાળ ધાર્મિક મેળામાં માઈભક્તોને સુરક્ષિત અને સુવિધાયુક્ત વાતાવરણ મળી રહે તે માટે જિલ્લા પોલીસ વિભાગ દ્વારા ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. ટેક્નોલોજીના ઉપયોગ સાથે પોલીસકર્મીઓ રાઉન્ડ-ધ-ક્લોક ફરજ બજાવી રહ્યા છે અને મેળાની વ્યવસ્થાને સુચારુ રાખવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યા છે.પોલીસ વિભાગ દ્વારા સુરક્ષાની કામગીરીની સાથે સેવાનો પણ સુંદર સમન્વય કરવામાં આવ્યો છે. અંબાજી મંદિર પરિસરમાં પોલીસકર્મીઓ દ્વારા સ્વચ્છતા જાળવવામાં સહયોગ આપવામાં આવી રહ્યો છે. ખાસ કરીને વૃદ્ધ, દિવ્યાંગ અને જરૂરિયાતમંદ માઈભક્તોને વ્હીલચેરની મદદથી મંદિર સુધી પહોંચાડી માતાજીના દર્શન કરાવવામાં પોલીસકર્મીઓ સેવાભાવથી કામગીરી કરી રહ્યા છે. ફરજ દરમિયાન ભક્તોની મુશ્કેલીને સમજીને તેમને જરૂરી માર્ગદર્શન અને સહાય પૂરી પાડવામાં આવી રહી છે.મેળા દરમિયાન મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ અંબાજી પહોંચતા હોવાથી પોલીસ વિભાગ દ્વારા વિવિધ સ્થળોએ સતત પેટ્રોલિંગ, માર્ગદર્શન અને વ્યવસ્થા જાળવવાની કામગીરી કરવામાં આવી રહી છે. પોલીસકર્મીઓ દિવસ-રાત ખડેપગે રહીને માઈભક્તોની સુરક્ષા સુનિશ્ચિત કરવાની સાથે ભીડ વ્યવસ્થાપન અને ટ્રાફિક વ્યવસ્થામાં પણ મહત્વપૂર્ણ કામગીરી કરી રહ્યા છે.પોલીસકર્મીઓની આ સેવાભાવી કામગીરીમાં ફરજ પ્રત્યેની નિષ્ઠા સાથે ભક્તિભાવ પણ જોવા મળી રહ્યો છે. "જય અંબે"ના જયકારા સાથે માઈભક્તોમાં ઉત્સાહ વધારતા પોલીસકર્મીઓ સુરક્ષા કર્મચારી ઉપરાંત સેવક તરીકેની ભૂમિકા પણ નિભાવી રહ્યા છે. અંબાજી મહામેળામાં સુરક્ષા અને સેવા બંને ક્ષેત્રે પોલીસ વિભાગની આ કામગીરી માઈભક્તો માટે સહાયક અને વિશ્વાસદાયક બની રહી છે.ભાદરવી પૂનમ મહામેળા દરમિયાન વહીવટી તંત્રના વિવિધ વિભાગો સાથે સંકલન સાધીને પોલીસ વિભાગ દ્વારા સતત કામગીરી કરવામાં આવી રહી છે. ટેક્નોલોજી આધારિત વ્યવસ્થા, ચુસ્ત સુરક્ષા અને સેવાભાવના સમન્વયથી માઈભક્તોને સલામત અને સુખદ દર્શનનો અનુભવ મળી રહે તે માટે પોલીસ વિભાગ પ્રતિબદ્ધતાપૂર્વક ફરજ બજાવી રહ્યો છે.

## ભાદરવી પૂનમના મેળામાં આદ્યશક્તિ જનરલ હોસ્પિટલ અંબાજીની અવિરત સેવાઓ

માહિતી બ્યુરો, પાલનપુર | યાત્રાધામ અંબાજી ખાતે ભાદરવી પૂનમનો મેળો સોળે કળાએ ખીલ્યો છે. લાખો પદયાત્રિકો અને શ્રદ્ધાળુ માઈ ભક્તોનો અવિરત પ્રવાહ અંબાજીમાં ઉમટી રહ્યો છે ત્યારે મેળામાં પગપાળા ચાલતા યાત્રિકોને સામાન્ય થાક, દુ:ખાવો અને તાવ, ખાંસી, શરદી જેવી નાની મોટી બિમારીની સમસ્યા પણ સતાવતી હોય છે. આ ઉપરાંત ઈમરજન્સી મેડિકલ સારવારની પણ જરૂરિયાત ઉભી થતી હોય છે ત્યારે માઈભક્તોને મેડિકલ સેવાઓ અંબાજી ખાતેની આદ્યશક્તિ જનરલ હોસ્પિટલ નિષ્ઠાપૂર્વક કાર્યરત છે. મેળાના પાંચમા દિવસ સુધી કુલ ૩૫૦ જેટલા પદયાત્રીઓને નિ:શુલ્ક ઈમરજન્સી સેવા આપવામાં આવી હતી. જેમાંથી ૪૦ જેટલા દર્દીઓને અન્યત્ર રિફર કરાયા છે. મેળામાં કોઈપણ વ્યક્તિ મેડિકલ સારવારથી વંચિત ન રહે અને ઈમરજન્સી સારવાર મળી રહે તે માટે અંબાજી ખાતેની આદ્ય શક્તિ જનરલ હોસ્પિટલમાં ડોક્ટર્સ અને સ્ટાફ રાઉન્ડ ધ ક્લોક કામગીરીમાં ખડેપગે સેવા આપી રહ્યા છે. મેળાની શરૂઆતથી અત્યાર સુધીમાં તાવ, ચેસ્ટ પેઈન, અકસ્માત સહિતની બીમારીઓમાં ૩૫૦ લોકોને ઈમરજન્સી સારવાર આદ્ય શક્તિ જનરલ હોસ્પિટલ, અંબાજી ખાતે આપવામાં આવી છે. હોસ્પિટલ ખાતે આઈ.સી.યુ, ઓપરેશન થિયેટર, ડાયાલિસિસ, ડિલિવરી લેબર, ઈમરજન્સી સારવાર તથા તમામ પ્રકારના ડોક્ટર, પેરા મેડિકલ સ્ટાફ સહિત ૧૧૦થી વધુ સ્ટાફ ફરજ બજાવે છે. આદ્ય શક્તિ જનરલ હોસ્પિટલ, અંબાજીના સુપ્રીટેન્ડન્ટશ્રી વાય.કે.મકવાણાએ જણાવ્યું હતું કે, અંબાજી મેળામાં કોઈ પણ પ્રકારની મેડિકલ કટોકટીને પહોંચી વળવા અમારો સ્ટાફ ખડેપગે તૈયાર છે. અંબાજી મેળામાં રાઉન્ડ ધ ક્લોક કામગીરી માટે હોસ્પિટલ તંત્ર સજ્જ હોવાનું જણાવ્યું હતું.

## અંબાજી - દાંતા હાઈવે પર પાંસા ખાતે સતત પાંચમા વર્ષે સાત્વિક ઈડલીનો અનોખો સેવા કેમ્પ

માહિતી બ્યુરો, પાલનપુર| પવિત્ર યાત્રાધામ અંબાજી ખાતે ભાદરવી પૂનમ મહા મેળો ૨૦૨૬ અત્યંત શ્રદ્ધા અને ભક્તિભાવપૂર્વક ચાલી રહ્યો છે. ગુજરાત સહિત દેશભરમાંથી લાખો માઈભક્તો પગપાળા તથા વિવિધ સંઘો મારફતે માં અંબેના ચરણોમાં શીશ ઝુકાવવા પહોંચી રહ્યા છે. પદયાત્રીઓની સુવિધા અને સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને સેવાભાવી સંસ્થાઓ અને ભક્તો દ્વારા ઠેર-ઠેર કેમ્પ લગાવવામાં આવ્યા છે. જેમાં અંબાજી-દાંતા હાઈવે નજીક પાંસા મુકામે સતત પાંચમા વર્ષે આયોજિત 'સાત્વિક ઈડલી સેવા કેમ્પ' લાખો શ્રદ્ધાળુઓ માટે આકર્ષણ અને આશીર્વાદનું કેન્દ્ર બન્યો છે.આ અનોખા સેવા કેમ્પની પ્રેરણા અમદાવાદના રહેવાસી હર્ષિદા નાયડુને પાંચ વર્ષ પૂર્વે પોતાની અંબાજી પદયાત્રા દરમિયાન થઈ હતી. માઈભક્તોની નિ:સ્વાર્થ સેવા કરવાના સંકલ્પ સાથે તેમણે પોતાના સાઉથ ઈન્ડિયન પતિના સહયોગથી પદયાત્રીઓ માટે પૌષ્ટિક અને હળવો આહાર પીરસવાનો વિચાર અમલમાં મૂક્યો. વડીલોના 'જેટલા હાથોથી લોકોને જમાડી શકાય તેટલું મોટું પુણ્ય'ના સંસ્કારોને ચરિતાર્થ કરતાં શરૂ થયેલો આ સેવા યજ્ઞ આજે સતત પાંચમા વર્ષે પણ પૂર્ણ શ્રદ્ધા સાથે ધમધમી રહ્યો છે.સેવા કેમ્પની મુખ્ય વિશેષતા એ છે કે અહીં પીરસાતી ઈડલી તદ્દન તેલ, તીખાં મરચાં કે તળેલી સામગ્રી વગરની સંપૂર્ણ સાત્વિક હોય છે. લાંબી પદયાત્રા કરી થાકેલા યાત્રાળુઓ તેમજ વડીલો માટે તે પચવામાં અત્યંત હળવી અને સરળતાથી ચાવી શકાય તેવી હોય છે. આ પ્રસાદ તૈયાર કરવા માટે ખાસ કર્ણાટકથી કુશળ રસોઈ ટીમ બોલાવવામાં આવી છે, તેમજ ચટણી માટે ખાસ કર્ણાટકના ઉત્તમ મલાઈદાર અને કુદરતી મીઠાશવાળા નારિયેળનો ઉપયોગ કરવામાં આવે છે. આ કેમ્પ દ્વારા અંદાજે દોઢ લાખ જેટલા માઈભક્તોને ગરમાગરમ ઈડલી અને સાત્વિક ચટણીનું વિતરણ કરવામાં આવે છે.પદયાત્રીઓ તરફથી આ કેમ્પને અભૂતપૂર્વ આવકાર અને પ્રેમ સાંપડી રહ્યો છે; અનેક ભક્તો આ સુપાચ્ય આહારની ખાસ રાહ જોઈને અહીં ભોજન ગ્રહણ કરે છે. સેવાની સાથોસાથ આ કેમ્પમાં સ્વચ્છતાનો પણ વિશેષ આગ્રહ રાખવામાં આવે છે. કેમ્પ પરિસરમાં પૂરતા પ્રમાણમાં ડસ્ટબિન મૂકીને યાત્રાળુઓને ગંદકી ન કરવા વિનંતી કરવામાં આવે છે અને સમગ્ર ટીમ દ્વારા સતત સફાઈ જાળવી રાખી 'સ્વચ્છતા ત્યાં પ્રભુતા'નો સાર્થક સંદેશ આપવામાં આવી રહ્યો છે.

## બાળ સહાયતા કેન્દ્ર દ્વારા વિખુટા પડેલા/ગુમ થયેલા ૬૧ જેટલાં બાળકોનું પુનઃમિલન કરાયું

માહિતી બ્યુરો, પાલનપુર | અંબાજી ભાદરવી પૂનમ મહામેળામાં બનાસકાંઠા જિલ્લા કલેક્ટરશ્રી મિહિર પટેલના માર્ગદર્શન હેઠળ બાળકોની સુરક્ષા અને સલામતી માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. અંબાજી ભાદરવી પૂનમના મહામેળામાં પગપાળા આવનાર યાત્રાળુઓ સાથે મોટી સંખ્યામાં નાના બાળકો પણ આવતા હોય છે. આ નાના બાળકો મેળા દરમ્યાન તેમના પરિવારથી વિખુટા પડે અથવા ગુમ થવાના કિસ્સામાં તેમના પરિવાર સાથે બાળકોનું મિલન કરાવવા જિલ્લા વહીવટી તંત્ર અને જિલ્લા બાળ સુરક્ષા એકમ બનાસકાંઠા દ્વારા બાળ સહાયતા કેન્દ્ર ચાલુ કરવામાં આવ્યું છે. અંબાજી ખાતે દાંતા, કામાક્ષી મંદિર અને ખોડીવલી સર્કલ એમ ત્રણ જગ્યાએ કેન્દ્રો બનાવવામાં આવ્યા છે. આજ દિન સુધી આ બાળ સહાયતા કેન્દ્રો પરથી ૮૨૫૭૦ થી વધુ બાળકોને તેમના નામ, સરનામાં, ઈમર્જન્સી મોબાઈલ નંબર લખીને આઈકાર્ડ પહેરાવવામા આવ્યા છે. જેની મદદથી બાળકો ગુમ થયાના કિસ્સામાં વાલી વારસાની



ઝડપથી શોધ કરી શકાય છે. જિલ્લા બાળ સહાયતા કેન્દ્ર દ્વારા મેળા દરમ્યાન આજ દિન સુધી ૬૧ જેટલાં બાળકોને તેમના વાલી વારસાથી મિલન કરાવી શકાયું છે. જિલ્લા બાળ સુરક્ષા અધિકારીશ્રી આશિષ જોશીએ જણાવ્યુ હતુ કે, જિલ્લા કલેક્ટર શ્રી મિહિર પટેલના માર્ગદર્શનમાં બાળ સુરક્ષા કેન્દ્ર બનાવવામાં આવ્યું છે. માં અંબેના મેળામાં આવતા બાળકોને આઈ કાર્ડ પહેરવામાં આવે છે. જેમાં તેમના વાલી વારસાની વિગતો હોય છે. જેથી કોઈ બાળક વિખૂટું પડી જાય ત્યારે જ્યાં સુધી આ બાળકોના વાલી વારસો મળી ના આવે ત્યાં સુધી આ બાળકોને બાળ સુરક્ષા કેન્દ્ર પર જિલ્લા બાળ સુરક્ષા એકમનો સ્ટાફ અને સંકલિત બાળ વિકાસ વિભાગની આંગણવાડી બહેનો પોતાના બાળકની જેમ બાળકોની કાળજી રાખે છે. નાના બાળકોને ઘોડિયામા સુવાડવા, રમકડાંથી રમાડવા, નાસ્તો કરાવવો, બાળકોને કાઉન્સિલીગ સેવા પુરી પાડી માતા/પિતાથી વિખુટા પડ્યાના ટ્રોમાંથી દૂર રાખવા, બાળકો સાથે રમતો રમવી જેવી પ્રવૃત્તિ કરવામાં આવતી હોય છે. આમ બાળકના કલ્યાણ અને સુરક્ષાની જવાબદારી સારી રીતે કરવામાં આવે છે. આવા બાળકોને આંગણવાડીની બહેનો દ્વારા કાળજી અને હૂંફ આપવામાં આવે છે.અંબાજી મુખ્ય કંટ્રોલ પોઈન્ટ ખાતે આવેલ બાળ સહાયતા કેન્દ્રમા બનાવેલ ચાઈલ્ડ ફ્રેન્ડલી ગેલેરી/ ફીડિંગ- ઘોડિયા ઘરનો મેળામાં અંદાજિત ૯૮૬ જેટલા બાળકોએ લાભ લીધો છે. બાળ સહાયતા કેન્દ્રની આવી સેવાઓથી યાત્રાળુઓ બહુ જ પ્રભાવિત થઈ અંત:કરણથી જિલ્લા વહીવટી તંત્ર અને જિલ્લા બાળ સુરક્ષા એકમ બનાસકાંઠાના તમામ અધિકારીશ્રી અને કર્મચારીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

## શ્રી જુનાગઢ મહિલા શરાફી સહકારી મંડળી લી. દ્વારા ભવ્ય એક્ઝિબિશન કમ સેલનું આયોજન

નરેન્દ્ર દવે જૂનાગઢ | શ્રી જુનાગઢ મહિલા શરાફી સહકારી મંડળી લી. જુનાગઢનાં પ્રમુખશ્રી રસિલાબેન સોઢાની યાદી જણાવે છે કે આ સંસ્થા દ્વારા બહેનોને આર્થિક પગભર થવા માટે દર વર્ષે એક્ઝિબિશનનું આયોજન કરવામાં આવે છે તેનાં અનુસંધાને આ વખતે પણ એક ભવ્ય એક્ઝિબિશન કમ સેલ નું આયોજન તારીખ 26 અને 27 સપ્ટેમ્બર - 2026 શનિવાર અને રવિવારે સવારે 9:00 થી રાત્રે 10:00 વાગ્યા સુધી ભુતનાથ મંદિર સત્સંગ હોલ, બહાઉદ્દીન કોલેજ રોડ, જુનાગઢ ખાતે યોજવામાં આવેલ છે ઘરેથી ગૃહ ઉદ્યોગ કરનાર બહેનોને પ્રોત્સાહિત કરવા અને એક્ઝિબિશનનો લાભ લેવા માટે જુનાગઢની જનતાને હાર્દિક નિમંત્રણ આપવામાં આવેલ છે.

### જુનાગઢ મનપા દ્વારા અટલ બિહારી વાજપેયી સામૂહિક આરોગ્ય કેન્દ્ર, ટીંબાવાડી ખાતે હેલ્થ ચેક અપ અને વિશેષ બ્રેસ્ટ કેન્સર સ્ક્રીનીંગ કેમ્પ યોજાયો

નરેન્દ્ર દવે જૂનાગઢ | સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત 'સેવા મેરા યોગદાન'માં જુનાગઢ મહાનગરપાલિકાના અટલ બિહારી વાજપેયી સામૂહિક આરોગ્ય કેન્દ્ર, ટીંબાવાડી ખાતે હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નિષ્ણાત તબીબો દ્વારા આરોગ્ય સેવાઓ આપવામાં આવી હતી. વધુમાં, GMERS હોસ્પિટલની ટીમ દ્વારા સ્ત્રીઓ માટે બ્રેસ્ટ કેન્સરનું વિશેષ સ્ક્રીનીંગ પણ કરવામાં આવ્યું હતું.આ કેમ્પનો શહેરીજનો દ્વારા બહોળી સંખ્યામાં લાભ લેવામાં આવ્યો હતો. કેમ્પને સફળ બનાવવા આરોગ્ય વિભાગના તમામ સ્ટાફ દ્વારા સરાહનીય કામગીરી કરવામાં આવી હતી.

### વંથલી તાલુકાના બંટીયા ખાતે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો

નરેન્દ્ર દવે જૂનાગઢ | રાજ્યભરમાં ચાલી રહેલ સેવા સંકલ્પ અભિયાનના ભાગરૂપે 'સેવા સેતુ ૨.૧' કાર્યક્રમનું આયોજન કરવામાં આવી રહ્યું છે, જે અંતર્ગત આજરોજ જૂનાગઢ જિલ્લાના વંથલી તાલુકાના બંટીયા ગામ ખાતે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ગ્રામજનોને સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ ઘરઆંગણે મળી રહે તે હેતુસર વિવિધ દાખલા, પ્રમાણપત્ર તેમજ અન્ય સેવાકીય લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવાસેતુ કેમ્પમાં બંટીયા તથા આસપાસ ના વિસ્તારની કુલ ૮૦૬ જેટલા અરજદારો / ગ્રામજનોએ ઉપસ્થિત રહીને વિવિધ સેવાઓનો લાભ લીધો હતો.આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત સભ્યશ્રી મટીયાણા, શ્રી સોનલબેન મહેશભાઈ દિવસરીયા,વંથલી તાલુકા પંચાયત સભ્યશ્રી વિજયભાઈ વાળા, બંટીયા ગ્રામ પંચાયત સરપંચશ્રી, અગ્રણીશ્રી કીર્તીભાઈ ગોધાણી સહિતના ઉપસ્થિત રહયા હતા.


### માળિયાહાટીના તાલુકામાં 'સેવા સંકલ્પ' અંતર્ગત તમામ PHC અને આરોગ્ય કેન્દ્રોમાં વ્યાપક સફાઈ અભિયાન હાથ ધરાયું

નરેન્દ્ર દવે| જૂનાગઢ : રાજ્યભરમાં ચાલી રહેલા 'સેવા સંકલ્પ' અભિયાન અંતર્ગત જૂનાગઢ જિલ્લાના માળિયા હાટીના તાલુકામાં આરોગ્ય તંત્ર દ્વારા સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. તાલુકાના તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો (PHC) તેમજ આયુષ્માન આરોગ્ય મંદિર (AAM) ખાતે મેડિકલ ઓફિસર્સ, આરોગ્ય કર્મચારીઓ અને આશા બહેનોએ સક્રિય રીતે જોડાઈને શ્રમદાન કર્યું હતું. આ અભિયાન અંતર્ગત આરોગ્ય કેન્દ્રોના ઈન્ડોર-આઉટડોર પરિસર, વોર્ડ, ઓપીડી વિભાગ અને આસપાસના વિસ્તારોમાંથી કચરાનો યોગ્ય નિકાલ કરવામાં આવ્યો હતો. દર્દીઓ અને ગ્રામજનોને સ્વચ્છ તેમજ રોગમુક્ત વાતાવરણ મળી રહે તે માટે સમગ્ર કેમ્પસને સેનિટાઈઝ કરી સ્વચ્છ બનાવવામાં આવ્યું હતું.

## કેશોદમાં ગણેશોત્સવનો 32મો ભવ્ય ઉત્સવ : ગોપેશ્વર મહાદેવ મંદિરે કલાત્મક ગણપતિ સ્થાપના, સત્યનારાયણ કથા અને શોભાયાત્રાનું ભવ્ય આયોજન

નરેન્દ્ર દવે જૂનાગઢ

કેશોદ શહેરમાં શ્રદ્ધા, ભક્તિ અને એકતાનું પ્રતીક એવા શ્રી ગણેશોત્સવની ભવ્ય ઉજવણી થઈ રહી છે. શ્રી કૃષ્ણનગર યુવક મંડળ દ્વારા સાર્વજનિક પ્લોટમાં આવેલ શ્રી ગોપેશ્વર મહાદેવ મંદિર ખાતે રિદ્ધિ સિદ્ધિના દાતા, વિઘ્નહર્તા ગજાનંદ ગણપતિ દાદાની કલાત્મક મૂર્તિની સ્થાપના કરવામાં આવી છે. સૌના સાથ સહકારથી આ ગણેશોત્સવ આ વર્ષે 32 માં વર્ષમાં પ્રવેશ કરી ધામધૂમથી ઉજવવામાં આવી રહ્યો છે. ભાદરવા સુદ ચોથથી શરૂ થતો ગણેશોત્સવ એ માત્ર ઉત્સવ નથી, પણ સંસ્કૃતિ અને સંસ્કારનું સંગમ સ્થાન છે. ભગવાન શ્રી ગણેશજીને પ્રથમ પૂજ્ય દેવ કહેવામાં આવે છે. કોઈપણ શુભ કાર્યની શરૂઆત તેમની પૂજા વિના અધૂરી મનાય છે. ગણપતિ બાપ્પા એ બુદ્ધિ, સમૃદ્ધિ અને વિઘ્નોને દૂર કરનારા દેવ છે. 32 વર્ષ થી સતત એક જ સ્થળે થતી આ સ્થાપના એ કેશોદની એકતા અને અતૂટ શ્રદ્ધાનું ઉત્તમ ઉદાહરણ છે. આ પાવન પર્વ નિમિત્તે ભક્તોના કલ્યાણ અર્થે શ્રી ગોપેશ્વર મહાદેવ મંદિર ખાતે શ્રી સત્યનારાયણ કથાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. સત્યનારાયણ કથા એ સત્યના પ્રતીક ભગવાન વિષ્ણુની કથા છે. એવું મનાય છે કે, આ કથાના શ્રવણ માત્રથી મનુષ્યના તમામ દુ:ખો દૂર થાય છે, મનોકામનાઓ પૂર્ણ થાય છે અને ઘરમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ આવે છે. કળિયુગ માં આ કથાનું વિશેષ મહત્વ



છે. કેશોદના ધારાસભ્ય દેવાભાઈ માલમ તાલુકા ભાજપના પ્રમુખ પ્રકાશભાઈ રામાણી, ભારત વિકાસ પરીષદના પ્રમુખ આર પી સોલંકી, મોબાઈલ એશોશિએશનના પ્રમુખ રાજુભાઈ બોદર, વિશ્વ હિન્દુ પરીષદના શહેર પ્રમુખ વિશાલભાઈ ભટ્ટ તાલુકા પ્રમુખ લખનભાઈ કામરીયા, નગરપાલિકાના ઓફિસ સુપ્રીટેન્ડન્ટ પ્રવિણભાઈ વીઠ્ઠલાણી નગરપાલિકાના સદસ્ય પ્રકાશભાઈ વ્યાસ, નીરવભાઈ કરડાણી , રાજેશભાઈ પંડ્યા સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતાં અને આરતીનો લાભ લીધો હતો. કૃષ્ણનગર સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા મહેમાનો નું શાલ ઓઢાડી ખેસ પહેરાવી સ્વાગત કરવામાં આવ્યું હતું. ભગવાન સત્યનારાયણની કથાનું આયોજન કરવામાં આવ્યું હતુ જેમાં ભાગવતાચાર્ય શ્રી ઉત્તમભાઈ સારસ્વત ઉપાચાર્ય ધ્રુવભાઈ પંડયા દ્વારા શાસ્ત્રોક્ત વિધિ સાથે કથાનું વાંચન કરવામાં આવ્યું હતું. મુખ્ય યજમાન તરીકે જયભાઈ લખમણભાઈ ઓડેદરા એ લાભ લીધો હતો. ગણેશોત્સવના સમાપન પ્રસંગે તા. 25-9-2026, શુક્રવાર, અનંત ચૌદશના દિવસે કૃષ્ણનગર, મધુસુદન નગર વિસ્તારના મુખ્ય માર્ગો પરથી ગણપતિની વિસર્જનની ભવ્ય શોભાયાત્રા નીકળશે. જેમાં ઢોલ-નગારા અને 'ગણપતિ બાપ્પા મોરયા' ના નાદ સાથે સમગ્ર વિસ્તાર ભક્તિમય બની જશે.અનંત ચૌદશ એ ગણેશ વિસર્જનનો સૌથી શુભ દિવસ મનાય છે. આ દિવસે ભગવાન અનંતની પૂજા સાથે ગણપતિ બાપ્પાને આગલા બરસ તું જલ્દી આના નાદ સાથે વિદાય આપવામાં આવે છે.

## સંતરામપુર તાલુકાના રાણીજીની પાદેડી ખાતે 'સેવાસેતુ કાર્યક્રમ ૨.૧' સંપન્ન: ક્લસ્ટરના વિવિધ ગામોના નાગરિકોના પ્રશ્નોનો સ્થળ પર જ નિકાલ

જગદીશ ત્રિવેદી | મહીસાગર

સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત રાજ્ય સરકારના પારદર્શી પ્રશાસનના સંકલ્પને સાકાર કરવા અને "સરકાર તમારી દ્વારે... સમસ્યાનું સમાધાન એક જ સ્થળે..." ના ઉદ્દેશ સાથે સંતરામપુર તાલુકા વહીવટી તંત્ર દ્વારા રાણીજીની પાદેડી પ્રાથમિક શાળા ખાતે 'સેવાસેતુ કાર્યક્રમ ૨.૧'નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ સેવાસેતુ શિબિરમાં રાણીજીની પાદેડી સહિત આસપાસના ક્લસ્ટર ગામો જેવા કે ગોઠીબડા, વાવીયામુવાડા, કાશીયા, મોટીખરસોલી, મહેતાનાવાંટા આશીવાડા, ઝાબ(પ), લાલકપુર અને એન્દ્રા ગામના ગ્રામજનોએ ઉત્સાહભેર ભાગ લઈ વિવિધ સરકારી યોજનાઓ અને સેવાઓનો લાભ લીધો હતો.આ શિબિર દરમિયાન ઉપસ્થિત સંબંધિત વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા નાગરિકોની અરજીઓનો સ્થળ પર જ ઝડપી અને પારદર્શક નિકાલ કરવામાં આવ્યો હતો. જેમાં આવક અને જાતિના દાખલા, નવીન આધારકાર્ડની કામગીરી, રેશનકાર્ડમાં નામ દાખલ કરવા, કમી કરવા કે સુધારા કરવા, 'મા-અમૃતમ' અને 'મા-વાત્સલ્ય' કાર્ડ, નવીન વારસાઈ નોંધણી તેમજ કૃષિ, પશુપાલન, સહકાર, પંચાયત અને સમાજ કલ્યાણ વિભાગની યોજનાકીય માહિતી તથા સહાય પૂરી પાડવામાં આવી હતી.

## મહિસાગર જિલ્લા પંચાયત ખાતે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી કલ્પનાબેન પુવારના અધ્યક્ષસ્થાને જિલ્લા કક્ષાની પૌષ્ટિક વાનગી સ્પર્ધા યોજાઈ



જગદીશ ત્રિવેદી | મહીસાગર

મહિલા અને બાળ વિકાસ વિભાગની સંકલિત બાળ વિકાસ સેવા યોજના (ICDS) શાખા, જિલ્લા પંચાયત મહિસાગર દ્વારા જિલ્લા પંચાયત કચેરી ખાતે જિલ્લા કક્ષાની પૌષ્ટિક વાનગી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી કલ્પનાબેન પુવારના અધ્યક્ષ સ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક શ્રીમતી ચંદ્રિકાબેન ભાભોર, પ્રોગ્રામ ઓફિસર અંબિકા જયસ્વાલ, જિલ્લા સંકલન અધિકારી શ્રી,જિલ્લા પંચાયતના સદસ્યશ્રીઓ, તમામ ઘટકના બાળ વિકાસ યોજના અધિકારીશ્રીઓ (CDPO), મુખ્ય સેવિકાઓ તેમજ મોટી સંખ્યામાં આંગણવાડી કાર્યકર બહેનો ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમ દરમિયાન જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી કલ્પનાબેન પુવારે પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે બાળકોમાંથી કુપોષણનું પ્રમાણ નાબૂદ કરવા માટે 'ટેક હોમ રાશન' (THR) ને સ્વાદિષ્ટ અને રુચિકર બનાવી બાળકો સુધી પહોંચાડવું અનિવાર્ય છે. આ તકે જિલ્લા સંકલન અધિકારીશ્રીએ આંગણવાડી કાર્યકરોની સર્જનાત્મકતાને બિરદાવતા પોષણ સુધારણા ક્ષેત્રે આવા આયોજનોને અત્યંત ઉપયોગી ગણાવ્યા હતા.આ સ્પર્ધામાં મહિસાગર જિલ્લાના ૧૧ ઘટકોની બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સ્પર્ધકોએ ટેક હોમ રાશન (THR), મિલેટ્સ (શ્રીઅન્ન) તેમજ સ્થાનિક કઠોળ અને શાકભાજીના સુમેળથી પૌષ્ટિક લાડુ, ખીચડી, થેપલા, હલવો અને ચીકી સહિત ૫૩થી વધુ વિવિધ વાનગીઓ બનાવી પ્રદર્શિત કરી હતી. નિર્ણાયકો દ્વારા વાનગીઓનું પોષણ મૂલ્ય, સ્વાદ અને બાળકો માટેની અનુકૂળતા જેવા વિવિધ ધોરણોના આધારે મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું, ત્યારબાદ શ્રેષ્ઠ વાનગી બનાવનાર વિજેતા બહેનોને પ્રમાણપત્ર એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.

## ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ. ખાતે શૈક્ષણિક સંવાદ કાર્યક્રમ યોજાયો

નરેન્દ્ર દવે જૂનાગઢ

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.ખાતે આજે અખીલ ભારતિય વિદ્યાર્થી પરિષદ અને ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.ના સંયુક્ત ઉપક્રમે શૈક્ષણિક સંવાદ કાર્યક્રમ યુનિ.નાં કુલપતિ ડો. પ્રતાપસિંહજી ચૌહાણની અધ્યક્ષતામાં યોજાયો હતો. કાર્યક્રમને દિપ પ્રાગટ્યથી પ્રારંભ કરાવતા અખિલ ભારતિય વિદ્યાર્થી પરિષદનાં રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ ડો.સુરભીબેન દવેએ ઉપસ્થિત યુનિ.નાં ડીન, વિભાગાધ્યક્ષશ્રીઓ, વિવિધ કોલેજનાં આચાર્યશ્રીઓ, શિક્ષણશાસ્ત્રીઓ, વિદ્વત્તજનો અને અનુસ્નાતકકક્ષાએ અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને સંબોતા જણાવ્યુ હતુ કે આજે રાષ્ટ્રની વર્તમાન શૈક્ષણિક સ્થિતિ અને વિદ્યાર્થીઓના ભવિષ્યને ધ્યાનમાં રાખીને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP 2020), સ્પર્ધાત્મક પરીક્ષા ઓમાં પારદર્શિતા, જીકાસ (GCAS) પ્રવેશ પ્રક્રિયા અને કોલેજોમાં વિદ્યાર્થિઓ ની નિયમિત હાજરી જેવા વિષયો ખૂબ જ મહત્વપૂર્ણ અને એકબીજા સાથે જોડાયેલા છે. આ ચારેય મુખ્ય મુદ્દાઓ વિશેની વિગતવાર



સમીક્ષા દ્વારા મળનાર તારણો નીતિ અમલીકરણમાં ઉપયોગી બની શકે છે. આ પ્રસંગે યુનિ.નાં કૂલપતિ ડો.પ્રતાપસિંહજી ચૌહાણે પ્રાસંગિક વાત કરતા જણાવ્યુ હતુ કે હવે વિદ્યાર્થીઓ આર્ટસ, કોમર્સ કે સાયન્સના પરંપરાગત ચોકઠામાંથી બહાર નીકળીને પોતાની પસંદગીના વિષયોનું મિશ્રણ પસંદ કરી શકે છે, ભૂતકાળમાં પેપર લીક અને ગેરરીતિઓની બનેલી ઘટનાઓ બાદ સરકાર પરીક્ષાઓની પારદર્શિતા વધારવા માટે સખત પગલાં લઈ રહી છે. ત્યારે વિદ્યાર્થીઓએ હવે માત્ર પરીક્ષા આપીને પાસ થઈ જવાની માનસિકતા બદલવી જરૂરી છે. કોલેજમાં નિયમિત જઈને પ્રોજેક્ટ્સ અને પ્રેક્ટિકલ નોલેજ મેળવવું અનિવાર્ય બનવુ આવશ્યક છે. આ તકે સમીક્ષા બેઠકમાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદની રાષ્ટ્રીય કારોબારી સદસ્ય ડો.રાજેશ ડોડીયા, જૂનાગઢ નગરીય ટીમનાં સૌરવ જોષી, સુભાષ મહિલા કોલેજનાં આચાર્ય ડો. બલરામભાઇ ચાવડા, જે.જે.સી.ઇ કોમર્સ કોલેજનાં આચાર્ય ડો. પાવાગઢી,ડો. જોધાણી, જી.એમ.ઇ.આર. કોલેજ જૂનાગઢ અને પોરબંદરનાં ડીનશ્રી, યુનિ.નાં વિવિધ વિભાગનાં વિભાગાધ્યક્ષશ્રીઓ, પીએચ.ડી ક્ષેત્રે અભ્યાસરત્ત વિદ્યાર્થીઓ, અનુસ્નાતક ભવનનાં વિદ્યાર્થીઓએ શૈક્ષણિક સંવાદ કાર્યક્રમમાં સહભાગી બની વિવિધ મુદાઓ પર પોતાનાં સુચનો, મુલ્યવાન અભિપ્રાય રજુ કર્યા હતા. કાર્યક્રમનાં અંતે યુનિ.નાં કુલસચિવ ડો.આર.જી. પરમાર; ઉપસ્થિત સર્વેનું આભાર દર્શન કર્યુ હતુ.



## સુપોષણ જાગૃતિ અભિયાન અર્થે સંવાદ સત્ર યોજાયું

રિપોર્ટર. કમલેશ પટેલ. સંખેડા | આર્ટ્સ અને કોમર્સ કોલેજ સંખેડા ખાતે 24 સપ્ટેમ્બર 2026ના રોજ સુપોષણ જાગૃતિ અભિયાન અંતર્ગત એક સંવાદ સત્ર યોજાયું હતું. આ સત્ર ડૉ. હેડગેવાર જન્મ શતાબ્દી સેવા સમિતિ ટ્રસ્ટ દ્વારા 'સુપોષણ સપ્તાહ'ની ઉજવણી નિમિત્તે આયોજિત કરાયું હતું.આ વ્યાખ્યાનમાં મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના હોમ સાયન્સ વિભાગમાં અનુસ્નાતક અભ્યાસ કરતા પલક ગોસ્વામી અને આસિફા અલીએ વિદ્યાર્થીઓને સંબોધિત કર્યા હતા. તેમણે સુપોષણ અને સ્વસ્થ આરોગ્ય અંગે જ્ઞાનવર્ધક માહિતી આપી હતી.વિદ્યાર્થીઓને દૈનિક આહારમાં કેવા પ્રકારનો ખોરાક લેવો જોઈએ અને આરોગ્યપ્રદ જીવન કેવી રીતે જીવવું તે અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

## એએમએની ૬૯મી વાર્ષિક સામાન્ય સભા યોજાઈ અને હોદ્દેદારોની પુનઃ નિમણૂક કરવામાં આવી: શ્રી રાજીવ ગાંધી, પ્રમુખ અને શ્રી મોહલ સારાભાઈ, ઉપપ્રમુખ



અમદાવાદ | અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન (એએમએ)ની ૬૯મી વાર્ષિક સામાન્ય સભા ગુરુવાર, ૨૪ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ યોજવામાં આવી હતી, અને આ દરમ્યાન એએમએના હોદ્દેદારોની ટીમની સફળતાપૂર્વક પસંદગી કરવામાં આવી હતી. હેસ્ટર બાયોસાયન્સિસ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ શ્રી રાજીવ ગાંધીની એએમએના પ્રમુખ તરીકે; અને અંબાલાલ સારાભાઈ એન્ટરપ્રાઈઝ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર શ્રી મોહલ સારાભાઈની એએમએના ઉપપ્રમુખ તરીકે પુનઃ નિમણૂક કરવામાં આવી છે. એએમએ ૭૦મા વર્ષમાં પ્રવેશ કરીને ૨૦૨૬-૨૭માં તેની પ્લેટિનમ જ્યુબિલીની ઉજવણી કરી રહ્યું છે. ૭૦ એએમએઝિંગ વર્ષના ભાગરૂપે, એએમએ દ્વારા સમગ્ર વર્ષ દરમિયાન સુપ્રતિષ્ઠિત વક્તાઓ સાથેના વિશિષ્ટ કાર્યક્રમો અને ફ્લેગશિપ ઈવેન્ટ્સની શ્રેણીનું આયોજન કર્યું છે. હોદ્દેદારોએ શુભેચ્છા પાઠવતા જણાવ્યું હતું કે, તેના સભ્યો અને સમુદાયના સહયોગથી એએમએ વધુ સીમાચિન્હો હાંસલ કરવા માટે પ્રતિબદ્ધ છે.

## ગાંધીનગર જિલ્લા તિજોરી કચેરી ખાતે 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત શ્રમદાન, સ્વચ્છતા અને વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર| રાજ્યભરમાં ઉત્સાહભેર ચાલી રહેલા 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત 'સેવા મેરા યોગદાન' કાર્યક્રમ હેઠળ આજે ગાંધીનગર સ્થિત જિલ્લા તિજોરી કચેરી ખાતે વિશેષ શ્રમદાન અને સફાઈ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું.આ સફાઈ અભિયાનમાં નાણાં વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી ડો. ટી. નટરાજન, આર્થિક બાબતોના સચિવ શ્રી સંદીપકુમાર, બજેટના અધિક સચિવ શ્રી અરવિંદ વિજયન તથા હિસાબ અને તિજોરી નિયામક શ્રી એસ. જી. વ્યાસ સહિત તમામ ઉચ્ચ અધિકારીશ્રીઓ અને કચેરીના કર્મચારીઓએ સ્વહસ્તે ઉત્સાહપૂર્વક શ્રમદાન કરી સમગ્ર કચેરી પરિસરની સફાઈ કરી હતી અને સ્વચ્છતાનો ઉમદા સંદેશ આપ્યો હતો.આ પ્રસંગે ઉપસ્થિત સૌ અધિકારીઓ અને કર્મચારીઓએ સામૂહિક રીતે 'સ્વચ્છતા શપથ' ગ્રહણ કરી કચેરી પરિસરને હંમેશાં સ્વચ્છ, સુઘડ અને સુંદર રાખવાનો દ્રઢ સંકલ્પ વ્યક્ત કર્યો હતો. સફાઈ અભિયાનની સાથે સાથે પર્યાવરણ જતન અને હરિયાળીના સંદેશ સાથે પેન્શન ચુકવણાં કચેરીના પ્રાંગણમાં વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું.અભિયાન દરમિયાન અધિકારીશ્રીઓએ જણાવ્યું હતું કે, 'સ્વચ્છતા એ માત્ર એક દિવસનું અભિયાન નથી, પરંતુ આપણી સૌની સામૂહિક અને નૈતિક જવાબદારી છે.

## પંચાત રસ



\- રુપાલી દવે

તુમ જો મિલ ગયે હો તો ઐસા લગતા હૈ, કે જહાં મિલ ગયા તહેવારો ની સિઝન માં ચારેય બાજુ સેલસેલ..સેલ ના બોર્ડ લાગ્યા છે ટીવી,રેડિયો કે ન્યૂઝ પેપર એ પણ સેલ સાથે રીતસરનું પેચ અપ કરી લીધું હોય એવું લાગે છે. ગણપતિ બાપ્પા મોરિયા ના નાદ અનંત ચતુર્દશી ના દિવસે શાંત થઇ જશે અમુક દિવસ શ્રાદ્ધ ના દિવસો શાંતિ થી વીત્યા બાદ દિવાળી ની શોપિંગ અને પરિવાર સાથે ઘર ને પણ નવું નકોર બનવાની હરીફાઈ ચાલુ થઈ જશે. આ દિવસો માં પતિઓના ગજવા ને ગૃહિણીઓ ના શોખ હંફાવી નાખતા હોય છે. સાચું કહું મોંઘવારી ગમે તેટલી અધધધ થાય પણ ભારતીય લોકો પારંપરિક તહેવારો ની ઉજવણી માં નાનું સરખું પણ સમાધાન કરતા નથી હોતા. પતિ દેવ ગમે તેટલું આઈબ્રો ની અણી ને ફરકાવી ફરકાવી ને બોલે કે દિવાળી ની પૂજા માં નવા નકોર કપડાં ને બદલે બાપા ના સચવાયેલા ધોતિયા પીતાંબર જ પહેરવા પડતા હોય છે નકામા ખર્ચ મારા માટે ન કરતા.પત્નીઓ જેવું દયાળુ કૃપાળુ પાત્ર ભગવાન ને બીજું બનાવ્યું જ નથી.એક પણ દલીલ ચાલશે નહીં ખબર છે મોલ માં મસ્ત સેલ લાગ્યું છે આ શનિ રવિ ની રજા માં તમારા કપડા ની શોપિંગ થશે,કન્ફર્મ છે તમારા એકપણ બહાના ચાલશે નહી.

મોટાભાગના પરિવારમાં સિંહ ના મોઢા પહેરી ને ફરતી પત્નીઓનું ઘરમાં વધારે ચાલતું હોય એવું બહાર થી લાગતું હોય છે પણ પતિઓ એની ચાલાકી થી પત્નીઓ ને આબાદ રીતે બેવકૂફ બનાવતા હોય છે. જય મંગલ સોસાયટી માં રહેતા દેસાઈ ભાઈ એ દિવાળી ના ખર્ચા થી બચવા માટે ખૂબ મનોમંથન કર્યું પણ ઉપાય સૂઝતો નહતો.પત્ની પ્રેમ માં એવા પાગલ કે ભૂલ થી ભુલ થઈ ને પત્ની નારાજ થઇ જશે તો..તો. સાંભળતા જ પટેલ ભાઈ એ ખંધુ હસતા કહ્યું કે દેસાઈ,તું લક્કી માણસ છો કે તારું બૈરું એકદમ ગાય માતા જેવું ભોળું છે તું જે બોલે એનું પાલન કર્યા કરે છે.આમ તો તારી ભાભી પણ એકદમ પારેવડાં જેવી છે પણ જ્યાર થી મારી સાસુ બોરિયા બિસ્તરા લઈને મારે ત્યાં આવી ધમકી છે ને ત્યાર થી એ દી રાત દીકરી ના કાન ભરવા નું કામ કર્યા કરે છે. કાલ ની જ વાત કરું તમને તો ખબર મારે ધિકધાર નો ધંધો એટલે રાત દિવસ લોકો સાથે લમણા લેવા પડતા હોય છે. કાલ મેં તારી ભાભી કમળા ને ફોન કરીને કહ્યું કે એલી,આજ ટિફિન ન મોકલતી સવાર થી ધંધા ની પંચાત માં પડ્યો છું એટલે ખાવા ની ફુરસત મળશે નહી તો રાતે મારી મન પસંદ તડકતું ભડકતું ખાવાનું બનાવજે. આપણા ને દેશી ખાણું ખૂબ ભાવે એટલે બાજરી ના રોટલા, ખીચડી કાઢી અને રીંગણા નું ભરતું બનાવવાનું કીધું હતું. બન્યું? કે પછી.. દેસાઈ..દેસાઈ..દેસાઈ..મારી ચુડેલ સાસુ ને મારા ખાવા પર શું વાંધો છે મને સમજાતું જ નથી. મારી કમાણી ને મારું ઘર છતાંય તમારી ભાભી કમળા ને એની માતાજી ની વાત માનવાની. દેશી ભાણા ના સ્વાદ માં હોંશે હોંશે ડાઈનિંગ ટેબલ પર બેઠો ત્યાં થાળી માં ભાખરી,અથાણું અને ચા પીરસાઈ. પૂછ્યું કે કેમ? કમળા એ એનું ડાચું ઊંચું નીચું કરતા કહ્યું કે પટેલ,તમારા કામમાં સતત રહેતા ટેન્શન ને લીધે સ્વાસ્થ્ય અંગે વિચારી ને તમારા માટે તામસિક ખોરાક ને બદલે શુદ્ધ સાત્વિક ભોજન બનાવ્યું છે. સાચું કહું દેસાઈ એક મિનિટ માટે તો ગુસ્સા માં વિચાર્યું પણ ખરું કે કમળા નો ચોટલો પકડી ને ગેલરી માંથી ઘા જ કરી દઉં. લે પછી શું કર્યું? ભેંસ પાસે ભાગવત કરવા ને બદલે કમળા ને સબક શીખવાડવા માટે પીરસેલી થાળી ને હાથ જોડીને ચૂપચાપ ઘર ની બહાર નીકળી ગયો. નાટકડી સાસુ માળા ફેરવવાના ઢોંગ કરતી તડુકતા બોલી કે ખબરદાર ઘરની બહાર પગ મૂક્યો છે તો ચુપચાપ જે બન્યું છે તે ખાઈ લ્યો. મારી ડાકણ સાસુ ને તડકાવી ને કીધું કે આ મારું ઘર છે એટલે મારે જે મન ફાવે એ કરીશ,બુઝર્ગ છો એટલે ઈજ્જત કરું છું જો ફરી ક્યારેય મારા ખાવા પર કતાર ફેરવી ને તો ભૂલી જઈશ કે તમે મારા સાસુ અને કમળા ની માતાજી છો. ડોશી અને ડોશી ની દીકરી બન્ને મારો ગુસ્સો જોઈને થીજી જ ગયા.

દેસાઈ સાથે અન્ય જય મંગલ સોસાયટી ના બેત્રણ સભ્યો પટેલ ભાઈ ની વાત સાંભળતા જ ખડખડાટ હસવા લાગ્યા. જય મંગલ સોસાયટી ના સેક્રેટરી બાબુલાલ ભાઈ ધીમેથી બોલ્યા કે ઘેર ઘેર દિવાળી આવતા પત્નીઓ અને બાળકોના ખર્ચાઓ આંખ માં આંસુઓ લાવી દે છે પણ તહેવાર ના લીધે બન્ને માંથી કોઈને ના પાડવાની હિંમત ચાલતી નથી.મારી દિકરી કિલુ ના તો નવરાત્રિ માં પણ ખર્ચા નું લિસ્ટ હોય છે, દર વર્ષે ડિઝાઈનર ડ્રેસ દિવાળી નિમિતે ખરીદે છે પણ આવા ડ્રેસ ખાસ મોકા વગર પહેરતા નથી હોતા,કોણ સમજાવે મારી બૈરી અને દીકરી ને? દેસાઈ ભાઈ એ ધીમેથી પટેલ ભાઈ ને પૂછ્યું કે મારી મુસીબત નો હલ તમારા પાસે હોય તો બતાવો ને. પટેલ ભાઈ એના મોટા કાગડા ની ચાંચ જેવા નાક ને પંપાળતા ઝીણી આંખ કરીને બોલ્યા કે એલા!! દેસાઈ, તારે તો સાસુ અને સાળો ગામડે રહે છે તો ભાભી અને બાળકો ને લઈને ઉપડ ગામડે. એક કાંકરે બે પક્ષી મતલબ ભાભી ખુશ ખુશાલ ને બોનસ પણ ખર્ચાશે નહી.

ખુશ ખુશાલ થતા દેસાઈ બોલ્યો કે હા!!લ્યા, એકદમ પરફેક્ટ આઈડિયા છે મને કેમ મગજ માં કેમ ન આવ્યો? દેસાઈએ ઘર માં પ્રવેશતા જ એની પત્ની ના હાથ માં મીઠું પાન પકડાતા પ્રેમ થી કહ્યું કે ભાગ્યવાન,આ વર્ષે મને ઓફિસ માંથી બોનસ સારું મળવાનું છે તો ચાલ દિવાળી ની રજાઓ માં ક્યાંક ફરવા જઈએ.પત્ની એ તક ઝડપી લેતા પૂછ્યું કે ચીકુ ના પપ્પા,ક્યાં જઈશું? કુલુ મનાલી, સિમલા વગેરે સ્થળો એ તો ફરી આવ્યા છીએ.તો..તો વિદેશ પ્રવાસે જઈએ.

દેસાઈએ સહેજ સ્માઈલ કરીને એની પત્ની ને કહ્યું કે સાચી વાત છે પણ મારા મગજ માં તારા દિલ ને અતિ પસંદ છે એવી જગ્યા છે તું કહે તો.પત્ની એ ખુશ થતા પૂછ્યું કે ક્યાં? દેસાઈ એ હરખાઈ ને કહ્યું કે આ વર્ષે તારા પિયર થોડા દિવસો રોકાવવા જઈએ તો.. કાલ સાળા સાહેબ નો ફોન આવ્યો હતો એ ત્યાં બોલાવવા પર ખૂબ જોર લગાવી ને કહેતા હતા કે જીજાજી,દીદી અને બાળકોને લઈને દિવાળી માં ગામડે પધારો,બા બાપુજી ખૂબ યાદ કરે છે. સાળા સાહેબ ને ત્યાં દિવાળી કરીને હું પણ ગાભા ને સાથે લઈ ને મારા બા બાપુજી ને એકાદ બે દિવસ જઈને મળી આવીશ.

બોલ કેવો આઈડિયા છે? દેસાઈ ની પત્ની ખુશ ખુશાલ થતા બોલી કે તમે કેટલા સારા છો? મારા દિલ ની વાત તુરંત સાંભળી જાવ છો. કિલુ અને ગાભા ની પંચાત માં પાંચ વર્ષ થી પિયર ગઈ નથી.ખરેખર મને ભાઈ અને બા બાપુજી ની ખૂબ યાદ આવતી હતી..તમારો આઈડિયા એકદમ પરફેક્ટ છે પણ થોડી ઘણી તો દિવાળી ની શોપિંગ કરવી પડશે. દેસાઈ એ ખુશ થતા કહ્યું કે અરે!! ગાંડી,જે કમાઉ છું એ તારું જ છે એમાં શું પૂછવાનું? મનભરી ને શોપિંગ કરજે..


પિયર નું નામ પડતા જ સ્ત્રીઓ ને પિયર ના પાદર આગળ સ્વિટ્ઝર્લેન્ડ પણ ઝાંખું લાગતું હોય છે.

# 'ઘેરદાર ઘમ્મરિયા' સાથે ગુજરાતી મનોરંજન જગતમાં મેઘના સંઘાણીની દમદાર એન્ટ્રી

## અભિનય, ડાન્સ અને આકર્ષક સ્ક્રીન પ્રેઝન્સ સાથે નવરાત્રિમાં જોવા મળશે મેઘનાનો નવો અંદાજ



અમદાવાદ | ગુજરાતી મનોરંજન જગતમાં પોતાની આગવી ઓળખ બનાવવા તરફ આગળ વધી રહેલી અભિનેત્રી અને ડાન્સર મેઘના સંઘાણી આ નવરાત્રિએ નવા ગુજરાતી ગરબા સોંગ 'ઘેરદાર ઘમ્મરિયા' સાથે દર્શકો સમક્ષ એક ભવ્ય અને આકર્ષક અંદાજમાં આવી રહી છે. પિક્સેલ પોપ મીડિયા દ્વારા તૈયાર કરવામાં આવેલું અને સારેગામાના પ્લેટફોર્મ પર રજૂ થયેલું 'ઘેરદાર ઘમ્મરિયા' મેઘનાની કલાત્મક સફરનું એક મહત્વપૂર્ણ પગલું છે. ગીતમાં તેનો અભિનય, ડાન્સ, અભિવ્યક્તિ અને સ્ક્રીન પ્રેઝન્સ ખાસ આકર્ષણનું કેન્દ્ર બને છે. પરંપરાગત ગરબાની ઊર્જાને આધુનિક સંગીત અને ભવ્ય વિઝ્યુઅલ્સ સાથે રજૂ કરતા આ ગીતમાં મેઘના એક અલગ જ અંદાજમાં જોવા મળે છે. તેના પરંપરાગત ગુજરાતી લુકથી લઈને ઊર્જાસભર ગરબા અને અભિવ્યક્તિ સુધી, ગીતને એવી રીતે રજૂ કરવામાં આવ્યું છે કે જેમાં ગુજરાતી સંસ્કૃતિની ઝલક સાથે આજની નવી પેઢીને આકર્ષે તેવી આધુનિકતા પણ જોવા મળે છે. પોતાની આ નવી સફર અંગે મેઘના સંઘાણીએ જણાવ્યું હતું કે, "'ઘેરદાર ઘમ્મરિયા' મારા માટે માત્ર એક ગીત નથી, પરંતુ મારા જીવનની એક નવી શરૂઆત છે. ડાન્સ અને અભિનય હંમેશાંથી મારા દિલની ખૂબ નજીક રહ્યાં છે અને હવે તેને મોટા સ્તરે દર્શકો સમક્ષ રજૂ કરવાની તક મળી છે. હું ઈચ્છું છું કે લોકો આ ગીત દ્વારા માત્ર 'ઘેરદાર ઘમ્મરિયા'ને જ નહીં, પરંતુ એક કલાકાર તરીકે મને પણ ઓળખે અને મારા કામ સાથે જોડાય." મેઘનાએ વધુમાં જણાવ્યું હતું કે, "નવરાત્રિ અને ગરબા સાથે દરેક ગુજરાતીનું એક ખાસ ભાવનાત્મક જોડાણ હોય છે. એટલે મારી આ નવી સફરની શરૂઆત ગરબા સાથે થઈ રહી છે તે મારા માટે ખૂબ જ ખાસ છે. પ્રિન્સ ગુપ્તા સાથે કામ કરવાનો અનુભવ અદભૂત રહ્યો. જ્હાનવી શ્રીમાંકરનો અવાજ, કેદાર-ભાર્ગવનું સંગીત અને પાર્થ તારપરાના શબ્દોએ આ ગીતને જે ઊર્જા આપી છે, તેને સ્ક્રીન પર જીવંત કરવાની તક મળવી મારા માટે યાદગાર અનુભવ રહ્યો છે." પિક્સેલ પોપ મીડિયાના ડિરેક્ટર અક્ષય સિંગે જણાવ્યું હતું કે, "'ઘેરદાર ઘમ્મરિયા'ને એક ભવ્ય અને યાદગાર ગરબા સોંગ તરીકે રજૂ કરવાનો અમારો પ્રયાસ રહ્યો છે. મેઘનાએ પોતાના અભિનય, નૃત્ય અને અભિવ્યક્તિ દ્વારા ગીતની ઊર્જાને ખૂબ જ સુંદર રીતે સ્ક્રીન પર રજૂ કરી છે. ખાસ કરીને તેની સ્વાભાવિક સ્ક્રીન પ્રેઝન્સ અને ગરબાની ઊર્જા સાથેનું તેનું જોડાણ ગીતના વિઝ્યુઅલ્સને વધુ અસરકારક બનાવે છે. સમગ્ર ટીમના સુંદર પ્રયાસથી તૈયાર થયેલું 'ઘેરદાર ઘમ્મરિયા' આ નવરાત્રિએ દર્શકો અને ગરબાપ્રેમીઓ સાથે એક ખાસ જોડાણ બનાવશે તેવી અમને આશા છે." આ ગીતને જાણીતા કોરિયોગ્રાફર પ્રિન્સ ગુપ્તાનું ડાયરેક્શન અને કોરિયોગ્રાફી મળ્યાં છે, જ્યારે જાણીતી ગાયિકા જ્હાનવી શ્રીમાંકરે ગીતને પોતાનો અવાજ આપ્યો છે. કેદાર-ભાર્ગવે સંગીત આપ્યું છે.



### અભિનેતા મુશ્તાક ખાનનું 56 વર્ષની વયે અવસાન

મુંબઈ | 'વેલકમ' અભિનેતા મુશ્તાક ખાન હવે નથી રહ્યા. 15 દિવસ સુધી હોસ્પિટલમાં રહ્યા બાદ તેમનું 56 વર્ષની વયે અવસાન થયું.બોલીવુડની અનેક મોટી ફિલ્મોમાં અભિનય કરનારા અભિનેતા મુશ્તાક ખાનનું 56 વર્ષની વયે અવસાન થયું છે. તેઓ લીવર કેન્સર સામે લડી રહ્યા હતા.બોલીવુડમાંથી એક ખૂબ જ દુઃખદ સમાચાર આવી રહ્યા છે. હિન્દી ફિલ્મના દિગ્ગજ અભિનેતા મુશ્તાક ખાનનું 24 સપ્ટેમ્બરના રોજ 56 વર્ષની વયે અવસાન થયું. તેઓ લીવર કેન્સર સામે લડી રહ્યા હતા અને લાંબા સમયથી તેમની સારવાર ચાલી રહી હતી. તેઓ છેલ્લા 15 દિવસથી મુંબઈની નાણાવટી હોસ્પિટલમાં દાખલ હતા. જોકે, તેઓ જીવનની લડાઈ હારી ગયા. તેમનું અચાનક અવસાન ફિલ્મ ઉદ્યોગ માટે કોઈ મોટા આઘાતથી ઓછું નથી.

# ૪૫ વર્ષની ઉંમરે, શ્વેતા તિવારી એક "બેબી ડોલ" બની




(એજન્સી) મુંબઈ | તા.24

ટીવી અભિનેત્રી શ્વેતા તિવારી ફિલ્મોમાં કામ કરવાનું ચાલુ રાખે છે. તે સિદ્ધાર્થ મલ્હોત્રાની 'ધ વન' માં દેખાવા માટે તૈયાર છે અને પ્રમોશનમાં હાજરી આપી રહી છે. તેનો નવો લુક હિટ બન્યો છે.શ્વેતા તિવારી: ૪૫ વર્ષીય શ્વેતા તિવારી ઘણીવાર તેની ફિટનેસ માટે સમાચારમાં રહે છે. તાજેતરમાં, તે સ્મૃતિ ઈરાનીના શો 'ક્યુંકી સાસ ભી કભી બહુ થી' માં જોવા મળી હતી, જ્યાં તેણે તુલસીને મદદ કરી હતી, બંનેને સ્ક્રીન પર એકસાથે જોઈને ચાહકોને ખુશ કર્યા હતા. જો કે, તે શોનો ભાગ નથી, પરંતુ તેની ફિલ્મ 'ધ વન' ને પ્રમોટ કરવા માટે ત્યાં હતી. હવે, તેનો નવો લુક જાહેર થયો છે.શ્વેતા તિવારી તેના ઉત્તમ અભિનય તેમજ તેના ભવ્ય ફેશન સેન્સ માટે જાણીતી છે. તાજેતરમાં, શ્વેતા તિવારીનો કેટલાક નવા ફોટા સામે આવ્યા છે. તેનો ભવ્ય અને સિઝલિંગ લુક ઝડપથી ચાહકોનું ધ્યાન આકર્ષિત કરી રહ્યો છે. શ્વેતા તિવારી હળવા બેબી પિંક બોડીકોન ડ્રેસ પહેરેલી જોવા મળે છે.ફુલ સ્લીવ્ઝ અને ડીપ સ્કૂપ-નેક કટ સાથેનો આ ફીટેડ ડ્રેસ તેની સ્ટાઈલને ખૂબ જ ક્લાસિક લુક આપે છે. કમરની આસપાસ ડ્રેપેડ-સ્ટાઈલ ગેધરિંગ આઉટફિટમાં એક નવો અને ટ્રેન્ડી ટ્વિસ્ટ ઉમેરે છે. તેણીએ સિલ્વર અને પિંક સ્ટોન્સ અને મેચિંગ લટકતી ઈયરિંગ્સ સાથે એક ભવ્ય સ્ટેટમેન્ટ નેકપીસ પણ પહેર્યો હતો, જે નેકલાઈનને પૂરક બનાવે છે.



# 'રાકા'એ રિલીઝ પહેલાં જ બનાવ્યો ગિનીસ વર્લ્ડ રેકોર્ડ

## 37 લોકોનું એકસાથે રિયલ-ટાઇમ મોશન કેપ્ચર કરાયું; USથી આવેલા ખાસ 92 કેમેરાનો ઉપયોગ




(એજન્સી) મુંબઈ | તા.24

સાઉથ એક્ટર અલ્લુ અર્જુન અને ડિરેક્ટર એટલીની ફિલ્મ 'રાકા'એ રિલીઝ પહેલાં જ મોટો રેકોર્ડ પોતાના નામે કરી લીધો છે. ફિલ્મે 'મોસ્ટ પીપલ મોશન-કેપ્ચર્ડ ઈન રિયલ-ટાઈમ' માટે સત્તાવાર રીતે ગિનેસ વર્લ્ડ રેકોર્ડ હાંસલ કર્યો છે.

એક સિંગલ સેશન દરમિયાન એકસાથે 37 કલાકારોની મૂવમેન્ટને રિયલ-ટાઈમમાં ટ્રેક અને કેપ્ચર કરવામાં આવી હતી. આ રેકોર્ડ પ્રક્રિયામાં 4 વર્ષના બાળકથી લઈને 70 વર્ષના વયોવૃદ્ધ કલાકાર સુધીનો સમાવેશ થયો હતો. આ વિશાળ પાયાના સેટઅપને તૈયાર કરવા માટે મેકર્સે લોસ એન્જલસથી આધુનિક ટેક્નોલોજી અને સાધનો મંગાવીને ભારતમાં પોતાનું બેઝ તૈયાર કર્યું હતું.

ફિલ્મના મોશન કેપ્ચર સેશનને પૂર્ણ કરવા માટે 92 ઑપ્ટિકલ મોશન-કેપ્ચર કેમેરાનો ઉપયોગ કરવામાં આવ્યો. તેની સાથે જ રિયલ-ટાઈમ અનરિયલ વિઝ્યુઅલાઈઝેશન, ફેશિયલ કેપ્ચર અને અદ્યતન નેટવર્ક સિસ્ટમને એકસાથે સિંક કરવામાં આવ્યા હતા. સન પિક્ચર્સના વીડિયોમાં મોશન કેપ્ચર ટેક્નિકલ ડિરેક્ટર બ્રાયન રૌશે જણાવ્યું કે, લોકો સમજે છે કે માત્ર એક બટન દબાવવાથી એનિમેશન તૈયાર થઈ જાય છે, જ્યારે એવું નથી. જ્યારે સિનેમેટોગ્રાફર જીકે વિષ્ણુએ જણાવ્યું કે ફિલ્મમાં અનેક મોશન-કેપ્ચર પાત્રો છે, જેમની વચ્ચે ઘણું એક્શન અને ઈન્ટરેક્શન જોવા મળશે.

ડિરેક્ટર એટલીએ જણાવ્યું કે, ભારતમાં મોશન-કેપ્ચર સ્ટેશન ઉપલબ્ધ હતા, પરંતુ 'રાકા'ના વિશાળ વિઝન માટે વધુ ક્ષમતાવાળા સેટઅપની જરૂર હતી. આ માટે તેમણે સન પિક્ચર્સના પ્રોડ્યુસર કલાનિધિ મારન સાથે વાત કરી.

પ્રોડ્યુસરની મંજૂરી મળ્યા બાદ લૉસ એન્જલસથી તમામ જરૂરી સાધનો ભારત મંગાવવામાં આવ્યા અને એક નવો બેઝ સ્થાપિત કરવામાં આવ્યો. ત્યારબાદ ફિલ્મના VFX પ્રોડ્યુસરે 'રાકા'ની જરૂરિયાતોને અનુરૂપ નવી મોશન-કેપ્ચર પાઈપલાઈન અને વર્કફ્લો તૈયાર કર્યો.


આ સિદ્ધિ પર અલ્લુ અર્જુને કહ્યું કે, 'ઘણા લોકો પાસે વિચાર અને વિઝન હોય છે,

પરંતુ તેને આ સ્તરની ગુણવત્તા સાથે સાકાર કરવું મોટી વાત છે.' તેણે આ સફળતાનો શ્રેય ડિરેક્ટર એટલી, સમગ્ર ટેક્નિકલ ટીમ અને આટલા મોટા પ્રોજેક્ટને સપોર્ટ કરવા બદલ સન પિક્ચર્સને આપ્યો.

### ફિલ્મમાં અલ્લુ અર્જુન 4 ભૂમિકાઓ ભજવી શકે છે

'રાકા' એક મોટા બજેટની સાયન્સ-ફિક્શન એક્શન ડ્રામા ફિલ્મ છે. અહેવાલો અનુસાર, ફિલ્મમાં અલ્લુ અર્જુન ચાર અલગ-અલગ પાત્રો ભજવતા જોવા મળી શકે છે, જેમાં દાદા, પિતા અને બે દીકરાઓની ભૂમિકાઓ સામેલ છે. એવી પણ ચર્ચા છે કે, ફિલ્મની વાર્તા પેરલલ યુનિવર્સના કન્સેપ્ટ પર આધારિત હોઈ શકે છે. જોકે, નિર્માતાઓએ હજુ સુધી તેની સત્તાવાર પુષ્ટિ કરી નથી.

ફિલ્મમાં દીપિકા પાદુકોણ, રશ્મિકા મંદાના, જાહ્નવી કપૂર અને મૃણાલ ઠાકુર મુખ્ય ભૂમિકામાં છે. અલ્લુ અર્જુન અને એટલી પહેલીવાર કોઈ પ્રોજેક્ટમાં સાથે કામ કરી રહ્યા છે.




# મોટી મૂછો -લોહીથી ખરડાયેલો હાથ

## 'લવ એન્ડ વૉર'માં રણબીર કપૂરનો દબદબાભર્યો અંદાજ, પહેલો લુક રિવીલ

(એજન્સી) મુંબઈ | તા.24

ફિલ્મ 'લવ એન્ડ વૉર'માંથી રણબીર કપૂરનો પહેલો લુક સામે આવ્યો છે. પોસ્ટરમાં રણબીરનો ઈન્ટેન્સ અને રૉ અંદાજ જોવા મળી રહ્યો છે. રણબીર જાડી મૂછો, લોહીના ડાઘવાળી ટી-શર્ટ અને ગૉગલ્સમાં જોવા મળી રહ્યા છે. તેનો લુક પાત્રના રફ અને મજબૂત અંદાજની ઝલક આપે છે.

શર્ટ પરના લોહીના ડાઘ ફિલ્મની ડાર્ક અને એક્શનથી ભરપૂર કહાની તરફ ઈશારો કરે છે. જ્યારે, ગૉગલ્સ તેના પાત્રને સ્ટાઈલિશ લુક આપી રહ્યા છે. મેકર્સે સોશિયલ મીડિયા પર પોસ્ટર શેર કરીને લખ્યું, 'એ રુતબો, એ રુઆબ, એ જુનૂન! સંજય લીલા ભણસાલીની 'લવ એન્ડ વૉર' 21 જાન્યુઆરી 2027ના રોજ. ફિલ્મમાં મળીએ!'

પોસ્ટરમાં રણબીરનો આ અવતાર અત્યાર સુધીના તેના પાત્રોથી ઘણો અલગ નજરે પડી રહ્યો છે. ફિલ્મમાં રણબીર સાથે આલિયા ભટ્ટ અને વિકી કૌશલ પણ જોવા મળશે. 'લવ એન્ડ વૉર' વિશ્વભરમાં 21 જાન્યુઆરી 2027ના રોજ રિલીઝ થશે. આ ફિલ્મ હિન્દી, તમિલ અને તેલુગુ ભાષામાં રિલીઝ કરવામાં આવશે. તેનું ડિરેક્શન સંજય લીલા ભણસાલીએ કર્યું છે.

સંજય લીલા ભણસાલીની ફિલ્મ 'લવ એન્ડ વૉર'ની રિલીઝ ડેટ અત્યાર સુધીમાં ઘણી વખત બદલાઈ ચૂકી છે. સૌપ્રથમ તેની રિલીઝની જાહેરાત જાન્યુઆરી 2024માં કરવામાં આવી હતી. તે સમયે ફિલ્મને ક્રિસમસ 2025 પર રિલીઝ કરવાની યોજના હતી. મોટા પાયે થઈ રહેલા શૂટિંગ અને પ્રોડક્શનમાં વધુ સમય લાગવાને કારણે રિલીઝ મુલતવી રાખવામાં આવી હતી. ત્યારબાદ માર્ચ 2026માં ફિલ્મ રિલીઝ થવાની વાત સામે આવી હતી. આ દરમિયાન 14 ઑગસ્ટ 2026ની રિલીઝ તારીખની પણ ચર્ચા થઈ હતી.

જોકે, ફિલ્મનું કામ નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ થઈ શક્યું નહીં. ખાસ કરીને મોટા વીએફએક્સ અને હવાઈ એક્શન સીનના કારણે વધુ સમય લાગ્યો. ત્યારબાદ નિર્માતાઓએ ફિલ્મની નવી રિલીઝ તારીખ નક્કી કરી. ફિલ્મને 21 જાન્યુઆરી 2027ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ કરવાની નક્કી કરવામાં આવી છે.

સંજય લીલા ભણસાલીની 'લવ એન્ડ વૉર'માં રણબીર કપૂર, આલિયા ભટ્ટ અને વિકી કૌશલ પહેલી વાર એકસાથે જોવા મળશે. જોકે, રણબીર અને આલિયા આ પહેલાં પણ ભણસાલી સાથે કામ કરી ચૂક્યા છે. રણબીર કપૂરે ભણસાલીના ડિરેક્શનમાં 'સાંવરિયા' (2007)થી બોલિવૂડમાં ડેબ્યૂ કર્યું હતું. ફિલ્મમાં તેની સાથે સોનમ કપૂર પણ મુખ્ય ભૂમિકામાં હતી. આલિયા ભટ્ટે ભણસાલી સાથે પહેલીવાર 'ગંગૂબાઈ કાઠિયાવાડી' (2022)માં કામ કર્યું હતું. ફિલ્મમાં તેણે ગંગૂબાઈની ભૂમિકા ભજવી હતી. આ ભૂમિકા માટે આલિયાને રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારમાં શ્રેષ્ઠ અભિનેત્રીનું સન્માન મળ્યું હતું. બીજી તરફ, વિકી કૌશલે 'લવ એન્ડ વૉર' પહેલાં ભણસાલીના ડિરેક્શનમાં કોઈ ફિલ્મ કરી નથી. આવી સ્થિતિમાં ભણસાલી સાથેની આ તેની પહેલી ફિલ્મ છે.

### 'લવ એન્ડ વૉર'ના સેટ પર જૂનમાં અકસ્માત થયો હતો

ફિલ્મ 'લવ એન્ડ વૉર' જૂન 2026માં સેટ પર થયેલા એક અકસ્માત બાદ ચર્ચામાં આવી હતી. 17 જૂને મુંબઈની ફિલ્મસિટી નજીક આવેલા રોયલ પંપ સ્ટુડિયોમાં 42 વર્ષીય કારપેન્ટર ચંદ્રધારી સિંહ યાદવનું કરંટ લાગવાથી મોત થયું હતું. પ્રારંભિક અહેવાલો અનુસાર, અકસ્માત શોર્ટ સર્કિટને કારણે થયો હતો.

# શાહરુખની નેટવર્થમાં ₹2,500 કરોડનો ઘટાડો : બિગ બીની સંપત્તિમાં તોતિંગ વધારો- લિસ્ટમાં સલમાનની એન્ટ્રી

(એજન્સી) મુંબઈ | તા.24

'હુરુન ઈન્ડિયા રિચ લિસ્ટ 2026'માં શાહરુખ ખાન ફરી એકવાર દેશનો સૌથી અમીર ભારતીય એક્ટર તરીકે ઉભરી આવ્યો છે. 'હુરુન રિપોર્ટ' મુજબ, શાહરુખ ખાનની કુલ સંપત્તિ 10,000 કરોડ રૂપિયા નોંધાઈ છે.

આ યાદીમાં 4,000 કરોડ રૂપિયાની સંપત્તિ સાથે અમિતાભ બચ્ચન બીજા ક્રમે છે. જ્યારે એક્ટર સલમાન ખાને 3,000 કરોડ રૂપિયાની નેટવર્થ સાથે પહેલીવાર આ યાદીમાં પોતાનું સ્થાન બનાવ્યું છે.

આ ઉપરાંત, હૃતિક રોશન પણ 2,500 કરોડ રૂપિયાની સંપત્તિ સાથે દેશના સૌથી અમીર એક્ટરોની યાદીમાં યથાવત્ છે.

શાહરુખ ખાનની કુલ 10,000 કરોડ રૂપિયાની સંપત્તિમાં તેમની પ્રોડક્શન કંપની 'રેડ ચિલીઝ એન્ટરટેઈનમેન્ટ' અને આઈપીએલ ટીમ 'નાઈટ રાઈડર્સ સ્પોર્ટ્સ'નો મોટો ફાળો છે. જોકે, ગયા વર્ષની સરખામણીએ તેમની સંપત્તિમાં થોડો ઘટાડો થયો છે. 'હુરુન ઈન્ડિયા રિચ લિસ્ટ 2025'માં શાહરુખની નેટવર્થ 12,490 કરોડ રૂપિયા નોંધાઈ હતી. જ્યારે આ વર્ષની શરૂઆતમાં જાહેર થયેલી 'હુરુન ગ્લોબલ રિચ લિસ્ટ'માં તેમની કુલ સંપત્તિ 10,800 કરોડ રૂપિયા જણાવાઈ હતી.

રિચ લિસ્ટમાં બીજા ક્રમે રહેલા અમિતાભ બચ્ચનની નેટવર્થમાં ગયા વર્ષની સરખામણીએ મોટો સુધારો જોવા મળ્યો છે. રિપોર્ટ અનુસાર, અમિતાભની સંપત્તિ ગયા વર્ષના 1,630 કરોડ રૂપિયાથી વધીને આ વર્ષે 4,000 કરોડ રૂપિયા થઈ ગઈ છે.

શાહરુખ ખાનની જેમ અમિતાભ બચ્ચન સીધા કોઈ મોટો બિઝનેસ ચલાવતા નથી. તેઓ પોતાની ફેમિલી ઑફિસ મારફતે ઘણી મોટી કંપનીઓ અને રિયલ એસ્ટેટ સેક્ટરમાં ભારે રોકાણ કરે છે, જેના કારણે તેમની સંપત્તિમાં આ વધારો નોંધાયો છે.

સલમાન ખાને આ વર્ષે 3,000 કરોડ રૂપિયાની સંપત્તિ સાથે 'હુરુન ઈન્ડિયા રિચ લિસ્ટ'માં પહેલીવાર સ્થાન મેળવ્યું છે. જ્યારે હૃતિક રોશનની નેટવર્થમાં પણ વધારો થયો છે.

2025ની યાદીમાં હૃતિકની સંપત્તિ 2,160 કરોડ રૂપિયા હતી, જે હવે વધીને 2,500 કરોડ રૂપિયા થઈ ગઈ છે. હૃતિકની સંપત્તિ વધવાનું મુખ્ય કારણ તેમની પોતાની ફિટનેસ અને લાઈફસ્ટાઈલ બ્રાન્ડ 'HRX' છે, જેની માર્કેટમાં કિંમત ઝડપથી વધી છે.

'હુરુન ઈન્ડિયા રિચ લિસ્ટ 2026'માં આ વખતે કેટલાક જૂના મોટા નામોને સ્થાન મળ્યું નથી. ગયા વર્ષે 7,790 કરોડ રૂપિયાની નેટવર્થ ધરાવતી એક્ટ્રેસ જૂહી ચાવલા અને 1,880 કરોડ રૂપિયાની સંપત્તિ ધરાવતા ફિલ્મમેકર કરણ જોહર આ વખતે યાદીમાંથી બહાર છે.

આ દરમિયાન, આગામી ફિલ્મ 'રામાયણ'ના પ્રોડ્યુસર નમિત મલ્હોત્રાના પિતા નરેશ મલ્હોત્રાનો પણ આ યાદીમાં સમાવેશ થયો છે. હુરુનની રિપોર્ટમાં નરેશ મલ્હોત્રાની કુલ સંપત્તિ 16,000 કરોડ રૂપિયા જણાવવામાં આવી છે.

# 'માણસ કરતાં શ્વાન વધુ વફાદાર હોય છે' સુનીતાનો કટાક્ષ



(એજન્સી) મુંબઈ | તા.24

બોલિવૂડનો 'હીરો નં.1' ગોવિંદા હાલમાં તેના અંગત જીવનને લઈને સતત ચર્ચામાં છે. તાજેતરમાં તે પોતાની રૂમર્ડ ગર્લફ્રેન્ડ કોમલ રાની સ્વર્ણકાર સાથે મુંબઈમાં લાલબાગચા રાજાના દર્શન કરવા ગયો હતો. આ દરમિયાન તે સતત કોમલ રાનીનું ધ્યાન રાખતો જોવા મળ્યો હતો. આ દરમિયાન તેની પત્ની સુનીતા આહૂજાનું એક નિવેદન સામે આવ્યું છે, જેમાં તેણે માણસોને દગાબાજ ગણાવ્યા છે અને શ્વાનને વફાદાર ગણાવ્યા છે. જોકે, આ નિવેદન આપતી વખતે સુનીતાએ સીધું ગોવિંદાનું નામ લીધું નહોતું.

વાસ્તવમાં, સુનીતા આહૂજા મુંબઈ એરપોર્ટ પર પોતાના પાલતું શ્વાન વિન્ટર સાથે સ્પોટ થઈ હતી. પાપારાઝી સાથે વાત કરતી વખતે સુનીતાએ કહ્યું કે, માણસોને ગમે તેટલો પ્રેમ કરો, તેનો કોઈ ફાયદો નથી. તે માત્ર દગો જ આપે છે. (શ્વાન વિન્ટર તરફ ઈશારો કરતા કહ્યું) આ લોકોને પ્રેમ કરો. જુઓ તેઓ હંમેશા વળગેલા રહે છે. વિન્ટર મને હંમેશા વિદાય આપવા આવે છે. તેને કેમેરામાં પણ જોતા બરાબર આવડે છે.

મનુષ્યો કરતાં તો પ્રાણીઓ વધુ સારા હોય છે ભાઈ. પ્રાણીઓને પ્રેમ કરો, માણસોને નહીં, માણસો દગાબાજ હોય છે. ગોવિંદા મંગળવારે સાંજે રૂમર્ડ ગર્લફ્રેન્ડ કોમલ રાની સ્વર્ણકાર સાથે મુંબઈના લાલબાગચા રાજા પહોંચ્યો. બંનેએ બાપ્પાનાં દર્શન કર્યા અને પૂજા-અર્ચના કરી. બંનેના અફેરની અફવાઓ ફરી તેજ થઈ ગઈ છે, કારણ કે ગોવિંદા અને રાનીના થોડા સમય પહેલાં જ સુનીતા આહુજા એકલી દર્શન કરવા પહોંચી હતી. જ્યારે ગયા વર્ષ સુધી ગોવિંદા-સુનીતા સાથે ગણેશોત્સવની ઉજવણી કરતા આવ્યા છે. દર્શનનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ ગયો છે. ગોવિંદા અને કોમલ રાનીએ પંડાલમાં પ્રસાદ ધરાવ્યો. બંનેએ પૂજા-અર્ચનામાં ભાગ લીધો.

એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ

# ચેસ ઓલિમ્પિયાડ 2026 રાઉન્ડ આઠમાં ભારત અને અઝરબાઈજાન વચ્ચે જબરદસ્ત ટક્કર




(એજન્સી) સમરકંદ । તા. 24

ઉઝબેકિસ્તાનની ઐતિહાસિક ધરતી પર ચાલી રહેલી વૈશ્વિક સ્પર્ધા એવી ચેસ ઓલિમ્પિયાડ બે હજાર છવીસ અંતર્ગત આજે રાઉન્ડ આઠના રોમાંચક મુકાબલાનો પ્રારંભ થવા જઈ રહ્યો છે, જેમાં ભારતીય ખેલાડીઓ પોતાની અદ્ભુત કુશળતાના બળે સતત વિજયી ગતિ જાળવી રાખવાના મક્કમ ઈરાદા સાથે મેદાનમાં ઉતરી રહ્યા છે. અગાઉના રાઉન્ડમાં ાનદાર પ્રદર્શન કરતા ભારતીય ટીમે ઈંગ્લેન્ડ અને જર્મની જેવી મજબૂત ટીમો સામે યાદગાર વિજય મેળવ્યો હતો, જેનાથી ખેલાડીઓનો ઉત્સાહ સાતમા આસમાને પહોંચી ગયો છે.

મીડિયા અહેવાલ અનુસાર, આ મહત્વપૂર્ણ આઠમા રાઉન્ડમાં ઓપન વિભાગ અંતર્ગત ભારતનો મુકાબલો મજબૂત અઝરબાઈજાન સામે થશે, જ્યારે મહિલા વર્ગની સ્પર્ધામાં ભારતીય મહિલા ખેલાડીઓ કઝાકિસ્તાનની ટીમ સામે પોતાની રમતનું ઉત્કૃષ્ટ પ્રદર્શન કરશે. ભારતના દિગ્ગજ ગ્રાન્ડમાસ્ટર્સ ગુકેશ, પ્રજ્ઞાનંદ અને અર્જુન એરિગાઈસી ઓપન વિભાગમાં જીત મેળવવા માટે ભરપૂર પરસેવો પાડી રહ્યા છે, જ્યારે મહિલા વિભાગમાં કોનેરૂ હમ્પી, વૈશાલી અને દિવ્યા દેશ માટે વિજય મેળવવા સજ્જ છે. ટીમની રણનીતિમાં કેટલાક નવા ફેરફારો પણ કરવામાં આવ્યા છે, જેનાથી વિજયની સંભાવનાઓ વધુ પ્રબળ બની છે.

સાત રાઉન્ડની રમત પૂર્ણ થયા બાદ ભારતીય ટીમ બાર પોઈન્ટ સાથે પોઈન્ટ ટેબલ પર ત્રીજા સ્થાન પર મજબૂતીથી બિરાજમાન છે, જ્યારે નેધરલેન્ડ અને યજમાન ઉઝબેકિસ્તાન પણ રેસમાં આગળ ચાલી રહ્યા છે. ખેલાડીઓની આ સખત મહેનત અને માનસિક એકાગ્રતા દેશના રમત જગતમાં નવો ઈતિહાસ રચવા માટે તૈયાર છે. આંતરરાષ્ટ્રીય સ્તરે દેશનું નામ રોશન કરી રહેલા આ તમામ પ્રતિભાશાળી ખેલાડીઓ આગામી મેચોમાં પણ પોતાની સર્વશ્રેષ્ઠ રમત રજૂ કરશે તેવી સમગ્ર દેશને આશા છે.

## મુંબઈ ઈન્ડિયન્સ કોચ બદલાવ અપડેટ નવી રણનીતિ



(એજન્સી) મુંબઈ । તા. 24

ભારતીય ક્રિકેટ જગતમાં આજે એક મોટા સમાચાર સામે આવી રહ્યા છે, જ્યાં ઈન્ડિયન પ્રીમિયર લીગની પ્રખ્યાત અને બે વખતની ચેમ્પિયન મુંબઈ ઈન્ડિયન્સ મહિલા ક્રિકેટ ટીમે પોતાના મુખ્ય પ્રશિક્ષક એટલે કે હેડ કોચ પદેથી લીસા કીટલીની વિદાયની સત્તાવાર પુષ્ટિ કરી છે. ઓસ્ટ્રેલિયાના આ દિગ્ગજ ખેલાડી અને અનુભવી કોચે તાજેતરમાં જ પોતાના દેશમાં એક નવી મોટી જવાબદારી સંભાળી લીધી હોવાના કારણે ફ્રેન્ચાઈઝી સાથેનો સાથ છોડવાનો નિર્ણય લીધો છે. આ મહત્વપૂર્ણ ઘટનાક્રમ બાદ હવે આગામી સિઝન માટે ટીમની રણનીતિમાં મોટા ફેરફારો જોવા મળી શકે છે.

મીડિયા અહેવાલ અનુસાર, મુંબઈ ઈન્ડિયન્સની મહિલા ટીમ સાથે બે વર્ષ સુધી સફળતાપૂર્વક જોડાયેલા રહેલા મુખ્ય પ્રશિક્ષક લીસા કીટલીએ પોતાના અંગત અને વ્યાવસાયિક કારણોસર આ પદ છોડ્યું છે. ઓસ્ટ્રેલિયાની રાષ્ટ્રીય ક્રિકેટ સંસ્થામાં નેશનલ ડેવલપમેન્ટ લીડ તરીકેની નવી ભૂમિકા સ્વીકાર્યા બાદ તેમણે મુંબઈ ટીમથી અલગ થવાનો નિર્ણય કર્યો છે. તેમના આ કાર્યકાળ દરમિયાન ટીમનું પ્રદર્શન ખૂબ જ શાનદાર રહ્યું હતું, પરંતુ હવે તેઓ આગામી સમયમાં ઓસ્ટ્રેલિયન મહિલા ક્રિકેટની નવી પ્રતિભાઓને નિખારવા માટેનું કામ કરશે. ફ્રેન્ચાઈઝી દ્વારા પણ તેમના યોગદાનની પ્રશંસા કરવામાં આવી છે.

આ ફેરફાર બાદ મુંબઈ ઈન્ડિયન્સ મેનેજમેન્ટે પણ તાત્કાલિક ધોરણે મોટો નિર્ણય લેતા આગામી ટુર્નામેન્ટ માટે નવા મુખ્ય પ્રશિક્ષક તરીકે લ્યુક વિલિયમ્સની સત્તાવાર જાહેરાત કરી દીધી છે. લ્યુક વિલિયમ્સ અગાઉ પણ મહિલા ક્રિકેટ જગતમાં પોતાની વિજેતા રણનીતિ અને કુશળ માર્ગદર્શન માટે જાણીતા રહ્યા છે.

# એશિયન ગેમ્સમાં ભારતીય હોકી ટીમનો ભવ્ય વિજય, ગ્રૂપ એમાં ભારતનું શાનદાર પ્રદર્શન

(એજન્સી) ગિફુ । તા. 24



જાપાનની આઈચી-નાગોયા ખાતે ચાલી રહેલી વીસમી એશિયન ગેમ્સના રોમાંચક માહોલ વચ્ચે ગુરુવારે ગિફુ પ્રિફેક્ચરલ ગ્રીન સ્ટેડિયમ ખાતે રમાયેલા પુરુષોની હોકી સ્પર્ધાના એક અત્યંત મહત્વપૂર્ણ મુકાબલામાં ભારતીય રાષ્ટ્રીય હોકી ટીમે શાનદાર અને આક્રમક રમતનું પ્રદર્શન કરતા દક્ષિણ કોરિયાની મજબૂત ટીમને આઠ વિરુદ્ધ બે ગોલના મોટા અંતરથી ધૂળ ચટાડી છે. આ વિજય સાથે જ ભારતીય ટીમે ટૂર્નામેન્ટમાં પોતાની વિજયી કૂચ અક્ષુ રાખી છે અને પોઈન્ટ ટેબલ પર પોતાનું સ્થાન વધુ મજબૂત બનાવ્યું છે.

મીડિયા અહેવાલ અનુસાર, મેચની શરૂઆતથી જ ભારતીય ખેલાડીઓએ મેદાન પર પોતાનું વર્ચસ્વ સ્થાપિત કરી દીધું હતું. મેચના પ્રારંભિક ચરણમાં જ ભારતીય ફોરવર્ડ લાઈનના ખેલાડીઓએ વિરોધી ટીમની રક્ષણાત્મક દીવાલને તોડીને ઉપરાઉપરી ગોલ ફટકારવાનું શરૂ કર્યું હતું. ભારત તરફથી શાનદાર રમતનું પ્રદર્શન કરતા સ્ટાર ખેલાડીઓ દિલપ્રીત સિંહ અને અભિષેકે બે-બે શાનદાર ગોલ ફટકારીને મેચમાં પોતાની પકડ મજબૂત કરી હતી. આ ઉપરાંત સુખજીત સિંહ, કેપ્ટન હરમનપ્રીત સિંહ, રાજીન્દર સિંહ અને શિલાનંદ લાકડાએ પણ એક-એક ગોલ કરીને ટીમની જીતમાં મહત્વનું યોગદાન આપ્યું હતું. દક્ષિણ કોરિયા તરફથી કિમ જેહો અને કિમ યોંગબોકે ગોલ કરીને ખાતું ખોલાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ભારતીય ડિફેન્સ અને ગોલકીપરની ઉત્કૃષ્ટ રમત આગળ તેમની એક પણ કોશિશ કારગર સાબિત થઈ શકી ન હતી. આ એશિયન ગેમ્સમાં ભારતીય હોકી ટીમનું અત્યાર સુધીનું પ્રદર્શન અત્યંત પ્રશંસનીય રહ્યું છે. કોચ ક્રેગ ફુલટનના માર્ગદર્શન હેઠળ રમી રહેલી આ ટીમે ગ્રૂપ સ્ટેજની પોતાની ત્રણેય મેચોમાં શાનદાર વિજય મેળવીને સેમિફાઈનલ તરફ મજબૂત કદમ માંડ્યા છે.

# શુભમન ગિલ નસીબદાર છે કે તેને રોહિત વિરાટનો સાથ મળ્યો

(એજન્સી) ન્યૂ દિલ્હી । તા. 24



ભારતીય ક્રિકેટ ટીમના પ્રમુખ કોચ ગૌતમ ગંભીરે આગામી તારીખ સતાવીસ સપ્ટેમ્બરે તિરુવનંતપુરમના ગ્રીનફિલ્ડ ઈન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે વેસ્ટ ઈન્ડિઝ સામે રમાનારી મહત્વપૂર્ણ પ્રથમ વન-ડે મેચ પહેલા યોજાયેલી પત્રકાર પરિષદમાં યુવા કપ્તાન શુભમન ગિલના નેતૃત્વની ભરપૂર પ્રશંસા કરી છે અને સ્પષ્ટ કર્યું છે કે આ યુવા ખેલાડીને વિશ્વના દિગ્ગજ ખેલાડીઓનું માર્ગદર્શન મળી રહ્યું છે.

મુખ્ય કોચ ગૌતમ ગંભીરે એક વિશેષ મુલાકાતમાં જણાવ્યું હતું કે વન-ડે ક્રિકેટમાં શુભમન ગિલ ખૂબ જ ભાગ્યશાળી છે કે તેને મેદાન પર તેમજ મેદાનની બહાર માર્ગદર્શન આપવા માટે રોહિત શર્મા અને વિરાટ કોહલી જેવા અત્યંત અનુભવી ખેલાડીઓનો સાથ સાંપડ્યો છે. નાની વયે ઘણીવાર લાગણીઓના પ્રવાહમાં તણાઈ જવાની સંભાવના રહે છે, પરંતુ ગિલે પોતાની અદ્ભુત શાંતિ જાળવી રાખીને ઉત્તમ પરિપક્વતા દર્શાવી છે. રોહિત શર્મા અને વિરાટ કોહલીની ટીમમાં વાપસી થવાથી ભારતીય બેટિંગ લાઈન-અપને પહેલા કરતાં વધુ મજબૂતી મળશે, જ્યારે અન્ય ખેલાડીઓ પણ પોતાની જવાબદારીઓ સારી રીતે નિભાવશે. કોચ ગંભીરે ગિલના વખાણ કરતા વધુમાં ઉમેર્યું હતું કે તેણે અત્યાર સુધીના દરેક મોરચે ઉત્તમ પ્રદર્શન કર્યું છે અને તે માત્ર રન બનાવીને જ નહીં પરંતુ પોતાના સંયમિત વર્તન અને રમત પ્રત્યેની નિષ્ઠાથી ટીમનું સચોટ નેતૃત્વ કરી રહ્યો છે. ગિલે અગાઉ પણ વેસ્ટ ઈન્ડિઝ સામે શાનદાર પ્રદર્શન કર્યું હતું અને તે આ સીરિઝમાં પણ પોતાના રેકોર્ડને વધુ મજબૂત કરવાના મક્કમ ઈરાદા સાથે મેદાનમાં ઉતરશે. પ્રથમ મેચ બાદ આગામી બીજી વન-ડે મેચ તારીખ ત્રીસ સપ્ટેમ્બરે ગુવાહાટીમાં અને ત્રીજી વન-ડે મેચ તારીખ ત્રણ ઓક્ટોબરે ન્યુ ચંદીગઢ ખાતે રમાશે, ત્યારબાદ આ સમગ્ર પ્રવાસ અંતર્ગત સત્તાર ઓક્ટોબર સુધી ટી-20 સીરિઝ રમાવાની યોજના છે.

વર્ષ બે હજાર સત્તાવીસના આગામી વન-ડે વર્લ્ડ કપને ધ્યાનમાં રાખીને ભારતીય ટીમનું નેતૃત્વ અત્યારથી જ એક સુવ્યવસ્થિત આયોજન હેઠળ આગળ વધી રહ્યું છે. આ સમગ્ર સફરમાં વરિષ્ઠ ખેલાડીઓનું માર્ગદર્શન અત્યંત મહત્વપૂર્ણ સાબિત થઈ રહ્યું છે. યુવા ખેલાડીઓ પરથી દબાણ ઘટાડવા અને તેમને સ્વતંત્ર રીતે રમવાની તક આપવા માટે કોચિંગ સ્ટાફ સતત પ્રયત્નશીલ છે. વેસ્ટ ઈન્ડિઝ સામેની આ આગામી શૃંખલા માત્ર એક રમત નથી, પરંતુ યુવા કપ્તાનની આગેવાની હેઠળ ટીમની ક્ષમતાને ચકાસવાની એક સુવર્ણ તક છે, જે ભારતીય ક્રિકેટના ઉજ્જવળ ભવિષ્ય માટે અત્યંત આવશ્યક સાબિત થશે.

# એશિયન ગેમ્સ બેડમિન્ટન ડ્રો જાહેર થયા



(એજન્સી) ન્યૂ દિલ્હી । તા. 24

જાપાનના આઈચી-નાગોયા ખાતે રમાઈ રહેલી વીસમી એશિયન ગેમ્સના બેડમિન્ટન મુકાબલા માટેના સત્તાવાર ડ્રો જાહેર કરી દેવામાં આવ્યા છે, જેમાં ભારતના દિગ્ગજ અને યુવા ખેલાડીઓની આગામી ટક્કરનું ચિત્ર સ્પષ્ટ થઈ ગયું છે. આ મહાસત્તા સ્પર્ધામાં ભારતના સ્ટાર શટલર્સ માટે શરૂઆતની સફર ઉત્સાહવર્ધક રહી છે, કારણ કે દેશના અગ્રણી ખેલાડીઓને પ્રથમ રાઉન્ડમાં સીધી છૂટ મળી છે, જ્યારે અન્ય ખેલાડીઓ પણ મેડલ જીતવા માટે સંપૂર્ણપણે તૈયાર થઈને મેદાનમાં ઉતરી રહ્યા છે.

એશિયન ગેમ્સની સિંગલ્સ સ્પર્ધામાં ભારતના પ્રમુખ ખેલાડીઓ જેમ કે લક્ષ્ય સેન અને બે વખતની ઓલમ્પિક મેડલ વિજેતા પી વી સિંધુએ પોતાની આગવી પ્રતિભાના જોરે પ્રથમ રાઉન્ડમાં બાય મેળવી લીધો છે, જેના કારણે તેઓ સીધા બીજા રાઉન્ડમાં પોતાના અભિયાનનો પ્રારંભ કરશે. બીજી તરફ, યુવા ખેલાડી ઉન્નતિ હૂડા મહિલા સિંગલ્સના પ્રથમ રાઉન્ડમાં ઉત્તર કોરિયાની યુ મી સોંગ સામે ટકરાશે, જ્યારે આયુષ શેટ્ટીના વિરોધી ખેલાડી અંગે ટૂંક સમયમાં જ અંતિમ નિર્ણય લેવામાં આવશે. ડબલ્સ મુકાબલામાં પણ સાત્વિકસાઈરાજ રેન્કીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીની જોડી થાઈલેન્ડના ખેલાડીઓ સામે પોતાની પહેલી મેચ રમશે. આ વૈશ્વિક બેડમિન્ટન સ્પર્ધામાં ભારતીય ખેલાડીઓનું પ્રદર્શન માત્ર તેમની વ્યક્તિગત ક્ષમતા જ નહીં, પરંતુ દેશની રમતગમતની પ્રગતિને પણ દર્શાવે છે. કોચિંગ સ્ટાફ અને સહાયક ટીમના માર્ગદર્શન હેઠળ તમામ ખેલાડીઓ વિજયી બનવા માટે પરસેવો પાડી રહ્યા છે.

એશિયન ગેમ્સના આ મંચ પરથી ભારતીય શટલર્સ ઈતિહાસ રચવા માટે પૂરી તાકાત લગાવી રહ્યા છે, અને આગામી દિવસોમાં રમાનારા આ રોમાંચક મુકાબલાઓથી દેશના રમત જગતમાં નવો ઉત્સાહ અને ઉમંગ જોવા મળશે તેવી પૂરી આશા છે.

### યુગલ મુકાબલામાં ભારતીય જોડીઓનો જંગ

યુગલ વર્ગની અન્ય સ્પર્ધાઓમાં પણ ભારતીય ખેલાડીઓ સામે મજબૂત પ્રતિસ્પર્ધીઓનું આહ્વાન રહેલું છે. ત્રિશા જોલી અને ગાયત્રી ગોપીચંદની જોડી હોંગકોંગના ખેલાડીઓ સામે ટકરાશે, જ્યારે કાવ્રિયા સેલવમ અને સિમરન સિંઘીની જોડી ઈન્ડોનેશિયાની મજબૂત ટીમ સામે પોતાની રમતનું પ્રદર્શન કરશે. પુરૂષોની ડબલ સ્પર્ધામાં આર. અર્જુન અને હરિહરણ અમસકરુનનની જોડી ઈન્ડોનેશિયાના ખેલાડીઓ સામે સખત સંઘર્ષ કરતી નજરે પડશે. આ તમામ ખેલાડીઓની સખત મહેનત અને પ્રશિક્ષણ પર સમગ્ર દેશની નજર ટકેલી છે.

# એશિયન ગેમ્સમાં ભારતે રચ્યો અદ્ભુત ઈતિહાસ, એશિયન ગેમ્સ શૂટિંગ કાંસ્ય પદક

(એજન્સી) આઈચી-નાગોયા । તા. 24




જાપાનની પાવન ધરતી પર ચાલી રહેલી વીસમી એશિયન ગેમ્સની રમતોત્સવ વચ્ચે ગુરુવારે ભારતીય શૂટિંગ જગતમાંથી એક અત્યંત ગર્વભર્યા સમાચાર સામે આવ્યા છે, જ્યાં ભારતના પ્રતિભાશાળી ખેલાડીઓ અનંત જીત સિંહ નરુકા અને પરિનાઝ ધાલીવાલે મિક્સ્ડ સ્કીટ ટીમ સ્પર્ધામાં પોતાની અદભુત રમતનું પ્રદર્શન કરતા દેશ માટે બ્રોન્ઝ મેડલ જીતીને એક નવો ઈતિહાસ રચી દીધો છે. આ કેટેગરીમાં ભારતનો આ સર્વપ્રથમ મેડલ છે, જેનાથી સમગ્ર દેશના ખેલ પ્રેમીઓમાં ખુશીની લહેર છવાઈ ગઈ છે અને રાષ્ટ્રીય ધ્વજ ગર્વથી ઊંચો થયો છે.

મીડિયા અહેવાલ અનુસાર, આ મહત્વપૂર્ણ સ્પર્ધાની શરૂઆતમાં ભારતીય જોડીએ થોડી ધીમી શરૂઆત કરી હતી અને પ્રથમ સિરીઝમાં માત્ર સાત જ નિશાના સાધ્યા હતા, જ્યારે ચીન અને કોરિયાની ટીમો આઠ અંક સાથે આગળ હતી. પરંતુ આ બંને ભારતીય ખેલાડીઓએ પોતાના પરનો વિશ્વાસ ગુમાવ્યા વગર અદ્ભુત સંયમ અને કુશળતા દાખવીને શાનદાર પુનરાગમન કર્યું હતું. સતત કઠિન રાઉન્ડ્સમાંથી પસાર થતાં તેમણે પોતાની ગતિ અને સચોટતા જાળવી રાખી હતી અને ચોત્રીસ શોટ્સ પછી છડતાલીસ પોઈન્ટ સાથે પોતાનું સ્થાન મજબૂત કરી લીધું હતું. આ અંતિમ ચરણ સુધીની રોમાંચક સફરમાં તેમણે કઠિન સ્પર્ધાનો સામનો કરીને ત્રીજું સ્થાન નિશ્ચિત કર્યું હતું.

આ ઐતિહાસિક સફળતા પહેલા ભારતીય જોડીએ ક્વોલિફિકેશન રાઉન્ડમાં પણ અત્યંત પ્રશંસનીય પ્રદર્શન કર્યું હતું. કુલ એકસો પચાસમાંથી એકસો અડત્રીસ અંક મેળવીને આ જોડીએ ચોથા ક્રમે રહીને મેડલ રાઉન્ડમાં પ્રવેશ કર્યો હતો. ક્વોલિફિકેશનના ત્રણેય ચરણોમાં અનુક્રમે ચાલીસ, સુડતાલીસ અને સુડતાલીસ સ્કોર કરીને તેમણે પોતાની મજબૂત દાવેદારી નોંધાવી હતી. આ પદક અનંત જીત સિંહ નરુકા અને પરિનાઝ ધાલીવાલ બંને માટે વર્તમાન રમતોત્સવનો બીજો મહત્વપૂર્ણ મેડલ સાબિત થયો છે, કારણ કે અગાઉ પણ તેઓ ટીમ સ્પર્ધાઓમાં દેશ માટે પદક જીતી ચૂક્યા છે.

આ મહાસત્તા સ્પર્ધાના મંચ પર ભારતીય શૂટર્સનું આ પ્રકારનું પ્રદર્શન દેશની રમતગમતની પ્રગતિની સાક્ષી પૂરે છે. કોચિંગ સ્ટાફ અને સહાયક અધિકારીઓના માર્ગદર્શન હેઠળ ખેલાડીઓએ જે રીતે દબાણ વચ્ચે પણ ઉત્કૃષ્ટ માનસિક મનોબળ બતાવ્યું છે, તે આવનારી પેઢી માટે પણ પ્રેરણારૂપ બનશે. આ ભવ્ય વિજય બાદ ભારતીય ખેલાડીઓનો ઉત્સાહ ચરમસીમા પર પહોંચી ગયો છે અને આગામી દિવસોમાં રમાનારી અન્ય સ્પર્ધાઓમાં પણ ભારત વધુમાં વધુ ગોલ્ડ મેડલ જીતીને ઈતિહાસના પાનાઓમાં પોતાનું નામ સ્વર્ણિમ અક્ષરે અંકિત કરશે તેવી પૂરી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# એશિયન ગેમ્સમાં ભારત પાકિસ્તાન મહામુકાબલો

## એશિયન ગેમ્સમાં ભારત પાકિસ્તાન ફાઈનલ જંગ

(એજન્સી) આઈચી-નાગોયા । તા. 24

જાપાનની ધરતી પર વીસમી એશિયન ગેમ્સનો ભવ્ય પ્રારંભ થઈ ચૂક્યો છે, જ્યાં ચોવીસ સપ્ટેમ્બરથી પુરૂષોની ક્રિકેટ સ્પર્ધાનો રોમાંચક દોર શરૂ થવા જઈ રહ્યો છે. આ મહાસત્તા સ્પર્ધામાં ભારત અને પાકિસ્તાન સહિત કુલ દસ પ્રમુખ દેશોની ટીમો મેડલ જીતવા માટે મેદાનમાં ઉતરી રહી છે, જેમાં બંને કટ્ટર હરીફો વચ્ચે આગામી ત્રણ ઓક્ટોબરે ગોલ્ડ મેડલ અથવા બ્રોન્ઝ મેડલ માટે શાનદાર ટક્કર થવાની પૂરેપૂરી સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે.

આંતરરાષ્ટ્રીય રેન્કિંગ અને શ્રેણીના આધારે ભારત, પાકિસ્તાન, શ્રીલંકા અને બાંગ્લાદેશ જેવી ચાર શક્તિશાળી ટીમોને સીધી ક્વાર્ટર ફાઈનલ મેચમાં પ્રવેશ આપવામાં આવ્યો છે. જ્યારે યજમાન જાપાન, અફઘાનિસ્તાન, નેપાળ, ઓમાન, મલેશિયા અને હોંગકોંગ જેવી અન્ય ટીમોને બે અલગ અલગ જૂથોમાં વહેંચવામાં આવી છે. આ પ્રારંભિક જૂથ તબક્કાના મુકાબલા બાદ ટોચની ટીમો ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કરશે, જ્યાં તેમનો મુકાબલો સીધી એન્ટ્રી મેળવનાર ભારત અને પાકિસ્તાન જેવી દિગ્ગજ ટીમો સામે થશે.

ટુર્નામેન્ટના આયોજન અને ડ્રો મુજબ, શરૂઆતના તબક્કામાં ભારત અને પાકિસ્તાન વચ્ચે સીધી મેચ થવાની કોઈ સંભાવના નથી, કારણ કે બંને ટીમોને અલગ અલગ બ્રેકેટમાં રાખવામાં આવી છે. પરંતુ જો બંને ટીમો પોતપોતાની ક્વાર્ટર ફાઈનલ અને સેમિફાઈનલ મેચોમાં વિજય મેળવશે, તો ક્રિકેટ પ્રેમીઓને આગામી ત્રણ ઓક્ટોબરે ગોલ્ડ મેડલ માટે ભારત અને પાકિસ્તાન વચ્ચે એક અત્યંત રોમાંચક અને હાઈ-વોલ્ટેજ મહામુકાબલો જોવા મળી શકે છે. જો બંને ટીમો સેમિફાઈનલ હારી જાય તો પણ ત્રીજા સ્થાન માટે મેચ રમાઈ શકે છે. એશિયન ગેમ્સના ઈતિહાસમાં ક્રિકેટને ચોથી વખત સ્થાન મળ્યું છે અને આ વૈશ્વિક મંચ પર એશિયન દેશો વચ્ચેનો મુકાબલો હંમેશાંથી રોમાંચક રહ્યો છે. ભારતીય ટીમ પોતાની ઉત્કૃષ્ટ રમત અને શિસ્તબદ્ધ પ્રદર્શનના આધારે મેડલ જીતવા માટે સંપૂર્ણપણે સજ્જ છે. આ પ્રવાસ માત્ર ટ્રોફી જીતવા પૂરતો મર્યાદિત નથી, પરંતુ યુવા ખેલાડીઓ માટે પોતાની પ્રતિભા સાબિત કરવાની એક સુવર્ણ તક પણ પૂરી પાડે છે, જેનાથી આગામી સમયમાં ભારતીય ક્રિકેટનું ભવિષ્ય વધુ ઉજ્જવળ બનશે. ટુર્નામેન્ટના આયોજન અને ડ્રો મુજબ, શરૂઆતના તબક્કામાં ભારત અને પાકિસ્તાન વચ્ચે સીધી મેચ થવાની કોઈ સંભાવના નથી, કારણ કે બંને ટીમોને અલગ અલગ બ્રેકેટમાં રાખવામાં આવી છે. પરંતુ જો બંને ટીમો પોતપોતાની ક્વાર્ટર ફાઈનલ અને સેમિફાઈનલ મેચોમાં વિજય મેળવશે, તો ક્રિકેટ પ્રેમીઓને આગામી ત્રણ ઓક્ટોબરે ગોલ્ડ મેડલ માટે ભારત અને પાકિસ્તાન વચ્ચે એક અત્યંત રોમાંચક અને હાઈ-વોલ્ટેજ મહામુકાબલો જોવા મળી શકે છે.

મેડલ // રોઈંગ મેડલ વિજેતા, સલમાન ખાન એશિયન ગેમ્સ વિજેતા

# આ.રા.કક્ષાની સ્પર્ધામાં ભારતના સલમાન ખાને મેડલ જીત્યા

(એજન્સી) આઈચી-નાગોયા । તા. 24



જાપાનની ધરતી પર યોજાયેલી એશિયન ગેમ્સ બે હજાર છવીસમાં ભારતીય ખેલાડીઓએ અદ્ભુત પ્રદર્શન કરીને સમગ્ર દેશનું નામ રોશન કર્યું છે, જેમાં રોઈંગ સ્પર્ધાના માધ્યમથી એક નવો ઈતિહાસ રચાયો છે. આંતરરાષ્ટ્રીય કક્ષાની આ મહાસત્તા સ્પર્ધામાં ભારતના પ્રતિભાશાળી રોઅર્સ સતનામ સિંહ અને સલમાન ખાને પુરુષોની ડબલ સ્કલ્સ સ્પર્ધામાં અત્યંત રોમાંચક મુકાબલો ખેલીને બ્રોન્ઝ મેડલ પોતાના નામે કર્યો છે. આ ભવ્ય સફળતાથી સમગ્ર દેશમાં ખુશીની લહેર છવાઈ ગઈ છે અને રમત જગતમાં ભારતની ગરિમા વધુ મજબૂત બની છે.

મીડિયા અહેવાલ મુજબ, આ અંતિમ મુકાબલા દરમિયાન ભારતીય જોડીએ શરૂઆતથી જ પોતાની ગતિ અને સમન્વય જાળવી રાખ્યો હતો. રેસના અંતિમ પચાસ મીટરના નિર્ણાયક ચરણમાં આ ભારતીય ખેલાડીઓએ અસાધારણ તાકાત અને કૌશલ્યનું પ્રદર્શન કરીને ત્રીજું સ્થાન મજબૂત કર્યું હતું, જેના પરિણામે ભારત માટે બ્રોન્ઝ મેડલ સત્તાવાર રીતે નિશ્ચિત થયો હતો. આ કેટેગરીમાં ભારતનો આ સર્વપ્રથમ મેડલ છે, જે દર્શાવે છે કે આપણા ખેલાડીઓ વૈશ્વિક સ્તરે કેવું ઉચ્ચ સ્તરીય પ્રદર્શન કરી રહ્યા છે.

આ ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરનાર યુવા ખેલાડી સલમાન ખાનની વ્યક્તિગત જીવનસફર અત્યંત સંઘર્ષપૂર્ણ, પ્રેરણાદાયી અને ભાવનાત્મક રહી છે. ઉત્તર પ્રદેશના અમેઠી જિલ્લાના વતની સલમાન ખાન ચાર ભાઈઓ અને બે બહેનોમાં સૌથી મોટા છે. નાની વયે જ પિતાનું અચાનક અવસાન થતાં આખા પરિવારના ભરણપોષણની ભારે જવાબદારી તેમના । પર આવી પડી હતી. આર્થિક પરિસ્થિતિ અત્યંત કફોડી બનતા તેમણે પોતાના પરિવારનું ગુજરાન ચલાવવા માટે દિલ્હીની રસ્તાઓ પર દિવસ-રાત ટેક્સી ચલાવી હતી. જીવનના આવા વિકટ સમયમાં પણ તેમણે હિંમત હારી ન હતી અને પોતાના સ્વપ્નોને જીવંત રાખ્યા હતા.

જીવનની અનેક વિટંબણાઓ અને આર્થિક મુશ્કેલીઓનો સામનો કરીને સલમાને પોતાની મહેનતના બળે ભારતીય સેનામાં પ્રવેશ મેળવ્યો હતો. સેનામાં જોડાયા બાદ તેમના દ્રઢ મનોબળ અને શારીરિક ક્ષમતાને ધ્યાનમાં રાખીને વરિષ્ઠ કોચ દ્વારા તેમને રોઈંગ રમત સાથે જોડવામાં આવ્યા હતા. શરૂઆતમાં આ રમતથી તદ્દન અજાણ હોવા છતાં તેમણે સખત પરિશ્રમ કર્યો અને ટૂંકા સમયમાં જ રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સ્તરે શાનદાર પ્રદર્શન કરવાનું શરૂ કર્યું. આજે તેમની આ જ કઠોર મહેનત અને સમર્પણના કારણે એશિયન ગેમ્સમાં દેશ માટે મેડલ જીતીને તેમણે સાબિત કરી દીધું છે કે સાચા ઈરાદાઓ સાથે કરેલો પરિશ્રમ હંમેશાં સફળતા અપાવે છે.

આઈપીએલ મિની હરાજી ગોવામાં યોજાશે

# આઈપીએલ બે હજાર સત્યાવીસ હરાજી ભારતમાં

(એજન્સી) ગોવા । તા. 24

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ અને આઈપીએલ ગવર્નિંગ કાઉન્સિલ દ્વારા ક્રિકેટ જગતના સૌથી મોટા મંચ પર એક અત્યંત રોમાંચક નિર્ણય લેવામાં આવ્યો છે, જેના અંતર્ગત આગામી આઈપીએલ બે હજાર સત્યાવીસની વીસમી સીઝન માટે ખેલાડીઓની ખર્ચાળ અને લોકપ્રિય હરાજી લાંબા સમયના અંતરાલ બાદ ફરી એકવાર પોતાની જ માતૃભૂમિ એટલે કે ભારતમાં પરત ફરી રહી છે.

આઈપીએલના ચેરમેન અરુણ સિંહ ધૂમલે સત્તાવાર રીતે જાહેરાત કરી છે કે આગામી મિની ઓક્શનનું ભવ્ય આયોજન રમણીય પ્રવાસન સ્થળ ગોવામાં કરવામાં આવશે, જેને લઈને દેશભરના કરોડો ક્રિકેટ રસિકો અને ફ્રેન્ચાઈઝીઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

અગાઉના છેલ્લા ત્રણ વર્ષો દરમિયાન આઈપીએલ ખેલાડીઓની આ હરાજી પ્રક્રિયા વિદેશી ધરતી પર યોજાતી હતી, જેમાં દુબઈ, જેદ્દાહ અને અબુ ધાબી જેવા વિદેશી શહેરોએ તેની યજમાની કરી હતી. પરંતુ બોર્ડના સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, આ વખતે પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને હરાજીને ફરીથી ભારતમાં લાવવાનો સકારાત્મક નિર્ણય લેવામાં આવ્યો છે. ડિસેમ્બર મહિનામાં દેશભરમાં લગ્નસરાની ધૂમ હોવાને કારણે મોટા શહેરોની હોટલોમાં ભારે ભીડ રહે છે, જેના કારણે આ મિની ઓક્શન માટે ગોવાને સૌથી યોગ્ય અને સુરક્ષિત સ્થળ તરીકે પસંદ કરવામાં આવ્યું છે.

આગામી પંદર થી સોળ ડિસેમ્બરની આસપાસ આ મહત્વપૂર્ણ મિની ઓક્શન યોજાવાની પૂરી સંભાવના છે, જે માત્ર એક જ દિવસમાં પૂર્ણ થઈ જશે. મેગા હરાજી બે દિવસ સુધી ચાલતી હોય છે કારણ કે તેમાં તમામ ખેલાડીઓની યાદી મોટી હોય છે, પરંતુ આ મિની ઓક્શનમાં દસ ફ્રેન્ચાઈઝીઓ પાસે પોતાની મુખ્ય ટીમો પહેલેથી જ સુરક્ષિત હોવાથી તેઓ માત્ર મર્યાદિત ખાલી સ્લોટ્સ ભરવા માટે જ બોલી લગાવશે.

આ એક જ દિવસીય પ્રક્રિયા દરમિયાન દેશ-વિદેશના સ્ટાર ખેલાડીઓ ઉપર કરોડો રૂપિયાનો વરસાદ થવાની પૂરી શક્યતા છે, જે આગામી સીઝનના સમીકરણો બદલી નાખશે.

## રશિયા વિરુદ્ધ ઝેલેન્સ્કીની લાલ આંખ, બેતાલીસ દેશોને આપી ગંભીર ચેતવણી

# યુક્રેન યુદ્ધમાં ભારતીયોને મોહરા ન બનાવો

(એજન્સી) વોશિંગ્ટન । તા. 24

યુક્રેનની રાજધાની કિવમાં એક મહત્વપૂર્ણ વૈશ્વિક બેઠક દરમિયાન યુક્રેનના સર્વોચ્ચ પ્રમુખે દુનિયાભરના દેશોને એક મોટું અને ગંભીર એલર્ટ આપતા ખુલાસો કર્યો છે કે, રશિયા દ્વારા યુક્રેન સામે ચાલી રહેલા વિનાશક યુદ્ધમાં ભારત સહિત સડતાલીસ અલગ-અલગ દેશોના નિર્દોષ નાગરિકોનો કાયરતાપૂર્વક મોહરા તરીકે ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આ ચોંકાવનારી ઘટનાએ આખી દુનિયામાં ખળભળાટ મચાવી દીધો છે, કારણ કે આંતરરાષ્ટ્રીય સ્તરે આ પ્રકારે સૈનિકો કે નાગરિકોને બલિનો બકરો બનાવવો એ માનવ અધિકારોનું સીધું ઉલ્લંઘન છે. યુક્રેની પ્રમુખે આ તમામ દેશોની સરકારોને સીધી અને સખત અપીલ કરી છે કે તેઓ ત્વરિત પગલાં ભરીને પોતાના નાગરિકોની પૂરતી સુરક્ષા સુનિશ્ચિત કરે અને તેમને આ ખતરનાક અને લોહિયાળ સંઘર્ષનો હિસ્સો બનતા અટકાવવા માટે તાત્કાલિક કદમ ઉઠાવે.




મીડિયા અહેવાલ મુજબ, યુક્રેની પ્રમુખે વિગતવાર માહિતી આપતા જણાવ્યું કે રશિયા જે દેશોના નાગરિકોનો આ ભયાનક યુદ્ધમાં બળજબરીથી ઉપયોગ કરી રહ્યું છે, તેમાં ભારત ઉપરાંત ઘાના, નેપાળ, તાજિકિસ્તાન, યમન, કેન્યા, ઝિમ્બાબ્વે, ક્યૂબા, બેલારૂસ, સુદાન અને દક્ષિણ આફ્રિકા જેવા અનેક વિકાસશીલ દેશો સામેલ છે. આ તમામ દેશોને સીધા સંબોધિત કરતા તેમણે કડક શબ્દોમાં કહ્યું કે તેઓ સારી રીતે જાણે છે કે મોસ્કો સરકાર તેમના ભોળા લોકો સાથે કેવા પ્રકારનું અમાનવીય કૃત્ય કરી રહી છે. આ તમારા પોતાના દેશના નાગરિકો છે, તેથી તેમની પૂરતી સંભાળ રાખો અને તેમને કોઈ બીજાના મોરચે જાન ગુમાવવા માટે અસુરક્ષિત ન છોડો. રશિયાને પોતાની સૈન્ય નિષ્ફળતા છુપાવવા અને પોતાના પાગલપનની ભારી કિંમત તમારા દેશના ગરીબ લોકોના ભોગે ચૂકવવાની મંજૂરી ક્યારેય ન આપવી જોઈએ.

રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિન પર સીધું અને આક્રમક નિશાન સાધતા યુક્રેની નેતાએ તેમને આ આખી જંગના મુખ્ય પેશન્ટ ઝીરો તરીકે કરાર આપ્યા છે. તેમણે સ્પષ્ટપણે આરોપ લગાવ્યો કે પુતિન જ એ મૂળ વ્યક્તિ છે જેમણે આ અનિચ્છનીય યુદ્ધની શરૂઆત કરી અને તેને સમગ્ર દુનિયામાં ફેલાવ્યું, જેના પરિણામે આજે આ સંઘર્ષ દ્વિતીય વિશ્વયુદ્ધ પછી યુરોપ મહાદ્વીપનું સૌથી મોટું અને ખતરનાક કેન્દ્ર બની ચૂક્યું છે. રશિયન નેતા જેટલા લાંબા સમય સુધી આ વિનાશક યુદ્ધને ચાલુ રાખશે, તેના પરિણામે વૈશ્વિક સ્તરે સ્થિતિ એટલી જ વધુ ભયાનક અને ગંભીર બનતી જશે. આજના આધુનિક યુગમાં કોઈપણ દેશના નાગરિકોને આવી રીતે યુદ્ધની ભઠ્ઠીમાં હોમી દેવા તે વૈશ્વિક શાંતિ માટે મોટો ખતરો છે, જેની સામે તમામ શક્તિશાળી રાષ્ટ્રોએ એક થઈને મજબૂત વિરોધ નોંધાવવો ખૂબ જ અનિવાર્ય બની ગયું છે.

યુક્રેની પ્રમુખે આગામી સમયની કઠિન પરિસ્થિતિઓ અંગે ચિંતા વ્યક્ત કરતા કહ્યું કે આવનારો શિયાળો અમારા દેશ માટે ખૂબ જ મુશ્કેલ અને પડકારજનક સાબિત થઈ શકે છે, પરંતુ જો રશિયાએ પોતાના આક્રમક હુમલાઓ બંધ નહીં કર્યા, તો યુક્રેન પાસે પણ રશિયાને જડબાતોડ અને સચોટ જવાબ આપવા સિવાય બીજો કોઈ વિકલ્પ નહીં બચે. તેમણે અમેરિકા દ્વારા લાગુ કરવામાં આવેલા તે નવા પ્રતિબંધ કાનૂનનો પણ વિશેષ ઉલ્લેખ કર્યો, જેના હેઠળ રશિયન ઓઈલ અને ગેસ ખરીદનારા અન્ય દેશો પર એકસો ટકા સુધીનો ભારે ટેરિફ લગાવવાની સખત જોગવાઈ છે.

## હોર્મુઝ હુમલામાં ભારતીય ખલાસીનું નિધન

# યુનોમાં ટ્રમ્પના આરોપ સામે ઈરાન પ્રમુખનો વળતો પ્રહાર



(એજન્સી) વોશિંગ્ટન । તા. 24

સંયુક્ત રાષ્ટ્રસંઘના વૈશ્વિક મંચ પર અમેરિકન પ્રમુખ દ્વારા ઈરાનને આતંકવાદી રાષ્ટ્ર તરીકે સંબોધવામાં આવ્યા બાદ, ઈરાનના પ્રમુખ પેજેશ્કિયને સખત શબ્દોમાં વળતો પ્રહાર કરતા જણાવ્યું હતું કે તેમની નિર્દોષ જનતા લાંબા સમયથી અમેરિકી આતંકવાદનો ભોગ બની રહી છે. આ મહત્વપૂર્ણ વૈશ્વિક બેઠક ચાલી રહી હતી તે જ સચોટ સમયે હોર્મુઝ સમુદ્રની ખાડીમાં ઓમાનના કિનારા નજીક એક માલવાહક જહાજ પર બે ભયાનક ટોર્પીડો હુમલા કરવામાં આવ્યા હતા. આ અચાનક થયેલા હુમલામાં જહાજ પર ફરજ બજાવી રહેલા એક ભારતીય ખલાસી સૂરજ યાદવનું દુઃખદ અવસાન થયું છે, જ્યારે અન્ય વીસ જેટલા કર્મચારીઓને ગંભીર ઈજાઓ પહોંચી છે. ઈરાની પ્રમુખે પોતાના સંબોધન દરમિયાન પુરાવારૂપે કેટલીક તસવીરો પણ પ્રદર્શિત કરી હતી અને સ્પષ્ટતા કરી હતી કે તેમનો દેશ માત્ર પોતાની સ્વરક્ષણની લડાઈ લડી રહ્યો છે.

સંયુક્ત રાષ્ટ્રસંઘની સભામાં ઈરાનના પ્રમુખ પેજેશ્કિયને દુનિયા સામે પોતાના દેશનું પક્ષ રાખતા જણાવ્યું હતું કે તેમના પર કોઈ પણ પ્રકારનું આક્રમણ કરવાનો આરોપ પાયાવિહોણો છે, કારણ કે તેમણે ક્યારેય કોઈ યુદ્ધની શરૂઆત કરી નથી પરંતુ તેમના પર બળજબરીથી યુદ્ધ થોપવામાં આવ્યું છે. કાયરતાપૂર્ણ હુમલાઓ દ્વારા તેમની નિર્દોષ પ્રજાને ખતમ કરવાનો ઘાતકી પ્રયાસ થઈ રહ્યો હોવાનો ગંભીર આરોપ તેમણે લગાવ્યો હતો. જો કે, જેવું ઈરાની પ્રમુખનું ભાષણ શરૂ થયું કે તરત જ અમેરિકી પ્રતિનિધિમંડળે વિરોધ નોંધાવતા સભાખંડ છોડી દીધો હતો. ઈરાની પ્રમુખે વધુમાં ઉમેર્યું હતું કે અમેરિકા અને ઇઝરાયેલે અત્યાધુનિક શસ્ત્રોનો ઉપયોગ કરીને ભારે હુમલાઓ કર્યા હોવા છતાં છેલ્લા છ મહિનાથી તેમનો દેશ જરાય ઝૂક્યો નથી અને ઘૂંટણ ટેક્યા નથી. ઇઝરાયેલ પર પ્રહાર કરતા તેમણે ગાઝા પટ્ટીમાં અસીમ નરસંહાર થયાનો દાવો પણ કર્યો હતો.

મીડિયા અહેવાલ અનુસાર, અમેરિકી પ્રમુખે ખુલાસો કર્યો છે કે યુનોની આ બેઠક દરમિયાન તેમના મુખ્ય પ્રતિનિધિઓ સ્ટીવ વિટકોફ અને જેરેડ કુશ્નરે ઈરાનના અધિકારીઓ સાથે બંધ બારણે લગભગ ત્રણ કલાક સુધી લાંબી ચર્ચા કરી હતી. આ બેઠક અત્યંત સકારાત્મક વાતાવરણમાં યોજાઈ હોવાનું જાણવા મળ્યું છે, જોકે સત્તાવાર રીતે તેની વિગતવાર માહિતી બહાર પાડવામાં આવી નથી. આશ્ચર્યજનક રીતે અમેરિકી વિદેશ મંત્રીએ અગાઉ એવું પણ સૂચન કર્યું હતું કે જો ઈરાની પ્રમુખ વાતચીત કરવા ઈચ્છતા હોય તો અમેરિકી પ્રમુખ તેમને મળવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. બીજી બાજુ, ગાઝામાં યુદ્ધ પછીની પરિસ્થિતિને થાળે પાડવા માટે વિશેષ બોર્ડ દ્વારા અબજો ડૉલરનો મોટો પુનઃનિર્માણ પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે, જેમાં મધ્યમ અને લાંબા ગાળા માટે વિશાળ ભંડોળની આવશ્યકતા રહેલી છે.

પેજેશ્કિયને તેમની તસ્વીરો પણ બતાવી હતી. તેમણે જણાવ્યું હતું કે અમે ફક્ત અમારી આત્મરક્ષા કરી રહ્યા છીએ. અમે આતંકી નથી. અમારી નિર્દોષ પ્રજાને કાયરતાપૂર્વકના હુમલા દ્વારા ખતમ કરવામાં આવી રહી છે. અમે આક્રમણ કર્યુ નથી કે યુદ્ધ કર્યુ નથી, અમારા પર યુદ્ધ લાદવામાં આવ્યું છે.

જો કે ઇરાનના પ્રમુખનું ભાષણ શરૂ થતાં જ અમેરિકાના પ્રતિનિધિમંડળે હોલ છોડી દીધો હતો. તેમણે જણાવ્યું હતું કે અમેરિકા અને ઇઝરાયેલે અત્યાધુનિક શસ્ત્રો સાથે હુમલો કર્યો, પરંતુ અમે છ મહિના થયાં છતાં ઘૂંટણ ટેક્યા નથી.

## ન્યૂઝ બ્રીફ

### ઓપનએઆઈ જીપીટી-૬ મોડલ લોન્ચ, કૃત્રિમ બુદ્ધિમત્તા સોલ લુના




કેલિફોર્નિયા | આજના આધુનિક યુગમાં ટેકનોલોજી જગતમાં એક ક્રાંતિકારી પરિવર્તન લાવતા વિશ્વની અગ્રણી કૃત્રિમ બુદ્ધિમત્તા સંસ્થા દ્વારા કેલિફોર્નિયાની મુખ્ય ધરતી પરથી જીપીટી-૬ ફેમિલીના બે અત્યાધુનિક અને શક્તિશાળી નવા મોડલ 'સોલ' અને 'લુના' સત્તાવાર રીતે લોન્ચ કરવામાં આવ્યા છે. આ બંને અદ્યતન મોડલ અગાઉની જીપીટી-૬ એસ્ટ્રા ટેકનોલોજી પર આધારિત છે અને તેમને ખૂબ જ ઓછા ખર્ચે વધુ પ્રમાણમાં અને સચોટ કામ કરવા માટે વિશેષ રૂપે તૈયાર કરવામાં આવ્યા છે. આજના વૈશ્વિક સ્પર્ધાત્મક વાતાવરણમાં આ નવા એઆઈ મોડલ્સ ટેકનોલોજી ક્ષેત્રે એક નવો ઈતિહાસ રચવા માટે સંપૂર્ણપણે સજ્જ છે. આ નવા મોડલ્સમાં સૌથી વધુ પ્રાધાન્ય અને ધ્યાન કૃત્રિમ બુદ્ધિમત્તા એજન્ટ્સ પર આપવામાં આવ્યું છે, જે સામાન્ય રીતે માત્ર પ્રશ્નોના જવાબો આપવા પૂરતા મર્યાદિત નથી રહેતા, પરંતુ વિવિધ આધુનિક ટૂલ્સ અને એપ્લિકેશન્સનો કુશળતાપૂર્વક ઉપયોગ કરીને એક પછી એક જટિલ સ્ટેપ્સ લઈ શકે છે. ઓટોમેશન બેંચના માધ્યમથી સેલ્સ, માર્કેટિંગ, ઓપરેશન, કસ્ટમર સપોર્ટ, ફાઈનાન્સ અને માનવ સંસાધન જેવા મહત્વપૂર્ણ સેક્ટર્સના સડતાલીસ ટૂલ્સ આધારિત વર્કફ્લોનું સઘન પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

### યુનો મંચ પરથી પાકિસ્તાને કરી કાશ્મીરની નાપાક વાત



ન્યૂયોર્ક | સંયુક્ત રાષ્ટ્રસંઘની વૈશ્વિક મહાસભાના એકાસીમા સત્ર દરમિયાન પાકિસ્તાનના વિદેશ મંત્રી મોહમ્મદ ઈશાક ડારે ભારત વિરુદ્ધ ફરી એકવાર ઝેર ઓકતા જમ્મુ અને કાશ્મીર મુદ્દે પાયાવિહોણા અને આક્ષેપાત્મક નિવેદનો આપ્યા છે. ન્યૂયોર્ક ખાતે યોજાયેલી આ મહત્વપૂર્ણ બેઠકમાં પાકિસ્તાની નેતાએ કાશ્મીરના પ્રશ્ને આંતરરાષ્ટ્રીય સમુદાયનું ધ્યાન ખેંચવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો અને ભારતની આંતરિક બાબતોમાં દખલગીરી કરવાનો પ્રયાસ કરતા ભારત પર ગંભીર આરોપો લગાવ્યા હતા. પાકિસ્તાનના વિદેશ મંત્રીએ પોતાના સંબોધનમાં આક્ષેપ કર્યો હતો કે પાંચમી ઓગસ્ટ બે હજાર ઓગણીસ પછી ભારતે લીધેલા ઐતિહાસિક નિર્ણયોનો મુખ્ય હેતુ જમ્મુ અને કાશ્મીરની ઓળખ, રાજકીય માળખું અને સાંસ્કૃતિક વારસાને નષ્ટ કરવાનો છે. તેમણે નવા રહેઠાણના નિયમો, ચૂંટણી મતવિસ્તારોના સીમાંકન અને અન્ય વહીવટી ફેરફારોને લઈને ભારત પર જમીની હકીકત બદલવાના પ્રયાસો કરવાનો બેબુનિયાદ આરોપ લગાવ્યો હતો. આ ઉપરાંત, તેમણે કાશ્મીર ઘાટીમાં પ્રેસની સ્વતંત્રતા અને પત્રકારો તથા નાગરિકોની સ્થિતિ અંગે પણ અનેક પ્રકારની ભ્રામક વાતો ફેલાવી હતી.

## અમેરિકામાં જિનપિંગનું ભવ્ય સ્વાગત, ટ્રમ્પે 11 વર્ષ જૂનો રેકોર્ડ તોડી સૌને ચોંકાવ્યા

# ચીનના પ્રમુખ શી જિનપિંગ વોશિંગ્ટન પહોંચ્યા, મેરીલેન્ડ એરબેઝ પર ટ્રમ્પે પ્રોટોકોલ તોડી કર્યો આવકાર

(એજન્સી) વોશિંગ્ટન । તા. 24

ચીનના પ્રમુખ શી જિનપિંગ ૩ દિવસની સત્તાવાર યાત્રાએ વોશિંગ્ટન પહોંચ્યા છે. આ મુલાકાતની શરૂઆત સાથે જ અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વર્ષો જૂની રાજદ્વારી પરંપરાઓ બાજુ પર મૂકીને સૌને ચોંકાવી દીધા હતા. મેરીલેન્ડ સ્થિત 'જોઈન્ટ બેઝ એન્ડ્રુઝ' લશ્કરી મથક પર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ફર્સ્ટ લેડી મેલાનિયા ટ્રમ્પ રૂબરૂ હાજર રહ્યા હતા અને વિમાન પાસે જઈને શી જિનપિંગ તથા તેમની પત્ની પેંગ લિયુઆનનું ભવ્ય સ્વાગત કર્યું હતું. C-SPANના ઐતિહાસિક રેકોર્ડ મુજબ, છેલ્લે વર્ષ ૨૦૧૫માં તત્કાલીન પ્રમુખ બરાક ઓબામાએ પોપ ફ્રાન્સિસનું એરપોર્ટ પર જાતે જઈને સ્વાગત કર્યું હતું, ત્યારબાદ કોઈ વિદેશી નેતાનું વિમાન પાસે જઈને સ્વાગત કરવાનો આ પ્રથમ બનાવ છે.



લગભગ ૩ વર્ષ પછી અમેરિકા પહોંચેલા ચીની પ્રમુખના આગમન વેળાએ મિલિટ્રી બેન્ડે ધૂન વગાડી હતી અને તોપોની સલામી આપવામાં આવી હતી. આ દરમિયાન બંને નેતાઓએ હાથ મિલાવ્યા અને ટૂંકી વાતચીત કરી હતી. ઔપચારિક મંત્રણાઓ પહેલાં જ બંને પક્ષો વચ્ચે એક મહત્ત્વની સહમતિ સધાઈ છે. યુએસ ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસેન્ટે જણાવ્યું હતું કે, યુએસ-ચીન વચ્ચેનો વેપાર યુદ્ધ વિરામ, જે ૧૦ નવેમ્બરના રોજ પૂર્ણ થવાનો હતો, તેને ૨ મહિના વધારીને હવે ૧૦ જાન્યુઆરી સુધી લંબાવી દેવામાં આવ્યો છે.

બંને દેશો વચ્ચે ગુરુવારે યોજાનાર ઔપચારિક બેઠક અગાઉ કેટલાક જટિલ મુદ્દાઓ પર ચર્ચા થવાની શક્યતા છે. આ મંત્રણામાં સૌથી જટિલ પ્રશ્ન તાઈવાનનો રહેવાની છે. શી જિનપિંગ સ્વ-શાસિત તાઈવાન પર બેઈજિંગનો અધિકાર હોવાનો દાવો ફરી રજૂ કરશે અને અમેરિકી હથિયારોના વેચાણમાં ઘટાડો કરવા દબાણ લાવશે, જ્યારે અમેરિકા સંવેદનશીલ ટેકનોલોજીની નિકાસ પરના પ્રતિબંધો જાળવી રાખવા મક્કમ છે. આ ઉપરાંત, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ટેકનોલોજી અને ઈરાન વિવાદ પણ ચર્ચાના કેન્દ્રમાં રહેશે. ચીની પ્રમુખ શી જિનપિંગે આ મુલાકાત અંગે જણાવ્યું છે કે બંને દેશોએ હરીફ બનવાને બદલે એકબીજાના ભાગીદાર બનવું જોઈએ. જો બંને દેશો સાથે મળીને કામ કરશે તો આ પ્રવાસ અત્યંત ફળદાયી સાબિત થશે. મેરીલેન્ડ સ્થિત 'જોઈન્ટ બેઝ એન્ડ્રુઝ' લશ્કરી મથક પર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ફર્સ્ટ લેડી મેલાનિયા ટ્રમ્પ રૂબરૂ હાજર રહ્યા હતા અને વિમાન પાસે જઈને શી જિનપિંગ તથા તેમની પત્ની પેંગ લિયુઆનનું સ્વાગત કર્યું હતું. C-SPANના પ્રમુખ કાર્યક્રમોના ઐતિહાસિક રેકોર્ડ મુજબ, છેલ્લે વર્ષ 2015માં તત્કાલીન પ્રમુખ બરાક ઓબામાએ પોપ ફ્રાન્સિસનું એરપોર્ટ પર જાતે જઈને સ્વાગત કર્યું હતું. ત્યારપછી કોઈ વિદેશી નેતાનું વિમાન પાસે જઈને સ્વાગત કરવાનો આ પ્રથમ બનાવ છે. ઔપચારિક મંત્રણાઓ પહેલાં જ બંને પક્ષો વચ્ચે એક મહત્ત્વની સહમતિ સધાઈ છે. યુએસ ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસેન્ટે જણાવ્યું હતું કે, યુએસ-ચીન વચ્ચેનો વેપાર યુદ્ધ વિરામ, જે 10 નવેમ્બરના રોજ પૂર્ણ થવાનો હતો, તેને 2 મહિના વધારીને હવે 10 જાન્યુઆરી સુધી લંબાવી દેવામાં આવ્યો છે. સ્કોટ બેસેન્ટે ફોક્સ ન્યૂઝ સાથેની વાતચીતમાં પુષ્ટિ કરી કે તેમણે અને ચીનના વાઈસ પ્રીમિયર હે લિફેંગે શિખર સંમેલન પૂર્વે આ સમયમર્યાદા લંબાવવા પર સંમતિ દર્શાવી છે. જોકે, વોશિંગ્ટન સ્થિત ચીની દૂતાવાસે આ અંગે તાત્કાલિક કોઈ ટિપ્પણી કરી નહોતી. બંને પક્ષો ચોક્કસ સેક્ટરો પર ટેરિફ, નશાના કારોબાર સામે સંયુક્ત કાર્યવાહી અને બંને દેશોની સેનાઓ વચ્ચે સીધા સંવાદને મજબૂત કરવાના મુદ્દાઓ પર નાના કરારો કરી શકે છે. આ ઉપરાંત આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ટેકનોલોજી પણ ચર્ચાનો મહત્ત્વનો મુદ્દો રહેશે, જેમાં બંને દેશો એકબીજા સામે ટેકનોલોજીકલ વર્ચસ્વની સ્પર્ધા કરી રહ્યા છે.

આ મંત્રણામાં સૌથી જટિલ પ્રશ્ન તાઈવાનનો રહેવાની શક્યતા છે. શી જિનપિંગ સ્વ-શાસિત તાઈવાન પર બેઈજિંગનો અધિકાર હોવાનો દાવો ફરી રજૂ કરશે, જ્યારે અમેરિકા સંવેદનશીલ ટેકનોલોજીની ચીનમાં થતી નિકાસ પરના પ્રતિબંધો જાળવી રાખવા મક્કમ છે.

## જયશંકર રુબિયો મુલાકાત ટેરિફ ચર્ચા, અમેરિકા ભારત સંબંધ અને વેપાર

(એજન્સી) ન્યૂયોર્ક । તા. 24

વૈશ્વિક સ્તરે ચાલી રહેલા રાજદ્વારી ઘટનાક્રમ વચ્ચે ભારતના વિદેશ મંત્રી ડો. એસ. જયશંકરે અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયો સાથે એક મહત્વપૂર્ણ બેઠક યોજી હતી, જેમાં બંને દેશો વચ્ચેના વેપાર, ઊર્જા સુરક્ષા અને ટેરિફ સંબંધી મુદ્દાઓ પર ગંભીર ચર્ચા કરવામાં આવી હતી. આ ઉચ્ચ સ્તરીય મુલાકાત દરમિયાન ભારતે અમેરિકાના નવા કાયદા હેઠળ ભારતીય તેલ આયાત પર સંભવિત એકસો ટકા ટેરિફ અંગે પોતાની સ્પષ્ટ ચિંતાઓ વ્યક્ત કરી હતી અને રાષ્ટ્રીય હિતોને સર્વોપરી ગણાવ્યા હતા.

જ્યારે અમેરિકા દ્વારા તાજેતરમાં જ રશિયા અને ઈરાન સંબંધિત એક કઠિન કાયદા પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે, જેના હેઠળ રશિયા પાસેથી તેલ અને ગેસની આયાત કરતા દેશો પર ભારે ટેરિફ લાદવાની જોગવાઈ કરવામાં આવી છે. આ ગંભીર મુદ્દા પર વાત કરતા ભારતીય વિદેશ મંત્રીએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે ભારત પોતાના નાગરિકોની ઊર્જા સુરક્ષા અને આર્થિક હિતોની રક્ષા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે અને આ બાબતમાં કોઈપણ પ્રકારની બાંધછોડ કરવામાં આવશે નહીં. આ બેઠક માત્ર દ્વિપક્ષીય સંબંધો પૂરતી સીમિત ન હતી, પરંતુ તેમાં યુક્રેનની વર્તમાન સ્થિતિ અને ક્ષેત્રીય પ્રાથમિકતાઓ પર પણ વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠક બાદ બંને દેશોના શીર્ષ નેતાઓએ સોશિયલ મીડિયાના માધ્યમથી પોતાના સત્તાવાર વિચારો રજૂ કર્યા હતા અને ભારત-અમેરિકા વચ્ચેની વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત બનાવવાની વચનબદ્ધતા દોહરાવી હતી. અમેરિકી સમકક્ષ સાથેની આ ચર્ચાથી ભવિષ્યમાં વેપારી અવરોધોને દૂર કરવામાં અને પરસ્પર સહયોગ વધારવામાં મોટી મદદ મળશે તેવું માનવામાં આવી રહ્યું છે.

## ઈસ્લામાબાદમાં કન્ટેનરોથી કિલ્લેબંદી સુરક્ષા, વીસ હજાર પોલીસ તૈનાત દેખાવો, કિલ્લેબંદી કન્ટેનર વિરોધ પ્રદર્શન

(એજન્સી) ઇસ્લામાબાદ । તા. 24

પાકિસ્તાનની રાજધાની ઈસ્લામાબાદમાં આગામી સપ્તાહના અંતમાં યોજાનારી વિરોધ રેલીઓને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્ર દ્વારા અત્યંત કડક પગલાં લેવામાં આવ્યા છે, જેના ભાગરૂપે સમગ્ર શહેરને લોખંડી કિલ્લેબંદીમાં ફેરવી દેવામાં આવ્યું છે. જેલમાં બંધ પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાનની મુક્તિની માંગ સાથે રાજકીય પક્ષના કાર્યકરો અને સમર્થકો દ્વારા મોટા પાયે વિરોધ પ્રદર્શન કરવાની જાહેરાત કરવામાં આવી છે, જેને રોકવા માટે સરકાર સંપૂર્ણપણે હરકતમાં આવી ગઈ છે અને સુરક્ષા દળોને સ્ટેન્ડબાય રાખવામાં આવ્યા છે.

મૂળ માહિતી અનુસાર, ઈસ્લામાબાદ શહેરમાં પ્રવેશવાના તમામ મુખ્ય માર્ગોને સંપૂર્ણપણે સીલ કરી દેવામાં આવ્યા છે અને વાહનોની અવરજવર પર રોક લગાવી દેવામાં આવી છે. શહેરની સુરક્ષાને અત્યંત એકદમ અજેય બનાવવા માટે ઓછામાં ઓછા વીસ હજાર જેટલા વિશાળ શિપિંગ કન્ટેનરોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ તમામ કન્ટેનરોને મજબૂત વેલ્ડિંગ કરીને એકબીજા સાથે જોડવામાં આવ્યા છે અને તેની બહારની બાજુએ ખતરનાક કાંટાળી વાડ પણ લગાવી દેવામાં આવી છે જેથી કોઈ પણ વ્યક્તિ કે સમૂહ સુરક્ષા ઘેરો તોડીને રાજધાનીમાં પ્રવેશ ન કરી શકે. વર્તમાન સરકાર અને તેનું વહીવટી તંત્ર વિપક્ષી પક્ષના આ આક્રમક દેખાવોની જાહેરાતથી ભારે ગભરાટમાં જોવા મળી રહ્યું છે, જેના કારણે સૈન્ય અને પોલીસ બળને મોટા પ્રમાણમાં તૈનાત કરવામાં આવ્યું છે.



સંભવિત હિંસક અથડામણો અને માનવીય સંકટને પહોંચી વળવા માટે રાજધાનીની તમામ મોટી હોસ્પિટલોને હાઈ એલર્ટ પર રાખવામાં આવી છે. સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં ઈજાગ્રસ્તો માટે વિશેષ બેડની અલાયદી વ્યવસ્થા કરવામાં આવી છે તેમજ પૂરતા પ્રમાણમાં બ્લડ બેગનો જથ્થો પણ રિઝર્વ રાખવાના સખત આદેશો જારી કરવામાં આવ્યા છે. હોસ્પિટલોમાં તમામ બિનજરૂરી શસ્ત્રક્રિયાઓને હાલ પૂરતી મોકૂફ રાખવામાં આવી છે અને જે દર્દીઓની તબિયત સ્થિર છે તેમને તાત્કાલિક ધોરણે રજા આપવામાં આવી રહી છે જેથી દેખાવો દરમિયાન ઘાયલ થનાર લોકોને તબીબી સહાય તરત મળી શકે. આ ઉપરાંત, તમામ એમ્બ્યુલન્સ સેવાઓને ડ્રાઈવરો સાથે ચોવીસ કલાક તૈયાર રહેવાની સૂચના આપવામાં આવી છે જેથી કોઈપણ કટોકટીની સ્થિતિમાં સમય બગાડ્યા વિના સારવાર શરૂ કરી શકાય.

**રેડિયો** | **ટેલિસ્કોપ દ્વારા કરાયેલું સચોટ અવલોકન, ઔરોરા ચુંબકીય ક્ષેત્ર**

# એક્સોપ્લેનેટ રેડિયો સિગ્નલ શોધાયા, પરગ્રહ રેડિયો તરંગો

(એજન્સી) ન્યુયોર્ક । તા. 24

સોલર સિસ્ટમની બહારના એક ગ્રહ પરથી સીધા આવી રહેલા રેડિયોસિગ્નલ શોધી કાઢવામાં ખગોળ ભૌતિક શાસ્ત્રીઓને મોટી સફળતા મળી છે. સેન્ટર ફોર એસ્ટ્રોફિઝિક્સ હાર્વર્ડ એન્ડ સ્મિથસોનિયન અને યુનિવર્સિટી ઓફ ઓરેગાવની એક ટીમે આ સુંદર અને અદ્ભુત શોધ કરી છે. દક્ષિણ આફ્રિકામાં આવેલા અદ્યતન રેડિયો ટેલિસ્કોપ દ્વારા આ સિગ્નલ પકડવામાં આવ્યા છે, જેના કારણે વૈજ્ઞાનિક જગતમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

ગ્રહો ધરાવતી વિવિધ સ્ટાર સિસ્ટમ્સમાંથી રેડિયોસિગ્નલ્સની અગાઉ નોંધ કરી શકાતી હતી, પરંતુ ઈતિહાસમાં પ્રથમવાર એક સ્વતંત્ર સ્ટારની પ્રદક્ષિણા કરતા ગ્રહ પરથી આવતું રેડિયોસિગ્નલ સ્પષ્ટપણે શોધી શકાયું છે. ઘણા લોકોના મનમાં આ પ્રશ્ન થાય કે શું એલિયન્સ આપણને કોઈ સંકેત મોકલી રહ્યા છે? તો આ પ્રશ્નનો જવાબ તદ્દન નકારાત્મક છે. આ સિગ્નલ કોઈ એલિયન્સના નથી, પરંતુ એક્સોપ્લેનેટ એટલે કે સોલર સિસ્ટમની બહારના અન્ય તારાની પ્રદક્ષિણા કરતા ગ્રહના ઔરોરાઓમાંથી આવી રહ્યા છે. જેમ આપણી પૃથ્વી પાસે પણ કુદરતી ઔરોરાઓ છે, જેને આપણે નોર્ધન લાઈટ્સ અને સધર્ન લાઈટ્સ તરીકે નિહાળી શકીએ છીએ, તેવી જ રીતે આ પરગ્રહ પર પણ આ અદભુત પ્રક્રિયા થઈ રહી છે.



સંશોધનકારોએ પોતાના અભ્યાસપેપરમાં જણાવ્યું છે કે સૌરમંડળના ગ્રહોમાં ઔરોરાઓથી થતા રેડિયોબર્સ્ટનું અવલોકન અગાઉ થઈ શક્યું છે, પરંતુ તારાની પરિક્રમા કરતા પ્લેનેટથી પ્રથમવાર રેડિયો સિગ્નલ્સની અદ્ભુત પરખ થઈ છે. આ ઝડપી, વારંવાર અને સર્ક્યુલરલી પોલેરાઈઝ્ડ બર્સ્ટસ ચોક્કસ ફ્રીક્વન્સી બેન્ડ વચ્ચે સ્પષ્ટપણે જોઈ શકાતા હતા.

દક્ષિણ આફ્રિકામાં ગોઠવાયેલા મીરકેટ રેડિયો ટેલિસ્કોપ સમૂહ દ્વારા આ સઘન અવલોકન કરવામાં આવ્યું હતું. વર્ષ દરમિયાન જુદા જુદા સમયગાળામાં આ મહત્વપૂર્ણ શોધ કરવામાં આવી છે. આ ટેલિસ્કોપ જૂથનું મુખ્ય ફોકસ સ્ટાર બીટા પિક્ટોરિસ અને તેની આસપાસ ફરતા ગ્રહો પર હતું. આ સ્ટાર પૃથ્વીથી લગભગ તેસઠ પ્રકાશ વર્ષના લાંબા અંતરે આવેલો છે.

પૃથ્વી અને ગુરુ ગ્રહ પર જે કુદરતી પ્રક્રિયાથી ઔરોરાઓ સર્જાય છે, તે જ ઈલેક્ટ્રોન સાઈક્લોટ્રોન માસ્ટર ઈન્સ્ટેબિલિટીથી આ નવા ગ્રહ પર પણ ઔરોરાઓ સર્જાયા હોવાનું સામે આવ્યું છે. આ ગ્રહનું ચુંબકીય ક્ષેત્ર પૃથ્વીના ચુંબકીય ક્ષેત્ર કરતા હજારો ગણું વધુ શક્તિશાળી છે. આ ગ્રહ પોતાની ધરી પર ખૂબ જ ઝડપથી ફરે છે અને આ ઝડપી ભ્રમણને કારણે જ ઔરોરલ રેડિયો એમિસનને પુષ્કળ ઊર્જા પ્રાપ્ત થાય છે.

## અફઘાનિસ્તાનમાં પાકિસ્તાનની દસ એરસ્ટ્રાઈક, તાલિબાન બદલાની ધમકી

(એજન્સી) ઇસ્લામાબાદ । તા. 24

પાકિસ્તાને અફઘાનિસ્તાનમાં દસ અલગ-અલગ સ્થળો પર હવાઈ અને ડ્રોન હુમલા કર્યા છે, જેના કારણે બંને પડોશી દેશો વચ્ચે સરહદી તણાવ ચરમસીમાએ પહોંચી ગયો છે. પાકિસ્તાનના માહિતી મંત્રી અત્તાઉલ્લાહ તરારે આ હુમલાઓની સત્તાવાર પુષ્ટિ કરતા જણાવ્યું હતું કે આ સ્થળોનો ઉપયોગ ડ્રોન સ્ટોર કરવા અને સુરક્ષા દળો વિરુદ્ધ હુમલા કરવા માટે કરવામાં આવતો હતો, જેથી પાકિસ્તાની વાયુસેના દ્વારા લશ્કરી ઉદ્દેશ્યો સાથે ચોકસાઈપૂર્વક આ કાર્યવાહી પાર પાડવામાં આવી છે. પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે આતંકવાદી ગતિવિધિઓ અને સરહદી સુરક્ષાને લઈને લાંબા સમયથી ગંભીર મતભેદો ચાલી રહ્યા છે, જેના કારણે અગાઉ પણ ફેબ્રુઆરી મહિનામાં બંને દેશો વચ્ચે ભારે સૈન્ય સંઘર્ષ જોવા મળ્યો હતો. પાકિસ્તાની સરકાર સતત એવા આક્ષેપો કરતી રહી છે કે અફઘાનિસ્તાનની ધરતી પરથી પાકિસ્તાન વિરોધી સશસ્ત્ર જૂતોને આશ્રય મળી રહ્યો છે, જ્યારે અફઘાનિસ્તાનની તાલિબાન સરકારે આ તમામ આક્ષેપોને સદંતર ફગાવી દીધા છે અને સ્પષ્ટ કર્યું છે કે આંતરિક સુરક્ષા એ પાકિસ્તાનની પોતાની આંતરિક સમસ્યા છે. તાજેતરની ઘટનામાં પાકિસ્તાનની અદ્યતન એર ડિફેન્સ સિસ્ટમ દ્વારા અફઘાનિસ્તાનની સરહદ પરથી છોડવામાં આવેલા ડ્રોન્સને શોધી કાઢવામાં આવ્યા હતા, ત્યારબાદ આ આક્રમક પગલું ભરવામાં આવ્યું છે.

અફઘાનિસ્તાનના ખોસ્ત પ્રાંતના પ્રવક્તા મુસ્તગફિર ગુરબાજે જણાવ્યું હતું કે આ તાજા હુમલાઓ ખોસ્ત પ્રાંતના વિવિધ વિસ્તારોમાં કરવામાં આવ્યા છે, જો કે સદનસીબે આ હુમલાઓમાં કોઈ પણ પ્રકારની જાનહાનિ થયાના સત્તાવાર અહેવાલ પ્રાપ્ત થયા નથી.

# ‘ગમે તેટલી સત્તા મળે, અમે સેવાના માર્ગે જ રહીશું’, વડનગરથી કાશી જતાં યાત્રીઓ સાથે PM મોદીની વાતચીત



(એજન્સી) નવી દિલ્હી | તા.24

પીએમ મોદીએ ‘સેવા સંકલ્પ અભિયાન’ના સેવા યાત્રીઓ સાથે વીડિયો કોન્ફરન્સિંગથી વાતચીત કરી. તેમણે જણાવ્યું કે આપણું મુખ્ય કાર્ય માત્ર સેવા કરવાનું જ હોવું જોઈએ, કોઈ ઉપદેશ આપવાનો નથી. પીએમએ ગુજરાત સહિત અન્ય રાજ્યોના સેવા યાત્રીઓને સંબોધતાં કહ્યું કે, ગમે તેટલા ઊંચા શિખર પર પહોંચીએ, સેવાભાવથી ક્યારેય પીછેહઠ કરીશું નહીં. તેમણે વૃક્ષારોપણ અને પાણી બચાવવા સરળ ઉપાયો પણ સૂચવ્યા.પીએમ મોદીએ ‘સેવા સંકલ્પ અભિયાન’ના સેવા યાત્રીઓ સાથે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા વિશેષ વાતચીત કરી છે. આજે આપેલા પોતાના સંબોધનમાં તેમણે જણાવ્યું હતું કે, ‘આપણું મુખ્ય કાર્ય માત્ર સેવા કરવાનું જ હોવું જોઈએ અને સેવા કરતાં-કરતાં જ સેવાભાવી સંદેશ આપવાનો છે, કોઈ ઉપદેશ આપવાનો નથી.’ આ દરમિયાન પીએમ મોદીએ ગુજરાત સહિત અન્ય રાજ્યોના સેવા યાત્રીઓ સાથે પણ ચર્ચા કરી હતી અને ખાસ સંદેશ આપ્યો હતો કે, ‘આપણે ગમે તેટલા ઊંચા શિખર પર પહોંચી જઈએ, પરંતુ સેવાભાવથી ક્યારેય પીછેહઠ કરીશું નહીં.’સેવા યાત્રીઓ સાથેની વાતચીતમાં પીએમએ જણાવ્યું હતું કે, ‘આપણા દેશમાં પરંપરા છે કે જ્યારે કોઈ યાત્રા કરીને પરત આવે અને આપણે તેમને પ્રણામ કરીએ છીએ, ત્યારે યાત્રાનું જે પુણ્ય હોય છે તેનું અડધું પુણ્ય તે વ્યક્તિને મળે છે જે પ્રવાસીઓને પ્રણામ કરે છે. આથી મને પણ તમામ સેવા યાત્રીઓને પ્રણામ કરીને તેમનું અડધું પુણ્ય ચોરી લીધાની ભાવના આવી રહી છે. સ્વયંસેવકોને મારી એક જ અપીલ છે કે તમે તમારું પણ ધ્યાન રાખો અને સેવાના માર્ગથી ક્યારેય ન ભટકો. આપણું આચરણ એવું હોવું જોઈએ કે ગમે તેટલી મોટી રાજકીય કે સામાજિક શક્તિ મળી જાય, પરંતુ આપણો મુખ્ય માર્ગ હંમેશાં ‘સેવા પરમો ધર્મ:’(સેવા જ સૌથી મોટો ધર્મ છે)ના સિદ્ધાંત પર જ અડગ રહેવો જોઈએ.’કાર્યક્રમ દરમિયાન વૃક્ષારોપણનો વિશેષ ઉલ્લેખ કરતાં પ્રધાનમંત્રીએ એક સરળ અને અસરકારક ઉપાય શેર કર્યો હતો. તેમણે જણાવ્યું કે, ‘જ્યારે પણ કોઈ છોડ અથવા વૃક્ષ વાવીએ, ત્યારે તેની પાસે પાણીથી ભરેલો એક માટીનો ઘડો મૂકી દેવો જોઈએ જેનું મોં ઉપરની તરફ હોય. મહિનામાં માત્ર એક જ વાર તે ઘડામાં પાણી ભરી દેવાથી છોડનો સારો એવો વિકાસ થાય છે. આ પદ્ધતિથી પાણીની પણ ભારે બચત થાય છે અને વધુમાં વધુ વૃક્ષો ઉગાડવામાં મોટી મદદ મળે છે.’

## યમુના એક્સપ્રેસવે પર સ્લીપર બસ બની આગનો ગોળો: 9 મુસાફરોના મોત

(એજન્સી) યમુના | તા.24



ઉત્તર પ્રદેશના યમુના એક્સપ્રેસવે પર જેવર નજીક ભીષણ અગ્નિકાંડ સર્જાયો હતો. એક સ્લીપર બસમાં અચાનક આગ ભભૂકી ઉઠતા 9 મુસાફરોના કરુણ મોત થયા હતા. લગભગ 40-50 લોકો સવાર હતા, જેમાંથી કેટલાક જીવ બચાવવા કૂદી પડ્યા હતા. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે શોક વ્યક્ત કરી, ઘાયલોને શ્રેષ્ઠ સારવાર આપવા આદેશ કર્યો છે. આગનું કારણ અકબંધ છે.ઉત્તર પ્રદેશના ગ્રેટર નોઈડામાંથી એક અત્યંત દર્દનાક અકસ્માતના સમાચાર સામે આવ્યા છે. યમુના એક્સપ્રેસવે પર દોડતી એક સ્લીપર બસમાં અચાનક ભીષણ આગ ભભૂકી ઊઠતાં ક્ષણભરમાં અફરાતફરી મચી ગઈ હતી. આ ભયાનક દુર્ઘટનામાં 9 મુસાફરોના મોત નીપજ્યા છે, જ્યારે કેટલાક મુસાફરોએ ચાલુ બસમાંથી નીચે કૂદીને પોતાનો જીવ બચાવ્યો હતો. આ બસમાં આશરે 40થી 50 જેટલા મુસાફરો સવાર હતા.આ ભયાનક ઘટના યમુના એક્સપ્રેસવેના ઝીરો પોઈન્ટથી આશરે 32 કિલોમીટર આગળ બની હતી, જે વિસ્તાર જેવર પોલીસ સ્ટેશન હેઠળ આવે છે. જોઈન્ટ સીપી રાજીવ નારાયણ મિશ્રાએ જણાવ્યું હતું કે, બસમાં આગ લાગતાં જ મુસાફરોમાં ભારે નાસભાગ મચી હતી. લોકો પોતાનો જીવ બચાવવા માટે બસમાંથી બહાર કૂદવા લાગ્યા હતા. જોતજોતામાં આગની જ્વાળાઓએ આખી બસને પોતાની ઝપેટમાં લીધી અને 9 લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે.આગની માહિતી મળતાં જ ફાયર બ્રિગેડની ટીમ તુરંત ઘટનાસ્થળે પહોંચી હતી અને આગ પર કાબૂ મેળવવાની કામગીરી શરૂ કરી હતી. ભારે જહેમત બાદ ફાયર વિભાગે આગ પર કાબૂ મેળવી લીધો હતો, પરંતુ બસને સંપૂર્ણપણે ઠંડી કરવા માટે કુલડાઉન કરવાની પ્રક્રિયા ચાલુ રાખવામાં આવી છે.સૌથી ચિંતાજનક બાબત એ છે કે હજુ પણ કેટલાક મુસાફરો બસની અંદર ફસાયેલા હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. ફાયર વિભાગની ટીમનું કહેવું છે કે રેસ્ક્યુ ઓપરેશન પૂરું થયા બાદ જ સ્પષ્ટ થશે કે અંદર ફસાયેલા લોકોની ચોક્કસ સ્થિતિ શું છે અને કુલ કેટલા લોકો આ અકસ્માતનો ભોગ બન્યા છે.

## News Brief

### CBSEની શાળાઓને કડક સૂચના, ધોરણ 9થી 12 સુધી વિદ્યાર્થીઓના નામ અને જન્મતારીખમાં ભૂલ નહીં ચાલે

નવી દિલ્હી : CBSEએ શાળાઓને ધોરણ 9થી 12ના વિદ્યાર્થીઓના નામ, જન્મતારીખ અને અન્ય વિગતો સચોટ રાખવા સૂચના આપી છે. અધૂરા કે ખોટા દસ્તાવેજોવાળી સુધારણા અરજીઓ નકારી શકાશે. સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE) દ્વારા વિદ્યાર્થીઓના શૈક્ષણિક રેકોર્ડ અને વ્યક્તિગત માહિતીને લઈને એક અત્યંત મહત્વપૂર્ણ અને કડક પગલું ભરવામાં આવ્યું છે. બોર્ડે તમામ માન્યતા પ્રાપ્ત શાળાઓને સ્પષ્ટ સૂચના આપી છે કે વિદ્યાર્થીઓના નામ, જન્મ તારીખ અને અન્ય વસ્તી વિષયક વિગતોમાં કોઈપણ પ્રકારની ભૂલો બિલકુલ સહન કરવામાં આવશે નહીં. ધોરણ 10 અને 12 ની માર્કશીટમાં સંપૂર્ણપણે સાચી માહિતી હોવી અનિવાર્ય છે.આ હેતુસર, શાળાઓ અને વાલીઓને ધોરણ 9 થી 12 સુધીના અભ્યાસ દરમિયાન વિવિધ તબક્કે રેકોર્ડ ચકાસવા અને સમયસર ભૂલો સુધારવાની પર્યાપ્ત તકો પૂરી પાડવામાં આવે છે. નોંધણી (Registration) થી લઈને LOC (List of Candidates) સબમિટ કરવા અને પ્રવેશ કાર્ડ (Admit Card) જારી કરવા સુધીના દરેક તબક્કે વિદ્યાર્થીઓની માહિતી કાળજીપૂર્વક ચકાસવી જરૂરી છે.CBSE ના જણાવ્યા મુજબ, વિદ્યાર્થીઓની પ્રવેશોત્તર વિગતો શાળાના મૂળ રેકોર્ડ જેવા કે પ્રવેશ ફોર્મ, સ્કોલર રજિસ્ટર અને ટ્રાન્સફર સર્ટિફિકેટ (TC) સાથે બિલકુલ મેળ ખાતી હોવી જોઈએ. આ પ્રક્રિયામાં કોઈપણ પ્રકારની બેદરકારી ચલાવી લેવામાં આવશે નહીં. જો કે, બોર્ડનું ધ્યાન દોરવામાં આવ્યું છે કે વારંવાર તકો આપવા છતાં પરિણામ જાહેર થયા બાદ નામ કે જન્મ તારીખ સુધારવા માટે મોટી સંખ્યામાં અરજીઓ આવે છે.

## સુધારેલી EPF સીમા અને સામાજિક સુરક્ષા કવચનું નિર્માણ

કામદારો અને કારીગરોનું સન્માન કરતા તહેવાર વિશ્વકર્મા જયંતીના અવસરે, સરકારે કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન (EPFO) માટે વેતન મર્યાદા મહિને 15,000 થી વધારીને 25,000 કરવાનો લાંબા સમયથી પડતર નિર્ણય જાહેર કર્યો છે. કોઈ પૂછી શકે કે - સીમામાં 10,000 નો વધારો કરવાથી શું બદલાશે? આ સુધારાની જરૂરિયાત શું છે, અને તેની કામદાર અથવા રોજગારદાતા પર શું અસર પડે છે? તો ચાલો, મૂળભૂત બાબતોથી શરૂઆત કરીએ.

25,000 ની આ વૈધાનિક વેતન મર્યાદા ફરજિયાત EPF, કર્મચારી પેન્શન યોજના (EPS), અને કર્મચારી ડિપોઝિટ-લિંક્ડ ઈન્સ્યોરન્સ (EDLI) કવરેજ માટે થ્રેશોલ્ડ (મર્યાદા) તરીકે કામ કરે છે. આ ત્રણ યોજનાઓ ભારતમાં પગારદાર કામદારો માટેના સામાજિક સુરક્ષા કવચના મૂળમાં છે: એક નિવૃત્તિ/કટોકટી સમયનું ફંડ; નિવૃત્તિ પછી ચુકવણી માટે રોજગારદાતાના યોગદાન દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવતું પેન્શન કોર્પસ; અને જીવન વીમો, જે મૃત્યુના કિસ્સામાં પરિવારોને ટેકો આપવા માટે રોજગારદાતાના યોગદાન દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવે છે. ન્યાયી રીતે જોવામાં આવે તો, વેતન, લઘુત્તમ વેતન અને જીવનનિર્વાહના ખર્ચમાં સતત વધારો થઈ રહ્યો હોવા છતાં, સુરક્ષાને 2014 થી સ્થિર થયેલા આંકડા પર બાંધી રાખવી જોઈએ નહીં.

અગાઉની સીમા હેઠળ, 15,000 થી વધુ માસિક વેતન સાથે જોડાનાર કોઈપણ નવો કર્મચારી ફરજિયાત EPF કવરેજમાંથી બાકાત હતો, EPS માટે અપાત્ર હતો, અને EDLI સંરક્ષણની બહાર હતો. સમય જતાં જે કર્મચારીનું વેતન સીમાથી ઉપર ગયું હોય, તેના માટે કવરેજ બંધ થતું ન હતું, પરંતુ EPS હેઠળ પેન્શનપાત્ર વેતન ભલે ગમે તેટલું હોય તોપણ 15,000 પર મર્યાદિત કરવામાં આવ્યું હતું. કોઈ દલીલ કરી શકે છે કે વધુ વેતન ધરાવતા કર્મચારીઓ તેના બદલે સ્વૈચ્છિક કવરેજ પસંદ કરી શકે છે. તે દલીલ સાથે સમસ્યા એ છે કે સીમાથી ઉપર સ્વૈચ્છિક નોંધણી માટે સંયુક્ત વિકલ્પ હેઠળ રોજગારદાતાની સંમતિ જરૂરી છે, જે આ પસંદગીને ગેરંટીયુક્ત બનાવવાને બદલે વાટાઘાટો યોગ્ય બનાવે છે. વધેલી સીમા સાથે, તે કવરેજ વાટાઘાટોને બદલે એક અધિકાર બની જાય છે.

વધારેલી સીમા કામદારો માટે બધું સુધારી દેતી નથી, પરંતુ તે ઔપચારિક સુરક્ષા કવચને થોડું વધુ ન્યાયી અને થોડું વધુ વ્યાપક બનાવે છે. જ્યારે 10,000 નો વધારો મામૂલી લાગી શકે છે, પરંતુ તે હવે સામાજિક સુરક્ષા કવચ હેઠળ આવરી લેવામાં આવેલા 51 લાખ વધારાના કામદારો મામૂલી નથી. અને મોટાભાગના અધિકારોથી વિપરીત, આ અધિકાર મેળવવા માટે કામદાર પાસે કંઈપણ માંગવામાં આવતું નથી.



- શ્રી વી. અનંત નાગેશ્વરન અને કુમારી શ્રુતિ સિંહ

મનુષ્યો આપણા ભવિષ્યની કલ્પના કરવામાં અને તૈયારી કરવામાં પ્રખ્યાત રીતે નબળા છે. 65 વર્ષની ઉંમરના પોતાના સ્વરૂપ માટે કોઈ બજેટ બનાવતું નથી. આપણે પાછળથી મળતા મોટા ઈનામને બદલે વહેલા મળતા નાના ઈનામને પસંદ કરવાનું વલણ ધરાવીએ છીએ, જેને વર્તણૂકીય અર્થશાસ્ત્ર 'હાઈપરબોલિક ડિસ્કાઉન્ટિંગ' કહે છે. પરિણામે, મર્યાદિત આવક સાથે, તાત્કાલિક વપરાશની જરૂરિયાતોને પૂર્ણ કરવા કરતાં ભવિષ્યના પોતાના સ્વરૂપ અથવા પરિસ્થિતિ માટે બચત કરવી અને આયોજન કરવું ઘણીવાર વધુ મુશ્કેલ હોય છે. આથી જ ફરજિયાત સામાજિક સંરક્ષણ યોગદાનની ડિઝાઈન, જેમ કે EPFO દ્વારા સંચાલિત થાય છે, તે ચાવીરૂપ છે. તે બચત કરવાની કામદારની ઈચ્છા કે મનોબળ પર નિર્ભર રહ્યા વગર કામ કરે છે. પેન્શન તરફનું યોગદાન આવક કામદારના ખાતામાં પહોંચે તે પહેલાં જ બાજુ પર મૂકી દેવામાં આવે છે - જે કોઈ ક્યારેય જોતું જ નથી તેને તે ખર્ચ કરી શકતું નથી. અને ધીમે ધીમે, દર મહિને, વેતનનો એક નાનો ભાગ બાજુ પર મૂકાતો જાય છે, જેનાથી એક નિવૃત્તિ કોર્પસ (ભંડોળ) બને છે જેમાંથી તમે કટોકટીના સમયે પણ પૈસા ઉપાડી શકો છો, વત્તા એક જીવન વીમા કવચ, આ બધું જ તમારે વધારાનું કંઈપણ કર્યા વિના મળે છે.

જો કે, આ સુધારા સાથે રોજગારદાતાનો ખર્ચ સંકળાયેલો છે. ફરજિયાત સીમા હવે વધારીને 25,000 કરવામાં આવી હોવાથી, રોજગારદાતાઓએ વૈધાનિક EPF કવરેજને વિશાળ કાર્યબળ સુધી લંબાવવું પડશે, અને તેમના માસિક યોગદાનની જવાબદારીઓમાં પણ વધારો થશે. મહિને 22,000 કમાતા કામદારનું ઉદાહરણ લો જે અગાઉ ફરજિયાત કવરેજની બહાર હતો; રોજગારદાતાએ હવે આ કર્મચારી માટે વૈધાનિક રીતે EPF કવર પૂરું પાડવું આવશ્યક છે. રોજગારદાતાએ હવે વેતનના 12% નું યોગદાન આપવું પડશે, જે EPS પેન્શન યોજના અને કર્મચારીના પોતાના EPF ખાતા વચ્ચે વિભાજિત થશે, જે પ્રતિ કર્મચારી પ્રતિ માસ 2,640, અથવા વાર્ષિક 31,680 થશે. આવા 20 કર્મચારીઓ પર, તે વધારાના પેરોલ ખર્ચમાં વર્ષે 6,33,600 થાય છે. આમાં EDLI વીમા યોગદાન ઉમેરો, જે નાનું હોવા છતાં, હવે ઊંચા વેતન આધાર પર ગણવામાં આવે છે. ભરતીના નિર્ણયો લેતી વખતે રોજગારદાતાઓ માટે આ એક વાસ્તવિક ખર્ચ છે.

કંપની માટે વધુ ખર્ચ એ એક સ્પષ્ટ નિષ્કર્ષ જેવું લાગે છે, પરંતુ તે માત્ર પ્રથમ તબક્કાની અસર છે, અને નોકરીનું બજાર તેના કરતાં ઘણું વધુ સૂક્ષ્મ છે. ઉચ્ચ EPF કવરેજ એ ભરતીના સંકેત તરીકે કામ કરે છે, જે વધુ કુશળ, વધુ ઉત્પાદક કામદારોને આકર્ષિત કરે છે, કારણ કે નવા જોડાનારાઓ નોકરીનું મૂલ્યાંકન કરતી વખતે માત્ર માસિક વેતન કરતાં વધુ બાબતો ધ્યાનમાં લે છે. કવરેજની ઉચ્ચ જાળવણી તરફ પણ દોરી શકે છે. પેન્શન અને વીમા લાભ ધરાવતો કામદાર સંભવતઃ વધુ સમય સુધી ટકી રહેશે અને થોડી વધુ સુરક્ષા સાથે શરૂઆત કરશે. ભવિષ્યલક્ષી રોજગારદાતાઓ આ બાબતને પહેલેથી જ સમજે છે અને યોગ્ય પ્રતિભાને આકર્ષવા માટે સ્વૈચ્છિક કવરેજ ઓફર કરે છે.

સામાજિક સુરક્ષાનો વિચાર એ છે કે, ટ્રેમ્પોલિનની જેમ, તે તમને માત્ર પકડી જ નથી રાખતું પણ તમને પાછા ઉછળવા માટે પણ સક્ષમ બનાવે છે. સિસ્ટમનું મૂળ કામદારોને કટોકટીના સમયે અથવા નિવૃત્તિ સમયે ઉપયોગ કરવા માટે એક ફંડ પૂરું પાડવાનું છે, જેથી કરીને અસ્થાયી સંકટ એ આજીવન મુશ્કેલી ન બની જાય અને તેઓ દેવાના જાળમાં ન ફસાય.

આને વધુ મજબૂત બનાવતી આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના જેવી પહેલો છે, જેણે આરોગ્યસંભાળને વધુ પરવડે તેવી અને સુલભ બનાવી છે. નોકરીઓના બદલાતા સ્વરૂપ માટે તૈયાર થવા માટે મજબૂત ઉદ્યોગ જોડાણો સાથે અપસ્કિલિંગ, રિસ્કિલિંગ અને ન્યૂ સ્કિલિંગ માટે સ્કિલિંગ ઈકોસિસ્ટમનું નિર્માણ થઈ રહ્યું છે. અટલ પેન્શન યોજના રોકાણનું જોખમ લેવા અને આર્થિક તથા બજારના વિકાસના લાભોમાં ભાગીદાર બનવા ઈચ્છુક લોકો માટે આવકના નીચલા સ્તર સુધી અંશદાન આધારિત પેન્શન કવરેજને વિસ્તારે છે. ટ્રેમ્પોલિનને એક સમયે એક સ્પ્રિંગ દ્વારા મજબૂત બનાવવામાં આવી રહ્યું છે.

* (લેખકો શ્રી વી. અનંત નાગેશ્વરન, ભારત સરકારના મુખ્ય આર્થિક સલાહકાર, અને કુમારી શ્રુતિ સિંહ, ભારતીય આર્થિક સેવાના અધિકારી છે. વ્યક્ત કરાયેલા વિચારો વ્યક્તિગત છે)

## ‘અર્નબ’ વાવાઝોડું ત્રાટક્યું

### આંધ્ર-ઓડિશામાં પુલ તણાયા, 5000 લોકોનું સ્થળાંતર, 10 રાજ્યોમાં ઍલર્ટ!

બંગાળની ખાડીમાં સર્જાયેલું ‘અર્નબ’ વાવાઝોડું મોડી રાત્રે 11થી 1 વાગ્યાની વચ્ચે ઉત્તર આંધ્રપ્રદેશ અને દક્ષિણ ઓડિશાના તટ સાથે ટકરાયું હતું. આ વાવાઝોડાને કારણે બંને રાજ્યોમાં ભારે વરસાદ વરસ્યો છે. ઓડિશામાં 5000 લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડાયા, જ્યારે 4થી વધુ પુલ અને રસ્તાઓ ધોવાઈ ગયા. આંધ્રપ્રદેશના શ્રીકાકુલમ અને વિજયવાડામાં પણ ભારે વરસાદથી જનજીવન પ્રભાવિત થયું છે. હવામાન વિભાગે ઘણા રાજ્યોમાં રેડ, ઓરેંજ અને યલો એલર્ટ જાહેર કર્યું છે.

બંગાળની ખાડીમાં સર્જાયેલું ‘અર્નબ’ વાવાઝોડું ઉત્તર આંધ્રપ્રદેશ અને દક્ષિણ ઓડિશાના તટ સાથે મોડી રાત્રે 11થી 1 વાગ્યાની વચ્ચે ટકરાયું હતું. આ વાવાઝોડાની અસરના કારણે બંને રાજ્યોના અનેક વિસ્તારોમાં ભારે વરસાદ વરસી રહ્યો છે. ઓડિશામાં સુરક્ષાના ભાગરૂપે આશરે 5000 લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે, જ્યારે દક્ષિણી જિલ્લાઓમાં 4થી વધુ પુલ અને રસ્તાઓ ધોવાઈ ગયા છે. આંધ્રપ્રદેશના શ્રીકાકુલમ જિલ્લાના કલિંગપટ્ટનમ સહિતના અનેક વિસ્તારોમાં ભારે વરસાદની સાથે 75 કિમી પ્રતિ કલાકની ઝડપે પવનો ફૂંકાયા હતા. વિજયવાડામાં સવારથી સતત વરસાદ વરસી રહ્યો છે, જેના કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે અને શહેરની ઘણી શાળાઓમાં સતત બીજા દિવસે રજા જાહેર કરવામાં આવી છે.હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આ સિસ્ટમ છેલ્લા 6 કલાકમાં 3 કિમી પ્રતિ કલાકની ગતિએ પશ્ચિમ-ઉત્તર-પશ્ચિમ દિશા તરફ આગળ વધી છે. બીજી તરફ, પશ્ચિમ બંગાળના કેટલાક હિસ્સાઓમાં પણ ભારે વરસાદની સંભાવના છે, જેમાં દાર્જિલિંગ અને કલિમપોંગમાં ભૂસ્ખલનની ચેતવણી જાહેર કરવામાં આવી છે. આગામી સમયમાં દેશના ઘણા ભાગોમાં હવામાનનો મિજાજ બદલાવવાની સંભાવના છે, જેને ધ્યાનમાં રાખીને હવામાન વિભાગ દ્વારા વિવિધ રાજ્યો માટે ઍલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

રેડ ઍલર્ટ: ઓડિશા, આંધ્ર પ્રદેશ, છત્તીસગઢ અને તેલંગાણામાં ભારે વરસાદ કે ખરાબ હવામાનની સંભાવનાને કારણે રેડ ઍલર્ટ આપવામાં આવ્યું છે

ઓરેંજ ઍલર્ટ: બિહાર, ઝારખંડ, પશ્ચિમ બંગાળ અને મહારાષ્ટ્રમાં મધ્યમથી ભારે વરસાદનું જોખમ હોવાથી ઓરેંજ ઍલર્ટ જાહેર કરાયું છે.

યલો ઍલર્ટ: ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, આસામ, મેઘાલય અને કર્ણાટકમાં હળવાથી મધ્યમ વરસાદ અથવા સાવચેતીના ભાગરૂપે યલો ઍલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

**મિશન મૌસમ** | **મજબૂત અર્લી-વૉર્નિંગ સિસ્ટમ ઊભી કરવાનો લક્ષ્યાંક**

## ભારતના હવામાન આગાહી તંત્રને આધુનિક બનાવવા ₹10,000 કરોડનું મોટું રોકાણ કરશે મોદી સરકાર: ‘મિશન મૌસમ’નો થશે વ્યાપક વિસ્તાર

(એજન્સી) નવી દિલ્હી | તા.24



મોદી સરકારે દેશના હવામાન આગાહી તંત્રને હાઈટેક બનાવવા 10,000 કરોડના રોકાણની યોજના બનાવી છે. આ પ્રસ્તાવ હેઠળ નવા વેધર રડાર, સેટેલાઈટ્સ અને પ્રશિક્ષિત મેનપાવર તૈનાત કરાશે. ‘મિશન મૌસમ’ યોજનાનો વિસ્તાર કરી, દેશભરમાં સચોટ ‘અર્લી-વોર્નિંગ સિસ્ટમ’ સ્થાપિત કરવાનો મુખ્ય ઉદ્દેશ છે. નાણાં મંત્રાલય દ્વારા આ પ્રસ્તાવની સમીક્ષા ચાલી રહી છે, જેથી કુદરતી આફતોનું નુકસાન ઘટાડી શકાય.ભારત સરકાર દેશના હવામાન આગાહી તંત્ર (Weather Forecasting System)ને સંપૂર્ણપણે હાઈટેક અને આધુનિક બનાવવા માટે 10,000 કરોડના જંગી રોકાણની યોજના બનાવી રહી છે. એક અહેવાલ મુજબ, આ પગલાથી હાલમાં કાર્યરત ‘મિશન મૌસમ’ યોજનાનો મોટા પાયે વિસ્તાર થશે. આ પ્રસ્તાવ હેઠળ નવા અત્યાધુનિક વેધર રડાર, સેટેલાઈટ્સ અને ખાસ પ્રશિક્ષિત મેનપાવર તૈનાત કરવા માટે મોટું ફંડ ફાળવવામાં આવશે. દેશમાં અનિશ્ચિત હવામાન પેટર્ન અને કુદરતી આફતોને કારણે વધી રહેલા સામાજિક તેમજ આર્થિક નુકસાનને ધ્યાનમાં રાખીને આ મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવાઈ રહ્યો છે.હાલ નાણાં મંત્રાલય દ્વારા આ પ્રસ્તાવની નાણાકીય સમીક્ષા કરવામાં આવી રહી છે. આ દરખાસ્તનો મુખ્ય ઉદ્દેશ્ય એવું ઈકોસિસ્ટમ તૈયાર કરવાનો છે જે હવામાન આગાહીના મોડલ્સને વધુ મજબૂત બનાવે અને દેશભરમાં એક સચોટ ‘અર્લી-વોર્નિંગ સિસ્ટમ’ સ્થાપિત કરે. આનાથી વહીવટી તંત્ર અને સામાન્ય નાગરિકો વાવાઝોડું, પૂર કે હીટવેવ જેવી અત્યંત ગંભીર હવામાન પરિસ્થિતિઓનું અગાઉથી ચોક્કસ અનુમાન લગાવી શકશે અને તેના નુકસાનને ઘટાડી શકશે. ઉલ્લેખનીય છે કે એવિએશન, લેન્ડ લોજિસ્ટિક્સ, વીમા ક્ષેત્ર અને ગ્રીન એનર્જી જેવા ક્ષેત્રો પોતાના બિઝનેસ મોડલ માટે હવામાનની સચોટ આગાહીઓ પર મોટા પાયે નિર્ભર છે.જાન્યુઆરી 2025માં દેશને આકરી હવામાન આપત્તિઓ સામે સજ્જ કરવા માટે ‘મિશન મૌસમ’ શરૂ કરાયું હતું. લોન્ચ થયા બાદથી અત્યાર સુધી સરકારે આ મિશન પાછળ 1,346 કરોડનો ખર્ચ કર્યો છે, જ્યારે નાણાકીય વર્ષ 2026-27 માટે વધુ 1,342 કરોડ ફાળવવામાં આવ્યા છે. અચાનક થતો ભારે વરસાદ અને અતિશય ગરમીને લીધે સામાન્ય જનજીવન તેમજ આર્થિક ગતિવિધિઓ ખોરવાઈ રહી હોવાથી નિષ્ણાતો હવામાન આગાહી તંત્રના તાત્કાલિક આધુનિકીકરણ પર ભાર મૂકી રહ્યા છે. પુણે સ્થિત ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટ્રોપિકલ મીટીયરોલોજી (IITM)ના પૂર્વ ડિરેક્ટર બી.એન. ગોસ્વામીએ જણાવ્યું કે આગાહીની ચોકસાઈ વધારવા માટે ઓબ્ઝર્વેશન નેટવર્કને વધુ ઘન બનાવવું, કમ્પ્યુટિંગ પાવરમાં સુધારો કરવો અને હાઈ-રિઝોલ્યુશન મોડલ્સ અપનાવવા અનિવાર્ય છે. તેમણે કહ્યું: “વધારાના રડાર્સ અને વેધર સ્ટેશન્સ ઓબ્ઝર્વેશન ક્ષમતામાં સુધારો કરી શકે છે, જ્યારે બહેતર કમ્પ્યુટિંગ મોડલ્સ હવામાનની વધુ ચોક્કસ અને સચોટ આગાહી કરવામાં મદદ કરશે.” ભારતને ‘વેધર-રેડી અને ક્લાઈમેટ-સ્માર્ટ’ બનાવવાના સંકલ્પ સાથે મિશન મૌસમની શરૂઆત કરવામાં આવી હતી. તેનો હેતુ ઓબ્ઝર્વેશન, મોડેલિંગ અને ફોરકાસ્ટિંગ નેટવર્કને ઉત્કૃષ્ટ બનાવવાનો છે. કેન્દ્રીય કેબિનેટ દ્વારા પ્રારંભમાં 2024-26ના સમયગાળા માટે 2,000 કરોડના ખર્ચ સાથે આ મિશનને મંજૂરી આપવામાં આવી હતી.

**160 સેટેલાઈટ સ્માર્ટ હથિયારોની ખરીદીને મંજૂરી**

## ભારતનું સંરક્ષણ ક્ષેત્રે ઉત્પાદન રૂ. 1.8 લાખ કરોડની નવી ટોચે, નિકાસ 63 ટકા વધી



નવી દિલ્હી : સંરક્ષણ મંત્રાલયે બુધવારે દિલ્હીમાં ભારત ડાયનામિક્સ લિમિટેડ એટલે કે બીડીએલ સાથે મહત્વપૂર્ણ ડીલ કરી છે. જે અંતર્ગત ભારતીય એરફોર્સ માટે ૧૬૦ સેટેલાઈટ સ્માર્ટ એન્ટી એરફીલ્ડ વેપન્સ એટલે કે એસએટી-એસએએડબલ્યુ અને અન્ય ઉપકરણોની ખરીદી કરવામાં આવશે. જેની પાછળ આશરે ૮૧૦.૭૯ કરોડ રૂપિયાનો ખર્ચ થવાની શક્યતાઓ છે. બીજી તરફ ભારતનું સંરક્ષણ ક્ષેત્રે ઉત્પાદન વધીને ૧.૮ લાખ કરોડે પહોંચ્યું છે. જ્યારે નિકાસ પણ ૬૩ ટકા વધી છે. નોંધનીય છે કે એસએટી-એસએએડબલ્યું એર ટૂ ગ્રાઉન્ડ પ્રિસિજન ગાઈડેડ બોમ્બ છે. જેને જગુઆર, હોક અને સુ-30 એમકેઆઈ જેવા વિમાનો દ્વારા લોન્ચ કરી શકાય છે. તેની ખાસિયત છે કે તે લાંબા સ્ટેન્ડ ઓફ રેન્જથી દુશ્મનોના એરફીલ્ડને નિષ્ક્રિય કરવાની ક્ષમતા ધરાવે છે. એટલે કે વિમાને દુશ્મનના વાયુ રક્ષણની હદમાં વધુ અંદર સુધી જવાની જરૂર નહીં રહે. ડીઆરડીઓ દ્વારા આ સિસ્ટમને વિકસાવાઇ છે જેનાથી એરફોર્સની ક્ષમતા વધારશે. આ હથિયારમાં ૬૦ ટકા સ્વદેશી સામગ્રી છે જેમ કે મેજરમેન્ટ યુનિટ, લોન્ગ ઈફેક્ટ ડિજે ફ્યૂઝ અને ટ્વિન સ્ટોર કેરિયર વગેરેનો સમાવેશ થાય છે. ભારતનું સંરક્ષણ ક્ષેત્ર વિકાસ પામી રહ્યું છે, નાણાકીય વર્ષ ૨૦૨૬માં ઘરેલુ સંરક્ષણ ઉત્પાદન રેકોર્ડ ૧.૮ લાખ કરોડ રૂપિયા સુધી પહોંચી ગયું હતું. જે ગયા વર્ષની સરખામણીમાં ૧૫.૬ ટકા વધુ છે અને નાણાકીય વર્ષ ૨૦૨૧થી લગભગ ૧૮ ટકાની વાર્ષિક વૃદ્ધિ દર્શાવે છે. સંરક્ષણ આયાતમાં પણ ૬૩ ટકાનો વધારો જોવા મળ્યો છે અને લગભગ ૩૮,૦૦૦ કરોડ રૂપિયા સુધી પહોંચી ગયું છે. ભારત હાલ વૈશ્વિક સ્તરે સંરક્ષણ ક્ષેત્રમાં નિકાસ કરી રહ્યું છે. જેમાં યુદ્ધમાં ઉપયોગી હથિયારો સહિતની સામગ્રીનો સમાવેશ થાય છે. ભારત હાલ ૮૦થી વધુ દેશોમાં નિકાસ કરે છે. જેમાં અમેરિકા, ફ્રાન્સ, આર્મેનિયા મુખ્ય ખરીદનારા દેશો છે.

## જાહેર રોડ પર રિક્ષામાં મહિલાની ડિલિવરી...

અમદાવાદ | અમદાવાદમાં ગોમતીપુર સુખરામનગર નજીક 22 સપ્ટેમ્બરે રિક્ષામાં જઈ રહેલી એક ગર્ભવતી મહિલાને અચાનક પ્રસૂતિ પીડા ઊપડતાં ટ્રાફિક પોલીસ કર્મીઓએ રસ્તા પર જ સુરક્ષિત પ્રસૂતિ કરાવી બંનેના જીવ બચાવ્યા હતા. જેમાં મહિલા પોલીસકર્મીઓએ હોસ્પિટલ પહોંચવું અશક્ય બન્યું હોવાથી રિક્ષાની ચારેય તરફ ચાદરનો પડદો બનાવીને ડિલિવરી કરાવી હતી. બાદમાં સારવાર માટે મહિલાને હોસ્પિટલ મોકલી હતી. પરિસ્થિતિની ગંભીરતા જોતાં મહિલા પોલીસ કોન્સ્ટેબલ વિલંબ કર્યા વિના 108 ઈમરજન્સી ટીમને કોલ કર્યો હતો.


# સિટી એક્સપ્રેસ

FRIDAY 25 SEPTEMBER-2026

AHMEDABAD


## ટ્યુશન ટીચર સાથે ₹12 લાખની છેતરપિંડી

અમદાવાદ | ધોળકામાં રહેતા અને બેંકમાંથી સ્પેશિયલ આસિસ્ટન્ટ તરીકે નિવૃત્ત થયેલા વૃદ્ધે યુટ્યુબ પર જૂના સિક્કા વેચવા અંગેનો વિડીયો જોઈ તેમાં આપેલા નંબર પર સંપર્ક કર્યો હતો. સાયબર ઠગોએ સિક્કાની કિંમત 80.96 લાખ મળશે તેવી લાલચ આપી એલઓસી કાર્ડ, ગવર્નમેન્ટ અપ્રૂવલ કાર્ડ તથા જીએસટી ચાર્જિસના નામે અલગ-અલગ તબક્કે નાણાં પડાવ્યા હતા. ગઠિયાઓએ જીએસટી ઓફિસરના નામે નોટિસ મોકલી, કોર્ટ કેસ અને અરેસ્ટની ધમકી આપી દંડનો ડર બતાવ્યો હતો. છેતરપિંડી થઈ હોવાનું જણાતાં વૃદ્ધે સાયબર હેલ્પલાઈન પર 64,727ના ફ્રોડ અંગે ફરિયાદ નોંધાવતા નારણપુરા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ ને આપી રૂ. ૫૮૪ કરોડનાં વિવિધ વિકાસકાર્યોના લોકાર્પણ-ખાતમુહૂર્તની ભેટ







અમદાવાદ | વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જનસેવા, સુશાસન અને સમર્પણનાં ૨૫ ગૌરવવંતાં વર્ષ પુર્ણ થવા અવસરે આયોજિત 'સેવા, સંકલ્પ અને સમર્પણ અભિયાન' અંતર્ગત મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ મહાનગરને કુલ રૂ. ૫૮૩.૮૫ કરોડનાં વિવિધ વિકાસકાર્યોના ઈ-લોકાર્પણ તથા ખાતમુહૂર્તની ભેટ આપી હતી. મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં પંડિત દીનદયાળ ઉપાધ્યાય ઑડિટોરિયમ ખાતે આયોજિત આ કાર્યક્રમમાં નવનિર્મિત આવાસોના ડ્રો અને ૪૫૦થી વધુ નવનિયુક્ત સહાયક ટેકનિકલ સુપરવાઈઝર તથા ૫૦ જેટલાં જુનિયર ક્લાર્કને નિમણૂક પત્રો પણ એનાયત કરવામાં આવ્યાં હતાં. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સૌ નવનિયુક્ત કર્મચારીઓને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના રાષ્ટ્રસેવા, જનકલ્યાણ અને સમર્પણનાં ૨૫ વર્ષ આગામી ૭ ઑક્ટોબરે પૂર્ણ થઈ રહ્યાં છે. તેના ભાગરૂપે સમગ્ર દેશમાં 'સેવા, સંકલ્પ અને સમર્પણ અભિયાન' ઉજવાઈ રહ્યું છે. આ તમામ વર્ષોમાં તેમણે સ્થાપેલી વિકાસની રાજનીતિના કેન્દ્રમાં હંમેશાં સામાન્ય માનવી રહ્યો છે. સરકારના વડા તરીકે સતત જનસેવામાં કાર્યરત રહેવાનો અનોખો વિક્રમ શ્રી નરેન્દ્રભાઈએ પ્રસ્થાપિત કર્યો હોવાનું મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું. ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના શ્રી નરેન્દ્રભાઈ મોદીના કાર્યકાળ વિશે વાત કરતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, અમદાવાદમાં કાંકરિયા તળાવનો કાયાકલ્પ અને વર્લ્ડ ક્લાસ સાબરમતી રિવરફ્રન્ટ તેમના વિઝનનું પ્રતીક છે. આ માટે ત્યાં રહેતાં ઝૂંપડપટ્ટીવાસીઓને અન્યત્ર પાકાં મકાનો આપવાનો નિર્ણય તેમની મક્કમ રાજકીય ઈચ્છાશક્તિ દર્શાવે છે. તેમણે કહ્યું કે, વડાપ્રધાનશ્રીએ શરૂ કરાવેલું સ્વચ્છતા અભિયાન આજે જન ઝૂંબેશ બની ગયું છે. તે જ રીતે, આયુષ્માન યોજનાથી સામાન્ય પરિવારને પણ મોંઘી સારવારના આર્થિક બોજ અને બીમારીની સારવાર માટેના મોટા ખર્ચથી મુક્તિ મળી છે. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, વિકસિત ગુજરાત થકી વિકસિત ભારતનું વડાપ્રધાનશ્રીનું સ્વપ્ન સાકાર કરવા માટે ગુજરાત ગ્રોથ એન્જિન તરીકે ઊભરી આવ્યું છે. તેની પાછળ શ્રી નરેન્દ્રભાઈની દૃઢ ઈચ્છાશક્તિ અને વિઝનરી નેતૃત્વ રહ્યું છે. નીતિ આયોગના અહેવાલ મુજબ, ફાઈનાન્શિયલ મેનેજમેન્ટમાં ગુજરાત સમગ્ર દેશમાં ટોચના સ્થાને છે તેમ તેમણે ઉમેર્યું હતું. તેમણે કહ્યું કે, રાજ્યના વિવિધ વિભાગોમાં મહત્ત્વનાં તમામ પદો પર સમયસર નિમણૂક થાય તે માટે સરકાર સતત કાર્યરત છે. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ અમદાવાદ મહાનગરપાલિકાના ઈતિહાસમાં સર્વાધિક ૪૫૦થી વધુ કર્મચારીઓને એક જ દિવસે નિમણૂક પત્રો એનાયત કર્યા હતા. તેમણે તમામ નવનિયુક્ત કર્મચારીઓને પ્રામાણિકતાની શીખ આપી હતી. સાથે જ, સ્વચ્છતા પ્રત્યે સભાનતા અને ટેકનોલોજીના ઉત્તમ ઉપયોગથી પ્રજાજનોની સેવાના સંકલ્પ સાથે સંપૂર્ણ નિષ્ઠા અને ગુણવત્તાયુક્ત કામગીરીનું આહવાન કર્યુ હતું. મુખ્યમંત્રીશ્રીએ સૌ નાગરિકોને હકારાત્મક અભિગમ સાથે વડાપ્રધાનશ્રીના 'વિકસિત ગુજરાતથી વિકસિત ભારત'ના સંકલ્પને સાકાર કરવા અનુરોધ કર્યો હતો. અમદાવાદના મેયર હિતેશભાઈ બારોટે સૌને આવકારી, અમ્યુકો માટે આજના દિવસને આનંદ અને ગૌરવનો દિવસ ગણાવ્યો હતો. તમામ નવનિયુક્ત કર્મચારીઓને અમદાવાદ શહેરની સેવાના યજ્ઞમાં જોડાવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. રાજ્ય સરકાર અને મહાનગરપાલિકાની પારદર્શક નીતિઓના પરિણામે સૌને પોતાની મહેનતનું યોગ્ય ફળ મળી રહ્યું છે તેમ તેમણે ઉમેર્યું હતું. તેમણે કહ્યું કે, મુખ્યમંત્રીશ્રીના સક્ષમ નેતૃત્વ હેઠળ અમદાવાદ શહેરને અનેકવિધ વિકાસકીય લાભો મળ્યા છે. શહેરના સર્વાંગી વિકાસ માટે તેમણે મુખ્યમંત્રીશ્રી અને રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો. 'સેવા, સંકલ્પ અને સમર્પણ અભિયાન' અંતર્ગત આયોજિત વિવિધ કાર્યક્રમો દ્વારા શહેરના ઈન્ફ્રાસ્ટ્રક્ચર, આવાસ, સ્વચ્છતા, માનવ સંસાધન અને નાગરિકલક્ષી સુવિધાઓ સાથે સંકળાયેલી કામગીરીને વધુ ગતિ આપવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

# અમદાવાદ મંડળ ખાતે રાજભાષા કાર્યાન્વયન સમિતિની બેઠક યોજાઈ

### ઈ-પત્રિકા 'આશ્રમ સૌરભ'ના 56મા અંકનું વિમોચન




પશ્ચિમ રેલવે | અમદાવાદ

પશ્ચિમ રેલવેના મંડળ રેલ પ્રબંધક કાર્યાલય, અમદાવાદ ખાતે તા. 24.09.2026ના રોજ મંડળ રેલ પ્રબંધક (DRM) શ્રી વેદ પ્રકાશની અધ્યક્ષતામાં 'મંડળ રાજભાષા કાર્યાન્વયન સમિતિ'ની ત્રિમાસિક બેઠક યોજાઈ હતી. આ પ્રસંગે મંડળની ઈ-પત્રિકા *'આશ્રમ સૌરભ'ના 56મા અંકનું વિમોચન કરવામાં આવ્યું હતું. હિન્દી સાહિત્યકાર દિનકરની જન્મજયંતિ તથા પ્રશ્ન-મંચનું આયોજન : બેઠક પૂર્વે મહાન હિન્દી સાહિત્યકાર શ્રી રામધારી સિંહ દિનકરની જન્મજયંતિની ઉજવણી કરવામાં આવી હતી. રાજભાષા વિભાગ દ્વારા તેમના જીવનવૃત્તાંત અને સાહિત્ય પર રસપ્રદ પ્રસ્તુતિ આપવામાં આવી હતી. આ પ્રસંગે આયોજિત 'હિન્દી પ્રશ્ન-મંચ'માં રેલ કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં વિજેતાઓને મંડળ રેલ પ્રબંધક દ્વારા પુરસ્કૃત કરવામાં આવ્યા હતા.હિન્દીમાં નવીનતાને પ્રોત્સાહન આપવા પર ભાર : મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશે પોતાના સંબોધનમાં તમામ અધિકારીઓ અને કર્મચારીઓને અપીલ કરી હતી કે તેઓ પોતાનું વધુમાં વધુ કાર્ય રાજભાષા હિન્દીમાં કરવાનું સુનિશ્ચિત કરે અને સાથે સાથે હિન્દીમાં નવીનતાને પણ પ્રોત્સાહન આપે, જેથી સામાન્ય જનતાને રેલ સેવાઓની સરળ અને સુગમ ઉપલબ્ધતા સુનિશ્ચિત કરી શકાય. તેમણે દિનકરના સાહિત્યિક યોગદાન પર પણ પ્રકાશ પાડ્યો હતો. અમદાવાદ મંડળમાં કર્મચારીઓ માટે રાજભાષા હિન્દીમાં મંડળ સ્તરની વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવશે, જેના દ્વારા રાજભાષાના પ્રચાર-પ્રસારને વેગ મળશે. તેમણે જણાવ્યું હતું કે, "રાજભાષા માત્ર પત્રવ્યવહારની ભાષા નથી, પરંતુ સંવાદને જીવંત અને પારદર્શક બનાવવાનું એક સશક્ત માધ્યમ છે. જ્યારે આપણે દૈનિક કાર્યોમાં સામાન્ય બોલચાલની સરળ હિન્દીનો ઉપયોગ કરીએ છીએ, ત્યારે તેનાથી માત્ર કાર્યોના નિષ્પાદનમાં ઝડપ જ આવતી નથી, પરંતુ સામાન્ય જનતા અને રેલ મુસાફરો સાથે આપણું જોડાણ પણ વધુ મજબૂત બને છે. આપણે તેને માત્ર એક ઔપચારિક જવાબદારી તરીકે નહીં, પરંતુ આપણી સહજ કાર્યશૈલીના અભિન્ન અંગ તરીકે અપનાવવું જોઈએ."બેઠકમાં અપર મુખ્ય રાજભાષા અધિકારી તથા અપર મંડળ રેલ પ્રબંધક શ્રી વિકાસ ગઢવાલ, અપર મંડળ રેલ પ્રબંધક શ્રીમતી મંજુ મીણા સહિત મંડળના તમામ વરિષ્ઠ અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## મુખ્યમંત્રીનો સ્વાગત ઓનલાઈન જન ફરિયાદ નિવારણ બન્યો ગ્રામીણ ખેડૂતો અને સામાન્ય માનવીની સમસ્યાના ત્વરિત નિવારણનું માધ્યમ

અમદાવાદ | વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન સામાન્ય નાગરિકોની રજૂઆત અને સમસ્યાઓના ત્વરિત નિવારણ માટે ટેક્નોલોજીયુક્ત અભિગમ સ્ટેટ વાઈડ અટેન્શન ઓન ગ્રિવન્સીસ થ્રુ એપ્લિકેશન ઓફ ટેક્નોલોજી-સ્વાગત લોકોની રજૂઆતોના ફળદાયી નિવારણનું સક્ષમ માધ્યમ બન્યો છે.શ્રી નરેન્દ્રભાઈ મોદીની જન સેવા સાધના અને રાષ્ટ્રહિત માટેના સમર્પણના 25 વર્ષ પુર્ણ થવા અવસરે રાજ્યવ્યાપી સેવા સંકલ્પ અભિયાન યોજાઈ રહ્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ સેવા સંકલ્પ અભિયાનને સપ્ટેમ્બર-2026ના રાજ્ય સ્વાગતમાં મળેલી નાગરિકોની રજૂઆતોના ત્વરિત નિવારણથી વધુ ગતિ આપી છે. દર મહિનાના ચોથા ગુરૂવારે યોજાતા રાજ્ય સ્વાગતની સપ્ટેમ્બર મહિનાની કડીમાં ૨૦૦ કરતાં પણ વધુ અરજદારો મુખ્યમંત્રીશ્રીના કાર્યાલયમાં ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર રાજ્યમાં જિલ્લા સ્વાગતમાં કુલ ૨,૨૭૭ અને તાલુકા સ્વાગતમાં કુલ ૨,૭૮૦ એમ કુલ ૫૦૫૭ કરતા વધુ અરજદારોની અરજીઓ પરત્વે યોગ્ય જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ ભાવનગર, મહેસાણા, જુનાગઢ, મોરબી અને રાજકોટના જે સામાન્ય નાગરિકો પોતાની રજૂઆત સાથે ઉપસ્થિત થયા હતા તેમને શાંતિપુર્વક સાંભળીને મુખ્યમંત્રીશ્રીએ સંબંધિત વિભાગો અને જિલ્લા વહિવટી તંત્રને રજૂઆતોના નિવારણ માટે સુચનો કર્યા હતા. ભાવનગર જિલ્લાના ભાવનગર તાલુકાના થળસર ગામે ભૂગર્ભ ગટર લાઈનના પ્રશ્નને મુખ્યમંત્રીશ્રીએ હકારાત્મક અભિગમ દાખવી હાલ વૈકલ્પિક વ્યવસ્થા કરવા તેમજ સ્થળ ચકાસણી કરી ફિઝિબિલીટીના આધારે ગટરલાઈન નાખવા મુખ્યમંત્રીશ્રીએ સ્થાનિક વહીવટી તંત્રને જણાવ્યું હતું. મહેસાણા જિલ્લાના કડી તાલુકામાં ઔદ્યોગિક એકમો દ્વારા પ્રદૂષિત પાણીના નિકાલ અંગે ગંભીર નોંધ લઈ મુખ્યમંત્રીશ્રીએ વન અને પર્યાવરણ વિભાગના અગ્ર સચિવને આવા ઔદ્યોગિક એકમો વિરુદ્ધ કડક પગલા લેવા સ્પષ્ટ સૂચનાઓ આપી હતી.

# નિરમા યુનિવર્સિટીમાં પ્રોફેસરે સ્ટેજ પર વિદ્યાર્થીનો કોલર પકડી ધમકાવ્યો...

અમદાવાદ | અમદાવાદની નિરમા યુનિવર્સિટીમાં એક કાર્યક્રમ ચાલી રહ્યો હતો. જેમાં પ્રોફેસર એચ.કે પટેલે એક વિદ્યાર્થીનો સ્ટેજ પર બોલાવીને કોલર પકડીને ધમકાવ્યો હતો. આ ઘટનાનો વિડિયો પણ સામે આવ્યો છે. આ વિવાદ અંગે દિવ્ય ભાસ્કરે પ્રોફેસર એચ.કે પટેલ સાથે વાત કરી ત્યારે તેમણે કહ્યું કે મારે કોઈ વાત કરવી નથી. આ વીડિયો વાઈરલ થતા NSUIએ નિરમા યુનિવર્સિટીમાં આંદોલનની ચીમકી ઉચ્ચારી છે. નિરમા યુનિવર્સિટીમાં EI(ઈલેક્ટ્રોનિક એન્ડ ઈન્સ્ટ્રુમેન્ટેશન)ના વિદ્યાર્થીઓનો એક ટેક્નોફોરા નામથી કાર્યક્રમ ચાલી રહ્યો હતો. જેમાં સ્ટેન્ડઅપ કૉમેડી શો હતો. આ દરમિયાન સ્ટેજ પર HOD અને પ્રોફેસર એચ.કે પટેલ બોલી રહ્યા હતા. બરાબર આ સમયે એક વિદ્યાર્થીએ 'ગોલમાલ-3'ના ડાયલોગ બોલ્યો કે, 'જલ્દી બોલ કલ સુબહ પનવેલ નીકલના હૈ' ત્યાર બાદ પ્રોફેસરે વિદ્યાર્થીને સ્ટેજ પર બોલાવી ધમકાવતા કહ્યું હતું કે i can go upto any extent, the day you dare to insult any faculty of the nirma uni campus you are gone forever એટલે કે નિરમા યુનિવર્સિટીની એક પણ ફેકલ્ટીનું અપમાન કરવાની હિંમત કરી તો હું કોઈ પણ હદે જઈ શકું છું. તને હંમેશને માટે કાઢી મૂકીશ.આ અંગે NSUIના નેતા વેદાંતસિંઘ તોમરે જણાવ્યું હતું કે



પ્રોફેસરના વિડિયો બાદ જ્યારે અમે સંપર્ક કર્યો ત્યારે પ્રોફેસરે આ ઘટનાને યોગ્ય ગણાવી હતી અને યુનિવર્સિટીની મેટર હોવાનું કહ્યું હતું.2 જૂન, 2026ના રોજ એલ.ડી. એન્જિનિયરિંગ કોલેજમાં પરીક્ષા પૂર્ણ થયા બાદ ઉત્તરવહી પરત જમા કરાવવા બાબતે વિદ્યાર્થી અને ફેકલ્ટી સુપરવાઈઝર ડી.એસ. પટેલ વચ્ચે બોલાચાલી થઈ હતી. આ બાબતે ઉશ્કેરાઈ જઈને સુપરવાઈઝરે વિદ્યાર્થીને બે લાફા ઝીંકી દીધા હતા. આ સમગ્ર ઘટના પરીક્ષા કેન્દ્રમાં મુકેલા CCTV કેમેરામાં કેદ થઈ ગઈ હતી

## SLBC ગુજરાત દ્વારા ગ્રાહકોને બેન્કીંગ સેવાઓ માટે ડિજિટલ માધ્યમોનો મહત્તમ ઉપયોગ કરવા અનુરોધ




અમદાવાદ | ગુજરાત રાજ્ય સ્તરીય બેન્કર્સ સમિતિ (SLBC - ગુજરાત) અને તેના સંયોજક 'બેન્ક ઓફ બરોડા' દ્વારા તમામ બેન્ક ગ્રાહકો માટે એક મહત્વપૂર્ણ જાહેર સૂચના બહાર પાડવામાં આવી છે.યુનાઈટેડ ફોરમ ઓફ બેન્ક યુનિયન્સ (UFBU) દ્વારા તા. ૨૮, ૨૯ અને ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ સંભવિત રાષ્ટ્રવ્યાપી બેન્ક હડતાળનું આહ્વાન કરવામાં આવ્યું છે. આમ, સતત ત્રણ દિવસ સુધી બેન્કની શાખાઓ અને કાર્યાલયોમાં નિયમિત સેવાઓ પ્રભાવિત થવાની પૂર્ણ સંભાવના છે.

આ સંદર્ભે ગ્રાહકોને પડનારી સંભવિત અસુવિધા ઓછી થાય તે હેતુથી તમામ બેન્કો દ્વારા જરૂરી વૈકલ્પિક વ્યવસ્થાઓ કરવામાં આવી રહી છે. છતાં પણ, નાણાકીય લેવડ-દેવડ સરળતાથી થઈ શકે તે માટે SLBC - ગુજરાત દ્વારા ગ્રાહકોને જરૂરી સૂચનો કરવામાં આવ્યા છે. જેમાં તમામ મહત્વપૂર્ણ બેન્કિંગ કે ચેક ક્લિયરિંગ સંબંધિત કામકાજ તા. ૨૫ સપ્ટેમ્બર સુધીમાં પૂર્ણ કરી લેવા.

### પતિ અકુદરતી સંબંધ બાંધવા દબાણ કરી ક્રૂરતાપૂર્વક સંબંધ બાંધતો, સાસુ-નણંદ માનસિક ત્રાસ આપતા

# મહિલા PIની પતિ અને સાસરિયાઓ સામે ફરિયાદ

અમદાવાદ | અમદાવાદમાં રહેતાં મહિલા પીઆઈએ સાસરિયાઓ સામે માનસિક ત્રાસ આપતા હોવાની ફરિયાદ નોંધાવી છે. લગ્નના બીજા જ દિવસથી સાસરિયાઓ દ્વારા દહેજ માટે ત્રાસ આપતા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. ફરિયાદમાં એવો પણ આક્ષેપ છે કે પતિ દારૂ પીતો અને શારીરિક સંબંધ બાંધવામાં અસમર્થ હોવાથી જબરજસ્તી અકુદરતી સંબંધ બાંધતો હતો. સમગ્ર મામલે મહિલા પીઆઈએ પતિ સહિત સાસરિયાઓ સામે મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. અમદાવાદમાં રહેતા 31 વર્ષીય મહિલા પીઆઈ છેલ્લા 8 વર્ષથી પોલીસ વિભાગમાં ફરજ બજાવે છે. પીઆઈએ વર્ષ 2023માં લગ્ન કર્યા હતા. લગ્નના બીજા દિવસથી પતિ, સાસુ-સસરા અને નણંદે દહેજ બાબતે મહેણા મારીને ત્રાસ આપવાનું શરૂ કર્યુ હતું. મહિલા પીઆઈનો પતિ શારિરીક સંબંધ બાંધવામાં અસમર્થ હોવાથી અકુદરતી સંબંધ માટે દબાણ કરીને ક્રુરતાપુર્વક સંબંધ બાંધતો હતો. પીઆઈનો પતિ રોજ દારૂ પીતો અને સંબંધ બાંધવામાં નિષ્ફળ જતા માર મારતો હતો.



ઘરના ખર્ચ અને જવાબદારીઓ પણ મહિલા પીઆઇ નિભાવતી હતી. મહિલા પીઆઈની ગેરહાજરીમાં તેની સાસુ તીજોરી ખોલીને સામાન અસ્ત વ્યસ્ત કરી નાખતી હતી. મહિલા પીઆઇ નોકરિયાત હોવાથી તેમણે રસોઇ માટે એક બહેન રાખ્યા હતા, પરંતુ સાસુને પસંદ ન હોવાથી તે બહેનને કાઢી મૂકવા ઝગડો કર્યો હતો. મહિલા પીઆઈના પતિએ પોલિસીમાં પિતાનું નામ લખાવવા બાબતે ઝગડો કર્યો હતો. નણંદ બેંક ક્લાર્ક હોવાથી મહિલા પીઆઈની જાણબહાર તેમના ખાતાની તપાસ કરતી હતી.પતિ છ-સાત લાખ રૂપિયા આપવા મહિલા પીઆઈને દબાણ કરીને છુટાછેડાની ધમકીઓ આપતો હતો. સતત નોકરી છોડી દેવા દબાણ કરતો હતો. દોઢેક વર્ષ પહેલા મહિલા પીઆઈનો પતિ રાજસ્થાન ગયો હતો અને ત્યાંથી યુપી મિત્રના લગ્નમાં જવાનું કહીને ગયા બાદ પરત આવ્યો નહોતો. પતિએ મકાન માલિકને પણ ચઢામણી કરતા મહિલા પીઆઈને ઘર ખાલી કરી દેવાનો વારો આવ્યો હતો.

# પોલીસ સ્ટેશનોમાં જ બ્લેક ફિલ્મ અને Police લખેલા વાહનો મળ્યા : ગાંધીનગર પોલીસ ભવનથી આદેશ થયો ત્યાં પણ નિયમોનો ઉલાળિયો

અમદાવાદ | રાજ્યભરમાં પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ ટ્રાફિક નિયમોનું ચુસ્ત પાલન કરે તે માટે 21 સપ્ટેમ્બરથી 5 ઓક્ટોબર સુધી 15 દિવસની ખાસ ઝૂંબેશ શરૂ કરાઈ છે, જેમાં પોલીસકર્મીઓ અને અધિકારીઓનાં વાહનોમાં બ્લેક ફિલ્મ, નંબર પ્લેટ વિના તથા 'P', 'Police' અથવા અન્ય અનધિકૃત લોગો દૂર કરવાની સાથે તેમની વિરૂદ્ધ કાર્યવાહી કરવાની રહેશે.

પોલીસ સ્ટેશન, પોલીસ લાઈન અને સરકારી કચેરીઓમાં પણ આ પ્રકારના વાહનોની તપાસ કરવા અને નિયમભંગ કરનાર પોલીસકર્મીઓ અને અધિકારીઓ સામે ટ્રાફિક કાયદા હેઠળ ઉપરાંત શિસ્તભંગની કાર્યવાહી કરવાની સૂચના આપવામાં આવી છે. ગાંધીનગર, અમદાવાદ, રાજકોટ અને સુરતમાં પોલીસ કચેરીઓ ખાતે રિયાલિટી ચેક કરવામાં આવ્યું હતું.11 સપ્ટેમ્બરે




ગાંધીનગરમાં પ્રવેશતી કાળા કાચ અને નંબર પ્લેટ વિનાની કારને રોકીને તપાસ કરતા આ કાર પોલીસ ઈન્સ્પેક્ટરની હોવાનું સામે આવ્યું હતું. આ ઘટનાને ગંભીરતાથી લઈ કાયદો અને વ્યવસ્થા વિભાગ દ્વારા તમામ પોલીસ કમિશનરો અને જિલ્લા પોલીસ વડાઓને ખાસ ટ્રાફિક ડ્રાઈવ કરવા સૂચના આપવામાં આવી હતી.ગાંધીનગર પોલીસ ભવનમાં રિયાલિટી ચેક કરવામાં આવ્યું હતું, જેમાં રસપ્રદ બાબત એ છે કે, જે પોલીસ ભવનમાંથી આ પ્રકારના નિયમોનું પાલન કરાવવા માટે આદેશો જારી કરવામાં આવ્યા છે, તે જ પોલીસ ભવનની અંદર તેમજ બહારના રોડ પર બ્લેક ફિલ્મ, 'Police' લખેલા બોર્ડ/લોગો અને નંબર પ્લેટ વિનાનાં પાર્ક વાહનો જોવા મળ્યા હતા. અમદાવાદમાં ત્રણ પોલીસ સ્ટેશનમાં રિયાલિટી ચેક કરવામાં આવ્યું હતું, જેમાં વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનની બહાર જ એક GJ-08-CG-5704 નંબરની ગાડીમાં એકદમ ડાર્ક બ્લેક ફિલ્મ લગાવેલી હતી. તો બીજી તરફ પોલીસ સ્ટેશનની પાછળના ભાગે GJ-01-ZC-5171 નંબરની ગાડીમાં એક પોલીસકર્મી બેઠો હતો તે ગાડીમાં પણ બ્લેક ફિલ્મ જોવા મળી હતી. આ ઉપરાંત એક સ્વિફ્ટ ડિઝાયર અને એક i10 કાર પણ બ્લેક ફિલ્મ અને નંબર પ્લેટ વિનાની જોવા મળી હતી. સેટેલાઈટ પોલીસ સ્ટેશનની બહાર એક અલ્ટો કાર નંબર પ્લેટ વિના ઉભી હતી, જ્યારે પોલીસ સ્ટેશનની અંદર એક થાર ગાડી હતી, જેના કાચ પર બ્લેક ફિલ્મ અને આગળ-પાછળ નંબર પ્લેટ નહોતી. આ ઉપરાંત અન્ય એક કાર પણ નંબર પ્લેટ વિનાની જોવા મળી હતી. જે પોલીસ સ્ટેશનમાં ઝોન-7 ડીસીપીની કચેરી છે અને રોજ તેમની અવરજવર હોય છે છતાં અહીં નિયમોના ધજાગરા ઉડતા જોવા મળ્યા હતા.નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં આવી જ સ્થિતિ જોવા મળી હતી, જેમાં પોલીસ સ્ટેશનની અંદર પોલીસ સિમ્બોલવાળી બે બાઈક અને સ્ટેશન બહાર નંબર પ્લેટ વિનાની અને બ્લેક ફિલ્મ વાળી કાળા કલરની કાર જોવા મળી હતી.

## ગુજરાત સ્ટેટ ઓપન સ્કૂલની ધો.10-12ની પરીક્ષાનો કાર્યક્રમ જાહેર

અમદાવાદ | ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગુજરાત સ્ટેટ ઓપન સ્કૂલના ધોરણ-10 અને ધોરણ-12(સામાન્ય પ્રવાહ)ના ઉમેદવારો માટેની નવેમ્બર-ડીસેમ્બર-2026ની પરીક્ષાનો સત્તાવાર કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. બોર્ડે જાહેર કરેલી યાદી મુજબ, આગામી 30 નવેમ્બર 2026થી પરીક્ષા શરૂ થશે અને 9 ડિસેમ્બર 2026 સુધી ચાલશે. જાહેર કરાયેલા ટાઈમ ટેબલ મુજબ, ધોરણ-10ની પરીક્ષાઓ 30 નવેમ્બરના રોજ ગણિત વિષયના પ્રશ્નપત્રથી શરૂ થશે અને 8 ડિસેમ્બરના રોજ પૂર્ણ થશે. બીજી તરફ, ધોરણ-12 સામાન્ય પ્રવાહની પરીક્ષાઓ પણ 30 નવેમ્બરથી શરૂ થઈને 9 ડિસેમ્બર સુધી બે સેશનમાં યોજાશે. જેમાં સવારના સેશનમાં સવારે 10:30થી બપોરે 1:45 અને બપોરના સેશનમાં બપોરે 3થી સાંજે 6:15 વાગ્યા સુધી પરીક્ષા લેવાશે.


Nippon India Mutual Fund

Mutual Fund Investor Awareness Program

To increase awareness about Mutual Funds, we conduct Investor Awareness Programmes (IAPs) across the country. The schedule of upcoming IAPs is as mentioned below

| Date | Time | Location |
| --- | --- | --- |
| 26 September, 2026 | 6:30 PM | Amreli |

Venue : Mahajan Party Plot Opp HDFC Bank, beside ShyamTVS, Station Road, Amreli-365601 Gujarat

Name : Krunal Solanki | Mobile : 9374521099

Nippon Life India Asset Management Limited | CIN : L65910MH1995PLC220793

Mutual Fund Investments are subject to market risks, read all scheme related documents carefully.

Nippon India Mutual Fund

Mutual Fund Investor Awareness Program

To increase awareness about Mutual Funds, we conduct Investor Awareness Programmes (IAPs) across the country. The schedule of upcoming IAPs is as mentioned below

| Date | Time | Location |
| --- | --- | --- |
| 26 September, 2026 | 6:30 PM | Nadiad |

Venue : Aquenos Poolside Restaurant, Uttarsanda Rd, Opposite DDU Pharmacy College, Nadiad, Gujarat 387370

Name : Jignesh Bhayani | Mobile : 8976967419

Nippon Life India Asset Management Limited | CIN : L65910MH1995PLC220793

Mutual Fund Investments are subject to market risks, read all scheme related documents carefully.